परोपकाराय सतां विभूतयः

# श्री जैन हितोपदेश.

## भाग १ लो.

शांत मूर्ति मुनिराज श्री वृद्धिचंद्रजी शिष्याणु
मुनि कर्पूरविजयजी विरचित

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શ્રી જૈન—શ્રેયસ્કર મંડળના સેક્રેટરી.
શા. વેણીચંદ સૂરચંદ—પાલીતાણા.

સુરત નિવાંસી ઝવેરી રાયચંદભાઇ ખુશાલભાઈ
તરફથી ભેટ.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

વીર સંવત ૨૪૩૨

અમદાવાદ
શ્રી જૈન પ્રીન્ટિંગ પ્રેસમાં શા. જેઠાલાલ દલસુખભાઇએ છાપ્યું.

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા એકટ પ્રમાણે
રજીસ્ટર કરાવ્યું છે.

# અનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
| --- | --- | --- |
| ૧ | શ્રી જૈન બાળહિત બોધક ૧૮૫ પ્રશ્નોત્તર | ૧—૨૨ |
| ૨ | ઉપદેશ સાર (જીવદયા વિગેરે ૯૯ વિષય સંબંધી.) .... .... | ૨૩—૪૦ |
| ૩ | શ્રી પ્રશ્નોત્તર રત્નમાળા.... .... | ૪૦—૫૦ |
| ૪ | શ્રી સર્વજ્ઞ કથિત તત્વ રહસ્ય (જુદી જુદી ૬૭ બાબતોનો ઉપદેશ. .... | ૫૦—૮૪ |
| ૫ | સામાયિકાદિક ષટ્ આવશ્યક—તેના પવિત્ર હેતુ યુક્ત. .... .... | ૮૫—૮૭ |
| ૬ | શ્રી જૈન પર્વ તિથિઓ.... .... | ૮૭—૮૯ |
| ૭ | રાત્રિ ભોજન ત્યાગ .... .... | ૮૯—૯૦ |
| ૮ | ભણ્યો પણ ગણ્યો નહિ. .... | ૯૧— - |
| ૯ | નવકાર મહામંત્ર .... .... | ૯૧—૯૩ |
| ૧૦ | ઉત્તમ ગુણ ગ્રહણતા .... .... | ૯૩—૯૬ |
| * | બાવનબોલ પ્રત્યેક તિર્થંકરોમાં કહે છે તેનું કોષ્ટક. .... .... | ૯૮–૧૦૫ |
| ૧૧ | વિવિધ વિષય સંગ્રહ. .... .... | ૧૦૬–૧૧૮ |
| ૧૨ | માર્ગાનુસારીના ૩૫ ગુણ.... .... | ૧૧૮–૧૩૧ |
| * | શ્રી સૂક્ત મુક્તાવલી .... .... | ૧૩૧–૧૬૫ |
| * | શ્રી અઢાર પાપ સ્થાનકની સઝાય .... | ૧૬૬–૧૭૯ |

# [ પ્રસ્તાવના ]

સર્વોત્તમ સર્વજ્ઞ પ્રણીત સિદ્ધાંતનો સાર એ છે કે મોક્ષાર્થી ભવ્ય જીવોએ સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સમ્યગ્ રીત્યાસેવન કરવું. સમ્યગ્ જ્ઞાન વિના સમ્યગ્ દર્શન ( સમકિત )ની પ્રાપ્તી થઈ શકતી નથી. સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ પ્રદર્શિત સર્વ જીવા જીવાદિ નવ તત્ત્વોનું, ધર્માધર્મા દિ ષટ્ દ્રવ્યોનું, તથા શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મનું સ્વરૂપ યથાર્થ જાણવાથી સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા સમ્યગ્ દર્શન (સમકિત)ની પણ પ્રાપ્તી થાય છે. સમકિત એ અપૂર્વ ચિંતા-મણિ સદૃશ છે, તેની પ્રાપ્તિ માટે પ્રબલ પુરૂષાર્થની પુરી જરૂર છે. પ્રાપ્ત કરેલ સમકિત રત્ન સાચવી રાખવા માટે તેથી અધિક પુરૂષાર્થની જરૂર છે. સદ્‌ભાગ્ય યોગે પ્રાપ્ત થયેલ સમ્યગ્ જ્ઞાન અને દર્શનને સાર્થક કરવા સત્ ચારિત્રની ખાસ આવશ્યકતા છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની સમકા-લીન સહાયથી સર્વોત્તમ મોક્ષ સુખ સ્વાધિન થઈ શકે છે. જન્મ, જરા અને મૃત્યુનો સર્વથા ક્ષય થવો અર્થાત્ તત્ સં-બંધિ અનંત દુઃખનો સર્વથા ક્ષય થવો એ તાત્વિક મોક્ષ છે આવા સહજ એકાંત અક્ષય અનંત સુખ પ્રાપ્ત કરવા સર્વથા ઉદ્યમ કરવો, એજ અમૂલ્ય મનુષ્ય દેહનું સાર્થક છે. છતાં પ્રમાદવશાત્ પ્રાણીઓ પોતાનો સત્ય સ્વાર્થ સાધવામાં ઉપેક્ષા કરે છે.

આવા આળસુ લોકોને કિંચિત્ જાગ્રત કરવા, યાતો સંક્ષેપરૂચિ બાળજીવોની જીજ્ઞાસા વધારવાના પવિત્ર ઉદ્દે-શથી આ વિવિધ વિષય ગર્ભિત ગ્રંથની યોજના કરવી ઉચિત લાગવાથી આ પ્રસ્તુત પ્રયાસ કર્યો છે, તે સાર્થક થાઓ, અને તે દ્વારા પવિત્ર શાસનની તાત્વિક ઉન્નતિ થવા પામો. એવો સદાશય ધારી આ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

લી. સન્મિત્ર કર્પૂર વિજય.

# ॥ श्री जैन हितबोध भाग १ लो ॥

## ॥ भूमिका ॥

મહાશય સુજ્ઞ બંધુઓ!

આપણો સર્વજ્ઞ કથિત ધર્મ સૌથી શ્રેષ્ઠ છે, અનાદિ છે. તેનાં રહસ્યો અતિ ગૂઢ અને રસિક છે, તેની રચના ન્યાય પુરઃસર છે, તેનાથીજ સર્વ ગુણો સર્વ સિદ્ધિઓ અને મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. ઇત્યાદિ ધર્મનું માહાત્મ્ય આપણે સર્વ ધર્માનુરાગી બંધુઓ પાસેથી સાંભળીયે છીએ, પરંતુ અન્ય જનો પાસે યથાર્થ વિવેચન કરી તેને હસ્તામલકવત્ કરવા માત્ર થોડાજ બંધુઓ શક્તિમાન હશે. કારણ કે તેવા પ્રકારનું ઉચ્ચ ધાર્મીક જ્ઞાન મેળવવાનો પ્રયાસ કોઈ ભાગ્યેજ કરતું હશે. તો પણ આત્મ સમર્પણ કરી પરોપકારને માટેજ વિચરતા મુનિ મહારાજાઓના વચનામૃતના સિંચનથી અને કાંઈ પરંપરાથી ચાલતા આવતા અંધ શ્રદ્ધાનથી ઘણા કોમળ હૃદયમાં ધર્મના અંકુર નિર્મૂળ થયા નથી, પરંતુ મોક્ષ-ફળ મેળવવા સારૂ તે અંકુરાને જ્ઞાન વારિથી વૃદ્ધિ પમાડી સમકિત રૂપ મૂળને દૃઢ કરી વ્રત તપસ્યાદિ શાખા પ્રશાખા અને દેવેન્દ્ર નરેન્દ્રાદિક સુખ પત્ર ફળ વૃક્ષ રૂપે બનાવવા ધાર્મિક કેળવણી વિના આપણે કદી પણ શક્તિમાન થઈશું નહીં. પ્રાચીન કાળના સુશ્રાવકો રાજ્ય-

તેઓ એવા મહાન્ ક્રિયા ચલાવવાથી સાથે ઉચ્ચ કેવળજ્ઞાન પામી અન્યને પણ પ્રતિબોધ પમાડતા. તો આજે આપણે પ્રાયઃ ગૃહ સંસાર ચલાવવા માટે નિષ્ફળ અથવા અલ્પ લોભ દાયી અન્યાય યુક્ત વ્યાપારાદિ કૃત્યો કરી માત્ર અંધ શ્રદ્ધાળુ નથીજ વીર પુત્રો કહેવરાવાઇએ, એ આપણને ઓછું લજ્જાસ્પદ નથી. આપણે કબૂલ કરીશું કે—વર્તમાન સમયમાં પૂર્વની અપેક્ષાએ અલ્પાયુષ્ય અને મંદ બુદ્ધિવાળી પ્રજા હોવાથી આવા બહોળા ધર્મ રહસ્યના પૂર્ણ રસજ્ઞ બનવા અશક્ત છીયે. તો પણ પરમ કૃપાળુ મુનિ મહારાજા કર્પૂરવિજયજી આપણને વારંવાર સ્મરણ કરાવે છે કે—"યથામતિ શુભે યતનીયમ્" તેથી આયુષ્ય અને બુદ્ધિને અનુસારે આપણે યત્ન કરવો જોઇએ. હાલમાં પૂર્વની અપેક્ષાએ ઉપદેશક મુનિ મહારાજાઓની જોગવાઇ ઓછી હોવાથી તેમનાં વચનામૃતનું પાન કરવા સર્વ બંધુઓ ભાગ્યવાન્ બનતા નથી, તેથી તેઓ ભવ્ય પ્રાણીઓના અનુગ્રહને માટે પોતાના સમગ્ર જ્ઞાનનો ચિતાર લેખના રૂપકમાં મૂકી આપણને આભારી બનાવવા ચુકતા નથી. અને તેમ કરવાની હાલના સમયમાં અતિ આવશ્યકતા જણાય છે. કેમકે ઉત્તરોત્તર આયુષ્ય તથા ધારણાશક્તિનો હ્રાસ થવા સંભવ રહે છે માટે અલ્પ સમયમાં સરળતાથી અધિક બોધ આપનારા માતૃભાષામાં લેખો લખાય તો ઘણાં ભવ્ય પ્રાણીઓને તેથી સારો લાભ મળી શકે. તેવા હેતુથી અમોએ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીને સવિધિ નમ્ર વિનંતિ કરતાં તેમણે કેવળ પરોપકાર બુદ્ધિથીજ પરિશ્રમ લઇ આ લઘુ સરલ બોધદાયી પુસ્તક રચી સર્વ સંઘને આભારી કર્યો છે.

આ શ્રી જૈન હિતોપદેશનું પુસ્તક પોતાના નામથીજ પોતાનું ગાંભીર્ય, મહત્તા અને બોધકત્વ જણાવે છે. ઉંચામાં ઉંચી હદે નહીં પહોંચેલા, સુજ્ઞ ગુણગ્રાહી નિષ્પક્ષપાતી પુરૂષોને હિત બોધ કરવાની શક્તિ આ પુસ્તક સરલતા અને રસિકતાથી ધરાવે છે, તે નિર્વિવાદ છે.

આ લઘુ પુસ્તકનો ક્રમ એવી સરલતાથી ગોઠવવામાં આવ્યો છે કે—પ્રાયે સર્વ વાંચક વર્ગને કોઈ પણ જાતની શંકા યા અણુસમજ પડશે નહીં. અલબત એકેક પુસ્તક થાય તેવા દરેક વિષયોને માત્ર પૂર્વોક્ત કારણથી થોડા અક્ષરોમાં પ્રદર્શિત કરેલા હોવાથી તત્ તત્ વિષયોની વ્યાખ્યા વિવરણ કરવામાં આ ગ્રંથ જોઇએ તેટલી પુષ્ટી આપી શકશે નહીં તો પણ ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ સર્વે વાંચક અધિકારીઓ સ્વ સ્વબુદ્ધિ અનુસાર તત્ તત્ વિષય રસમાં નિમગ્ન થયા વિના રહેશે નહીં. માત્ર એકજવાર આ ગ્રંથ રત્નનું અવલોકન થવાથી તેની પ્રાપ્તિ માટે વાંચન યત્નની તથા રક્ષણ માટે હૃદય કોશની આવશ્યકતા પડશે.

આ ગ્રંથમાં આપણા જૈન ધર્મનું પ્રાયે સર્વ તત્ત્વ રહસ્ય સમાયેલું છે. પ્રથમ " આપણે જૈન કેમ કહેવાઇએ ? " એવો ઉપક્રમ કરીને જૈનની વ્યાખ્યા, જૈન શબ્દમાં અપેક્ષિત હોવાથી જિનનો અર્થ, તેનાં અર્થ અને તાત્પર્ય સહિત પર્યાય નામો સકારણ પ્રશ્નોત્તર રૂપે બતાવેલાં છે, ધર્મ ગુરૂ અને શ્રાવકોના ધર્મ, વ્રત અને ગુણોની વ્યવસ્થા અચ્છી રીતે સવિસ્તર માલૂમ પડે છે, તથા જિનેન્દ્રોએ પ્રરૂપેલાં જીવાદિ નવે તત્ત્વોનું યથાર્થ જ્ઞાન સરલ રીતે નામ, પ્રકાર અને વિસ્તારથી વર્ણન કરેલું છે. ત્યાર પછી " ઉપદેશ સાર " નામના બીજા પ્રકરણમાં ધાર્મિક તથા વ્યવહારિક ઉપદેશનાં નવાણું ટુંક

વાક્યો લઘુ વ્યાખ્યા સહિત આપેલાં છે, જેમાંનું હરેક વાક્ય અતિ ગૂઢ રહસ્ય સૂચવવા સાથે પ્રાણીયોને એકાંત સુખ આપવા માટે મુખ્ય સાધન ભૂત છે. ખરેખર ઇંગ્રેજી યા અન્ય ભાષાના ઇડિયમ અને કહાણીનાં વાક્યો કરતાં આવાં વાક્યોનો સ્મરણ પૂર્વક ઉપયોગ કરવામાં આવે તો ઉભય લોકનું અવશ્ય હિત થાય. એમ સર્વ કોઇ કબૂલ કરશે ત્યાર પછી ત્રીજા પ્રકરણમાં પ્રશ્નોત્તર રૂપે શિષ્ય ગુરૂના સંવાદમાં ધર્મનાં અનેક રહસ્યનો ટુંક પણ અતિ ઉપયોગી હેવાલ આપ્યો છે, કે જે ધર્માદિકનું સત્ અસત્ પણું પ્રત્યક્ષ રીતે બતાવે છે ત્યાર પછી ચોથા પ્રકરણમાં "સવદા સર્વજ્ઞ કથિત તત્ત્વ રહસ્ય"નું મથાળું બાંધી સડસઠ ટુંક વાક્યો લઘુ વ્યાખ્યા સહિત વર્ણવ્યાં છે. જેનાં રહસ્યનું ધ્યાન અત્રે કર્યા કરતાં અમારા વાંચક વર્ગને જ સોંપીશું, તો તે વધારે સંતોષ કારક થશે. ત્યાર પછી પાંચમાં પ્રકરણમાં સામાયક વિગેરે છ આવશ્યકનાં નામ હેતુ તથા ફળ સહિત સંક્ષેપમાં આપ્યાં છે. ત્યાર પછી જૈન પર્વની ૧ત થઓ શા શા હેતુથી પ્રશસ્ય છે, તે નામ સહિત દર્શાવ્યું છે. ત્યાર પછી રાત્રિ ભોજન ત્યાગ, ભણ્યો પણ ગણ્યો નહીં, નવકાર મહામંત્ર, ઉત્તમ ગુણ ગ્રહણતા વિગેરે મથાળાં વાળી અસર કારક સંક્ષેપ વ્યાખ્યાઓ કરી છે. ત્યાર પછી પ્રત્યેક તીર્થંકરોના બાવન બોલનો કોઠો કે જેમાં તીર્થંકરોનાં નામ, માત પિતા, જન્મ તિથિ, દીક્ષા નગરી વિગેરે બાબતો સમાયેલી છે. ત્યાર પછી ગૃહસ્થ ધમને યોગ્ય જાણવા લાયક આચાર, શિક્ષા વિગેરે જન ધર્માનુરાગીઓને ખાસ આચરવા તથા આદરવાની બાબતનો સમાવેશ છે. ત્યાર પછી માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો વ્યાખ્યા સહિત તથા તે વિષેનીજ ધમ સંગ્રહની ગાથાઓ અર્થ સહિત આપેલી છે ત્યાર પછી સૂક્ત મુક્તાવલી કે જેમાં ધર્મ અર્થ, કામ, મોક્ષ, વિનય, જ્ઞાન, દેવ, ગુરૂ, ધમ, વિગેરે ઉપદેશક વિષયોની વ્યાખ્યા વિવિધ છંદોમાં પદ્ય રૂપે ાનવેશન કરી છે.

આ સર્વ વિષયો અતિ ઉપયોગી હોવાથી આશા છે કે આત્માર્થી ઉત્તમ આત્માઓ પ્રસ્તુત ગ્રંથનો સત્કાર તથા અભ્યાસ કરીને ગ્રંથ કર્તા ગુરૂ મહારાજજીના પરિશ્રમને સાર્થક કરી અમા-ભિલાષી ગૃહસ્થોના દ્રવ્ય વ્યયની સફળતા કરશે.

આ ગ્રંથ છપાવવા માટે દ્રવ્યની મદદ કરનારનો અમે અંતઃકરણથી આભાર માની આવાં પરોપકારી ઉભય લોકનાં હિત કાર્યોમાં વારંવાર પ્રવર્તન કરવા ભલામણ કરીયે છીએ.

શુભં ભવતુ.

લી. પ્રસિદ્ધ કર્તા.

# શુદ્ધિપત્ર.

| પૃષ્ટ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૬ | ૧૮ | વજ | વર્જ |
| ૬ | ૨૭ | વજવાયોગ્યછે | વર્જવા યોગ્ય છે |
| ૭ | ૨૩ | તે | એ પાંચ પ્રકારના અદત્તવર્જવાં |
| ૮ | ૧૨ | ભોગોપભોગ | ભોગોપભોગ વિરમણ |
| ૮ | ૧૮ | | ” |
| ૮ | ૨૫ | ધર્મ બુદ્ધિથી | પૈસા પેદા કરવાની બુદ્ધિથી |
| ૧૧ | ૧ | ધમાસ્તિકાય | ધર્માસ્તિકાય |
| ૧૧ | ૨૫ | કમનું | કર્મનું |
| ૧૪ | ૨૧ | એકત્વ, અશુચિ, | એકત્વ, અન્યત્વ, અશુચિ, |
| ૧૬ | ૧૨ | પાંચ | ચ્યાર |
| ૧૯ | ૪ | કમને | કર્મને |
| ૨૦ | ૨૦ | બારાઆરાનું | બાર આરાનું |
| ૨૨ | ૨ | વાયુકાયનું | વાઊકાયનું |
| ૨૨ | ૩ | ૧૦૦૦ | ૧૦૦૦૦ |
| ૨૬ | ૬ | શ્રય | શ્રેય |
| ૨૫ | ૧૨ | શ્રદ્ધાનુ | શ્રદ્ધાન |
| ૨૭ | ૨ | નિમળ | નિર્મળ |
| ૩૧ | ૨૦ | નમિ | નહિ |
| ૩૧ | ૨૧ | વર્જવી | વર્જવી |
| ૩૪ | ૨૬ | ભોક્તા | ભોક્તા |
| ૩૫ | ૯ | સાથ | સાથે |
| ૩૭ | ૧૦ | નિર્ગથ | નિર્ગ્રંથ |
| ૩૭ | ૧૨ | અગુવ્રતધારી | અણુવ્રતધારી |
| ૩૮ | ૧૫ | વિરમણ | વિરમણ |
| ૩૮ | ૧૮ | કર્મ દાન | કર્માદાન |

| | | | |
|---|---|---|---|
| ૪૨ | ૧ | પરિગૃહ | પરિગ્રહ |
| ૪૫ | ૨૬ | અવસ્થા | અવસ્ય |
| ૪૬ | ૨૪ | શુદ્ધવૃતધારી | શુદ્ધવ્રતધારી |
| ૪૭ | ૧૫ | નિર્વેદ | નિર્વેદ |
| ૪૭ | ૨૨ | માગમાં | માર્ગમાં |
| ૪૮ | ૧૩ | અભયપુમાર | અભયકુમાર, |
| ૪૮ | ૧૫ | હ | હે |
| ૪૮ | ૧૭ | ચતુભદ્ર | ચતુર્ભદ્ર |
| ૪૮ | ૨૧ | કર્યું | કર્યું |
| ૪૯ | ૭ | વ્યુત્યત્ત્યર્થે | વ્યુત્પત્ત્યર્થે |
| ૪૯ | ૯ | યોજનાદ | યોજનાદ્ |
| ૪૯ | ૨૦ | સર્વદાસુ પ્રસન્ન | સર્વદા સુપ્રસન્ન |
| ૫૦ | ૩ | પૂવ | પૂર્વ |
| ૫૦ | ૫ | કમ | કર્મ |
| ૫૦ | ૫ | ખમાવી | ખપાવી |
| ૫૦ | ૯ | ભાવયપ્પા | ભવિયપ્પા |
| ૫૧ | ૯ | હરતી | હસ્તી |
| ૫૧ | ૧૬ | રીતે | રીતિ |
| ૫૧ | ૧૬ | સાધવાનાં | સાધવામાં |
| ૫૧ | ૧૭ | દશન | દર્શન |
| ૫૩ | ૨૫ | પોતાના | પોતાની |
| ૫૪ | ૧૮ | પુલાચાર, પુશળ, પુલીન, | કુળાચાર, કુશળ, કુલીન, |
| ૫૪ | ૨૨ | યાય છે | થાય છે |
| ૫૫ | ૯ | ભાષિત પમાડનાર | ભાષિત ધર્મ પમાડનાર |
| ૫૭ | ૧૧ | શોષવું | શોષવું પડશે |
| ૫૭ | ૧૪ | સદ્ગૃહસ્થોને | સદ્ગૃહસ્થોને |
| ૫૭ | ૧૭ | કાંઈ | કોઇ |
| ૫૭ | ૨૮ | નિર્ગંથ | નિર્ગ્રંથ |
| ૫૯ | ૧૧ | સ્વાથ | સ્વાર્થ |
| ૬૦ | ૧૮ | રહેતું | કહેવું |

| | | | |
|---|---|---|---|
| ૬૦ | ૨૧ | મિથ્થા | મિથ્યા |
| ૬૦ | ૨૪ | નુથી | નથી |
| ૬૨ | ૩ | ક્રાધ | ક્રોધ |
| ૬૨ | ૧૩ | કરો | ક્રો |
| ૬૨ | ૨૪ | અવસ્ય | અવશ્ય |
| ૬૩ | ૧૦ | શ્રય | શ્રેય |
| ૬૭ | ૧૬ | વિચાયુ | વિચાર્યું |
| ૬૭ | ૨૨ | વિરૂદ્ધાચ્ચાઓ | વિરૂદ્ધચ્ચાઓ |
| ૭૦ | ૬ | સ્વાર્થ નિષ્ટ | સ્વાર્થનિષ્ઠ |
| ૭૧ | ૬ | ગુરૂ | ગુરૂની |
| ૭૨ | ૨૩ | કમ | કર્મ |
| ૭૩ | ૯ | સદ્વિચારો | સદ્વિચારો |
| ૭૪ | ૪ | મિથ્થા | મિથ્યા |
| ૭૪ | ૬ | વિચારી | વિચાર |
| ૭૫ | ૮ | બોલવું | બોલેલું |
| ૭૫ | ૨૨ | પણ્ય | પુણ્ય |
| ૭૬ | ૩ | ત | તે |
| ૭૭ | ૩ | દૈર્જન્ય | દૌર્જન્ય |
| ૮૪ | ૨ | અવિવક | અવિવેક |
| ૮૪ | ૪ | સન્નતિ | સન્નીતિ |
| ૮૭ | ૬ | પેંદા | પેદા |
| ૮૭ | ૧૦ | પવ | પર્વ |
| ૮૮ | ૮ | ધૂલવામાં | ધૂણેવામાં |
| ૯૦ | ૩ | માસનો | માસના |
| ૯૧ | ૧૫ | સવનમાં | સેવનમાં |
| ૯૧ | ૨૩ | સદ્વિવેકથી | સદ્વિવેકથી |
| ૯૪ | ૧ | માત્રાનું | માત્રનું |
| ૯૫ | ૪ | નિમળ | નિર્મળ |
| ૧૦૮ | ૩ | સાંને | સૌને |
| ૧૧૧ | ૧૮ | નક્ષેપાના | નિક્ષેપાના |
| ૧૧૨ | ૧૯ | ખાવ | ખાવા |
| ૧૧૨ | ૨૦ | પિના | [illegible] |

| | | | |
|---|---|---|---|
| ૧૨૦ | ૨૬ | નરૈતાહ્નિક | નરૈતાહ્નિકના |
| ૧૨૨ | ૧ | ધમ | ધર્મ |
| ૧૨૨ | ૨૦ | વખમે | વખતે |
| ૧૨૪ | ૩ | સ્વાદ્દષ્ટ | સ્વાદિષ્ટ |
| ૧૨૬ | ૯ | રોગાત્ત | રોગાર્ત્ત |
| ૧૨૮ | ૨૦ | સ્પર્શે | સ્પર્શે |
| ૧૩૧ | ૧૫ | ધૃષ્ટ | ધૃષ્ટ |
| ૧૪૧ | ૨૨ | અશ્રાય | અયશ |



ૐ

# શ્રી જૈન બાળહિત બોધક

# પ્રશ્નોત્તર.

## પ્રકરણ પહેલું.

૧ પ્રશ્ન—આપણે જૈન કેમ કહેવાઇયે ?
ઉત્તર—શ્રી જિનની આજ્ઞા માનવાથી.

૨ પ્રશ્ન—જિન શાથી કહેવાય ?
ઉત્તર—રાગ, દ્વેષ, અને મોહને, સર્વથા જીતવાથી.

૩ પ્ર૦—રાગ જીત્યો ક્યારે કહેવાય ?
ઉ૦—જ્યારે કામ વિકારને સર્વ પ્રકારે જીતે ત્યારે.

૪ પ્ર૦—રાગનું ચિન્હ-નિશાની શું ?
ઉ૦—કનક કામની-સ્ત્રી, ધનાદિ ઉપર પ્રીતિ ભાવ.

૫ પ્ર૦—દ્વેષ જીત્યો ક્યારે કહેવાય ?
ઉ૦—જ્યારે વૈર વિરોધને સર્વ પ્રકારે તજે ત્યારે.

૬ પ્ર૦—દ્વેષનું ચિન્હ શું ?
ઉ૦—શત્રુ ઉપર અપ્રીતિભાવ તથા શસ્ત્રાદિકનું ધારવું.

૭ પ્ર૦—મોહ જીત્યો ક્યારે કહેવાય ?

ઉ૦—જ્યારે રાગ અને દ્વેષકારી કોઇ પણ વસ્તુમાં લગાર પણ મુઝાય નહીં-નિર્મળ જ્ઞાન, તથા વિવેકને યથાર્થ ધારે ત્યારે.

૮ પ્ર૦—મોહનું ચિન્હ શું ?

ઉ૦—પરના ચિત્તને રંજન કરવા યોગ્ય ચેષ્ટાનું કરવું.

૯ પ્ર૦—જિનનાં બીજાં નામ ક્યાં ક્યાં છે ?

ઉ૦—અરિહંત, તિર્થંકર; અર્હંત, અરૂહંત, મહાદેવ, વિષ્ણુ, બ્રહ્મા, શિવ, શંકર, વિગેરે.

૧૦ પ્ર૦—અરિહંત કહેવાનો હેતુ શો ?

ઉ૦—કામ, ક્રોધ, મોહ, મત્સરાદિક, અંતર શત્રુ-વર્ગને સર્વથા હણવાથી.

૧૧ પ્ર૦—તિર્થંકર કહેવાનો હેતુ શો ?

ઉ૦—સાધુ, સાધવી; શ્રાવક, અને શ્રાવિકારૂપ તિર્થની સ્થાપના કરવાથી.

૧૨ પ્ર૦—અર્હંત કહેવાનો હેતુ શો ?

ઉ૦—નરેંદ્રો, દેવેંદ્રો; તથા યોગીંદ્રોને, પણ પૂજવા યોગ્ય હોવાથી.

૧૩ પ્ર૦—અરૂહંત કહેવાનો હેતુ શો ?

ઉ૦—કર્મ-બીજનો સર્વથા ક્ષય કર્યાથી જેને પુનર્ભવ નથી માટે.

૧૪ પ્ર૦—મહાદેવ કહેવાનો હેતુ શો હશે ?

ઉ૦—રાગ, દ્વેષ અને મોહનો સર્વથા પરાજય કરવા-થી દુનિયામાં ગણાતા બીજા સર્વ દેવ કરતાં મોટા શ્રેષ્ઠ છે માટે.

૧૫ પ્ર૦—વિષ્ણુ કહેવાનો હેતુ શો ?

ઉ૦—નિર્મળ, જ્ઞાન–દર્શનથી વિશ્વ વ્યાપી, સર્વ પદાર્થ સાર્થને જાણે–દેખે માટે.

૧૬ પ્ર૦—બ્રહ્મા કહેવાનો હેતુ શો ?

ઉ૦—નિરૂપમ મોક્ષ માર્ગ. સાધવાનો. ખરેખરો ઉપયોગ સાધવાથી. ( મોક્ષગમન યોગ્ય માર્ગ–સાધન નિર્માણુ કરનાર હોવાથી. )

૧૭ પ્ર૦—શિવ કહેવાનો પરમાર્થ શો ?

ઉ૦—શિવ ( નિરૂપદ્રવ–મોક્ષ ) સ્થાનને સર્વથા પ્રાપ્ત થયા માટે.

૧૮ પ્ર—શંકર કહેવાનો હેતુ શો ?

ઉ૦—ત્રિભુવન-સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળવાસી સર્વને સુખ, શાંતિકારક છે માટે.

૧૯ પ્ર૦—રાગનાં બીજાં સરખાં (પર્યાય) નામ ક્યાં છે ?

ઉ૦—રતિ; પ્રીતિ, સ્નેહ, પ્રતિબંધ, માયા, મમતા, વિગેરે.

૨૦ પ્ર૦—દ્વેષનાં, બીજાં સરખાં (પર્યાય) નામ ક્યાં છે ?

ઉ૦—ખાર, મત્સર, અરતિ, અપ્રીતિ, અરૂચિ, કરાગ, કલેશ, વિરોધ, વિગેરે.

૨૧ પ્ર૦—મોહનાં બીજાં પર્યાય નામ કયાં છે ?

ઉ૦—મૂર્છા, અહંતા–મમતા, મમત્વ, પરિગ્રહ, વિગેરે.

૨૨ પ્ર૦—જૈન દર્શનમાં ગુરૂ કોને કહીયે ?

ઉ૦—શ્રી જિનેશ્વર કથિત, તત્વ રહસ્યના જાણ, તથા ભવ્ય જનોને હિતોપદેશ દેવા, સદા ઉજમાળ હોય તે.

૨૩ પ્ર૦—જૈન દર્શનમાં ગુરૂના પર્યાય શબ્દો કયા કયા છે?
ઉ૦—સાધુ, નિર્ગ્રંથ, મુમુક્ષુ, ક્ષમાશ્રમણ, મુનિ, સંયમી, વિગેરે.

૨૪ પ્ર૦—સાધુ કહેવાનું પ્રયોજન શું?
ઉ૦—તપ, જપ, સંયમવડે આત્મસાધન કરવા તત્પર રહે તેથી.

૨૫ પ્ર૦—નિર્ગ્રંથ કહેવાનું પ્રયોજન શું?
ઉ૦—ગ્રંથ કહીયે. પરિગ્રહ તે બાહ્ય, અને અંતર બંને પ્રકારનો સર્વથા દૂર કર્યો. તજયો, યાવત્ નિસ્પૃહતા, ધારણ કરી તેથી.

૨૬ પ્ર૦—મુમુક્ષુ કહેવાનું કારણ શું?
ઉ૦—જન્મ, જરા, અને મૃત્યુ વિનાના, મોક્ષ સુખનીજ કેવળ અભિલાષા રાખી, બાકી સર્વ આશા તૃષ્ણા ઉન્મૂલી નાંખી માટે.

૨૭ પ્ર૦—ક્ષમા-શ્રમણ કહેવાનું પ્રયોજન શું?
ઉ૦—ક્ષમા પ્રધાન શ્રમણ-મોક્ષ માર્ગ સાધવા પ્રયત્ન વિશેષ કરવા તત્પર રહેવાથી.

૨૮ પ્ર૦—મુનિ કહેવાનું પ્રયોજન શું?
ઉ૦—અખિલ જગતનું તત્ત્વ ( સ્વરૂપ ) મુણવાથી સમ્યગ્ જાણવાથી.

૨૯ પ્ર૦—સંયમી કહેવાનું પ્રયોજન શું?
ઉ૦—સંયમ ( સાધુ ધર્મ-દીક્ષા ) સમ્યક્ પાળવાથી.

૩૦ પ્ર૦—શ્રી જિનેશ્વર ભગવાને, ધર્મ મોક્ષ માર્ગ કેવો બતાવ્યો છે?
ઉ૦—સમ્યગ્ જ્ઞાન, દર્શન, ( શ્રદ્ધા ) અને ચારિત્ર વિવેકરૂપ.

૩૧ પ્ર૦—ઉપર કહેલા ધર્મને પાળવા અધિકારી ( યોગ્ય ) કોણ છે ?

ઉ૦—ક્ષુદ્રતાદિક, ( ૨૧ ) દોષરહિત, મધ્યસ્થતાદિ, ગુણવંત.

૩૨ પ્ર૦—ધર્મ અધિકારીના ગુણ સામાન્ય રીતે કયા કયા છે ?

ઉ૦—૧ ગંભીર આશય, ૨ સુંદર દેહ, ૩ શીતળ સ્વભાવ, ૪ લોકપ્રિય, ૫ અક્રુર, ૬ પાપભીરૂ, ૭ નિર્દંભ, ૮ દાક્ષિણ્યતાવંત, ૯ લજ્જાળુ, ૧૦ દયાળુ, ૧૧ નિષ્પક્ષપાતી, ૧૨ ગુણરાગી, ૧૩ સત્યવાદી, ૧૪ જાડા બંળીઓ ( ધર્મીકુટુંબવાળો, ) ૧૫ દીર્ઘદર્શી, ૧૬ સુજાણ, ૧૭ વૃદ્ધ સેવી, ૧૮ વિનયવંત, ૧૯ કૃતજ્ઞ, ૨૦ પરોપકારી, ૨૧ ચકોર.

૩૩ પ્ર૦—ધર્મ કેટલા પ્રકારનો છે ?

ઉ૦—ગૃહસ્થ ધર્મ, તથા સાધુ ધર્મ.

૩૪ પ્ર૦—ગૃહસ્થ ધર્મ એટલે શું ?

ઉ૦—ગૃહ ( ઘર ) વાસમાં રહી શ્રી જિનોક્ત તત્વ શ્રદ્ધાપૂર્વક બની શકે, તેવાં વ્રત, પચ્ચખાણ, કરવાં તે.

૩૫ પ્ર૦—સાધુ ( યતિ ) ધર્મ એટલે શું ?

ઉ૦—ગૃહ વાસતજી પાંચ મહાવ્રત, તથા રાત્રી ભોજન નહિ કરવા સખ્ત નિયમો ધારી ગૃહસ્થોને બોધ કરવો તે.

૩૬ પ્ર૦—પાંચ મહાવ્રત કયાં કયાં છે ?

ઉ૦—સર્વથા, જીવહિંસા, અસત્ય, અદત્ત, મૈથુન, અને પરિગ્રહનો ત્યાગ.

૩૭ પ્ર૦—સર્વથા જીવહિંસાનો ત્યાગ શી રીતે પાળે ?

ઉ૦—કોઇ જીવને રાગ દ્વેષથી હણવું નહીં. હણાવવું નહિ, કે હણતાને ઠીક માનવું નહિ, ( મનથી, વચનથી તેમજ કાયાથી )

૩૮ પ્ર૦—સર્વથા અસત્ય બોલવાનો ત્યાગ શીરીતે પાળે ?

ઉ૦—ક્રોધ, માન, માયા, લોભ, ભય, કે હાસ્યથી લગારે અસત્ય નજ બોલવું.

૩૯ પ્ર૦—સર્વથા અદત્ત નહિ લેવાનો નિયમ શી રીતે પાળે ?

ઉ૦—જિન આજ્ઞા, કે ગુરૂ આજ્ઞા વિરૂદ્ધ, કંઇપણ લેવું, દેવું નહિ; તેમજ તેની આજ્ઞા છતાં માલધણીની રજા વના, કંઇપણ વસ્તુ લેવી દેવી નહિં; તેમજ માલધણીની રજા છતાં પણ, સચિત કે મિશ્ર વસ્તુ લેવી નહિ.

૪૦ પ્ર૦—સર્વથા મૈથુન ત્યાગ, બ્રહ્મચર્ય વ્રત શી રીતે પાળે ?

ઉ૦—દેવ, મનુષ્ય, અને તિર્યંચ, સંબંધી વિષય ક્રિડા સર્વથા વર્જ, અથવા પાંચે ઇંદ્રિયોના વિષયને કબજે, કરે પોતે તેમને વશ ન રહે.

૪૧ પ્ર૦—સર્વથા પરિગ્રહનો ત્યાગ શીરીતે પાળે ?

ઉ૦—જેથી મૂર્છા થાય, તેવી ભારે કે હલકી ( સચેત અચેત, કે મિશ્ર ) વસ્તુનો સંગ્રહ નજ કરે.

૪૨ પ્ર૦—સર્વથા રાત્રી ભોજનનો ત્યાગ શીરીતે પાળે ?

ઉ૦—ગમે તે પ્રકારનો આહાર, સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી ન ખાય. ( ખરૂં જોતાં સૂર્યોદય પછી બેઘડી તેમજ સૂર્યાસ્ત ) પહેલાં બેઘડી પણ વર્જવા યોગ્ય છે.

૪૩ પ્ર૦—પૂર્વે કહેલાં વ્રતોને મહાવ્રત કહેવાનો શો હેતુ છે?

ઉ૦—ગૃહસ્થના અણુવ્રતની અપેક્ષાએ તે મહાવ્રત કહેવાય છે; અથવા ખરા શુરવીર વડેજ સેવી શકાય માટે, (કાયરથી સેવી ન શકાય.)

૪૪ પ્ર૦—અણુવ્રત એટલે શું?

ઉ૦—અણુ એટલે નાનું મુનિના મહાવ્રતથી અત્યંત અલ્પ માટે.

૪૫ પ્ર૦—ગૃહસ્થનાં અણુવ્રત કયાં કયાં છે?

ઉ૦—સ્થૂલ (મોટી) હિંસા, અસત્ય, અદત્ત, મૈથુનનું વર્જવું, તથા પરિગ્રહનું પ્રમાણ.

૪૬ પ્ર૦—સ્થૂલ હિંસાથી વિરમવું તે શું?

ઉ૦—નિરપરાધી, મોટા (ત્રસ) જીવની નિષ્કારણ જાણી જોઇને હિંસા કરવી નહિ તે.

૪૭ પ્ર૦—સ્થૂલ, અસત્યથી વિરમવું તે શું?

ઉ૦—કન્યા, ઢોર કે ભૂમી સંબંધી, ખોટું અસત્ય ન બોલવું. કોર્ટમાં ખોટી સાક્ષી ન પુરવી; તથા ખોટા દસ્તાવેજ ન ઘડવા તે.

૪૮ પ્ર૦—સ્થૂલ, અદત્તથી વિરમવું તે શું?

ઉ૦—જાણી જોઇને ચોરી કરવી, કે ચોરાઉ વસ્તુ લેવી; થાપણ ઓળવવી તે; તથા વિશ્વાસઘાત કરવો; સારી નરસી વસ્તુનો ભેળ સંભેળ કરવો, તેમજ દાણ ચોરી કરવી તે.

૪૯ પ્ર૦—સ્થૂલ મૈથુન વિરમણ તે શું?

ઉ૦—પરસ્ત્રી, વેશ્યા, વિધવા, યા બાલ કુમારીકા સાથે કુકર્મ, ભોગ, સર્વથા તજી સ્વદારા સંતોષ ભ-

જવો તે. સ્ત્રીએ સ્વપતિ સંતોષ ભજવો તે.

૫૦ પ્ર૦—પરિગ્રહ પ્રમાણ તે શું ?

ઉ૦—ધન, ધાન્યાદિક નવ પ્રકારના પરિગ્રહનું પ્રમાણ, આટલાથી વધારે મારે સ્વભોગાર્થે ન ખપે; પ્રમાણથી અધિક શુભ ધર્મ માર્ગે ખર્ચી નાંખવું તે.

૫૧ પ્ર૦—આ પાંચ અણુવ્રત ઉપરાંત ગૃહસ્થને બીજાં કયાં વ્રત હોય ?.

ઉ૦—ત્રણ ગુણ વ્રત, અને ચાર શિક્ષા વ્રત.

૫૨ પ્ર૦—૩ ગુણ વ્રત કયાં કયાં છે ?

ઉ૦—૧ દિશા ( જવા આવવા ) નું પ્રમાણ, ૨ ભોગોપભોગ. ૩ અનર્થ દંડ વિરમણ.

૫૩ પ્ર૦—દિશા પ્રમાણ તે શું ?

ઉ૦—૪ દિશા, તથા ૪ વિદિશા ( કોણો ) તથા ઉંચેને નીચે જવા આવવા, સંબંધમાં પવિત્ર ધર્મ કાર્ય વિના સ્વકાર્યાર્થે જવા આવવાનું પ્રમાણ.

૫૪ પ્ર૦—ભોગોપભોગ તે શું ?

ઉ૦—૧૫ કર્માદાનના મહા પાપ વ્યાપારનો ત્યાગ કરવો તથા ૧૪ નિયમો ધારવા.

૫૫ પ્ર૦—અનર્થ દંડ વિરમણ તે શું ?

ઉ૦—પાપનાં સાધન-કોશ, કુહાડા, વિગેરે તૈયાર કરી, માગ્યાં, ન આપવાં; પાપનો ઉપદેશ, નહિ દેવો; આર્ત રૈદ્રધ્યાન ન ધ્યાવું. નાટક ચેટક ભવાયા ન જોવા; પાપી જીવને ધર્મ બુદ્ધિથી પોષવા નહિ. અર્થાત્ પાપી જીવોને પાળવા નહિ.

૫૬ પ્ર૦—ચાર શિક્ષા વ્રત કયાં કયાં છે?

ઉ૦—સામાયક, દિશાવગાસિક, પૌષધ, અને અતિથિ સંવિભાગ.

૫૭ પ્ર૦—સામાયક એટલે શું?

ઉ૦—સંકલ્પ નિશ્ચય પૂર્વક સમતાભાવમાં પાપ વ્યાપારને વર્જી રહેવું તે ( જઘન્યથી બે ઘડી અને ઉત્કૃષ્ટ તો જીવિત પર્યંત. )

૫૮ પ્ર૦—દિશાવગાસીક એટલે શું?

ઉ૦—છઠ્ઠા વ્રતમાં ધારેલી દિશાનું સંક્ષેપવું, અને મર્યાદામાં રહી ધર્મધ્યાન સેવવું તે.

૫૯ પ્ર૦—પૌષધ વ્રત એટલે શું?

ઉ૦—જેથી ધર્મની પુષ્ટિ-વૃદ્ધિ થાય તે, પૌષધ ચાર પ્રકારે છે. ૧ આહાર, પોસહ ( ઉપવાસ, આયંબિલ વિગેરે ) ૨ શરીર સત્કાર, ત્યાગ પોસહ, ૩ બ્રહ્મચર્ય પોસહ, ૪ પાપ વ્યાપારનો પરીહાર કરવા રૂપ પોસહ.

૬૦ પ્ર૦—અતિથિ સંવિભાગ તે શું?

ઉ૦—અતિથિ, એટલે અણગાર સાધુ તેને વ્હોરાવી, સુપાત્ર દાન દઇને ખાવું તે.

૬૧ પ્ર૦—સામાન્ય રીતે ધર્મના કેટલા ભેદ છે?

ઉ૦—ચાર ભેદ.

૬૨ પ્ર૦—તે ચાર ભેદના નામ કયાં કયાં છે?

ઉ૦—દાન, શીલ, તપ, અને ભાવના.

૬૩ પ્ર૦—સમ્યગ્ જ્ઞાન એટલે શું?

ઉ૦—સર્વજ્ઞ, જિનેશ્વરે, કહેલાં જીવાજીવાદિ નવ તત્વને યથાર્થ જાણવાં તે.

૬૪ પ્ર૦—સમ્યગ્ દર્શન, ( સમકિત ) એટલે શું ?
ઉ૦—જિનેશ્વર ભગવાને કહેલાં તત્વ ઉપર બરાબર પ્રતીતિ આસ્તા ધારવી, બીજાં ધાંધલીઆથી ભરમાઇ ન જવું તે.

૬૫ પ્ર૦—સમ્યગ્ ચારિત્ર વિવેક તે શું ?
ઉ૦—તત્વને યથાર્થ જાણી, સદ્દહીને, હિતકારી માર્ગનું ગ્રહણ કરવું, તથા અહિતકારી માર્ગનો ત્યાગ કરવો. તે વિરતિ અથવા સંયમ.

૬૬ પ્ર૦—સર્વજ્ઞ, જિનેશ્વરનાં, કહેલાં તત્વ કયાં કયાં છે ?
ઉ૦—૧ જીવ. ૨ અજીવ. ૩ પુણ્ય. ૪ પાપ. ૫ આશ્રવ, ૬ સંવર. ૭ બંધ. ૮ મોક્ષ. ૯ અને નિર્જરા ( આ નવ તત્વો છે. )

૬૭ પ્ર૦—જીવનું લક્ષણ શું ?
ઉ૦—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ

૬૮ પ્ર૦—અજીવનું લક્ષણ શું ?
ઉ૦—જીવના લક્ષણથી વિલક્ષણ-ઉલટું જ્ઞાનાદિ રહિત. ( જડ )

૬૯ પ્ર૦—જીવ કેટલા છે ?
ઉ૦—સર્વ જાતિના મળી જીવો અનંત છે ?

૭૦ પ્ર૦—જીવાયોની કેટલી છે ?
ઉ૦—સર્વ જાતની મળી ૮૪ લક્ષ છે.

૭૧ પ્ર૦—જીવાયોનિ એટલે શું ?
ઉ૦—જીવનું ઉત્પત્તિ સ્થાન; ( વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ જેના સમાન હોય તેવાં અમુક જાતીનાં ઉત્પત્તિ સ્થાન એક જીવયોની કહેવાય.

૭૨ પ્ર૦—અજીવ પદાર્થ કયા કયા છે ?

ઉ૦—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને કાળ દ્રવ્ય.

૭૩ પ્ર૦—ધર્માસ્તિકાયનો સ્વભાવ શો ?

ઉ૦—જીવને તથા પુદ્ગલને ચાલતાં સહાયભૂત થવાનો.

૭૪ પ્ર૦—અધર્માસ્તિ કાયનો સ્વભાવ શો ?

ઉ૦—જીવને તથા પુદ્ગલને સ્થિર રહેતાં સહાયભૂત થવાનો.

૭૫ પ્ર૦—આકાશાસ્તિકાયનો સ્વભાવ શો ?

ઉ૦—જીવને તથા પુદ્ગલાદિક દ્રવ્યને રહેવાને, અવકાશ આપવાનો.

૭૬ પ્ર૦—પુદ્ગલનું લક્ષણ શું ?

ઉ૦—શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, ટાઢ, વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ, એ પુદ્ગલનું લક્ષણ,

૭૭ પ્ર૦—કાળનું લક્ષણ શું ?

ઉ૦—સમય લક્ષણ ( વસ્તુના નવા પુરાણા ભાવ થવાનાં સાધન રૂપ. )

૭૮ પ્ર૦—પુણ્યનું લક્ષણ શું ?

ઉ૦—સુખ પામવાના કારણભૂત શુભ કર્મ પ્રકૃતિનું સંચવું.

૭૯ પ્ર૦—પાપનું લક્ષણ શું ?

ઉ૦—દુઃખ (કટુક ફળ ) પામવાનાં કારણભૂત અશુભ કર્મનું સંચવું.

૮૦ પ્ર૦—આશ્રવનું લક્ષણ શું ?

ઉ૦—શુભ કે અશુભ કર્મનું આવાગમન થવાનું દ્વાર ઇંદ્રિય.

૮૧ પ્ર૦—સંવરનું લક્ષણ શું ?

ઉ૦—આવતાં કર્મને રોકવાનું સાધન આશ્રવદ્વારને બંધ કરવા રૂપ.

૮૨ પ્ર૦—બંધનું લક્ષણ શું ?

ઉ૦—દૂધ પાણીની પેરે જીવ કર્મનું એકમેક થવું તે.

૮૩ પ્ર૦—મોક્ષનું લક્ષણ શું ?

ઉ૦—કર્મ બંધનથી આત્માનું સર્વથા મુક્ત થવું તે.

૮૪ પ્ર૦—નિર્જરાનું લક્ષણ શું ?

ઉ૦—કર્મ બંધનથી આત્માનું કેટલાક અંશથી મુક્ત થવું તે.

૮૫ પ્ર૦—પુણ્ય સંચવાનો ઉપાય શું ?

ઉ૦—શુભરાગ ભક્તિ ભાવથી સુપાત્રદાન પ્રભુ પૂજા સાધર્મી સેવા; તિર્થ રક્ષા; શાસ્ત્ર શ્રવણ, જીવ દયા વગેરે.

૮૬ પ્ર૦—પાપ સંચવાનો રસ્તો કયો ?

ઉ૦—ઉન્માર્ગ સેવન વિષયરસમાં માચવું. નિર્દયતા માઠો, અધ્યવસાય,—આર્તરૌદ્ર ધ્યાન વગેરે.

૮૭ પ્ર૦—આશ્રવ શા કારણથી થાય ?

ઉ૦—પાંચ ઇંદ્રિય, ચાર કષાય ૫ અવ્રત, ૩ યોગ વિગેરે.

૮૮ પ્ર૦—સંવરનો લાભ શાથી થાય ?

ઉ૦—પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ. ૨૨ પરિસહ ૧૦ યતિ ધર્મ ૧૨ ભાવના તથા પાંચ પ્રકારના ચારિત્રવડે.

૮૯ પ્ર૦—બંધ કેટલા પ્રકારે અને કેવી રીતે થાય ?

ઉ૦—ચાર પ્રકારે (પ્રકૃતિ સ્થિતિ રસ, અને પ્રદેશ રૂપ) મોદક (લાડવા) ના દ્રષ્ટાંતે જાણવું.

૯૦ પ્ર૦—મોક્ષ કેટલા પ્રકારે થાય છે?

ઉ૦—૧૫ ભેદે સિદ્ધ થાય છે. તે (તીર્થ-અતીર્થ સિદ્ધ વિગેરે.)

૯૧ પ્ર૦—નિર્જરા શી રીતે થાય છે?

ઉ૦—૧૨ પ્રકારનો તપ (૬ બાહ્ય અને ૬ અભ્યંતર ભેદે સેવવાથી)

૯૨ પ્ર૦—પાંચ ઇંદ્રિયો કઇ કઇ?

ઉ૦—સ્પર્શ ઇંદ્રિય, રસના ઇંદ્રિય, ઘ્રાણ ઇંદ્રિય, ચક્ષુ ઇંદ્રિય, અને શ્રોત્ર-ઇંદ્રિય.

૯૩ પ્ર૦—ચાર કષાય કયા કયા? ઉત્તર-ક્રોધ, માન, માયા, અને લોભ.

૯૪ પ્ર૦—અવ્રત ૫ કયાં કયાં?

ઉ૦—પ્રાણાતિપાત; (હિંસા) મૃષાવાદ; અદત્તાદાન; મૈથુન અને પરિગ્રહરૂપ.

૯૫ પ્ર૦—ત્રણ યોગ કયા કયા?

ઉ૦—મન, વચન, અને કાયા;

૯૬ પ્ર૦—લેશ્યા એટલે શું? અને તે કઇ કઇ?

ઉ૦—દ્રવ્ય કષાય સાથે જીવના શુભાશુભ અધ્યવસાય વિશેષ-કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોતલેશ્યા; તેજોલેશ્યા, પદ્મલેશ્યા, અને શુકલ લેશ્યા.

૯૭ પ્ર૦—ધ્યાન એટલે શું? અને તે કયાં કયાં?

ઉ૦—ચિત્તની એકાગ્રતાથી થએલું અવલંબન વિશેષ આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ ભેદે.

૯૮ પ્ર૦—સમિતિ એટલે શું ? અને તે કઇ કઇ ?

ઉ૦—સમિતિ એટલે સમ્યક્ પ્રવર્તન (તે તે બાબતમાં ઉપયોગ) ઇર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપના અને પારિષ્ટાપનિકારૂપ પાંચ છે.

૯૯ પ્ર૦—ગુપ્તિ એટલે શું અને તે કઇ કઈ ?

ઉ૦—ગોપવવું-સાચવવું, રક્ષણ કરવું એ ગુપ્તિને અર્થ છે. તે મન, વચન, અને કાયા સંબંધી ત્રણ છે મન ગુપ્તિ વગેરે.

૧૦૦ પ્ર૦—પરિસહ એટલે શું ? અને તે કયા કયા છે ?

ઉ૦—સમસ્ત પ્રકારે સહન કરવા યોગ્ય પરિસહ કહેવાય, તેવા ૨૨ છે. ભુખ, તૃષા, શીત, ઉષ્ણ, ડંસ, અચેલ, અરતિ, સ્ત્રી ચર્યા, નિષેધિકા, સય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, મળ, તૃણ સ્પર્શ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન વિગેરે, અનુકુળ તથા પ્રતિકુળ બંને રીતે.

૧૦૧ પ્ર૦—દશવિધ યતિ ધર્મ કેવા પ્રકારે છે ?

ઉ૦—ક્ષમા, મૃદુતા, સરલતા, નિર્લોભતા, તપસ્યા, સંયમ, સત્ય, શૌચ, (પવિત્રતા) નિષ્પરિગ્રહતા અને બ્રહ્મચર્ય.

૧૦૨ પ્ર૦—બાર પ્રકારની ભાવના શી રીતે છે ?

ઉ૦—અનિત્ય, અશરણ, સંસાર એકત્વ, અશુચિ, આશ્રવ, સંવર વિગેરે.

૧૦૩ પ્ર૦—ચારિત્રના પાંચ પ્રકાર કયા કયા છે ?

ઉ૦—સામાયક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સુક્ષ્મ સંપરાય, અને યથાખ્યાત, એવં પાંચ.

૧૦૪ પ્ર૦—કર્મનો પ્રકૃતિબંધ, એટલે શું ? અને શી રીતે ?

ઉ૦—પ્રકૃતિ એટલે સ્વભાવ, જેમ જુદા જુદા દ્રવ્યનો સ્વભાવ જુદો જુદો હોય છે. તેમ કોઇ કર્મનો સ્વભાવ આત્માના જ્ઞાન ગુણને અને કોઇનો દર્શનાદિકને ઢાંકવાનો સ્વભાવ હોય છે. તેવો બંધ તે પ્રકૃતિબંધ કહેવાય છે.

૧૦૫ પ્ર૦—મૂળ કર્મ પ્રકૃતિ કેટલી અને ઉત્તર (ભેદ) પ્રકૃતિ કેટલી છે ?

ઉ૦—મૂળકર્મ પ્રકૃતિ ૮ છે અને ઉત્તર પ્રકૃતિ ૧૫૮ છે.

૧૦૬ પ્ર૦—મૂળ પ્રકૃતિનાં નામ કયાં કયાં છે ?

ઉ૦—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, આયુ, ગોત્ર, અને અંતરાય, એવં આઠ મૂળ પ્રકૃતિ છે.

૧૦૭ પ્ર૦—ઉત્તર પ્રકૃતિ ૧૫૮ શીરીતે થાય છે ?

ઉ૦—જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, નામની ૧૦૩, આયુની ૪, ગોત્રની ૨, અને અંતરાયની ૫ મળી ૧૫૮ થાય છે.

૧૦૮ પ્ર૦—જ્ઞાનાવરણીય વગેરે કર્મનો કેવો સ્વભાવ છે ?

ઉ૦—આત્માના જ્ઞાન દર્શનાદિક ગુણોને ઢાંકવાનો.

૧૦૯ પ્ર૦—જ્ઞાનાવરણીય કર્મ કેવા કેવા જ્ઞાનને કેવી રીતે આવરેછે ?

ઉ૦—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવળજ્ઞાનને આ કર્મ પટ (વસ્ત્ર) ની પેરે આવરે-ઢાંકે છે.

૧૧૦ પ્ર—મતિ જ્ઞાનાદિક પાંચે જ્ઞાનના મળી કેટલા ભેદ છે?

ઉ૦—મતિના ૨૮, શ્રુતના ૧૪, અવધિના ૬, મનઃપર્યવ જ્ઞાનના બે અને કેવળનો એકજ, સર્વ મળી ૫૧.

૧૧૧ પ્ર—દર્શનાવરણીય કર્મ કેવીરીતે દર્શન ગુણને આવરે છે?

ઉ૦—પ્રતિહારી (પોળીયા)ની પેરે.

૧૧૨ પ્ર૦—જ્ઞાન અને દર્શન ગુણમાં શો તફાવત છે?

ઉ૦—આત્માનો વિશેષ ઉપયોગ તે જ્ઞાન, અને સામાન્ય ઉપયોગ તે દર્શન છે.

૧૧૩ પ્ર૦—દર્શનના કેટલા ભેદ છે?

ઉ૦—ચક્ષુ, અચક્ષુ, અવધિ, અને કેવળ દર્શન મળી તેના પાંચ પ્રકાર થાય છે.

૧૧૪ પ્ર૦—દર્શનાવરણીયના ૯ ભેદ કયા કયા છે?

ઉ૦—ચક્ષુ, અચક્ષુ અવધિ, અને કેવળદર્શનાવરણીય એવં ૪ તથા નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને થિણદ્ધી.

૧૧૫ પ્ર૦—વેદનીય કર્મનો કેવો સ્વભાવ છે?

ઉ૦—જીવને શાતા અશાતા વેદાવવાનો.

૧૧૬ પ્ર૦—વેદનીય કર્મના કેટલા ભેદ છે?

ઉ૦—બે, શાતા વેદનીય, અને અશાતા વેદનીય.

૧૧૭ પ્ર૦—વેદનીય કેવી રીતે કયા ગુણને ઢાંકે છે?

ઉ૦—મધથી ખરડેલી તરવાર અને કોરી તરવાર ચાટવાની પેરે શાતા, અશાતા, વેદનીય, કર્મ આત્માના, અવ્યાબાધ, સુખ ગુણને આવરે છે.

૧૧૮ પ્ર૦—મોહનીય કર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦—મદિરાની જેમ આત્માના સમ્યકત્વ અને ચારિત્ર ગુણને ઢાંકવાનો છે.

૧૧૯ પ્ર૦—મોહનીય કર્મના મુખ્ય કેટલા અને કયા ભેદ છે?

ઉ૦—બે ભેદ; દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય.

૧૨૦ પ્ર૦—દર્શન મોહનીય કર્મના કેટલા અને કયા કયા ભેદ છે?

ઉ૦—ત્રણ ભેદ, સમકિત મોહનીય; મિશ્ર મોહનીય; અને મિથ્યાત્વ મોહનીય.

૧૨૧ પ્ર૦—ચારિત્ર મોહનીયના કેટલા ભેદ મુખ્ય છે?

ઉ૦—બે ભેદ; કષાય મોહનીય; અને નોકષાય મોહનીય.

૧૨૨ પ્ર૦—કષાય મોહનીયના કેટલા ભેદ છે?

ઉ૦—અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન ભેદે ક્રોધ, માન, માયા અને લોભ મળી ૧૬ ભેદ.

૧૨૩ પ્ર૦—કષાય એટલે શું?

ઉ૦—સંસારનો લાભ જેનાથી થાય તે.

૧૨૪ પ્ર૦—નોકષાય એટલે શું?

ઉ૦—કષાયના સહચારી, કષાયને ઉત્પન્ન કરે તે.

૧૨૫ પ્ર૦—નોકષાય મોહનીયના કેટલા ભેદ છે?

ઉ૦—પુરૂષ વેદ; સ્ત્રીવેદ અને નપુંસકવેદ, એ ત્રણ વેદ મોહનીય, તથા હાસ્ય, રતિ, અરતિ, શોક,

ભય અને દુગંછા; એ છ હાસ્યાદિ મોહનીય મળી ૯ નોકષાય મોહનીય.

૧૨૬ પ્ર૦—નામ કર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦—ચિતારાની જેવો વિવિધ પ્રકારના આકારને ધરાવી આત્માના અરૂપી ગુણ (સ્વભાવ) ને ઢાંકવાનો છે.

૧૨૭ પ્ર૦—નામ કર્મના મુખ્ય કેટલા ભેદ છે?

ઉ૦—શુભ નામ કર્મ અને અશુભ નામ કર્મ એવં બે ભેદ છે.

૧૨૮ પ્ર૦—શુભ નામ કર્મની થોડી પ્રકૃતિ કઇ કઇ છે.?

ઉ૦—ઉત્તમ સંઘયણ તથા સંસ્થાન, ઉત્તમ વર્ણ; ગંધ રસ અને સ્પર્શ; સૌભાગ્ય આદેય, પ્રત્યેક, ત્રસ, બાદર, પર્યાપ્ત સ્થિર અને તિર્થંકર નામ કર્મ વિગેરે.

૧૨૯ પ્ર૦—અશુભ કર્મની થોડી પ્રકૃતિ કઈ કઇ છે?

ઉ૦—પૂર્વોક્ત પ્રકૃતિથી વિપરીત, સાધારણ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, અસ્થિર પ્રમુખ.

૧૩૦ પ્ર૦—સર્વ મળીને નામ કર્મની કેટલી પ્રકૃતિ છે?

ઉ૦—૧૦૩ એકસો ને ત્રણ પ્રકારાંતરે તો ૪૨, ૬૭, અને ૯૩, પણ છે.

૧૩૧ પ્ર૦—આયુષ્ય કર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦—હેડ (બંદીખાના) જેવો તેનો સ્વભાવ હોવાથી આત્માના અક્ષય ગુણને આવરી તેને ચાર ગતિમાં ભમાવે છે.

૧૩૨ પ્ર૦—આયુષ્ય કર્મના કેટલા ભેદ છે ?

ઉ૦—દેવ આયુ, મનુષ્ય આયુ, તિર્યંચઆયુ અને નરક આયુ એવં ચાર.

૧૩૩ પ્ર૦—ગોત્ર કર્મનો કેવો સ્વભાવ હોય છે ?

ઉ૦—કુંભારના ઘડા જેવો ઉંચો નીચો હોવાથી તે આત્માના અગુરૂ લઘુ સ્વભાવને આવરે છે.

૧૩૪ પ્ર૦—ગોત્ર કર્મના કેટલા ભેદ છે ?

ઉ૦—ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર, એવં બે ભેદ છે.

૧૩૫ પ્ર૦—ગોત્રને ઘડાની ઉપમા શી રીતે લાગુ પડે ?

ઉ૦—દુધ, ઘીનો ઘડો પ્રશંસાય છે અને મદિરાનો ઘડો કવખોડાય છે માટે.

૧૩૬ પ્ર૦—અંતરાય કર્મનો સ્વભાવ કેવો હોય છે ?

ઉ૦—ભંડારીની જેવો હોવાથી તે આત્માની, સહજ દાનાદિ શક્તિને આવરે છે.

૧૩૭ પ્ર૦—અંતરાય કર્મના કેટલા ભેદ હોય છે ?

ઉ૦—દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એવં પાંચ.

એ સર્વ સ્વભાવ ( બંધ ) ના સંબંધે પ્રસંગોપાત્ત કહ્યું, હવે કંઇક કાલમાન જાણવા કહે છે.

## સ્થિતિ બંધ.

૧૩૮ પ્ર૦—સમય, તે બારીકમાં બારીક વખતનું માપ.

૧૩૯ પ્ર૦—આવલી-અસંખ્ય સમયે એક આવળી થાય.

૧૪૦ પ્ર૦—ક્ષુલ્લક ભવ-૨૫૬ આવળીવડે થાય.

૧૪૧ પ્ર૦—શ્વાસોશ્વાસ-૧૭ થી અધિક ક્ષુલ્લક ભવે થાય.

૧૪૨ પ્ર૦—મુહુર્ત-૧૬૭૭૭૨૧૬ આવલી અથવા ૩૭૭૩ શ્વાસોશ્વાસ પ્રમાણુ થાય.

૧૪૩ પ્ર૦—મુહુર્ત-બે ઘડી અથવા ૪૮ મીનીટે થાય.

૧૪૪ પ્ર૦—અહોરાત્રી-૩૦ મુહુર્ત અથવા ૬૦ ઘડીયે થાય.

૧૪૫ પ્ર૦—પક્ષ, માસ-૧૫ અને ૩૦ અહો રાત્રીએ થાય.

૧૪૬ પ્ર૦—રૂતુ-બે માસે થાય. તેવી રૂતુ દર વરસમાં છ હોય છે. ( વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ. )

૧૪૭ પ્ર૦—અયન-૬ માસે થાય. ( દક્ષિણાયન અને ઉત્તરાયણ. )

૧૪૮ પ્ર૦—વર્ષ-૧૨ માસે થાય.

૧૪૯ પૂર્વાંગ-૮૪ લાખ વર્ષે થાય.

૧૫૦ પૂર્વ-૮૪ લાખ પૂર્વાંગે થાય.

૧૫૧ પલ્યોપમ-અસંખ્યાત પૂર્વે થાય.

૧૫૨ પ્ર૦—સાગરોપમ-દશ ક્રોડા ક્રોડ પલ્યોપમે થાય.

૧૫૩ પ્ર૦—ઉત્સર્પીણી-દશ ક્રોડાક્રોડ સાગરોપમે થાય.

૧૫૪ પ્ર૦—અવસર્પીણી-દશ ક્રોડા ક્રોડ સાગરોપમે થાય.

૧૫૫ પ્ર૦—કાળચક્ર-૨૦ ક્રોડાં ક્રોડ સાગરોપમે થાય અથવા બારાઆરાનું થાય.

૧૫૬ પ્ર૦—પુદ્દગલ પરાવર્તન-અનંતા કાળ ચક્રવડે થાય.

૧૫૭ પ્ર૦—જ્ઞાનાવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-૩૦ ક્રોડા ક્રોડ સાગરોપમ.

૧૫૮ પ્ર૦—દર્શનાવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડા ક્રોડ સાગરોપમ.

૧૫૯ પ્ર૦—વેદનીય કર્મની ,, ,,

૧૬૦ પ્ર૦—અંતરાય કર્મની ,, ,,

૧૬૧ પ્ર૦—મોહનીય કર્મની ,, ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમ

૧૬૨ પ્ર૦—નામ કર્મની ,, ૨૦ ,,

૧૬૩ પ્ર૦—ગોત્ર કર્મની ,, ,,

૧૬૪ પ્ર૦—આયુ કર્મની ,, ૩૩ સાગરોપમની.

૧૬૫ પ્ર૦—વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ-૧૨ મુહૂર્તની.

૧૬૬ પ્ર૦—નામ કર્મની ,, ૮ ,,

૧૬૭ પ્ર૦—ગોત્ર કર્મની ,, ૮ ,,

૧૬૮ પ્ર૦—બાકીના કર્મની ,, અંતર્મુહૂર્તની સમજવી.

૧૬૯ પ્ર૦—દેવ નારકીનું જઘન્ય આયુ-૧૦ હજાર વર્ષનું.

૧૭૦ પ્ર૦—અનુત્તર વિમાનવાસી દેવનું ઉત્કૃષ્ટ આયુ-૩૩ સાગરોપમનું.

૧૭૧ પ્ર૦—સાતમી તમતમા નારકીનું. ,, ,,

૧૭૨ પ્ર૦—યુગલીઆ મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુ-૩ પલ્યોપમ.

૧૭૩ પ્ર૦—સંમુર્છિમ મનુષ્યનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુ-અંતર્મુહૂર્તનું.

૧૭૪ પ્ર૦—ચઉરીંદ્રિયનું ઉત્કૃષ્ટ આયુ-૬ માસનું.

૧૭૫ પ્ર૦—તેરિંદ્રિયનું ઉત્કૃષ્ટ આયુ-૪૯ દિવસનું.

૧૭૬ પ્ર૦—બેરિંદ્રિયનું ઉત્કૃષ્ટ આયુ-૧૨ વર્ષનું.

૧૭૭ પ્ર૦—પૃથ્વીકાયનુ ,, ૨૨૦૦૦ વર્ષનું.

૧૭૮ પ્ર૦—અપકાયનું ઉત્કૃષ્ટ આયુ-૭૦૦૦ વર્ષનું.
૧૭૯ પ્ર૦—વાયુકાયનું „ ૩૦૦૦ વર્ષનું.
૧૮૦ પ્ર૦—પ્રત્યેક વનસ્પતિનું „ ૧૦૦૦ વર્ષનું.
૧૮૧ પ્ર૦—અગ્નિ કાયનું „ ૩ અહો રાત્રિનું.

## રસ બંધ.

૧૮૨ પ્ર૦—કર્મનો રસ-શુભ અશુભ બે પ્રકારનો હોય છે. તે દરેક મંદ, મદંતર અને મંદતમ તેમજ તિવ્ર, તીવ્રતર અને તીવ્રતમ પ્રકારે હોય છે.

૧૮૩ પ્ર૦—શુભ રસ-શેલડી જેવો મીઠો હોય છે. અને અશુભ રસ લીંબડા જેવો કડવો હોય છે.

૧૮૪ પ્ર૦—કષાયની મંદતાએ શુભરસ-તીવ્ર, તીવ્રતર, કે તીવ્રતમ અને અશુભરસ મંદ, મંદતર કે મંદતમ બંધાય છે; અને કષાયની તીવ્રતાએ તો શુભરસ મંદ, મંદતર કે મંદતમ અને અશુભરસ તીવ્ર, તીવ્રતર કે તીવ્રતમ બંધાય છે. એક ઠાણીઓ, બે ઠાણીઓ, ત્રિઠાણીઓ, અને ચઉઠાણીઓ રસ પણ તે કહેવાય છે. એટલે કે તે અનુક્રમે શુભાશુભ રસની તીવ્રતા જણાવે છે. કષાયના અભાવે કર્મ બંધના રસનો અભાવ થાય છે.

## પ્રદેશ બંધ.

૧૮૫ પ્ર૦—અનંતા-પરમાણુથી નિષ્પન્ન ખંધ (સ્કંધ) કાર્મણ વર્ગણા યોગ્ય થાય છે. તેવા અનંતા ખંધની બનેલી કર્મ વર્ગણા હોય છે. તેવી અનંતી કમ વર્ગણા પ્રતિક્ષણ (સમયે સમયે) જીવ ગ્રહણ કરે છે.

# પ્રકરણ બીજું.

## ઉપદેશ સાર.

૧ જીવ દયા—જયણા સદા પાળવી. કોઇ જીવને દુઃખ પીડા થાય તેવું કંઇ કદાપિ જાણી જોઇને કરવું કરાવવું નહિ.

૨ અસત્ય બોલવું નહીં—કેમ કે તેથી સામાને આપણા ઉપર અણવિશ્વાસ આવે; જેથી કદાપિ સાચું પણ માર્યું જાય.

૩ ચોરી કરવી નહીં—ચોરી કરનાર કદી સુખી થાય નહીં. ચોરીનું ધન ઠરે નહિ. ચોરનો કોઇ વિશ્વાસ કરે નહીં; ચોરને કમોતે મરવું પડે. ચોર હમેશાં સંતાતો રહે? હરાયા ઢોરની જેમ તેને સંતોષ વળે નહિ.

૪ છીનાળી પણ કરવી નહિ—પરસ્રી ગમન તેમજ વેશ્યા ગમન ભાઇઓને અને પરપુરૂષાદિ ગમન બેનોને અવશ્ય વર્જવા યોગ્ય છે. આવું કર્મ લોક વિરૂદ્ધ હોવાથી નિંદાપાત્ર થવાય છે. કુળને કલંક ચડે છે. અને નર્કાદિ દુર્ગતિમાં પડવું પડે છે.

૫ અતિ તૃષ્ણા રાખવી નહિ—અતિ લોભ દુઃખનું મૂળ છે. અનેક પાપકર્મ કરાવવા જીવને લલચાવી દુર્ગતિમાં પાડે છે.

૬ ક્રોધ કરવો નહિ—ક્રોધ અગ્નિ જેવો સંતાપકારી છે. પહેલાં પોતાનેજ સંતાપે છે. અને સામું માણસ જો સમજુ ક્ષમાળુ ન હોય તો તેને પણ સંતાપ કરે છે. ક્રોધને ટાળવાનો ઉત્તમ ઉપાય ક્ષમા, સમતા કે ધીરજ છે.

અભિમાન કરવું નહિ—જે અહંકાર કરે છે તે હલકા પડે છે. અને જે નમ્રતા રાખે છે તે ઉંચા ચઢે છે. કહ્યું છે કે લઘુતા, ત્યાં પ્રભુતા, કુળ જાતિ, બળ, તપ, વિદ્યા, લાભ તથા ઠકુરાઇનો ગર્વ કદાપિ પણ કરવો નહિ.

: માયા કુટિલતા કરવી નહિ—છળ પ્રપંચ; દગો, દંભ, વક્રતા, કપટ કરી આપમતિથી અવલે રસ્તે ચાલનાર કદી સુખી થઇ શકતો નથી. કહેવત પણ છે કે "દગો કોઇનો સગો નહિ". કપટીની ધર્મ ક્રિયા નિષ્ફળ થાય છે. તે મૂખે મીઠો પણ દીલમાં જૂઠો હોય છે.

૯ લોભને તજવો—લોભી માણસ કૃત્યા કૃત્ય; હિતાહિત ભક્ષાભક્ષનો વિવેક તજી અગ્નિની જેવો 'સર્વ ભક્ષક' બને છે.

૦ રાગ દ્વેષ કરવો નહિ—રાગ–દ્વેષ દોષથી આત્મા મલીન થાય છે. રાગ દ્વેષ બંને સાથે રહે છે. તેમને જીતવા વીતરાગ પ્રભુની સહાય માગવાની જરૂર છે, કેમકે તે પ્રભુ સર્વથા રાગ–દ્વેષ રહિત અનંત શકિતવાળા અને અનંત ગુણી છે.

૧૧ કલહ (કલેશ) કરવો નહિ—કલહ–એ કલેશ (દુઃખ) નું મૂળ છે. જ્યાં નિત્ય કલહ થાય છે; ત્યાંથી લક્ષ્મી પલાયન કરી જાય છે. માટે કલહથી દૂર રહેવું.

૧૨ કૂડું આળ દેવું નહિ—કોઇને કૂડું કલંક દેવું એના જેવું બીજું પાપ નથી. ખોટા કલંકથી જીવને મરવા જેવું દુઃખ થાય છે. જેવું દુઃખપરને દેવા જીવ તત્પર

થાય છે. તેવું કે તેથી સો ગણું, લાખ કરોડ ગણું કટુક દુઃખ દેનારને પરભવ ભોગવવું પડે છે.

૧૩ ચાડી ખાવી નહિં—ચાડીખોર માણસ દુર્જન ગણાય છે. ચાડી કરવાની કુટેવથી કવચિત સારાં માણસ પણ સંકટમાં આવી પડે છે.

૧૪ વૈભવ વખતે છકી જવું નહિં—સુખ મળ્યે છતે વિચારવું કે સુખનું સાધન ધર્મજ છે. તો તેનેજ વિશેષ સેવવો.

૧૫ દુઃખ સમયે દીનતા કરવી નહિં—દુઃખ આવ્યે વિચારવું કે દુઃખનું કારણ દુષ્કૃત–પાપજ છે. તો તે વખતે પાપથી વિશેષે ડરતા રહેવું.

૧૬ પરનિંદા કરવીજ નહિં—નિંદાખોર ધર્મીભાઇ બેનોની પણ નિંદા કરે છે. તેથી તેનો આત્મા અત્યંત મલીન થાય છે. નિંદાખોર મરીને નારકી થાય છે. મહાપાતકી હોવાથી જ્ઞાની તેને કર્મ ચંડાળ કહી બોલાવે છે.

૧૭ કહેણી કરણી સરખી રાખવી—કહેવું કાંઇ અને કરવું કાંઇ એતો પ્રગટ ઠગાઇ અને હલકાઈ ગણાય છે. સજ્જન બોલે છે તેવુંજ પાળે છે. અને પાળવું હોય તેવુંજ બોલે છે. સજ્જનો સદાચારવંત હોય છે. લોક વિરૂદ્ધ તો સર્વથા તજે છે.

૧૮ ખોટાનો પક્ષ ખેંચવો નહિં—સત્યાસત્યની પરીક્ષા કરી નિર્ધાર કરી સાચાનોજ સદા પક્ષ ગ્રહણ કરવો. પણ પરીક્ષા કર્યા વિના કદાગ્રહવડે ખોટાનો પક્ષ ખેંચવો એ આત્માર્થીનું લક્ષણ નથી.

૧૯ શુદ્ધ દેવની સેવના કરવી—રાગ–દ્વેષ અને મોહાદિ મહાદોષથી સર્વથા વર્જિત નિર્દોષ; નિષ્કલંક, સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ, પરમાત્મા (જેનું નામ ગમે તે

હોય પણ ગુણમાં સર્વોત્કૃષ્ટ હોય તે ) તેનુંજ અનન્ય ભાવે શરણુ ગ્રહવું.

૨૦ શુદ્ધ ગુરૂની સાચા દીલથી સેવા કરવી—પોતે નિર્દોષ વીતરાગ શાસનને સેવનારા; અને અન્ય આત્માર્થી સજ્જનોને એવોજ નિર્દોષ માર્ગ બતાવનારા, ક્ષમા, મૃદુતા, સરલતા, અને નિર્લોભતાદિક શ્રેષ્ટ ગુણોને ભજનારા ભિક્ષુ, સાધુ, નિર્ગ્રંથ, અણગાર–મુમુક્ષુ–શ્રમણાદિક સાર્થક નામથી ઓળખાતા મુનિગણને શુદ્ધ ગુરૂ બુદ્ધિથી સેવવા યોગ્ય છે.

૨૧ શુદ્ધ સર્વજ્ઞ કથિત ધર્મની સેવા કરવી—દુર્ગતિથી બચાવી સદ્દગતિ પમાડનાર, સ્યાદ્વાદ્ અનેકાંત માર્ગ વિષે શુદ્ધ શ્રદ્ધા ન રાખી સેવા કરવી. દોષ માત્રને દળવા સમર્થ મહાવ્રત સેવન કરવારૂપ પ્રથમ મુની માગ તેવી શક્તિના અભાવે અણુવ્રત સેવવારૂપ બીજો શ્રાવક માર્ગ અને મહાવ્રતાદિ સમ્યક્ પાળવા અસમર્થ છતાં દ્રઢ શાસનરાગથી શુદ્ધ માર્ગ સેવનારના બહુ માનપૂર્વક સત્યતત્વ કથક હોવાથી ત્રીજો સંવિજ્ઞ પક્ષીય માર્ગને આત્માર્થી સજ્જનોએ દ્રઢ આલંબન યોગે શીઘ્ર ભવ સમુદ્રથી પાર પમાડનાર જાણી સેવવા યોગ્ય છે.

૨૨ શુદ્ધ દેવગુરૂ અને ધમની સેવા કરવા યોગ્ય થવું ( તેવી યોગ્યતા મેળવવી ) અયોગ્ય–યોગ્યતા રહિત મલીન આત્મા શુદ્ધદેવ, ગુરૂ ધર્મની સેવાનો અધિકારી નથી.

૨૩ આત્માની મલીનતા દૂર કરવા મથવું—પોતાના મન વચન અને કાયાને નિયમમાં રાખવાથી આત્મા નિર્મળ થઇ શકે છે.

૨૪ ક્ષુદ્રતા તજવી—નીચ-મલીન બુદ્ધિ તજી, સુબુદ્ધિ ધારી, નિમળ અંતઃકરણુ કરવું, ગંભીર દીલના થવું, તુચ્છતા કરવી નહી. પારકાં છિદ્ર નહિ જોતાં પોતાનું અને પરનું ખરૂં હિત કેમ થાય તેજ ડાના દીલથી વિચારવું.

૨૫ ન્યાયથીજ ધન ઉપાર્જન કરી આજીવિકા ચલાવવી. સંસાર વ્યવહાર તથા ધર્મ વ્યવહાર રૂડી રીતીએ ચલાવવા ન્યાયનિતીનેજ આગળ કરી યોગ્ય વ્યાપારવડે દ્રવ્ય ઉપાર્જન કરવું ઉચિત છે. ન્યાય દ્રવ્યથી મતિ નિર્મળ રહે છે, કેમકે કહેવત છે કે 'આહાર તેવો ઉદ્ગાર,' અન્યાયનું પરિણામ ઉલટું આવે છે.

૨૬ સ્વભાવ શીળો રાખવો—તીખી પ્રકૃતિ ઘણી વાર નુકસાન કરે છે. ઠંડી-શીતળ પ્રકૃતિ વાળો સુખે સ્વકાર્ય સાધી સકે છે. અને પોતાના શીળા-સ્વભાવથી સર્વને તે વહાલો લાગે છે.

૨૭ લોકવિરૂદ્ધ કામ કદાપિ કરવુંજ નહિં—માંસ ભક્ષણ, મદીરાપાન, શીકાર, જૂગાર, ચોરી, તથા છિનાળી, આ સર્વે મહાનિંદ્ય કર્મ ઉભયલોક વિરૂદ્ધ છે. તેથી તે સર્વે અવશ્ય વર્જવા યોગ્ય છે.

૨૮ ક્રૂરતા કરવીજ નહિ—કઠોર દીલથી કોઇ પણ પાપ કરવું નહિં. તેથી બંને લોક બગડે છે, અને નિંદા પાત્ર થવાય છે.

૨૯ પરભવની બીક રાખવી—હિણા કર્મ કરવાથી પ્રાણીને પરભવમાં નરક તિર્યંચનાં અનંતા દુઃખ ભોગવવાં પડે છે. એમ સમજી તેવા નીચ અવતાર ધારવા ન પડે તેવી પ્રથમથીજ સંભાળ રાખવી, પોતાનું વર્તન સુધારી ચાલવું.

૩૦ ઠગબાજી કરવી નહિં—ઠગ લોકને સામાની ખુશામત કરવા ઉપરાંત હંમેશાં પોતાનું કપટ ઢાંકવા પરનો ભય રાખવો પડે છે ઠગ લોકો સામાને ઠગવા જતાં પોતેજ બહુ ઠગાય છે. તે બાપડા સમજતા નથી, ઠગ લોકો ધર્મને અયોગ્ય હોવાથી તેમની ધર્મ કરણી કષ્ટરૂપ-નકામી નીવડે છે.

૩૧ વડીલની આમન્યા લોપવી નહિં-વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ તથા ગુણવૃદ્ધની યોગ્ય દાક્ષિણ્યતા સાચવવાથી આપણું હિત અવશ્ય થાય છે.

૩૨ ઉત્તમ કુળ મર્યાદા તજવી નહિં-નમ્રતા રાખવી, કોઇ પણ એબ ન લગાડવી. ડહાપણથી બોલવું ચાલવું વિગેરે ઉત્તમ નીતિ-રીતિ આદરવા પ્રયત્ન કર્યા કરવો, ટુંકાણમાં કુળની શોભામાં વધારો કરવો.

૩૩ દયાર્દ્ર સ્વભાવ ધારવો, સર્વ પ્રાણીને સરખા લેખી કોઇનો જીવ દુભાય તેમ કરવું નહિં, સર્વને મિત્ર સમાન લેખવા.

૩૪ પક્ષાપક્ષી કરવી નહિં-સાચનોજ આદર કરવો, સત્ય બાબતમાં ભેદ ભાવ ધારવો નહિ, શત્રુ મિત્ર સમાનજ ગણવા.

૩૫ ગુણીજનને દેખી ખુશી થવું-જો તમને ગુણનો ખપ હોય તો ગુણીને જોઈ રાજી થાઓ, કેમકે ગુણ ગુણીમાંજ વસેછે. ગુણીનો અનાદર કરવાથી ગુણ વેગળા ખસેછે. અને યોગ્ય આદર કરવાથી ગુણ નજદીકજ આવે છે.

૩૬ મોજમાં આવે તેમ બોલવું નહિ—જરૂર પડે ત્યારેજ જરૂર જેટલું જ્ઞાનીના વચન અનુસારેજ બોલવાથી

સ્વપરનું હિત થાય છે, અન્યથા ઉન્મત્ત ભાષણથી તો અવશ્ય સ્વપરનું અહિતજ થાય છે.

૩૭ સર્વ કુટુંબને ધર્મ ચુસ્ત કરવું—( ધર્મ ચુસ્ત કરવા ઘટતો પ્રયત્ન સેવવો )–ઉપગારી કુટુંબીઓનો ઉપગાર બીજી રીતે વળી શકતો નથી તે ધર્મ પમાડયાથી સુખે વળી શકે છે તેમજ ધર્મ પામેલા તેઓ સર્વ રીતે અનુકુલતાએ વર્ત્તે છે.

૩૮ વગર વિચાર્યું કંઇ કામ કરવું નહિ—સાહસ કામ કર્યાથી કોઇ વખત જીવ જોખમમાં આવી મહા શોકાતુર થાય છે માટે તેનું છેવટ પરિણામ વિચારીનેજ ઘટિત કાર્ય કરવા તત્પર થવું.

૩૯ વિશેષ જ્ઞાન ભંડોલ કરવો—ખરૂં તત્વ જાણવા ખપ કરવો હોય તો, અંધ ક્રિયા કરવા કરતાં, દરેક દરેક વ્યવહાર–ક્રિયાનો પરમાર્થ સમજી સત્ય નિષ્કપટ ક્રિયા કરવા પૂરતો આદર કરવો.

૪૦ શિષ્ટાચાર સદા સેવવો—મહાપુરૂષોએ સેવેલો માર્ગ સર્વ માન્ય હોવાથી અવશ્ય હિતકારી નીવડે છે માટે સ્વકપોલકલ્પિત માર્ગ તજી સન્માર્ગ સેવવો. યતઃ
महाजनो येन गतः स पन्थाः.

૪૧ વિનયવૃત્તિ–નમ્રતા ધારવી—સદ્દગુણી યા સુશીલ સજ્જનોનો ઉચિત વિનય સેવવો, તેમનો કદાપિ પણ અનાદર કરવો નહિ, કેમકે વિનયજ સર્વ ગુણનું વશીકરણ છે. તેમજ ધર્મનું મૂળ પણ વિનય છે. વિનય વડેજ વિદ્યા ફળીભૂત થાય છે. તેથી અનુક્રમે સર્વ સંપદા સંપજે છે.

૪૨ ઉપગારીનો ઉપકાર ભૂલવો નહિ—માતા, પિતા અને સ્વામીનો ઉપકાર અતુલ ગણાય છે. તે સર્વેથી ધર્મ

ગુરૂનો ઉપગાર બેહદ છે તેમનો ઉપગાર વાળવાનો ખરો ઉપાય તેમને ખરી વખતે ધર્મમાં સહાય દેવી તે છે એમ સમજી તેવી ઉત્તમ તક શાણા માણસે ગુમાવવી નહિ.

૪૩ યથા શક્તિ જરૂર પર દુઃખ ભંજન કરવું—દીન, દુઃખી, અનાથ, જનને યથા ઉચિત સહાય આપી તેમને આશ્વાસન આપવું–છેવટે વચનથી પણ તેમને સંતોષ પમાડવો. તેમનું દિલ દુઃખાય તેવું કરવું કે બોલવું નહિ–તેમજ તેમને ટગાવી ટગાવીને આપવા કરતાં તરત યથા શક્તિ આપી દેવું.

૪૪ કાર્ય દક્ષ. થવું—અભ્યાસના બળે કોઇ પણ કાર્યમાં નહિ મુઝાતાં તેને પાર પાડવા પૂરતા હિંમતવંત થવું. આરંભેલા કાર્યમાં અનેક વિઘ્ન આવ્યા છતાં ડગ્યા વિના અડગપણે સ્વકાર્ય સિદ્ધ કરવું.

૪૫ મિથ્યાત્વ સેવવું નહિ—રાગ દ્વેષથી કલંકિત કુદેવનો; તત્વના અજાણ–મિથ્યા કદાગ્રહી કુગુરૂનો, તથા હિંસાદિ દૂષણે દૂષિત કુધર્મનો સર્વથા ત્યાગ કરવો, તેમજ અજ્ઞાનમય હોળી પ્રમુખ મિથ્યા પર્વોનો પણ અવશ્ય પરિહાર કરવો. મિથ્યા દેવ દેવીની માનતા નહિ કરતાં શાસન ભક્ત સુરવરોની સાચા દિલથી આસ્થા રાખવી. કેમકે આપત્તિમાં ભક્ત જનોને શાસન દેવજ સહાય ભૂત થાય છે.

૪૬ શંકા કંખા ધારવી નહિ—સર્વજ્ઞ વીતરાગ પ્રભુનાં પ્રમાણ ભૂત વચનમાં કદાપિ શંકા કરવી નહિ કેમ કે તેમને સર્વથા દોષ રહિત હોવાથી અસત્ય બોલવાનું કંઇ પણ પ્રયોજન નથી. આથી નિઃશંકપણે શ્રી જૈન શાસનની શુદ્ધ દિલથી સેવા કરવી. પ્રાણાંતે પણ પાખંડી લોકોએ પાથરેલી જાળમાં ફસાવું નહિ.

૪૭ ધર્મ સંબંધી ફળનો સંદેહ કરવો નહિ—જે ધર્મ કલ્પ વૃક્ષનું સાક્ષાત સેવન કરી તિર્થંકર-ગણધર-પ્રમુખ અસંખ્ય જનોએ સાક્ષાત સહજ સુખ અનુભવ્યું; તે પવિત્ર ધર્મના અમોઘ ફળનો સંદેહ નબળા મન વાળા વિના બીજો કોણ કરે ? અપિતુ બીજો કોઇ પણ કરેજ નહિ.

૪૮ મિથ્યાત્વીનો પરિચય તજવો—"સોબત તેવી અસર" એ દ્રષ્ટાંતે સ્વગુણની હાની ઉપરાંત કદાગ્રહી-વિપરીતદ્રષ્ટી જનના લાંબા સંગથી આત્માના સહજ શત્રુભૂત દુર્ગણોની પ્રાપ્તિ થાય છે.

૪૯ મિથ્યાત્વીની પ્રશંસા તજવી-દુરાગ્રહી કે કદાગ્રહીની મિથ્યા પ્રશંસા-ખુશામત કરવાથી તેમના દુર્ગુણની વૃદ્ધિ થાય છે.

૫૦ તત્વ ગ્રાહી થવું—મધ્યસ્થ વૃત્તિથી સત્ય ગવેષક થઇ સુવર્ણની પેરે પરીક્ષા પૂર્વક શુદ્ધ તત્ત્વ અંગીકાર કરવું.

૫૧ ઝવેરીની પેરે સુપરીક્ષક થવું—શુદ્ધ તત્ત્વ સ્વીકારતાં ઝવેરાની પેઠે પોતાની ચતુરાઇનો બનતો ઉપયોગ કરવો.

૫૨ તત્ત્વ પર શ્રદ્ધા બરાબર રાખવી—શ્રી સર્વજ્ઞ પ્રભુએ કહેલાં તત્વ વચન પર પૂરી પ્રતિતિ રાખવી. જરા પણ ડગવું નનિ.

૫૩ હીણાચારીનો સંગ સર્વથા વજવો—હીણાની સોબતથી હીણાપતજ આવે, પ્રત્યક્ષ જૂઓ કે ગંગા નદીનું પવિત્ર જલ પણ ખારા સમુદ્રમાં ભળવાથી ખારૂં થાય છે એમ સમજી સત્સંગજ સેવવો.

૫૪ ધર્મ (શાસ્ત્ર) સાંભળવાની તીવ્ર રૂચિ કરવી જેમ કોઇ સુખી અને ચકોર જુવાનીઓ અતિ ઉત્સાહથી

દેવતાઈ ગીત નાદને અમૃત જેવું માની સાંભળે તેમ યા તેથી અધિક ઉત્કંઠાથી શાસ્ત્ર શ્રવણ કરવું યોગ્ય છે. શાસ્ત્ર વાણી સાંભળતાં સાકર દ્રાક્ષ કરતાં પણ અધિક મિઠાશ ઉપજે.

૫૫ ધર્મ સાધન કરવું બહુજ ગમે—જેમ કોઈ બ્રાહ્મણ. અટવી-ઉલ્લંઘી થાકી લોથ પોથ થઇ ગયો હોય, અને તેને અત્યંત ક્ષુધા લાગી હોય, તે વખતે તેને ઘેબરનું ભોજન બહુજ ભાવે, તેમ મોક્ષાર્થીને ધર્મ સાધન રૂચવું જોઇએ

૫૬ દેવ ગુરૂનું વૈયાવચ્ચ કરવામાં ખામી રાખવી નહિ. જેમ વિદ્યા સાધક પ્રમાદ રહિત વિદ્યા સાધવામાં તત્પર રહે છે, તેમ શુદ્ધ દેવ ગુરૂનું આરાધન કરવા કુશળતા વાપરવી આત્માર્થીને યોગ્ય છે.

૫૭ વિનયનુ સ્વરૂપ સમજી અરિહંતાદિકનો આ પ્રમાણે આદર સાચવવો—૧ ભક્તિ ( બાહ્ય ઉપચાર ) ૨-હૃદય પ્રેમ-બહુમાન ૩ સદ્ગુણોની સ્તુતિ ૪ અવગુણ-દોષ દ્રષ્ટિનો ત્યાગ કરવો, અને ૫ જેમ બને તેમ આશાતનાથી દૂર રહેવું.

૫૮ શુદ્ધ સમકિત પાળવું ( મન, વચન અને કાયા વડે )—મનથી, શ્રી જિન અને જૈન માર્ગ વિના સર્વ અસાર છે. એમ નિર્ધાર કરવા વડે, વચનથી શ્રી જિન ભક્તિથી જે થઇ શકે તે કરવા દુનિયામાં બીજું કોણ સમર્થ છે. એમ કહેવાથી, તથા કાયાથી, અડગપણે શ્રી જિન વિના અન્ય કુદેવને કદાપિ પણ પ્રમાણ કરેજ નહિ.

૫૯ જૈન શાસનની પ્રભાવના કરવા તત્પર રહેવું, પવિત્ર જૈન સિદ્ધાંતનો પૂરતો અભ્યાસ કરવાથી, ભવ્યજનોને

ધર્મોપદેશ દેવા વડે, દુર્વાદીનો મદ ગાળવા વડે, નિમિત્ત જ્ઞાન વડે, તપોબળ વડે; વિદ્યા મંત્ર વડે, અંજન યોગ વડે, અને કાવ્ય બળથી; રાજા પ્રમુખને પ્રતિબોધવા જૈન શાસનની જય પતાકા ફરકાવવા બનતું વીર્ય સ્ફોરવવું.

૬૦ જેમ સમકિત શુદ્ધ નિર્મળ થાય તેમ કરવું. શુદ્ધ દેવ ગુરૂને યથા વિધી વંદન કરી, યથા શક્તિ વ્રત પચ્ચખાણ કરવાં તથા ઉત્તમ તીર્થ સેવા, દેવ ગુરૂની ભક્તિ પ્રમુખ સુકૃત, એવી રીતે કરવાં કે જેથી અન્ય દર્શની જનો પણ તે તે સુકૃત કરણીની અવશ્ય અનુમોદના કરી બોધિ-બીજ વાવી ભવાંતરમાં સુધર્મ ફળ પામવા, સમર્થ થાય. યાવત્ મોક્ષાધિકારી થાય.

૬૧ અપરાધી ઉપર પણ ક્ષમા ધારવી—અપરાધીનું પણ અહિત નહિ ઇચ્છતાં, બની શકે તો તેને સુધારવા—કેળવવા ઇચ્છા રાખવી.

૬૨ મોક્ષ સુખનીજ અભિલાષા રાખવી—જન્મ મરણાદિ સર્વ સાંસારિક ઉપાધિ રહિત અક્ષય સુખ મેળવવાજ અહોનિશ યત્ન કરવો, દેવ મનુષ્યાદિકનાં સુખને પણ દુઃખ રૂપજ લેખવાં.

૬૩ સંસારનાં દુઃખથી ત્રાસ પામવો—આ સંસારને નર્ક કે કારાગ્રહ સમાન લેખી, તેથી છૂટવા યત્ન કર્યા કરવો.

૬૪ સીદાતાંને બનતી સહાય કરવી—દ્રવ્યથી સીદાતાં-દુઃખી થતાં જંતુઓને, તથા ધર્મ કાર્યમાં સીદાતા સજ્જનોને યથા યોગ્ય સહાય આપી, તેમને બનતો સંતોષ પમાડવો. તેમની ઉપેક્ષા કરી રહેવું નહિ. એક પણ જીવને સત્ય સર્વજ્ઞ ધર્મ પમાડનાર મહા મોટો લાભ ઉપાર્જન કરે છે.

૬૫ વીતરાગના વચન પ્રમાણ્રુ કરવાં—સર્વજ્ઞ વીતરાગ પ-
રમાત્માએ ત્રણે કાળના જે જે ભાવ કહ્યા છે. તે તે.
સર્વે સત્ય છે. એવી દ્રઢ આસ્તા વાળો ઉત્તમ લક્ષણો
વડે લક્ષિત સમકિત રત્નને ધારી સુખી થાય છે.

૬૬ ગ્રહણ કરેલાં વ્રત સાહસીક પણે પાળવાં. ખરા સત્ત્વ
વંત શૂરવીર જનોએ લીધેલાં વ્રત અખંડ પાળવા
તત્પર રહેવું ઘટે છે. પ્રાણાંતે પણ ગ્રહણ કરેલાં
વ્રતનું ખંડન કરવું યુક્ત નથી.

૬૭ આગાઢ (અપવાદ) કારણે જેમ ધર્મનું સંરક્ષણ થાય
તેમ કાળજીથી વર્તવું—રાજા, ચોર, દુર્ભિક્ષાદિક ગાઢ
કારણે જેમ ચિત્ત સમાધિ બની રહે તેમ દીર્ઘ દૃષ્ટિ
થી સ્વવ્રત સામે દૃષ્ટિ રાખી ઉચિત પ્રવૃત્તિ કરવી.

૬૮ દરેક કાર્ય પ્રસંગે ધર્મ મર્યાદા સંભારી ચાલવું-જેમ
ધર્મને બાધક ન આવે, ધર્મ લઘુતા થવા ન પામે
યાવત્ સ્વપર હિત સાધનમાં ખલેલ ન આવે તેમ
ઉચિત પ્રવૃતિ કરવી.

૬૯ આત્મા દરેક દરેક શરીરમાં વિદ્યમાન છે—જેમ ત-
લમાં તેલ, પુલમાં સુગંધ, દુધમાં ઘી. તેમ પ્રત્યેક
શરીરમાં આત્મા રહેલો છે; સર્વથા શરીર રહિત આ-
ત્મા સિદ્ધાત્મા કહેવાય છે.

૭૦ આત્મા નિત્ય છે.—નારકી, તિર્યંચ, મનુષ્ય, અને દે-
વતા રૂપ ચારે ગતિમાં આત્મત્વ સામાન્ય છે,

૭૧ આત્મા કર્તા છે;—અશુદ્ધ નયથી આત્મા કર્મનો કર્તા
છે અને શુદ્ધ નયથી સ્વગુણનો કર્ત્તા છે.

૭૨ આત્મા ભોક્તા છે—અશુદ્ધ નયથી આત્મા કર્મનો
ભોકત્તા છે; અને શુદ્ધ નયથી તો સ્વગુણોનોજ ભોકતા છે.

૭૩ મોક્ષ છે.—સર્વ શુભાશુભ કર્મના સર્વથા ક્ષય થવાથી આત્મા પરમાત્મા સિદ્ધાત્મા થઇ જે લોકાગ્ર અજરામર, અચલ, નિરૂપાધિક સ્થાનને સંપ્રાપ્ત થાય છે તે મોક્ષ કહેવાય છે.

૭૪ મોક્ષનો ઉપાય પણ છે—સમ્યગ્ જ્ઞાન, (તત્વ જ્ઞાન) સમ્યગ્, દર્શન, (તત્ત્વ દર્શન) અને સમ્યગ્ ચારિત્ર ( તત્ત્વ સ્મરણ ) એ મોક્ષ પ્રાપ્તિનો અવંધ્ય-અમોઘ ઉપાય છે.

૭૫ સર્વની સાથે મૈત્રી ભાવ રાખવો—સર્વને મિત્ર કરી લેખવા, કોઈ સાથે શત્રુતા ધારવી નહિ, સર્વમાં જીવત્વ સમાન છે, સર્વે જીવો જીવિત વાંછે છે. સુખ દુઃખ સમયે મિત્રવત્ સમભાગી થવું. દ્વેષ ઇર્ષા કે સ્વાર્થ બુદ્ધિથી, કોઇનું કાર્ય વિણસાવવું નહિં.

૭૬ પાપી, નિર્દય, કઠોર પરિણામવાળા પ્રાણી ઉપર પણ દ્વેષભાવ ધારવો નહિ—તેવા દુર્ભવ્ય કે અભવ્ય જીવની સાથે પ્રીતી કે દ્વેષ ધારવાં નહિ, મધ્યસ્થ રહી ચિંતવવું કે તે બાપડા નિ-બિડ કર્મને વશ પડી તેમ વર્તે છે;

૭૭ બુદ્ધિ પામીને તત્વનો વિચાર કરવો—હું આવી સ્થીતિ કેમ પામ્યો છું ? મને કેવું સુખ અભિષ્ટ છે. ? તે કેમ મળી શકે ? મને સુખમાં અંતરાય કોણ કરે છે ? તે તે અંતરાય ને હું કેમ દૂર કરી શકું વિગેરે વિગેરે.

૭૮ માનવ દેહ પામીને અને તેવાં સારાં વ્રત ધારવાં સમજ્યાનું એજ સાર છે કે અસાર અને અનિત્ય દેહમાંથી સાર વ્રત ધારી સત્ય અને નિત્ય ( સનાતન ) ધર્મ સાધવો.

૭૯ લક્ષ્મી પામીને પાત્ર દાન દઈ લ્હાવો લેવો—લક્ષ્મીનો ચપળ સ્વભાવ જાણી વિવેક વડે પાત્ર-સુપાત્ર દાન દેવું, એમ સમજી ને કે " હાથે તે સાથે " " દેશું તેવું પામશું."

૮૦ સત્ય અને પ્રિય વચન મુખની શોભા છે—જેમ સામાનું હિત થાય તેમ તેવું મિષ્ટ મધુર ભાષણ કરવું. કઠોર ભાષણ કદાપિ કરવું નહિ. એમ સમજી નેકે "वचने का दरिद्रता"

૮૧ જેટલું બને તેટલું જીવ હિંસાથી દૂર રહેવું—દુઃખ, દુર્ભાગ્ય, રોગીપણું વિગેરે પ્રગટ હિંસાનાં ફળ સમજી શાણા માણસે પ્રમાદ વડે પરના પ્રાણ અપહરવા રૂપ હિંસાથી દૂર રહેવા બનતો પ્રયત્ન કરવો.

૮૨ જેટલું બને તેટલું અસત્યથી દૂર રહેવું. મૂગાપણું, બોબડાપણું, મુખ પાકાદિક રોગ વેદના વિગેરે પ્રગટ અસત્ય ભાષણનાં ફળ સમજી શાણા જનોએ અસત્યનો ત્યાગ કરવો.

૮૩ જેટલું બને તેટલું અદત્ત-ચોરીથી દૂર રહેવું "દગો કોઇનો સગો નહિ" એમ સમજી તથા રાજદંડ ભય, નિર્ધનતા, કૃપણુતાદિક પ્રગટ ચોરીનાં ફળ જાણી શાણા લોકોએ જેમ બને તેમ અનિતીથી દૂર રહેવું.

૮૪ મૈથુન ક્રિડા-પશુ વૃતિનો બને તેટલો ત્યાગ કરી વિરક્ત દશા ધારવી. ધાતુ ક્ષય, ક્ષય રોગ, ચાંદી વિગેરે અનેક દુઃખને ભોગ થવા રૂપ પ્રગટ કામ ક્રિડાનાં ફળ સમજી તથા જ્ઞાનીના વચન પ્રમાણે સંખ્યા બંધ જીવોનાં નાશનું કારણ જાણી સત્ય સુખના અર્થી જનોએ બને તેટલું મૈથુન વર્જી સંતોષ ધારવો.

૮૫ જેટલું બને તેટલું ઓછું પરિગ્રહ પ્રમાણ કરવું.

મોહ મમત્વને વધારનાર ધનધાન્યાદિક નવવિધ પરિ-ગ્રહ જેમ બને તેમ ઘટાડવો. સૂભુમ, બ્રહ્મદત્ત પ્રમુ-ખની પરિગ્રહની મમતાથી થએલી દુર્દશા વિચારી શાણા માણસોએ અર્થને અનર્થકારી જાણી બનતો સંતોષ ધારવો.

૮૬ નિર્ગ્રંથ મુનિ મહા વ્રતના અધિકારી છે. હિંસા, અ-સત્ય, અદત્ત, મૈથુન, અને પરિગ્રહ, એ પાંચેનો સ-ર્વથા—મન વચન અને કાંયા વડે ત્યાગ ( કરવા કરા-વવા કે અનુમોદવા આશ્રી ) કરી તે મહાવ્રતને શૂર-વીર થઇને પાળનારા નિર્ગંથ—અણુગારના નામથી ઓળખાય છે.

૮૭ અણુવ્રતધારી શ્રાવક કહેવાય છે—સ્થૂલ હિંસાદિક-નો યથાશક્તિ સંકલ્પ પૂર્વક ત્યાગ કરનાર શ્રાવક કહેવાય છે.

૮૮ રાત્રિ ભોજન મહા પાપનું કારણ છે—પવિત્ર જૈન દર્શનમાં સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા માત્રને રાત્રી ભોજન સર્વથા નિષિદ્ધ છે; અન્ય દર્શનમાં પણ રાત્રીમાં અન્ન લેવું માંસ બરાબર, અને જળ પાન રૂધિર બરાબર કહ્યું છે. એમ સમજી શાણા સજ્જનો એ તેનો સર્વથા ત્યાગ કરવો. રાત્રી ભોજન કરનારને સાપ, નોળીયા, ઘૂવડ, ગરોળી, પ્રમુખ નિચ અવતાર લેવા પડે છે. તેમજ ભોજનમાં કવચિત્ વિષજંતુ આવી જવાથી વિવિધ જાતના વ્યાધિ વિકાર જાગે છે. અને મરીને દુર્ગતિમાં જવું પડે છે.

૮૯ બીજાં પણ અભક્ષ તજવાં—બે રાત્રી ઉપરાંતનું દહીં; ત્રણ રાત્રી ઉપરાંતની છાશ, કાચા ગોરસ દૂધ, દહીં, અને છાશ સાથે કઠોળ, મગ, માષાદિક ખાવાં; કાચું

મીઠું, તિલ, ખસખસ, તુચ્છ ફળ, અજાણ્યાં ફળ, દિવસ ઉગ્યાં વિના જમણું, સાંજે સમયે લગભગ વેળાએ વાળુ કરવું વિગેરે તથા બોળ અથાણું; વાશી ભોજન, વિષગૃહણ, કેરાં, બરફ વગેરે જે જે પ્રસિદ્ધ અભક્ષ્ય છે; તે તે સર્વે સર્વથા તજવાં. રિંગણ વેગણ, પીલુ, વડબીજ, મધ માખણ પ્રમુખ સર્વે અભક્ષ્ય લેખી પરીહરવુ.

૯૦ અનંતકાય ભક્ષણ તજવું—આદૃ, મૂળા, ગાજર, પિંડ, પિંડાળુ, સૂરણ, વિગેરે ભૂમિકંદ તથા અત્યંત કુંણાં ફળ તથા પત્ર પાંદડાં, થેગ, ગળો, મોથ પ્રમુખ તથા નવાં ઉગતાં અંકુર તથા કુંપળીયાં વિગેરેમાં અનંત જીવની ઉત્પતિ જાણી તેમની હિંસાથી ડરી તેમનો ત્યાગ કરવો;

૯૧ ત્રણ ગુણવ્રત ધારવાં—ઉપરનાં અણુવ્રતની પુષ્ટી માટે ૧ દિગ્ વિરમણ ૨ ભોગોપભોગ વિરમરણ તથા ૩ અનર્થ દંડ વિરમણ રૂપ ગુણવ્રત ધારવાં. પ્રથમ ગુણવ્રતમાં મર્યાદા કરેલી ભૂમી બહાર જવું નહિ. બીજામાં મહા પાપ વાળાં ૧૫ કર્મ દાનના વ્યાપાર ન કરવા, તથા ચૌદ (૧૪) નિયમ ધારવા, તથા ત્રીજા વ્રતમાં બીજાને પાપોપદેશ ન દેવા. પાપો કરણ માગ્યાં ન આપવાં. નાટક પ્રેક્ષણ ન જોવાં.

૯૨ ચાર શિક્ષાવ્રત સેવવાં—૧ સામાયક (સંકલ્પ પૂર્વક અમુક વખત સમતાં ભાવ સેવવા રૂપ) ૨ દેસાવગાસીક ( દીગ્ વિરમણ વ્રતનો સંક્ષેપ કરવા રૂપ ) ૩ પૌષધ ( આહાર, શરીર, સત્કાર, મૈથુન—ક્રીડા તથા અન્ય પાપ વ્યાપારના સર્વથા કે અંશથી ત્યાગ રૂપ) અતિથિ સંવિભાગ (સાધુ, સાધ્વીને દાન દઈ જમ-

વા રૂપ) એ ચારે શિક્ષાવ્રત સુશ્રાવક શ્રાવિકાએ મૂળ ગુણોની પુષ્ટિ ખાતર અભ્યાસ રૂપે અવશ્ય સેવવા યોગ્ય છે.

૯૩ ગ્રહણ કરેલાં વ્રતને યથાર્થ પાળવાં—લક્ષ્મી, યૌવન અને જીવિતને અસ્થિર જાણી, તેમને ઉત્તમવ્રત વડે સફળ કરી લેવા સજ્જનોએ દૃઢ નિશ્ચય કરવો. પ્રાણાંતે પણ ગ્રહણ કરેલાં વ્રત ખંડવાં નહિ.

૯૪ પ્રથમ વ્રતનું સ્વરૂપ જાણી આદરવું—વ્રતનું સ્વરૂપ સમજીને તેને યથા વિધિ પાળતાં યથાર્થ ફળ પામી શકીયે.

૯૫ વ્રતની તુલના કરી જોવી—અંગીકાર કરવા યોગ્ય વ્રતનો પ્રથમ સારી રીતે અભ્યાસ કરી પછી તેનું પચ્ચખાણ કરવું.

૯૬ અભ્યાસને કંઇ અસાધ્ય નથી-અભ્યાસના બળથી પ્રાણી પૂર્ણતાને પામી શકે છે; માટે અભ્યાસ કર્યા કરવો.

૯૭ સાવધાનતાથી મોક્ષ—ક્રિયા સાધવી-શાસ્ત્ર મુજબ મોક્ષગમન યોગ્ય સતક્રિયા સાધતાં 'તેલ પાત્રધર' (સંપૂર્ણ તેલનું પાત્ર લઇને ચાલનાર) તથા 'રાધા વેધ સાધનાર' ની પેરે સાવધ રહેવું. જરા પણ ગફલત કરવી નહિ. વિદ્યામંત્ર સાધકની પેરે અપ્રમત્ત થઇ રહેવું.

૯૮ સુખ દુઃખમાં સિંહવૃતિ ભજવી. (સેવવી)-સુખ દુઃખ સમયે હર્ષ શોક નહિ ધારતાં કેવાં કારણથી તે સુખ દુઃખ પેદા થયાં છે, તે તપાસી અશુભ કર્મથી ડરી ચાલવું, અને બને તેટલાં શુભ કર્મ-સુકૃત સમાચરવાં.

૯૯ શ્વાનવૃત્તિ સેવવી નહિ—જેમ કૂતરો, પથ્થર, માર-

નારને નહિ કરડતાં પથ્થરનેજ કરડવા ધાયે છે (દોડે છે) તેમ અજ્ઞાની અવિવેકી જનો પણ સુખ દુઃખ સમયે સૂલટો વિચાર નહિ કરતાં-ઉલટો વિચાર કરી હર્ષ-ખેદ ધારી શ્વાનની પેરે દુઃખ પાત્ર થાય છે. શાણા-વિવેકી જનોતો ઉભયમાં સમાનતાજ ધારે છે.

# પ્રકરણ ૩ જાું.

સદ્ગુરૂ પ્રતિ સુવિનીત શિષ્યના પ્રશ્ન અને તેમનું અત્યંત સંક્ષેપમાં છતાં સારભૂત સમાધાન.

## શ્રી પ્રશ્નોત્તર રત્નમાળા.

૧ પ્ર૦—હે પ્રભુ ? પ્રથમ પરમાર્થ દૃષ્ટિ પ્રાણીને આદરવા યોગ્ય શું ?

ઉ૦—સદ્ગુરૂનું વચન ( યથાર્થ તત્ત્વાદિ ગુરૂનાં વચન પર પૂરો વિશ્વાસ )

૨ પ્ર૦—હે પ્રભુ ! પરિહરવા, ત્યાગવા યોગ્ય શું ?

ઉ૦—અકાર્ય-હિંસાદિ અઢારે પાપ સ્થાનક અવશ્ય પરિહરવા યોગ્ય છે.

૩ પ્ર૦—હે પ્રભુ ? ગુરૂ કેવા હોવા જોઇએ. ?

ઉ૦—તત્ત્વજ્ઞાની, અને તત્ત્વોપદેશક-સ્વપરનું હિત કરવા ઉજમાળ.

૪ પ્ર૦—હે પ્રભુ ? વિદ્વાને શીઘ્ર શું કરવું યોગ્ય છે. ?

ઉ૦—ચાર ગતિમાં થતું પરિભ્રમણ નિવારવું યોગ્ય છે.

૫ પ્ર૦—હે પ્રભુ ? મોક્ષ-મહા વૃક્ષનું અવંધ્ય ( ખરૂં ) બીજ કયું ?

ઉ૦—સમ્યગ્ જ્ઞાન, ( તત્ત્વજ્ઞાન ) સાથે સાચી-નિર્દંભ ક્રિયાનું સેવન કરવું તે.

૬ પ્ર૦—હે પ્રભુ? પરભવ જતાં જીવને સંબલ (ભાતું) શું?

ઉ૦—દાન, શીલ, તપ, અને ભાવના રૂપી કેવળી ( સર્વજ્ઞ ) ભાષિત ધર્મ.

૭ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરો પવિત્ર કોણ ?

ઉ૦—જેનું મન, પવિત્ર-નિર્દોષ-નિર્વિકારી વર્તે છે તે.

૮ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરો પંડિત કોણ ?

ઉ૦—જેને સદ્વિવેક જાગ્યો છે—જે સત્યનોજ પક્ષ કરે છે તે.

૯ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરૂં ઝેર કયું ?

ઉ૦—સદ્ગુરૂની અવજ્ઞા—આશાતના, હેલના-નિંદા હિંસા કરવી તે.

૧૦ પ્ર૦—હે પ્રભુ ? મનુષ્ય જન્મ પામ્યાનું ખરૂં સાર્થક શું ?

ઉ૦—સ્વપર હિત સાધી લેવું, સ્વપર કલ્યાણ કરવા તત્પર રહેવું તે.

૧૧ પ્ર૦—હે પ્રભુ ? મદિરા (દારૂ) ની જેમ જીવને મૂર્છિત કરનાર કોણ ?

ઉ૦—સ્નેહ—રાગ ( પર વસ્તુ-જડ પદાર્થમાં અત્યંત આસકિત. )

૧૨ પ્ર૦—હે પ્રભુ ? ચોરોની જેમ પોતાનું સર્વસ્વ હરી જનાર કોણ ?

ઉ૦—શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ રૂપ પાંચે ઇંદ્રિયોના વિષયો.

૧૩ પ્ર૦-હે પ્રભુ ? સંસાર રૂપ વિષવેલીનું મૂળ (કારણ) કયું?

ઉ૦—તૃષ્ણા,-વિષય તૃષ્ણા, પરિગ્રહ તૃષ્ણા, યશમાન તૃષ્ણા વિગેરે.

૧૪ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરો શત્રુ કોણ ?

ઉ૦—પ્રમાદ, (પ્રભુનાં પવિત્ર વચનથી વિરૂદ્ધ વર્તન કરવા રૂપ).

૧૫ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં શાથી પ્રાણીઓ થરથર કંપે છે ?

ઉ૦—મરણના ભયથી.

૧૬ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરો આંધળો કોણ ?

ઉ૦—રાગી-ગુણ દોષને નહિ જોનાર-આંધળાની જેમ અહિત આચરનાર.

૧૭ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરો શૂરવીર કોણ ?

ઉ૦—જેને સ્રીનાં લોચન-બાણ-(કટાક્ષ) પીડા કરી શકતાં નથી.

૧૮ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં કર્ણ પૂટ ( કાન ) થી પીવા યોગ્ય અમૃત શું છે ?

ઉ૦—સત્ય,સર્વજ્ઞ ઉપદેશ(શાંત-રસદાયી સંત ઉપદેશ).

૧૯ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં પ્રભુતાનું મૂળ નિદાન શું ?

ઉ૦—અદીન વૃતિ-કોઇની ખોટી ખુશામત નહિ કરવી તે-નિર્લોભતા.

૨૦ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ગહનમાં ગહન (અત્યંત ઉંડું) શું ?

ઉ૦—સ્રી-ચરિત્ર, (વર્તન, આચરણ) કોઇથી કળી શકાય નહિ માટે.

૨૧ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરો ચતુર, શાણો-હિંમત બહાદૂર કોણ ?

ઉ૦—જે સ્ત્રી ચરિત્રથી ઠગાણો નથી. તેણીના પાસમાં પકડાયો નથી તે.

૨૨ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં દારિદ્રય દુઃખ) કયું ?

ઉ૦—અસંતોષજ.

૨૩ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરી લઘુતા ( હલકાઇ ) કઈ ?

ઉ૦—અન્યની પાસે યાચના કરવી તે, હીનતા, સ્પૃહા, પારકી આશા રાખવી તે.

૨૪ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં જીવિત કયું ?

ઉ૦—દોષ કલંક રહિત–નિર્દોષ–નિષ્કલંક જીવ્યા તે.

૨૫ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરી જડતા કઈ ?

ઉ૦—શરીરબળ તથા બુદ્ધિબળ છતાં અભ્યાસ નહિ કરવો તે.

૨૬ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરા જાગતા કોણ કહેવાય ?

ઉ૦—વિવેકી–જેમને તત્ત્વજ્ઞાન, તત્ત્વ દર્શન, અને તત્ત્વ રમણ પ્રગટયાં છે તે.

૨૭ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરી નિદ્રા કઇ ?

ઉ૦—જીવની અજ્ઞાનતા, અવિવેકિતાજ.

૨૮ પ્ર૦—હે પ્રભુ ? કમળના પત્રપર રહેલા જળબિંદુ સમાન ચપળ શું શું છે ?

ઉ૦—યૌવન, (જુવાની), લક્ષ્મી–અને આયુષ–એ સર્વ અસ્થિર છે.

૨૯ પ્ર૦—હે પ્રભુ ? ચંદ્રના કિરણ જેવા શીતળ સ્વભાવી દુનિયામાં કોણ છે ?

ઉ૦—કેવળ સજ્જનોજ-ચંદનની જેવા શીતળ વચનામૃતને ઝરનારા છે.

૩૦ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં નર્ક જેવું દુઃખ શામાં છે ?

ઉ૦—પરવશતા, પરાધિનતા-પરોપજીવિતામાં.

૩૧ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં સુખ શામાં છે?

ઉ૦—નિઃસંગતા,-નિસ્પૃહતા,-નિર્લેપતા,-સર્વથા-વૈરાગ્ય, ઉદાસીનતામાં.

૩૨ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં સત્ય શું ?

ઉ૦—જેથી જીવનું હિતજ થાય-અહિત ન થાય-અહિત થતું અટકે એવુંજ વચન તત્ત્વથી સત્ય છે.

૩૩ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં જીવને વ્હાલામાં વ્હાલી ચીજ કઇ ?

ઉ૦—પોતાના પ્રાણ-જીવિત.

૩૪ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં દાન કયું ?

ઉ૦—ઇચ્છા રહિત દેવું તે,-પરમાર્થે દાવે સમર્પણ કરવું તે.

૩૫ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરો મિત્ર કયો ?

ઉ૦—જે પાપથી,-પાપ કાર્યથી નિવર્તાવી ઠેકાણે આણે તે નિઃસ્વાર્થી પરોપકારશીલ હોય તે.

૩૬ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં ભૂષણ શું ?

ઉ૦—શીલ-સદ્ગુણ ( સદાચાર. )

૩૭ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં મુખનું મંડન ( આભૂષણ ) શું ?

ઉ૦—સત્ય-અવિતથ-અવિરૂદ્ધ વચન વદવું તે.

૩૮ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં અનર્થકારી શું ?

ઉ૦—ધડા વિનાનું-અનિશ્ચિત-અસ્થિર મન.

૩૯ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરી સુખકારી વસ્તુ શું ?

ઉ૦—મૈત્રી સર્વ જગત્‌જંતું સાથે મિત્રતા ભાવ.

૪૦—પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં સર્વ આપદાને દળવાને સમર્થ કોણુ ?

ઉ૦—સર્વ વિરતિ, પાંચ મહાવ્રતનુ ધારવું. અને રાત્રિ ભોજનનો સર્વથા ત્યાગ.

૪૧ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરો આંધળો કોણુ?

ઉ૦—જે જાણી જોઇને અકાર્ય સેવ્યાં કરે છે તે. પાપ પ્રિય પામર જનો અત્યંત અંધ છે.

૪૨ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરો બ્હેરો કોણુ ?

ઉ૦—જે અવસર આવ્યો છતાં પણુ હિત વચનને સાંભળતો–આદરતો નથી.

૪૩ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરો મૂંગો કોણુ ?

ઉ૦—જે અવસર આવ્યે પણુ પ્રિય–વચન વદી શકતો નથી.

૪૪ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં ખરેખરૂં મરણુ તુલ્ય શું?

ઉ૦—મૂર્ખ પણું–મૂર્ખને પગલે પગલે કલેશ–ખેદ થાય માટે એ મોટું દુઃખ છે.

૪૫ પ્ર૦—હે પ્રભુ દુનિયામાં ખરેખરૂં અમૂલ્ય શું છે ?

ઉ૦—જે યથા અવસર–ખરી તકે આપવામાં આવે તે. મહા લાભ આપે માટે.

૪૬ પ્ર૦—હે પ્રભુ દુનિયામાં મરતાં સૂધી શું સાલે ( પીડે ) ?

ઉ૦—જે છાનું પાપ સેવ્યુ હોય તે.

૪૭ પ્ર૦—હે પ્રભુ ? દુનિયામાં કઇ કઇ બાબતમાં અવશ્યા યત્ન કરવો જોઇએ ?

ઉ૦—વિદ્યાભ્યાસ, સદ્ ઔષધ, અને દાનને વિષે વિ-
વેક પૂર્વક યત્ન કરવો ઘટે છે.

૪૮ પ્ર૦—હે પ્રભુ? દુનિયામાં કઇ કઇ બાબત અવગણના
કરવા યોગ્ય છે ?

ઉ૦—ખળ, પરદારા ( પરસ્ત્રી ) અને પરધન અવશ્ય
વર્જવા યોગ્ય છે.

૪૯ પ્ર૦— હે પ્રભુ ? દુનિયામાં કઇ બાબત રાત દિવસ
સદા ચિંતવવા યોગ્ય છે ?

ઉ૦—સંસારની અસારતા-અનિત્યતા નિરંતર ધ્યાવા
ચિંતવવા યોગ્ય છે. પરંતુ મહામોહને ઉત્પન્ન
કરનારી પ્રમદા-સ્ત્રી ધ્યાવા ( ચિંતવવા ) યોગ્ય
નથી. તેણીના રૂપ રંગથી રંજિત થવું નહિ.
પરંતુ તેણીને વીકારકારિણી જાણી તજવી.

૫૦ પ્ર૦—હે પ્રભુ ? કઇ કઇ બાબત વિશેષ વ્હાલી ગ-
ણી આદરવી ?

ઉ૦—કરૂણા, દુઃખી જીવ ઉપર અનુકંપા, દાક્ષિણ્યતા
અને મૈત્રી-સર્વ જીવ પ્રત્યે મિત્રતા-સમાનતા.
બુદ્ધિ ( આત્મવત્ સર્વ ભૂતેષુ )

૫૧ પ્ર૦—હે પ્રભુ ? પ્રાણાંત કષ્ટે પણ કોને કોને વશ
ન થવું ?

ઉ૦—મૂર્ખ ( અજ્ઞાની-અવિવેકી ) દીનતા, ગર્વ અને
કૃતઘ્નને વશ નજ થવું.

૫૨ પ્ર૦—હે પ્રભુ ? જગત્માં પૂજવા યોગ્ય કોણ ?

ઉ૦—સદાચારી શુદ્ધવ્રતધારી નિર્મળ ચરિત્રવાળા
પૂજવા પાત્ર છે.

૫૩ પ્ર૦—હે પ્રભુ જગત્માં કમનસીબ કોણ ?

ઉ૦—ભગ્નવ્રતી-ભગ્ન પરિણામી-ખંડિત શીલ ખરેખર કમનશીબ છે.

૫૪ પ્ર૦—હે પ્રભુ ? જગત્‌ને કોણ વશ કરી શકે ? જન પ્રિય કોણ થઇ શકે ?

ઉ૦—હિતમિત (સત્ય) ભાષી અને સહનશીલ-ક્ષમાળુ હોય તે જગત્‌ને પણ માન્ય થઇ શકે; સર્વને તે પ્રીતિ પાત્ર થઇ શકે.

૫૫ પ્ર૦—હે પ્રભુ ? દેવતા પણ કેવા માણસને નમ્રતા થી નમે છે ?

ઉ૦—દયા પ્રધાન-જેના હૃદયમાં ઉત્તમ દયા ધર્મ વસ્યો છે તેને.

૫૬ પ્ર૦—હે પ્રભુ ? કઇ બાબત થકી સુબુદ્ધિ જીવે ઉ-દ્વેગ ધારવો યોગ્ય છે ?

ઉ૦—આચાર ગતિ રૂપ સંસાર અટવી થકીજ ઉદ્વેગ નિર્વેદ ધારવો યોગ્ય છે.

૫૭ પ્ર૦—હે પ્રભુ? પ્રાણીઓ સેહેજે કોને વશ્ય થઇ જાય?

ઉ૦—સત્ય, અને પ્રિયભાષી તથા વિનીત-અત્યંત નમ્ર માણસને.

૫૮ પ્ર૦—હે પ્રભુ ? દૃષ્ટ (પ્રત્યક્ષ) અને અદૃષ્ટ (પરોક્ષ) અર્થના લાભ માટે માણસે કયા માર્ગમાં સ્થિ-તિ કરવી ?

ઉ૦—ન્યાય, નીતિ ( પ્રમાણિકતા ) નાજ માર્ગમાં સ્થિરતા કરવી, અન્યાય અનીતિનો માર્ગ કદા-પિ પણ ઝાલવો નહિ.

૫૯ પ્ર૦—હે પ્રભુ? વિજળીની જેવી ચપલ વસ્તુ કઇ કઇ છે?

ઉ૦—દુર્જન માણસની મિત્રાઇ અને સ્રી જાતિ.

૬૦ પ્ર૦—હે પ્રભુ ? આ, કલિકાળમાં પણ મેરૂ જેવા ધીર કોણ છે ?

ઉ૦—સજ્જન પુરૂષો, સાધુ-સંત પુરૂષો.

૬૧ પ્ર૦—હે પ્રભુ ? છતે પૈસે શોચવા યોગ્ય શું છે ?

ઉ૦—કૃપણતા-મંમણ શેઠની જેવી કંજુસાઇજ શોચવા યોગ્ય છે,

૬૨ પ્ર૦—હે પ્રભુ ? અલ્પધન-ગરીબ છતાં વખાણવા યોગ્ય શું છે ?

ઉ૦—ઉદારતા, મનની મોટાઇ (પુણીયા શ્રાવકની પેરે) વખાણવા યોગ્ય છે.

૬૩ પ્ર૦—હે પ્રભુ ? પ્રભુતા ઠકુરાઈ છતાં શું વસ્તુ વખાણવા યોગ્ય છે ?

ઉ૦—સહનશીલતા,-ક્ષમા ગમ ખાવી તે ( અભય કુમારની પેરે )

૬૪ પ્ર૦—હે પ્રભુ ? ચિંતામણી રત્નના જેવાં ચાર વાનાં કયાં કયાં છે. ?

ઉ૦—દાન, જ્ઞાન, શોર્ય, અને ધન એ ચતુભદ્ર ગણાય છે.

૬૫ પ્ર૦—હે પ્રભુ ? અમુલ્ય દાન કયુ ? કેવી રીતે ?

ઉ૦—પ્રિય-મિષ્ટ વચન સહિત જે દેવામાં આવે તે. વિવેક વડે દેવું તે.

૬૬ પ્ર૦—હે પ્રભુ ? અમુલ્ય (દુર્લભ) જ્ઞાન કયું ? કેવી રીતે ?

ઉ૦—ગર્વ રહિત તત્વાતત્વનો બોધ થવો તે. જે જ્ઞાન વડે આત્મામાં આવી રહેલા ગર્વ વિગેરે દોષોને ગાળી દૂર કરી શકાય તે.

૬૭ પ્ર૦—હે પ્રભુ અમુલ્ય ( દુર્લભ ) શૌર્ય કયું ?

ઉ૦—ક્ષમા યુકત હોય તે-જે શરીરાદિકની શકિત પામી પરોપકાર સધાય-કોઇ દુઃખીનું સંરક્ષણ

કરાય, તેજ શકિત પ્રમાણુ છે, જેનાથી દીન દુઃખી
નો (સીદાતા) નો ઉદ્ધાર કરી શકાય.

૬૮ પ્ર૦—અમુલ્ય (દુર્લભ) ધન કયું કહેવાય ?
ઉ૦—જે દાન વડેસાર્થક કરાય ધર્મની પ્રભાવના–ઉ-
ન્નતિ થાય તેજ ધન ખરૂં–લેખે ગણાય બા-
કીનું તો કેવળ ભારરૂપજ ગણવાનું છે

૬૯ પ્ર૦—હે પ્રભુ ? યોગ એટલે શું ? તેનો વ્યુત્પત્યર્થ
કેવો થાય ?
ઉ૦—મોક્ષેણ યોજનાદ્ યોગઃમોક્ષ સાથે જોડવાથી યોગ
સર્વ સદાચાર રૂપ કહેવાય.

૭૦ પ્ર૦—હે પ્રભુ ? યોગનાં કેટલા અંગ છે, અને તે
કયાં કયાં ?
ઉ૦—અષ્ટાંગ–યમ, નિયમ, આસન, પ્રાણાયામ પ્રત્યા
હાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એ આઠ
અંગ છે.

૭૧ પ્ર૦—હે પ્રભુ ? યોગ સાધન કરવાને યોગ્ય અધિ-
કારી કોણ ?
ઉ૦—મંદ કષાયી, મધ્યસ્થ, મિત આહાર–નિદ્રાને
સેવનાર (અલ્પ આહાદ તથા અલ્પ નિદ્રાને
કરનાર) સદાચારી તથા સર્વદાસુ પ્રસન્ન.

૭૨ પ્ર૦—હે પ્રભુ ? અષ્ટાંગ યોગથી શો લાભ થાય ?
ઉ૦—અણિમા, ગરિમા, લઘિમાદિક મોટી સિદ્ધિઓ
પ્રગટે છે. યાવત્ તેથી સ્વર્ગ અને મોક્ષનાં સુખ
સ્વાધીન થાય છે.

૭૩ પ્ર૦—સંયમ તે શું ? અને તેથી શો લાભ થાય ?
ઉ૦—મન, વચન, અને કાયાની ગુપ્તિ વડે ઇંદ્રિય
કષાય અને અવ્રતોનો રોધ કરી આત્માનો નિ-

ગ્રહ કરવો તે સંયમ જાણવું. તેથી નવાં કર્મ બંધાતાં અટકે.

૭૪ પ્ર૦—પૂર્વ સંચિત કર્મ ક્ષયનું સાધન શું ?

ઉ૦—વિવેક પૂર્વક સમતાથી સેવાતું બાર પ્રકારનું તપ જે નિકાચિત કર્મને પણ ખમાવી શકે છે. અને જેનાથી અનેક લબ્ધિઓ પ્રગટ થાય છે તે.

૭૫ પ્ર૦—મોક્ષનો અધિકારી કોણ કહેવાય ?

ઉ૦—સમભાવ ભાવિત આત્મા ( જાતિ, લિંગની અપેક્ષા વિના ) યતઃसमभाव भावियप्पा लहइमुखं नःसंदेहो અર્થાત્ ગમે તે સમભાવી-મધ્યસ્થ-ગુણ ગ્રાહી-જ્ઞાની, પુરૂષાર્થવંત અવશ્ય મોક્ષ મેળવી શકે.

## પ્રકરણ ચોથું.

## श्री सर्वज्ञ कथित तत्व रहस्य.

### १ जीवदया ( जयणा ) सदा पाळवी.

ચાલતાં, બેસતાં, ઉઠતાં, સુતાં, ખાતાં, પીતાં કે બોલતાં દરેક પ્રસંગે પ્રમાદવડે પરના પ્રાણ જોખમમાં ન આવે, તેમ ઉપયોગ રાખી વર્તવું. સૂક્ષ્મ જંતુઓનો જેથી સંહાર થઇ જાય, તેવી ખજુરીની સાવરણી વગેરે કચરો કાઢવા માટે કદાપિ પણ ન વાપરવી. પાણી પણ અણગળ્યું ન વાપરવું, ગાળી રાખેલું પાણી પણ પ્રમાણ વિનાનું ન વાપરવું. જીવદયાની ખાતર રાત્રિ ભોજન નજ કરવું, કંદમૂળ ભક્ષણ વર્જવું, જીવદયા ખાતર જ્યાં ત્યાં અગ્નિ ન લગાડવી ધ્યાનમાં રાખવું કે, આપણા પ્રાણ જેવા સર્વ જીવોને પોતપોતાના પ્રાણ વહાલા છે, તો તેમના પ્રિય પ્રાણોની

કિમ્મત મુકી સ્વચ્છંદપણું ત્યજી જેમ તેમનો બચાવ થાય તેમ કરવા મથવું. યાદ રાખવું કે, સર્વ અભક્ષ્ય—મદ્ય માંસાદિના ભક્ષણથી ક્ષણિક રસની લાલચે અસંખ્ય જીવોના કીંમતી જાનોનો નાશ થાય છે. તેમના નાહક સંહારવડે મહા પાપ થવાથી જગતમાં મહા રોગાદિ ઉપદ્રવો પ્રગટે છે, તેને ભોગ થઇ પડી પ્રાંતે નરકાદિ ઘોર દુઃખના ભાગી થવું પડે છે.

## ૨ निरंतर इन्द्रिय वर्गनुं दमन करवुं.

દરેક ઇન્દ્રિયનો પતંગ ( પતંગીયા ) ભ્રંગ ભમરા મત્સ્ય, હસ્તી અને મૃગની પેરે દુરૂપયોગ નહિ કરતાં સંત પુરૂષોની પેરે તેમનો સદુપયોગ કરી દરેકનું સાર્થકય કરવા ખંત રાખવી. એકેકી મોકળી મુકેલી ઇન્દ્રિય ઉદ્ધત ઘોડાની પેઠે માલીકને વિષમ વાટે દોરી ખુવાર કરે છે, તો પાંચેને પરવશ પડેલા દીન અનાથનું શું કહેવું ? માટે ઇન્દ્રિયના દાસ નહિ થતાં તેને વશ કરી સ્વકાર્ય સાધવાનાં ઉચિત રીતે મુજબ પ્રવર્તાવવી ઘટે છે. કિંપાક તુલ્ય વિષય રસ સમજી તેની લાલચ ત્યજી સંત દર્શન; સંત સેવા, સંત સ્તુતિ, સંત વચન શ્રવણાદિવડે તે તે ઇન્દ્રિયનું સાર્થકય કરવા ઉદ્યુક્ત રહી પ્રતિદિન સ્વહીત સાધવા તત્પર રહેવું ઉચિત છે.

## ૩ सत्यज वचन वदवुं.

ધર્મના રહસ્યભૂત એવું, અન્યને હિતકારી તથા પરિમિત—જરૂર જેટલુંજ ભાષણ અવસર ઉચિત કરવું, એજ સ્વપરને કલ્યાણકારી છે. ક્રોધાદિ કષાયને પરવશ થઇને કે ભયથી, તેમજ હાંસીની ખાતર અજ્ઞ પ્રાણીઓ અસત્ય બોલી, પોતે અપરાધી થાય છે, તે ખાસ ખ્યાલમાં રાખી, તેવે વખતે હિમ્મત રાખી આ મહાન દોષ સેવવો નહિ. સત્યથી યુદ્ધિષ્ટિર, ધર્મરાજા તરીકે ગણાયા, એમ જાણી

અસત્ય વદવાની કે પ્રયોજન વિના બહુ બોલવાની ટેવ ત્યજી, હિતમિતભાષી થવું. કોઇને અપ્રીતિ—ખેદ ઉપજે તેમ બોલવાની ટેવ યત્નથી ત્યજવી.

### ૪ शील कदापि खंडवुं नहि.

બ્રહ્મચર્ય વ્રત યા સદાચારના નિયમો કદાપિ ગમે તેવા સંકટમાં પણ લોપવાં નહિ. સત્વવંત પોતાના વ્રતને પ્રાણ જેવા લેખે છે, અને પ્રાણાંત સુધી તેને ખંડતા નથી, ખરા શૂરા તેજ કહેવાય.

### ५ कदापि कुशील जननी साथे वासो वसवो नहि.

તેવા હલકા આચારવાળા સાથે વસતાં "સોબત તેવી અસર" આ કહેવત મુજબ આપણા રૂડા આચારને અવશ્ય ધક્કો પહોંચે, અને લોકાપવાદ પણ થાય, માટે લોકાપવાદ ભીરૂજનોએ તેવા ભ્રષ્ટાચારીની સોબત સર્વથા વર્જવી યોગ્ય છે. સોબત કરવા ચાહો તો કલ્પવૃક્ષની જેવી શિતલ છાયાને આપનારા સંત પુરૂષોનીજ (સોબત) કરો, જેથી સર્વ સંસારનો તાપ ટાળી તમે પરમ શાંત રસ ચાખવા ભાગ્યશાળી બની શકો.

### ६ गुरु वचन कदापि लोपवुं नहीं.

એકાંત હિતકારી-સત્ય-નિર્દોષ માર્ગનેજ સદા સેવનારા અને સત્ય માર્ગને દર્શાવનારા સદ્‌ગુરૂનું હિત વચન કદાપિ ન લોપવું, કિન્તુ પ્રાણાંત સુધી તદ્‌વત્ વર્તન કરવા પ્રયત્ન કરવો એજ શાસ્રનો સાર છે. તેવા સદ્‌ગુરૂની આજ્ઞા પૂર્વકજ સર્વ ધર્મ કૃત્ય સફળ છે, અન્યથા નિષ્ફળ છે. માટે સદા સદ્‌ગુરૂનો આશય સમજી તદ્વત્ વર્તવા ઉદ્યુક્ત રહેવું એજ સુવિનીત શિષ્યનું શુદ્ધ લક્ષણ છે.

### ७ ( अ ] चपळता [ अजयणा ) थी चालवुं नहीं.

તેમ ચાલતાં અનેકશઃ સ્ખલના થવા ઉપરાંત અનેક

જીવોનો ઉપઘાત, તેમજ કવચિત્ પોતાનો પણ ઘાત થવો સંભવ છે. માટે ચપળતા વર્જી સમતાથી ચાલવું, જેથી સ્વપરની રક્ષા પૂર્વક આત્મ ઉન્નતિ સાધી શકાય.

## [ ૭ ] उद्भट वेष पहेरवो नहि.

આમ સ્વચ્છંદપણું આદરતાં લોકમાં હીલના—હાંસી થાય, માટે આવક જાવક જોઇ ઘટિત વેષ ધારવો. ઓછી આવકવાળાએ મિથ્યા-દબદબા ભરેલો વેષ—પોશાક ન પહેરવો, તથા ધનાઢય માણસે મલીન—ચીંથરે હાલ વેષ ન ધારવો શ્રેષ્ઠ છે.

## ૮ वांकु विषम द्रष्टिथी जोवुं नहि.

સમ (સરલ) દ્રષ્ટિથી જોવું, એમાં અનેક લાભ સમાયેલા છે. શંકાશીલતા ટળે, લોક વિશ્વાસ બેસે, લોકાપવાદ થવા ન પામે, સ્વપર હિત સુખે સધાય; એવી સમદ્રષ્ટિજ રાખવી યોગ્ય છે. અજ્ઞાનતાના જોરે વાંકું બોલી અને વાંકું ચાલી, જીવો બહુ દુ:ખી થાય છે છતાં એ અનાદિ કુચાલ સુધારવી જીવને મુશ્કેલ પડે છે. જેની ભાગ્ય દશા જાગી કે, જાગવાની હોય તેજ સિધે રસ્તે ચાલી શકે છે, એમ સમજી ધૂમાડાના બાચકા ભરવા જેવો મિથ્યા પ્રયાસ નહિ કરતાં સીધી સડકે ચાલી, સ્વહિત સાધવા શાણા માણસે ચૂકવું નહિ. આવી રૂડી મર્યાદા સાચવીને ચાલતાં કોપેલા દુર્જનો પણ શું વિરૂદ્ધ બોલી શકે ? કંઈ પણ છિદ્ર નહિ દેખાવાથી કંઇપણ અવડ ચવડ બોલી શકે નહિ, માટે નિરંતર સમદ્રષ્ટિ રાખી ચાલવું, કે જેથી કોઇને ટીકા કરવાની જરૂર પડે નહિ.

## ૯ पोताना जीभ नियममां राखवी.

જીંહાને વશ કરવી, નકામું બોલવું નહિ, જરૂર જણાય ત્યારે પણ વિચારી હિતમિતજ ભાષણ કરવું, તેમજ રસ લંપટ થઇ, જીભને વશ પડી રોગાદિ ઉપાધિ ખડી

થાય, તેમ મર્યાદા બહાર જવું નહિ. જીભને વશ પડેલાની બીજી ઇન્દ્રિયો કોપી, તેને ગુલામ બનાવી ભારે દુઃખ આપે છે; માટે સુખના અર્થીએ જીભને વશ નહિ થતાં પોતે તેને વશ કરવી.

### १० अविचार्यु काम नज करवुं.

સહસા—અવિવેક આચરણથી મોટી આપદા-વિપત્તિ આવી પડે છે. અને વિચારીને વિવેકથી વર્તનારને તો સંપદા સ્વયમેવ આવી વરે છે. માટે એકાએક સાહસ કામ નહિ કરતાં, લાંબી નજરથી વિચારી ઉચિત નીતિ આદરી વર્તવું, કે જેથી કદાપિ પણ ખેદ-પશ્ચાતાપ કરવાનો પ્રસંગજ આવે નહિ. સહસા કામ કરનારને બહુધા તેવો પ્રસંગ આવ્યા વિના રહેતો નથી.

### ११ उत्तम कुळाचार कदापि लोपवो नहि.

ઉત્તમ કુળાચાર શિષ્ટ-માન્ય હોવાથી ધર્મના શ્રેષ્ટ નિયમોની પેરે આદરવા યોગ્ય છે. મદ્ય માંસાદિ અભક્ષ્ય વર્જવા, પરનિંદા ત્યજવા, હંસ વૃત્તિથી ગુણ માત્ર ગ્રહણ કરવા, વિષય લંપટતા [ અસંતોષ ] ત્યજી, સંતોષ વૃત્તિ ધારવા, સ્વાર્થ વૃત્તિ ત્યજી, નિઃસ્વાર્થપણે પરોપકાર કરવા, યાવત્ મદ મત્સરાદિનો ત્યાગ કરી, મૃદુતાદિ વિવેક ધારવારૂપ ઉત્તમ કુળાચાર કોણ કુશળ કુલીનને માન્ય ન હોય ? આવી ઉત્તમ મર્યાદા સેવનારને કોપેલો કળિકાળ પણ શું કરી શકે વારૂ ?

### १२ कोइने मर्म वचन बोलवुं नहि.

મર્મ વચન સહન થઇ નહિ શકવાથી, કેટલાએક મુગ્ધ લોકો માનના માર્યા મરણને શરણ થાય છે, માટે તેવું પરને પરિતાપકારી વચન કદાપિ પણ વદવું નહિ. મૃદુ ભાષા સામાને પણ સોહાય છે. ગમે તેવે સ્વાર્થ ભોગે સામાને હિત થાય, તેવુંજ વિચારીને બોલવું. સજ્જનની

તેવી ઉત્તમ નીતિ કદાપિ પણ ઉલ્લંઘવી નહિજ. લોકમાં પણ કહેવત છે કે, "સાકરથી પિત્ત શમે, ત્યાં સુધી કરીયાતું શું કામ પાવું ?"

### ૧૩ कोइने कदापि पण कुडुं आळ देवुं नहि.

કોઇને કુડું આળ દેવારૂપ મહા સાહસથી પરિણામ ઉપર મુજબ માઠુંજ આવવાના ઉગ્ર સંભવથી તે સર્વથા નિંદ્ય તથા ત્યાજ્ય છે. પરને દુઃખ આપવા ઇચ્છનાર પોતેજ દુઃખ માગી લે છે. કેમકે કહેવત છે કે, "વાવે તેવું લણે" અને "ખાડો ખોદે, તે પડે." શાણાને આટલી પણ શીખામણ બસ છે. જેમ કુશિક્ષિતનું પોતાનું શસ્ત્ર પોતાનોજ પ્રાણ લે છે, તેના જેવું આને પણ સમજીને સાચા સુખના અર્થી થઇને સત્ય અને હિત માર્ગેજ ચાલવા ખપ કરવો ઉચિત છે. કહેવત પણ પ્રવર્ત્તે છે. કે; "સાચને શાની આંચ ?"

### १४ कोइने पण आक्रोश करीने कहेवुं नहि.

કોપ કરીને કોઇને સાચું પણ કહેવા જતાં લાભને બદલે ઉલટી હાણું થાય છે, માટે તેમ નહિ કરતાં સ્વ પરને હિતકારી, નમ્રપણે સાચી વાત વિવેક પૂર્વકજ કહેવાની ટેવ પાડવી. સમજુ માણસે લાભાલાભનો વિચાર કરીનેજ વર્તવું ઘટે છે. એજ આકરી સજ્જન. નીતિ છે. જે દરેક હિતાર્થીને અવશ્ય આદરવા યોગ્ય છે.

### ॥१५ सर्वनापर उपकार करवो.

મેઘની પેરે સમ વિષમ નહિ ગણતાં સર્વ પ્રતિ એક સરખી હિત બુદ્ધિ રાખવી. વૃક્ષ, નીચ—ઉંચ સર્વને શીતળ છાયા આપે છે. ગંગાજળ સર્વના તાપ દૂર કરે છે, ચંદન સર્વને સરખો સુગંધ આપે છે, તેમ ઉપકારી, જગત માત્રનો ઉપકાર કરે છે. અપકારીની ઉપર પણ ઉપકાર કરે, તે જગતમાં વડો ગણાય છે.

### ૧૬ સામાનો ઉપકાર કદાપિ ભૂલવો નહિ.

કૃતજ્ઞ માણુસ કરેલા ઉપકારને કદાપિ વિસરતો નથી, જે વિસરે છે તે કૃતઘ્ન કહેવાય છે. વળી ઉપકારીનું પણુ ઉલટું અહિત કરવા ધારે તેને તો મહા કૃતઘ્ન સમજવો. માતા, પિતા, સ્વામી અને ધર્મ ગુરૂના ઉપકારનો બદલો વળી શકે તેમ નથી, છતાં કૃતજ્ઞ માણુસ તેમની બનતી અનુકૂળતા સાચવી તેમને ધર્મ કાર્યમાં સહાયભૂત થવા પૂરતો પ્રયત્ન કરે તો, કદાપિ અનૃણી થઈ શકે છે. સત્ય સર્વજ્ઞ ભાષિત પમાડનાર ધર્મ ગુરૂનો ઉપકાર સર્વોત્કૃષ્ટ છે, એમ સમજી સુવિનીત શિષ્ય તેમની પવિત્ર આજ્ઞાને અનુસરવા પૂર્ણ કાળજી રાખે છે, તેથી વિરૂદ્ધ વર્તનાર ગુરૂદ્રોહી—મહા પાતકી ગણાય છે,

### ૧૭ અનાથને યોગ્ય આલંબન દેવું.

સ્વ આજીવિકાનું જેમને કાંઈ સાધન નથી, જેઓ કેવળ નિરાધાર છે, એવા અશક્ત અનાથને યથાયોગ્ય આલંબન આપવું, એ દરેક શક્તિવંત દાના માણુસની ફરજ છે. સીદાતા—દુઃખી થતા દીન જનોનું દુઃખ દિલમાં ધરી તેમને ખરે વખતે વિવેક પૂર્વક સહાય કરનાર સમયને અનુસરી મોટું પૂન્ય ઉપાર્જે છે, તેમજ તેના પૂન્યબળે લક્ષ્મી પણુ અખૂટ રહે છે. કૂવાના જળની પેરે મોટી ઉદાર વપરાશ છતાં તેની લક્ષ્મી પુણ્યરૂપી શેરોથી પાછી પૂરાય છે, છતાં કૃપણુને આવી સુબુદ્ધિ પૂર્વ અંતરાયના યોગે સૂઝી આવતી નથી, તેથી તે બાપડો કેવળ લક્ષ્મીનું દાસત્વ કરી અંતે આર્ત ધ્યાનથી અશુભ કર્મ ઉપાર્જી હાથ ઘસતો—ખાલી હાથે યમને શરણુ થાય છે. ત્યાં અને ત્યારબાદ પણુ પૂર્વ અશુભ અંતરાય—કર્મના યોગે તે રંક અનાથને મહા દુઃખ ભોગવવું પડે છે. ત્યાં કોઇ ત્રાણુ—શરણુ—આધારભૂત થતું નથી, પોતાનીજ ભૂલ પોતાને નડે છે. કૃપણુ પણુ

પ્રત્યક્ષ દેખે છે કે કોઇ એક કોડી પણ સાથે બાંધી લાવ્યો નથી, તેમજ આગળ બાંધી લઇ જઈ શકતો પણ નથી, છતાં બાપડો મમ્મણ શેઠની પેરે મહા આર્ત્ત ધ્યાન ધરતો ધન ધન કરતો ઝૂરી મરે છે, અને અંતે તે મહા માઠા વિપાક પામે છે. આ સર્વ કૃપણતાનાં કટુફળ સમજી પોતાને પણ તેવાજ માઠા વિપાક થવા ન પામે તેમ "પાણી પહેલાં પાળ" ની પેરે પ્રથમથી ચેતી સ્વલક્ષ્મીના દાસ નહિ થતાં તેને વિવેક પૂર્વક યથા સ્થાને વાપરી તેની સાર્થકતા કરવા સદ્‌ગ્રહસ્થ ભાઇઓને જાગ્રત થવાની ખાસ જરૂર છે. નહિતો યાદ રાખવું કે, પોતાની કેવળ સ્વાર્થ વૃત્તિરૂપ મોટી ભૂલને માટે પોતાનેજ સહન કરવું પડશે.—શોષવું માટે હૃદયમાં કાંઇપણ વિમાસણા કરી, ખરો પરમાર્થ માર્ગ અંગીકાર કરી પોતાની ગંભીર ભૂલ સુધારી લેવાનું ચૂકવું તે શાણા સદ્‌ગ્રહસ્થોને યોગ્ય નથી. શ્રી સર્વજ્ઞે દર્શાવેલો અનંત સ્વાધીન લાભ ગુમાવવો અને અંતે ખાલી હાથ ઘસતા જઈ પરભવમાં પોતેજ કરેલાં પાપાચરણનાં ફળ ચાખવાં, એ કાંઇ રીતે વિચાર શીલ સદ્‌ગ્રહસ્થને છાજતુંજ નથી. તત્વજ્ઞાની પુરૂષોનાં એજ હિત વચન છે. જેઓ તેમને અમૃત બુદ્ધિથી અંગીકાર કરી વિવેક પૂર્વક આદરે છે, તેઓ અત્ર અને પરત્ર અવશ્ય સુખી થાય છે.

## ૧૮ કોઇના પાસે દીનતા દાખવી નહિ.

તુચ્છ સ્વાર્થની ખાતર અન્ય પાસે દીનતા કરવી યોગ્ય નથી. જો દીનતા—નમ્રતા કરવા ચાહો તો સર્વ શક્તિવંત સર્વજ્ઞની કરો. જેઓ પોતે પૂર્ણ સમર્થ છે, તેઓ સ્વ—આશ્રિતની ભીડ ભાગી શકે છે; પરંતુ જેઓ પોતેજ અપૂર્ણ અશક્ત હોય તેઓ શરણાગતની શી રીતે ભીડ ભાગી શકે ? સર્વજ્ઞ પ્રભુની પાસે પણ વિવેક પૂર્વક યોગ્ય માગણીજ કરવી ઘટે છે. વીતરાગ પરમાત્માની કે નિર્ગ્રંથ અણગારની

પાસે તુચ્છ સાંસારિક સુખની પ્રાર્થના કરવી ઉચિત નથીજ. તેમની પાસે તો જન્મ મરણનાં દુઃખ દૂર કરવાનીજ અથવા ભવભવનાં દુઃખ જેથી ટળે એવી ઉત્તમ સામગ્રીનીજ પ્રાર્થના કરવી ઘટે છે. યદ્યપિ વીતરાગ પ્રભુ રાગદ્વેષ રહિત છે, તોપણ પ્રભુપ્રતિનો શુદ્ધ ભક્તિ રાગ ચિન્તામણિ રત્નની પેરે ફળીભૂત થયા વગર રહેતો નથી. શુદ્ધ ભક્તિ એ એક અપૂર્વ વશીકરણ છે. ભકિતથી કઠીન કર્મનો પણ ક્ષય થઇ જાય છે, અને તેથી સર્વ સંપદ સહજ આવી મળે છે. આવો અપૂર્વ લાભ મૂકી બાવળે બાથ ભરવા જેવી તુચ્છ વિષય આશંસનાથી વિકળપણે તેવીજ પ્રાર્થના પ્રભુ પાસે કે અન્યત્ર કરવી, કોઇ રીતે શાણા સજ્જનોને ઘટિત નથીજ. સર્વ શક્તિવંત સર્વજ્ઞ પ્રભુની પાસે પૂર્ણ ભકિતરાગથી વિવેક પૂર્વક એવી ઉત્તમ પ્રાર્થના કરો, યાવત્ પરમાત્મ પ્રભુની પવિત્ર આજ્ઞાને અનુસરવા એવો તો ઉત્તમ પુરૂષાર્થ સ્ફુરાવો કે, જેથી ભવભવની ભાવઠ ભાગી પરમ સંપદ પ્રાપ્તિથી નિત્ય દિવાળી થાય, યાવત્ પરમ આનંદ પ્રકટે, અર્થાત્ અનંત—અબાધિત—અક્ષય સહજ સુખ થાય. સેવા કરવી તો એવાજ સ્વામીની કરવી કે, જેથી સેવક પણ સ્વામીની બરાબરજ થાય.

## ૧૯ કોઇની પણ પ્રાર્થનાનો ભંગ કરવો નહિ.

માણસ જ્યારે મોટી મુશીબતમાં આવી ગયો હોય છે, ત્યારેજ પ્રાયઃ માન મૂકીને સામા સમર્થ માણસને પોતાની ભીડ ભાંગવાની આશાથી પ્રાર્થના કરે છે. એમ સમજીને સામા દાના દિલના શાણા અને સમર્થ માણસે, તેની પ્રાર્થના યોગ્યજ હોય તો, તેનો પ્રાણાંતે પણ ભંગ કરવો નહિ. સામાનું દુઃખ દૂર કરવા યોગ્ય, જે કાંઇ દેવું ઘટે, તેપણ પ્રિય ભાષણ પૂર્વકજ દેવું; ઉચ્છૃંખલપણે દેવું નહિ. પ્રિય વાકય પૂર્વક દાન દેવું, તે ભૂષણરૂપ છે, અન્ય

થા દૂષણરૂપ સમજવું. આમ હિતાહિતના વિવેક પૂર્વક શાણા માણસે વર્તવું યોગ્ય છે.

## ૨૦ दीन ( दयामणुं ) वचन जल्पवुं नहि.

દીન વચનથી માણસનો ઓજ હલકો પડે છે. તેમજ શાણા માણસો તેની પરિક્ષા કરી લે છે કે, આ માણસો કપટી યા ખુશામતખોર છે. ગુણવંત પ્રતિ ગુણી જાણી ઉચિત નમ્રતા દાખવવી, એ દીનપણું કહેવાય નહિ. ગુણી પુરૂષોના તો સહજ દાસ થઇ રહેવું, એ તો આપણામાં સહજ ગુણ પામવા માટેજ હોવાથી તે દૂષિત નજ ગણાય. માટે વિવેક આણી જરૂર જણાય, ત્યારે અદીન ભાષણ કરવું, કે જેથી સ્વાથ હાનિ થવા પામે નહિ. ઉક્ત ઉત્તમ નિયમો વિવેકવંતે સ્વ જીવિત પર્યંત પાળવાના છે. પુનઃ—

## ૨૧ आत्म प्रशंसा करवी नाहि.

આત્મશ્લાઘા યા આપ વડાઇ કરી ખુશી થવું, એ મહાન્ દોષ ગણાય છે, એથી મહાન્ પુરૂષોનું અપમાન થાય છે. આમ મહા પુરૂષોની આશાતના—અપમાન કરવાથી કર્મ બંધ કરી આત્મા દુઃખી થાય છે, સજ્જન પુરૂષોની એ રીતિજ નથી. સજ્જન પુરૂષો તો પરના પરમાણુ જેટલા ગુણોને પણ વખાણે છે, અને પોતાના મેરૂ જેવડા મોટા ગુણોને પણ ગાતા નથી, તો વિના ગુણે છલકાઇ જવું કેટલું ભૂલ ભરેલું છે તે વિચારવું, અને વિચારીને અધૂરા ઘડાની પેઠે નહિ છલકાતાં પૂર્ણ થવાને ગંભીર ગુણ ધારતાં શિખવું. આપ વડાઈ કરતાં પર નિન્દા પગલે પગલે થઇ જાય, પર નિન્દાનાં પાપ અતિ બુરાં હોવાથી મિથ્યા આપ વડાઇ કરનાર પ્રાણી તેવાં પાપ કર્મથી પોતાના આત્માને મલીન કરી પરભવમાં કે, કવચિત્ આજ ભવમાં ભારે દુઃખી હાલતમાં આવી જાય છે.

## ૨૨ दुर्जननी पण कदी निन्दा करवी नहि.

પર નિન્દા કરવાથી કાંઇપણ ફાયદો નથી, પણ ઉલટો નિન્દા કરનાર-નિન્દકને ભારે મોટો ગેરફાયદો થાય છે, પોતાનો અમૂલ્ય વખત ગુમાંવી બદલમાં પોતેજ મલીન થાય છે. નિન્દા એ સામાને સુધારવાનો રસ્તો નથી, પરંતુ કદાચ બગાડવાનો રસ્તો છે, એમ કહી શકાય. જો કે સજ્જનો તો તેવા નિન્દકોથી વધારે વધારે જાગ્રત રહી ગુણ ગ્રહે છે, પણ દુર્જનો તો ઉલટો પ્રકોપ કરી દુર્જનતાનીજ વૃદ્ધિ કરે છે, માટે દુર્જનની નિન્દામાં પણ હાનીજ છે. સંત—સજ્જનોની નિન્દાથી જો કે સજ્જનોને તો કાંઇપણ અવગુણ દીસતો નથી, તોપણ તેવા ઉત્તમ પુરૂષોની નાહક નિન્દા કરતાં આશયની મહા મલીનતાથી નિકાચિત કર્મ બંધ કરી, નિન્દકો નરકાદિ અધોગતિએજ જાય છે. નિન્દા, ચાડી, પરદ્રોહ, તથા ખોટાં આળ ચડાવનારા, તેમજ હિંસા, અસત્ય ભાષણ, પર દ્રવ્ય હરણ, તથા પર સ્ત્રી ગમનાદિ અનીતિ કે અન્યાયાચરણ કરનારા, અને ક્રોધાંધ કે રાગાંધના જે જે માઠા હાલ થવાના શાસ્ત્રકારે વર્ણવ્યા છે, તે તથા તે સંબંધી હિત બુદ્ધિથી જે કાંઇ કહેવું તે કાંઇ નિન્દા કહેવાય નહિ. હિત બુદ્ધિ વિના દ્વેષે કરી પરને વગોવવું તે નિન્દા કહેવાય છે અને તે નિન્દ્ય છે, માટે નામ લઇને પરને વગોવવાં મિથ્યા પ્રયાસ કરવો નહિ, છતાં નિન્દા કરવાનું મન થાય તો સાચા મને આપણા દોષોનીજ નિન્દા કરવી, કે જેથી કાંઇપણ છુટ્યા બારી થાય. જો કે કેવળ દોષોની પણ નિન્દા કરવા માત્રથી કશું વળવાનું નથી, તોપણ પર નિન્દા કરતાં સ્વ નિન્દા ઘણે દરજ્જે સારી છે.

## ૨૩ अति हसवुं नहि.

અતિ હસવું અહિતકર છે, બહુ હસવાથી અંતે રોવાનો પ્રસંગ આવે છે. તે કુટેવ પ્રાણીને મોટી આપત્તિમાં

નાંખે છે, બહુવાર હસવાની કુટેવથી પ્રાણી કારણે કે વિના કારણે પણ હસે છે. અને તેમ કરવાંથી રાજસભા યા અંતઃપુરમાં તેની મોટી ખૂવારી થાય છે; માટે તે કુટેવ પ્રયત્નથી પરિહરવીજ યોગ્ય છે. કહેવત પણ છે કે " હસવામાંથી ખસવું " થાય. હાથે કરીને જીવને જોખમમાં નાંખવો હોય, કે હાથે કરીને ઉપાધિ ઉભી કરવી હોય તોજ આવી કુટેવ રાખવાની છે, અન્યથા તો તેને ત્યજેજ સુખ છે. સભ્યની પણ એજ નીતિ છે. મુમુક્ષુ—મોક્ષના અર્થી સંત સુસાધુજને તો તે કુટેવ સર્વથા ત્યજવા યોગ્યજ છે. આવી સારી નીતિ પાળવાથીજ પ્રાણીઓ ધર્મના અધિકારી થઇ સર્વજ્ઞ ભાષિત ધર્મને સમ્યગ્ પ્રમાદ રહિત સેવી સદ્ ભાગ્યના ભાગી થઇ અંતે અક્ષય સુખ સંપાદન કરી શકે છે.

## ૨૪ वैरीनो विश्वास करवो नहि.

વિશ્વાસ નહિ કરવા યોગ્યનો વિશ્વાસ કરતાં મોટી હાની થાય છે, માટે પ્રથમથીજ ચેતતા રહેવું કે જેથી પાછળ પશ્ચાતાપ કરવો પડે નહિ. કામ, ક્રોધ, મદ, મોહ, મત્સરાદિને અંતરંગ શત્રુ સમજી તેમનો કદાપિ પણ વિશ્વાસ સાચા સુખના અર્થીએ કરવો યોગ્ય નથી. સર્વજ્ઞ પ્રભુએ પંચ પ્રમાદોને પ્રબળ શત્રુભૂત કહ્યા છે.

જેને યોગે પ્રાણી પ્રકર્ષે કરી સ્વકર્તવ્યથી ભ્રષ્ટ થાય, યાવત્ બેભાન થાય તે પ્રમાદ કહેવાય. મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પંચ પ્રમાદો છે. જેમાંના એકેક મહા હાનિકારક છે. તો તે પાંચે પ્રમાદોને પરવશ પડેલા પ્રાણી વિષે તો કહેવુંજ શું ?

મદ્યપાનથી થતી લક્ષ્મી, વિદ્યા, યશ, માનાદિની હાનિ સુપ્રસિદ્ધ છે.

વિષય વિકારને વશ થયેલો મોટો યોગીશ્વર બ્રહ્મા

પણ સ્રીનો દાસ બની જાય છે, ને હિમ્મત હારીને એક અબળાનો પણ દીન દાસ બને છે. વિષયાંધતાનું એ ફળ છે.

કષાય—ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર ચંડાળ ચોકડી કહેવાય છે. તેનો સંગ કરનાર યાવત્ તેમાં તન્મય થઇ ગયેલો ક્રોધાંધ યાવત્ લોભાંધ કંઇ પણ કૃત્યાકૃત્ય હિતા હિત દેખી શકતો નથી. કષાય—કલુષિત મતિ કાંઇ અભિનવ દેખાવ આપે છે. વૃદ્ધ છતાં બાળકની માફક અને પંડિત છતાં મૂર્ખની પેઠે, યાવત્ ભૂત ભરાયેલાની માફક વિપરીત—વિરૂદ્ધ ચેષ્ટા કરે છે, જેથી તેનો મોટો લોકાપવાદ પ્રસરે છે. કષાયાંધ વિવેક શૂન્ય પશુની પેરે અપમાન પામે છે, યાવત્ ભુંડા હાલે મરી દુર્ગતિનોજ ભાગી થાય છે. માટે ક્રોધાદિ કષાયની સેવા કરનારને માણુસ ન સમજવા પણ હેવાન. કટો શત્રુ, જેવું કાળું કરી ન શકે તેવું આ કષાય કરી શકે છે, એમ સમજી પણ કાંઇ હૈયે સાન આવે તો સારૂં. કટ્ટો શત્રુ એકજ ભવમાં દુઃખ દઇ શકે, પણ આ કષાય વૈરી તો ભવ ભવમાં દુઃખ દઇ શકે છે.

નિદ્રા દેવીને પરવશ પડેલા પ્રાણીની પણ મહા માઠી સ્થિતિ થાય છે. નિદ્રાને વશ નહિ થતાં જેઓ તેને વશ કરીને વિવેક ધારે છે, તેઓને તો લીલાલહેર થાય છે.

વિકથા—જેમાં સ્વ—પર હિત તત્વથી સમાયેલું ન હોય, તેવી આડ કથા કરવી તે વિકથા કહેવાય છે. તેવી રાજ કથા, દેશ કથા, સ્રી કથા, તથા ભકત (ભોજન) કથા વર્જી જે વડે સ્વપર હિત અવસ્ય સધાય, તેવી ધર્મ કથા કહેવી યોગ્ય છે. વિકથા કરનારનો કીંમતી વખત કોડીના મુલ્યમાં ચાલ્યો જાય છે, અને વિવેક પૂર્વક ધર્મ કથા કરનારનો વખત અમૂલ્ય થાય છે. છતાં વિવેક વિકલ લો-

કે। વિકથા વર્જી ઉત્તમ ધર્મ કથા વડે વખતને સાર્થક કરવા ખપ કરતા નથી, તેમને પાછળ પસ્તાવું પડશે; અને વિવેક પૂર્વક આ હિતોપદેશ હૈયામાં ધારી તેને પરમાર્થ વિચારી જેઓ સવળે રસ્તે ચાલશે, તેઓ સર્વત્ર સુખી થશે. સાચા સુખના અર્થી જનોને આ પાપી પાંચે પ્રમાદોના પાશમાં નહિ પડતાં અપ્રમાદ દંડથી તેમનો છેદ કરવા ઉદ્યુક્ત થવું ઘટે છે. અપ્રમાદ સમાન કોઇ પણ નિષ્કારણ–નિઃસ્વાર્થી બંધુ નથી. માટે પાપી પ્રમાદોપરનો વિશ્વાસ પરિહરી મહા ઉપકારી અપ્રમાદરૂં બંધુમાંજ સર્વ વિશ્વાસ સ્થાપવો; જેથી સર્વ ય સાંપડે.

## ૨૧ વિશ્વાસુને કદાપિ પણ છેતરવો નહિ.

વિશ્વાસ રાખી શરણે આવેલાને છેહ દેવો, તેના જેવું એકે પાપ નથી. તે ખોળે સુતેલાનું માથું કાપવા જેવું જૂલમી છે. ભલા ભલા બુદ્ધિશાળી લોકો પણ ધર્મના બહાને વિશ્વાસ કરે છે, તેવા ધર્મના અર્થી જનોને સ્વાર્થ અંધ બની ધર્મના બહાનેજ ઠગવા એ મહા અન્યાય છે. પોતામાં પોલંપોલા છતાં ગુણી ગુરૂનો આડંબર રચી પાપી વિષયાદિ પ્રમાદના પરવશપણાથી મુગ્ધ—ભોળા લોકોને ઠગવા, તેના જેવો એકે વિશ્વાસઘાત નથી. ભોળા ભક્ત જાણે છે કે આપણે ગુરૂની ભક્તિ કરી ગુરૂનું શરણ લહી, આ ભવજળ તરી જવાના. ત્યારે પથ્થરના નાવની પેઠે અનેક દોષોથી દૂષિત છતાં મિથ્યા મહત્વને ઇચ્છનારા દંભી કુગુરૂ પોતાને અને પરિક્ષા રહિત અંધ પ્રવૃતિ કરનાર પોતાના મુગ્ધ આશ્રિતોને ભવજલધિ [ સમુદ્ર ] માંજ બૂડાડે છે, અને આમ સ્વ—પરને મહા દુઃખ ઉપાધિમાં હાથે કરીને નાંખે છે. જેના મહા કટુફળ તે ધર્મ ઠગને આ સંસાર ચક્રમાં ફરતાં વિશેષે વેઠવાં પડે છે. આ માટેજ શ્રી સર્વજ્ઞ દેવે ધર્મ ગુરૂને રહેણી કહેણી એક સરખી રા-

ખી નિર્દંભપણેજ વર્તવા ફરમાવ્યું છે. આપણે પ્રગટ જોઈ શકીએ છીએ કે કેટલાક કુમતિના પાશમાં પડેલા અને વિષય વાસનાથી ભરેલા છતાં ધર્મ ગુરૂનો ડોળ ઘાલી કેવળ પોતાનો તુચ્છ સ્વાર્થ સાધવા અનેક પ્રપંચ રચી અને અનેક કુતર્કો કરી સત્ય અને હિતકર સર્વજ્ઞ ઉપદેશને પણ ગોપવે છે. આમ પોતે ધર્મ ગુરૂજ ધર્મ ઠગપણું આદરી મુગ્ધ મૃગલા જેવા કેવળ કાનના રસીયા, આંખ મીંચીને હાજી હાજ કરનારા સ્વાશ્રિત ભોળા ભકતોને ઠગી સ્વપરનું બગાડે છે, તે વિવેકી હંસો કેમ સહન કરી શકે ? દિન દિન પ્રતિ તે પાપી ચેપ પ્રસરી દુનિયાને પાયમાલ કરે છે. તેથી તે ઉપેક્ષા કરવા યોગ્ય નથીજ. જગત્ માત્રને હિત શિક્ષા આપવાને બંધાયેલા દીક્ષિત સાધુઓ જેઓ સર્વજ્ઞ પ્રભુની પવિત્ર આજ્ઞા—વચનોને ઉરમાં ધારી રાખનારા અને કપટ રહિતપણે તદવત્ વર્તવા સ્વશક્તિ સ્ફુરાવનારા અને સર્વ લોભ લાલચને પરિહરી જન્મ મરણના દુઃખથી ડરી, લેશ માત્ર પણ વીતરાગ વચનને નહિ ગોપવતાં શ્રી સર્વજ્ઞ આજ્ઞાને પૂર્ણ પ્રેમથી આરાધવા ખપ કર્યા કરે છે, તેઓજ ધર્મ ગુરૂના નામને સાચું કરી બતાવવા સમર્થ થઈ શકે છે. તેવા સિંહ કિશોરોજ સાચા સર્વજ્ઞ પુત્રો કહેવાય છે. બાકી, હાથીના દાંતની પેઠે દેખાડવાના પણ ન્યારા અને ચાવવાના પણ જેમને ન્યારા છે, તેમના નામને તો દોઢ ગાઉનો નમસ્કાર ? ? ભો ભવ્યો ? વિવેક ચક્ષુ ખોલી સુગુરૂ અને કુગુરૂ—સાચા ધર્મ ગુરૂ અને ધર્મ ઠગને બરાબર ઓળખી લોભી, લાલચુ, અને દંભી કુગુરૂનો કાળા નાગની માફક સર્વથા ત્યાગ કરી અશરણ શરણ ધર્મ ધુરંધર સિંહ કિશોર સમાન સાચા સર્વજ્ઞ પુત્રોનું પરમ ભક્તિ ભાવે સેવન—આરાધન કરવા તત્પર થાઓ ? જેથી સર્વ જન્મ જરા અને મરણની ઉપાધિ ટાળી તમે

અંતે અક્ષય પદ વરો ! ઉત્તમ સારથી કે ઉત્તમ નિયામક જેવા સદ્ગુરૂનાજ દ્રઢ આલંબનથી પૂર્વે પણ અસંખ્ય પ્રાણીયો આ દુઃખમય સંસારનો પાર પામ્યા છે. આપણને પણ એવાજ મહાત્માનું સદા શરણુ હો. એવા પરોપકાર શીલ મહાત્મા કદાપિ પ્રાણાંતે પણ પરવંચન કરેજ નહિ.

## २६ कृतघ्नता, करेला गुणनो लोप कदापि पण करवो नहिं.

ઉત્તમ માણુસો અવગુણ ઉપર પણ ગુણ કરે છે. મધ્યમ માણુસો સામાએ ગુણ કર્યો હોય તો પોતે પણ પોતાની વખતે બનતો બદલો વાળવા ધારે છે. પરંતુ અધમ માણુસો તો કર્યા ગુણનો પણ લોપ કરે છે. આવી અધમ વૃત્તિવાળા અજ્ઞાની અવિવેકી જનો કરતાં કૂતરાં પણ સારાં ગણાય છે, કે જેઓ કિંચિત્ માત્ર ભોજનના બદલામાં પોતાની પૂંછડી હલાવી ખુશી થઇ પોતાનું કૃતજ્ઞપણું જાહેર કરતા સામાના ઘરની રાત દિવસ ચોકી કરે છે. કૃતઘ્ન માણુસો શ્વાન કરતાં પણ હલકા ગણાય છે. એમ સમજી કૃતજ્ઞતા આદરી ધર્મ લાયકી મેળવી કાંઇ પણ ધર્મ આરાધન કરી સ્વ—માનવપણું સાર્થક કરવું, અન્યથા માતાની કુક્ષ લજાવી ભૂમિને કેવળ ભારભૂત થવા જેવુંજ છે. સમજી રાખવું કે, કૃતજ્ઞ વિવેકી રત્નોનીજ માતા રત્ન કુક્ષી કહેવાય છે, આવું ન્યાયનું રહસ્ય સમજી સ્વપર હિતકારી વિવેક ધારવા યત્ન કરવો.

## २७ सद्गुणीने देखी राजी थवुं.

એ પ્રમોદ યા મુદિતા ભાવ કહેવાય છે. ચંદ્રને દેખી ચકોર જેમ ખુશી થાય, તથા ગર્જારવ સાંભળી મયૂર જેમ નાચે તેવો હર્ષ—પ્રકર્ષ સદ્ગુણીના દર્શન માત્રથી ભવ્ય ચકોરને થવો જોઇએ. સામાના સદ્ગુણોની ખાત્રી થયા છતાં પણ તેમનાપર દ્વેષ ધરવો એ દુર્ગતિનુંજ દ્વાર છે.

માટે કેવળ દુઃખદાયી દ્વેષ–બુદ્ધિ તજી સદા સુખદાયી ગુણ બુદ્ધિ ધરી વિવેકી હંસવત્ થવા સદ્‌ગુણીને દેખીને પરમ પ્રમોદ ધરવો.

## ૨૮ જેવા તેવા સાથે રાગ બાંધવો નહિ.

"મૂરખ સાથે ગોઠડી, પગ પગ હોય કલેશ" એ ઉક્તિ અનુસારે મૂર્ખ, કુપાત્ર સાથે પ્રીતિ બાંધવી નહિ, તેમ કરતાં પોતાની પણ પત જાય. રાગ બાંધવા ચાહો તો વિવેકી હંસ, સંત—સુસાધુ જન સાથેજ બાંધો, જેથી તમે અનાદિ અવિવેક ટાળી સુવિવેક ધારવા સમર્થ થઈ શકો, ખાસ યાદ રાખવું જોઇએ કે, સંત સુસાધુના સમાગમ સમાન બીજું સુખ નથી, તો એવો કોણ મૂર્ખ શિરોમણી હોય કે, જે અમૃત—સમાગમ છંડી હલાહલ વિષ જેવી અવિવેકી—કુશીલની સંગતિ ઈચ્છે, શાણો નર તો નજ ઇચ્છે. બાકી ભૂંડ જેવી વૃત્તિવાળો તો, જ્યાં ત્યાં અશુભ સ્થાનમાંજ ભટકે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. કેમકે તે તો તેનો જાતિ સ્વભાવજ છે. આવા નીચ જનોની સોબતથી સારા સુશીલ માણસોને પણ કવચિત્ છાંટા લાગે છે.

## ૨૯ પાત્ર પરીક્ષા કરવી.

જેમ સોનાની કષ, છેદ, તાપાદિથી પરીક્ષા કરાય છે, જેમ મોતીની ઉજવળતાદિથી પરીક્ષા કરાય છે, તેમ ઉત્તમ પાત્રની પણ સુબુદ્ધિવડે સદ્‌ગુણોથી પરીક્ષા કરવી. સુપાત્રમાં ઉત્તમ વસ્તુ છાજે છે. સુપાત્રમાં વિવેક પૂર્વક વાવેલું ઉત્તમ બીજ શુદ્ધ ભૂમિની પેરે ઉત્તમ ફળ આપે છે, છીપમાં પડેલા સ્વાતિ નક્ષત્રના જળ બિન્દુનું સાચું મોતી થાય છે, અને સાપનાં મુખમાં પડવાથી તેજ જળ ઝેરરૂપ થાય છે; માટે પાત્ર પરીક્ષા કરી દાન, માન, વિદ્યા, વિનય, તેમજ અધિકાર પ્રમુખ વ્યવહાર કરવો યોગ્ય છે.

સુપાત્રમાં સર્વ સફળ થાય છે, અને કુપાત્રમાં ઉલટો ટોટો—અનર્થ પેદા થાય છે, માટે પાત્રાપાત્રનો વિવેક બુદ્ધિશાળીએ અવશ્ય કરવો, કે જેથી સ્વ-પરને અત્ર સમાધિ પૂર્વક ધર્મ આરાધનથી પરત્ર—પરલોકમાં પણ સુખ સંપત્તિ સંપજે, એજ બુદ્ધિ પામ્યાનું શુભ ફળ છે.

## ३० अकार्य कदापि आचरवुं नाहिः

પ્રાણાંતે પણ ન કરવા યોગ્ય નિંદ્ય કામ સજ્જનો કરેજ નહિ, છતાં પ્રમાદ પરવશ થઈ જેઓ લોક વિરૂદ્ધ, તેમજ ધર્મ વિરૂદ્ધ અતિ નિંદ્ય કાર્યો કરે, તેઓને સજ્જનોની પંકિત બહારજ લેખવા. ગુણ દોષ, લાભાલાભ. કૃત્યાકૃત્ય, ઉચિત, અનુચિત, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, વિગેરે ઉચિત વિવેક વિકળ માણસને પશુવત્ સમજવો તેમજ ઊચિત વિવેક પૂર્વક સદા શુભ કાર્યો સેવવા ઉદ્યમશીલ માણસને એક અમૂલ્ય હીરા જેવોજ લેખવો. તેવાનો જન્મ પણ સાર્થક છે.

## ३१ लोकापवाद प्रवर्ते तेम वर्तवुं नाहि.

જેનાથી લોકમાંલઘુતા થાય, તેવું વગર વિચાર્યુ અઘટિત કામ કરવું નહિ. જેથી ધર્મને લાંછન લાગે ધર્મની વગોવણા થાય, શાસનની લઘુતા થાય, તેવું કામ તો ભવ ભીરૂ માણસે પ્રાણાંતે પણ ન કરવું. પૂર્વ મહાપુરૂષોના સદ્વર્તન સામું લક્ષ રાખી, જેમ પોતાની તેમજ પરની, યાવત્ જીન શાસનની ઉન્નતિ થાય. તેમજ વિવેક આણી વર્તવું. લોગ વિરુદ્ધચ્ચાઓ—એ સૂત્ર વાકય કદાપિ પણ વિસરવું નહિ. જેથી સર્વ સુખ સાધવાના શુભ મનોરથ કદાપિ પણ ફળીભૂત થાય તેમ સંભાળીનેજ ચાલવું.

## ३२ साहसीकपणुं कदापि त्यजवुं नाहि.

આપદ વખતે ધૈર્ય, સંપત સમયે ક્ષમા, સભાને

વિષે સત્ય વાત નીડરપણે બોલવી, શરણાગતનું સર્વ શક્તિથી સંરક્ષણ કરવું, સ્વાર્થભોગે પણ અદલ ઇન્સાફ આપવો, એ આદિ સદ્ગુણો સત્વવંત સજ્જનોમાં સ્વાભાવિક જ હોય છે. તેવા ઉત્તમ પુરૂષોજ ધર્મના ખરા અધિકારી છે, તેવા વિવેકી હંસોજ સર્વ મલીનતા રહિત નિર્મળ પક્ષ ભજી ધર્મ માર્ગ દીપાવવા સમર્થ થાય છે. તેવા સત્યપુરૂષોનેજ ધન્ય છે, જેઓ સાચો પુરૂષાર્થ સ્ફુરાવી પોતાનું પુરૂષ નામ સાર્થક કરે છે. તેમનીજઉજ્વલ કીર્તી થાય છે, તથા નિર્મલ યશ પણ તેમનોજ વિસ્તરે છે. જેઓ અડગપણે આવી ઉત્તમ મર્યાદા સદા પાળે છે, તેઓ પ્રસન્નપણે પવિત્ર નીતિને અનુસરી અત્ર અક્ષય કીર્તિ સ્થાપી, પરત્ર અવશ્ય સદ્ગતિગામી થાય છે. તેવા સાંહસિક શીરોમણિનોજ જન્મ સાર્થક છે. તેવા ઉત્તમ સાત્વિક સાહસ વિના સ્વ જન્મ નિષ્ફળ છે. સાચા સર્વજ્ઞ પુત્રો ઉત્તમ પ્રકારની શુદ્ધ સાહસિક વૃત્તિ સહિતજ હોય છે. તેઓ લાખો ગમે આશ્રિતોના આધારરૂપ છે. તેમને સિંહ કીશોરની જેમ સાહસિકપણું ધારવુંજ ઘટે છે. તેમની આબાદીપર લાખોના ભવિષ્યનો આધાર છે. સમજીને સુખે નિર્વહી શકાય તેવી—મહા વ્રતો આચરવારૂપ—મહા પ્રતિજ્ઞા કરી તેનો અખંડ નિર્વાહ કરવો, તેજ ઉત્તમ સાહસિકતા છે. તેજ મહા પ્રતિજ્ઞાનો સ્વચ્છંદ આચરણથી ભંગ કરવા જેવી એકે કાયરતા નથી. આ દુઃખદાવાનળથી તેવા પ્રતિજ્ઞા ભ્રષ્ટનો છૂટકો થઈ શકતો નથી, એમ સમજી "તેલ પાત્ર ધર" નીપેરે 'યા' "રાધાં વેધ સાધનાર" ની પેરે અપ્રમત્ત થઇ જેઓ સર્વજ્ઞ ભાષિત તત્વ રહસ્ય પામી, ગ્રહણ કરેલી મહા પ્રતિજ્ઞાને અખંડ પાળે છે, તેઓ પૂર્ણ પ્રતિજ્ઞાવંત હોઈ, સ્વ પરનો નિસ્તાર કરવા સમર્થ થાય છે. તેઓજ ખરા સાહસિક ગણાય છે. માટે સ્વ—પરને બૂહાડનારી કાયરતા

તજી દરેક મુમુક્ષુને ઉત્તમ સાહસીકતા ધરવી શ્રેષ્ઠ છે. જે-થી સર્વ મલીનતા ટળી સ્વ—પર હિતદ્વારા શાસન ઉન્નતિ થવા પામે. આહા ! કયારે પ્રાણીઓ કાયરતા તજી ઉત્તમ સાહસિકતા આદરશે, અને તે દ્વારા સ્વ—પરની ઉન્નતિ સાધી કયારે પરમાનંદ પદ વરશે ! ! તથાસ્તુ.

## ૬૩ आपात्ति समये पण हिम्मत राखीने रहेवुं.

કષ્ટ વખતે પણ હિંમત હારવી નહિ. જેઓ ધીરજ ધરી સંકટની સામા થાય છે, અર્થાત્ તેવે વખતે પણ ઉ-ત્તમ મર્યાદા ઉલ્લંઘતા નથી, અને ઉત્તમ નીતિના ધોરણને અવલંબીને રહે છે, તેઓને આપત્તિ પણ સંપત્તિ રૂપ થાય છે. વૈરી પણ વશ થાય છે. તેઓ ધર્મ રાજાની પેઠે અક્ષય કીર્તિ સ્થાપી શ્રેષ્ઠ ગતિ સાધે છે. પરંતુ જેઓ તેવે વખતે હિંમત હારી સ્વ મર્યાદા ઉલ્લંઘી અકાર્ય સેવી મલીનતાને પોષે છે, તેઓ અત્ર પણ નિન્દા પાત્ર થઇ પાપથી લેપાઇ પરત્ર પણ અતિ દુઃખ પાત્ર થાય છે.

## ૬૪ प्राणांते पण सन्मार्गनो त्याग करवो नहिं.

જેમ જેમ વિવેકી સજ્જનોને કષ્ટ પડે છે, તેમ તેઓ સુવર્ણ ચંદન અને ઇક્ષુકાંડ [ શેરડી ] ની પેરે ઉત્ત-મ વર્ણ, ઉત્તમ સુગંધ અને ઉત્તમ રસ અર્પતા જાય છે, પરંતુ તેમની પ્રકૃતિ વિકૃત થઇને લોકાપવાદને પાત્ર થતી નથી. આવી કઠિન કરણી કરી ઉત્તમ યશ ઉપાર્જી તેઓ અંતે સદ્ગતિ ગામી થાય છે.

## ૬૬ वैभव क्षये पण यथोचित दान करवुं.

ચપળ લક્ષ્મી પોતાનો સ્વભાવ સાર્થક કરવા કદાચ છટકી ગઇ હોય. તો પણ દાન—વ્યસનીએ થોડામાંથી પણ થોડું આપવાનો શુભ અભ્યાસ ત્યજવો નહિ.. તેવા શુભ

અભ્યાસ યોગે કવચિત્ મહાન્ લાભ સંપજે છે, યાવત્ લક્ષ્મી પણ તેના પૂન્યથી ખેંચાઇ સ્વયમેવ આવી મળે છે. પરંતુ ખડ્ગની ધારાપર ચાલવા જેવું આ કઠિન વ્રત સાહસિક પુરૂષોજ સેવી શકે છે.

## ३६ अति राग करवो नहि.

સ્વાર્થ નિષ્ટ સંબંધી જન સાથે રાગજ કરવો યોગ્ય નથી. જેના સંયોગે રાંગ ધરી પોતે સુખ માને છે, તેનાજ વિયોગે દુઃખ પણ પોતેજ પામે છે. એટલુંજ નહિ પણ સંબંધી જનની સ્વાર્થ નિષ્ઠતા સમજાતાં પણ દુઃખ થાય છે. તો જ્ઞાની અનુભવી પુરૂષોના પ્રમાણિક લેખોમાં પ્રતીતિ રાખી વા સાક્ષાત્ અનુભવ—પરીક્ષા કરી તેવા સ્વાર્થ નિષ્ટ જગતમાં રાગજ કરવો યોગ્ય નથી. તેમાં પણ અતિ ( મર્યાદા બહારનો ) રાગ તો પ્રગટ અવિવેકજ છે. તેથી અંધની પેરે તે કંઇ ( ગુણ—દોષ ) દેખી-નિર્ધારી શકતો નથી. છતાં રાગ કરવા ઇચ્છા થાય તો, સંત સુસાધુ જનો સાથેજ કરો, કે જેથી કુત્સિત રાગ—વિષનો નાશ કરી તે આત્માને નિર્વિષ કરે. અન્યથા રાગ—રંગથી પોતાનો સ્ફટિક જેવો નિમળ સ્વભાવ ત્યજી પરવસ્તુમાં બાંધી જીવ અત્ર તેમજ પરત્ર દુઃખનોજ ભોક્તા થાય છે. રાગની પેરે દ્વેષ પણ દુઃખદાયીજ છે.

## ३७ प्रियपर पण वारंवार रिस करवी नहि.

ક્રોધથી પ્રીતિની હાની થાય છે. જેથી પ્રિયપણ અપ્રિય થઇ પડે છે. વળી ક્રોધ વશ વર્તી જીવ કૃત્યાકૃત્યનો વિવેક ભૂલી જઇ અકૃત્ય કરવા પ્રવર્તે છે. માટે સુખના અર્થી જને કષાય વશ થઈ અસભ્યતા આદરી કદાપિ પણ ઉચિત નીતિનું ઉલ્લંઘન કરી સ્વ—પરને દુઃખ દરિયામાં ડુબાવવાં નહિ.

## ३८ क्लेश वधारवो नहि.

કલહ એ કેવળ દુઃખનું મૂળજ છે. જે ઘરમાં નિત્ય કલહ થાય છે, ત્યાંથી લક્ષ્મી પણ દૂર પલાયન કરી જાય છે. માટે બનતાં સુધી તો ક્લેશ થવા દેવોજ નહિ, છતાં થયો તો તેને વધવા નહિ દેતાં સમાવી દેવો." લઘુ [ નાના ] એ ગુરૂ ( મોટાની ) ક્ષમા માગવી, છતાં લઘુ માન મૂકી ક્ષમા માગે નહિ તો, મોટાએ પોતે જઇ લઘુને ખમાવવો, જેથી લઘુને શરમાઇ અવશ્ય ખમવું અને ખમાવવું પડેજ. ક્લેશને વારવાની "ક્ષમાપના"—ખામણા કરવા રૂપ જીન શાસનની નીતિ અતિ ઉત્તમ છે. જેઓ તે મુજબ વિવેકથી વર્તે છે, તેમને અત્ર અને પરત્ર સુખ છે, અને જેઓ તેથી વિરૂદ્ધ વર્ત્તે છે તેમને સર્વત્ર દુઃખ છે.

## ३९ कुसंग करवो नहि.

"જેવો સંગ તેવો રંગ એ ન્યાયે હીણાની સોબતે હીનપત આવે, અને ઉત્તમની સંગતે ઉત્તમતા આવે. શું ગંગાનું શુદ્ધ, મિષ્ટ જલ પણ જલધિમાં ભળવાથી લુણપણું નથી પામતું ? તેમજ અન્ય સ્થળથી આવેલું જલ ગંગાના પવિત્ર જલમાં ભળવાથી શું તેવા મહિમાને નથી પામતું ? પામે છે. તેમ સમજી શાણા માણસોએ કુસંગ સર્વથા ત્યજી સદા સુસંગતિજ સજવી યોગ્ય છે.

## ४० बाळकथी पण हितवचन ग्रहण करवु.

રત્નાદિ સાર વસ્તુની પેરે હિતકારી વચન ગમે ત્યાંથી ગ્રહવું એજ વિવેકવંતનું લક્ષણ છે. જ્ઞાની પુરૂષો ગુણોનીજ મુખ્યતા માને છે. વયથી વધુ છતાં સદ્‌ગુણ ગરિષ્ઠને ગુરૂ માને છે. અને વયોવૃદ્ધ છતાં ગુણરિક્તને બાળવત્ લેખે છે, એમ સમજી વિવેકી સજ્જનો ગુણ માત્ર ગ્રહણ કરવા સદા અભિમુખ રહે છે.

## ४१ अन्यायथी निवर्तवुं.

સમબુદ્ધિ ધરી રાગ, રોષ ત્યજી સર્વત્ર નિષ્પક્ષપાતપણે વર્તવું એજ સદ્બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ છે. એમ સમજી સત્ય પક્ષ સ્વીકારવો. એજ પરમાર્થ છે. એમ વર્તવામાંજ તત્વથી સ્વ—પર હિત સમાયેલું છે. લોકાપવાદનો પણ પરિહાર તથા શાસન ઉન્નતિ એજ રીતે સાધી શકાય છે. સ્વલ્પમાં નિર્ભયપણે ખરી હિંમતથી ન્યાય માર્ગ અંગીકાર કર્યા વિનાં જીવનો કદાપિ પણ છૂટકો નથી. એમ સમજી શાણા માણસે સર્વથા ન્યાયનુંજ શરણ લેવું ઘટે છે. પ્રાણાંતે પણ અનીતિનો માર્ગ સ્વીકારવો યોગ્ય નથી.

## ४२ वैभव वखते राचवुं नहि.

પૂર્વ પુણ્ય યોગે સંપત્તિ સાંપડી હોય તો તેવે વખતે ગર્વ નહિ કરતાં અધિક નમ્રતા રાખવી યોગ્ય છે. શું આમ્ર વૃક્ષો પણ ફળ સંપત્તિ સમયે અધિક નમ્રતા નથી સેવતા ? છતાં તેવા શુભ સમયે સ્વચ્છંદપણું આદરી મદમાં તણાવું તે ભાવી આપત્તિનું ભારે ચિન્હ છે.

## ४३ निर्धनपणामां खेद पण करवो नहि.

પૂર્વકૃત કર્મ અનુસારે પ્રાણી માત્રને સુખ દુઃખ થાય તેવા સમ વિષમ સંયોગો મળે, તેવે સમયે કર્મનું સ્વરૂપ વિચારી હર્ષ—ઉન્માદ કે દીનતા નહિ કરતાં સમભાવેજ રહી શાણા માણસોએ શુભ વિચાર વૃત્તિ પોષી સમર્થ ધર્મ નીતિનું પ્રીતિથી તથા હિંમતથી સેવન કરવું યોગ્ય છે. પ્રથમ અશુભ કર્મ કરતાં પ્રાણી પાછું વાળી જોતા નથી, જેના પરિણામે અનેક દુઃખ વેદતાં તેઓ ત્રાસ પામે છે. અશુભ—નિન્દ્ય કર્મો કરી પોતાનીજ મેળે માગી લીધેલાં દુઃખ ઉદય આવે છતે દીનતા કરવી તે કેવળ કા-

ચરતાજ કહેવાય. દુઃખ ગમતુંજ ન હોય તો દુઃખદાયક નિન્દ્ય કૃત્યોથીજ વિમાસી વિરમવું, જેથી તેવા દુઃખ—વિપાક ભોગવવા પડેજ નહિ. પરંતુ પૂર્વે કરેલાં દુષ્કૃત્ય યોગે પડેલું દુઃખ વેદતાં દીન થઇ ખેદ—વિષાદ ધરવો વા વિકલ થઇ અવિવેકપણે અન્ય દુષ્કૃત્યો કરવાં, તે તો પ્રકટ દુઃખનો રસ્તોજ છે.

## ૪૪ સમભાવે રહેવું.

જેઓ સુખ, દુઃખ, માન, અપમાન, નિન્દા, સ્તુતિ, સધન તથા નિર્ધન, રાજા તથા રંક, કંચન તથા લોષ્ટ, તૃણ, અને મણિ તથા નારી અને નાગણીને પૂર્વે કહેલા સદ્વિચારો મુજબ વર્તી સમાન લેખે છે, તેમાં મૂઝાતા નથી, યાવત્ તેમને કેવળ કર્મ. વિકારરૂપ નિમિત્તભૂત લેખી મનમાં વિષમતા નહિ લાવતાં હર્ષવિષાદ રહિત સમબુદ્ધિથીજ જુવે છે, તેવા સદ્વિવેકવંત—સદ્ગુણ શીરોમણિ જનો—સમસુખ અવગાહી ધર્મ આરાધનથી નિશ્ચે સ્વકાર્ય સિદ્ધ કરે છે. પરંતુ જેઓ અજ્ઞાનતાના જોરે વિવેક વિકળપણે વિષમ વર્તન કરે છે, હર્ષખેદ ધરી આપ મતે અવળા ચાલે છે, તેઓ તો ક્રોડ ઉપાયે પણ આત્મ કાર્ય સાધી શકતા નથી.

## ૪૫ સેવકના ગુણ સમક્ષ કહેવા.

સાચા સેવકની પ્રત્યક્ષ પ્રશંસા કરવાથી કાંઇ હાનિ નથી. કિન્તુ લાભજ છે. ઉત્સાહની વૃદ્ધિ સાથે તે ચુસ્ત—સ્વામી ભક્ત—થઇ જાય છે. અને તેમ નહિ કરવાથી કદાચ તેની શ્રદ્ધા મંદ થવાથી સેવા વિમુખ પણ થઇ જાય છે.

## ૪૬ પુત્રનાં પ્રત્યક્ષ વખાણ કરવાં નહિ.

પુત્ર કે શિષ્ય ગમે તેવો સદ્ગુણી હોય, તોપણ તેની સમક્ષ પ્રશંસા ન કરવાની નીતિ વધારે ડહાપણવાળી છે.

તેનામાં વિનયાદિ ઉત્તમ ગુણો વધારવાનો તે રસ્તો છે. તે-
નામાં વિનયાદિ ઉત્તમ ગુણો વધારવાનો તે રસ્તો છે.
ઉછરતી બાળવયમાં સારા સંસ્કારો પડે, એવી કાળજી રાખવી, એ માતા પિતા કે ગુરૂની ફરજ છે. પૂણ ગુણ પામ્યા વિનાની મિથ્થા પ્રશંસાથી અભિમાનમાં આવી જવાથી કદાચ તેનો અવતાર બગડે છે, એમ સમજી તેની પરિપકવ સ્થિતિ થતાં સુધીમાં વિચારી–વિવેકથી વર્તવું; જેથી તેવો સદ્દવિવેક શીખી પુત્ર પુત્રી શિષ્ય કે શિષ્યા, સ્વ—જન્મ સુખે સુધારી શકે. પુત્રાદિ સમક્ષ માતપિતાદિએ અપશબ્દાદિ અવિવેક યત્નથી તજવો.

### ૪૭ स्त्रीनां तो प्रत्यक्ष के परोक्ष वखाण करवांज नहि.

સ્ત્રીનો સ્વભાવ તુચ્છ હોવાથી છલકાઇ ગયા વિના રહે નહિ, માટે સ્ત્રી ગમે તેવી ગુણવંતી હોય, તોપણ મનમાંજ સમજી રહેવું. સ્ત્રીને પણ પતિ પ્રતિ વિનીત શિષ્યની માફક વધારે નમ્ર થવાની જરૂર છે. સ્વ—પતિવ્રત ત્યારેજ યથાવિધિ સચવાઇ શકે છે. પતિને પણ સ્ત્રીના વિષે ઉચિત મૃદુતા અવશ્ય રાખવી ઘટે છે. આમ પરસ્પર અનુકુળતાથી ગૃહ યંત્ર સાથે, ધર્મ યંત્ર સારી રીતે ચાલી શકે છે. તે વિના બન્ને યંત્રો વારંવાર ખોટકાય છે. અપશબ્દાદિ અપમાન વર્જી સ્ત્રીનું પોતાની પેરે શ્રેય વાંછી વર્તવું. સ્વ દારા સંતોષી પતિની પેરે શાણી સ્રીએ પણ સ્વ–પતિવ્રત અવશ્ય પાળવું. જેમ સ્વ–શ્રેય પૂર્વક સ્વ–સંતતિ પણ સુધરવા પામે તેમ સ્રી ભરતાર બંને જણાએ સંપ અને સંતોષ પૂર્વક સદ્વર્તન સેવવા સદા તત્પર રહેવું જોઇએ. જેમ પૂર્વે પોતાના પવિત્ર શીલ ભૂષણથી ભૂષિત, કઇક સતી શિરોમણીઓએ પોતાનું નામ પોતાના અદ્દભૂત ચરિત્રોથી ચાવું [ પ્રસિદ્ધ ] કર્યું છે, તેમ અત્યારે પણ સુવિવેકી ભાઇઓ અને બહેનો-

એ પવિત્ર શીલ રત્ન ધારી, શુશીલતા યોગે ભાગ્યશાળી બનવું ઘટે છે.

## ૪૮ પ્રિય વચન બોલવું.

સામાને પ્રિય લાગે એવું, સત્ય અને હિતકર વચન કહેવું. પ્રસંગોપાત વિચારી વદેલું હિત મિત વચન, સામાને પ્રિય થઇ પડે છે. વગર વિચાર્યું, અવસર વિનાનું, કર્ણ કટુક ભાષણ કદાચ સાચુંજ હોય, તોપણ અપ્રિય થાય છે; અને મિષ્ટ, ગર્વ રહિત, અને વિવેક પૂર્વક વિચારી સમયોચિત બોલવું. વચન બહુ પ્રિય તથા ઉપયોગી થઇ પડે છે, પણ તેથી ઉલટું બોલેલું અહિતકર નીવડે છે. જો લોક પ્રિય થવા ચાહતા હો તો, ઉક્ત વિવેક સાચવી ધર્મને બાધ ન આવે, તેવું નિપુણભાષણ કરતાં શિખો, તેવું સમયોચિત વિનય-વચન વશીકરણ સદશ સમજવું.

## ૪૯ વિનય સેવવો.

વિનય, નમ્રતા, કોમળતા, મૃદુતા, વિગેરે પર્યાય શબ્દો છે. વિનય સર્વ ગુણોનું વશીકરણ છે. વિનયથી વૈરી પણ વશ થઈ જાય છે. વિવેકથી ગુણી જનોને કરેલો વિનય શ્રેષ્ટ ફળ દે છે. વિનય વિના વિદ્યા પણ ફળીભૂત થતી નથી.

## ૫૦ દાન દેવું.

લક્ષ્મી પામીને સુપાત્રાદિને વિવેકથી દાન દેવું, તેજ તેની શોભા તથા સાર્થકતા છે. વિવેક પૂર્વક દાન દેનારની લક્ષ્મીનો વ્યય કર્યા છતાં, કૂવાના જળની પેરે નિરંતર પણ્યરૂપ આવકથી વધારોજ થતો જાય છે. વિવેક રહિતપણે વ્યસનાદિમાં ઉડાવી દેનારની લક્ષ્મીનો તત્વથી વૃદ્ધિ વિના તરત અંત આવી જાય છે. કૃપણની લક્ષ્મી કોઇ ભાગ્યશા-

ણી ભોગવે છે, કે વાપરી લાભ લે છે, પરંતુ મમણની પેરે તેનાથી એક દમડી પણ શુભ માર્ગે ખરચાતી નથી, તેમજ ત બાપડો તેને ભોગમાં પણ લહી શકતો નથી. પૂર્વે ધર્મમાં ખાંચા નાંખ્યાનું એ ફળ સમજી, દાનનો અંતરાય કરવો નહિ.

## ૯૧ परगुण ग्रहण करवो.

પોતે સદ્ગુણ ભૂષિત છતાં સંત—સુસાધુ જનો, પરના સદ્ગુણો દેખી મનમાં પ્રમોદ ધરે છે. છતાં દુર્જનો, સજ્જનોમાં સદ્ગુણો જોઇ સહન થઇ નહિ શકવાથી, ઉલટા મનમાં કચવાય છે, અને દુઃખ ધરે છે. તથા પરિણામે દુધમાં પોરા જોવા મુજબ તેવા સદ્ગુણશાળી સજ્જનોમાં પણ મિથ્યા દોષો આરોપે છે, અને તેમ ખોટા દોષો આરોપી મહા મલીન અધ્યવસાયથી હડકાયા કૂતરાની પેરે ભૂંડા હાલે મરી દુર્ગતિમાં જાય છે. અમૃતમાં વિષ બુદ્ધિ જેવો સદ્ગુણમાં અવગુણપણાનો મિથ્યા આરોપ કદાપિ પણ હિત કર્તા નથી, એમ સમજી શાણા માણસોએ ગુણ માત્ર ગ્રહણ કરવા, અને સદ્ગુણની પ્રશંસા કરવા અવશ્ય ટેવ પાડવી.

## ૯૨ प्रस्तावे बोलवुं.

ઉચિત અવસર પામ્યા વિના બોલવું નહિ. ઉચિત અવસર પામીને પણ પ્રસંગને લગતુંજ મિત ભાષણ કરવું. વિના અવસરે તેમજ માપ વિનાનું બોલવાથી જન ગમતું કામ થઇ શકતું નથી; પણ ઉલટું કામ બગડે છે, એમ સમજી સદા સત્ય હિત મિત ભાષણ વિવેકથીજ કરવા ખપ કરવો. અપ્રસ્તાવે ભાષણ કરનાર બહુ બોલામાં—વાંડામાં ખપે છે, તે યાદ રાખવું.

### ૫૩ खळ (दुर्जन) ने पण बहु जन मध्ये योग्य सन्मान आपवुं

આ નીતિ વાક્ય સજ્જનોને ઉપયોગી છે. ઉક્ત નીતિના ઉલ્લંઘનથી કવચિત્ વિશેષ હાનિ થાય છે, કેમકે દોષના પ્રકોપથી ખળ માણસ સામાને સંતાપવા બાકી રાખતો નથી.

### ૫૪ स्वपर–विशेष पण जांणवो.

હિતાહિત, કૃત્યાકૃત્ય, તથા બળાબળના વિવેક સાથે સ્વશક્તિ, દેશકાળ માનાદિ લક્ષમાં રાખીને ઉચિત પ્રવૃત્તિ કરનારને હિત, અન્યથા અહિત થવા સંભવ છે. માટે સહસા કામ નહિ કરતાં પગલે પગલે વિવેકથી વર્તવાની જરૂર છે. સદ્‌વિવેકધારી [ પરીક્ષા પૂર્વક પ્રવૃત્તિ કરનાર ] ના સકળ અર્થ સિદ્ધ થાય છે.

### ૫૫ मंत्र तंत्र करवा नहि.

કામણ, ટુમણ, વશીકરણાદિ કરવાં કરાવવાં, એ સુકુલીનનું ભૂષણ નથી, માટે જેમ બને તેમ તેનાથી તદ્દન અળગાજ રહેવું.

### ५६ परघेर अेकलां जवुं नहि.

એ શિષ્ટ નીતિ અનુસરવામાં અનેક લાભો સમાયેલા છે, એથી શીલ વ્રતનું સંરક્ષણ થાય છે, માથે ખોટું આળ ચડતું નથી, યાવત્ મર્યાદાશીળ ગણાઇ લોકમાં સાર વિશ્વાસપાત્ર થાય છે,

### ५७ करेली प्रतिज्ञा पाळवी.

પ્રથમ તો પ્રતિજ્ઞા કરતીજ વખત્ત પૂરતો વિચાર ક-

ની પોતાથી અંત સુધી નિર્વહી શકાય, એવી યોગ્યજ પ્રતિજ્ઞા કરવી. તેમ કરી ઉત્તમ પુરૂષોએ પોતે કરેલી યોગ્ય પ્રતિજ્ઞાને પ્રયત્નથી પાળવી, પ્રાણાંતે પણ ખંડવી નહિ. વિચારીને સમજ પૂર્વક કરેલી વ્યાજબી પ્રતિજ્ઞાજ સત્ય અને શુભ પ્રતિજ્ઞા ગણાય છે, તેવી સત્ય અને શુભ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલા પ્રાણી પોતાની પ્રતિષ્ઠા ખોઈ ઉલટા અપવાદના ભાગી થાય છે. અવિવેક થવા ન પામે એવી કાળજી અવશ્ય રાખવી યોગ્ય છે. યોગ્ય વિચાર પૂર્વક કરેલી પ્રતિજ્ઞા પ્રાણની પેરે પાળવી, એ દરેક વિચારશીલ સુમનુષ્યની ફરજ છે. ખરા સત્વવંત પુરૂષો તો સ્વપ્રતિજ્ઞાને પ્રાણ કરતાં પણ પ્રિય લેખી પૂર્ણ ઉત્સાહથી પાળે છે. ફકત નિર્બળ મનના કાયર માણસોજ પ્રતિજ્ઞા હારી પત ખૂએ છે.

## ૯૮ मित्रथी गुह्य राखवुं नहि.

જો મિત્ર સાથે સ્થિર પ્રેમ ઇચ્છતા હોતો તેનાથી કાંઇ પણ પડદો રાખવો નહિ. ખાવું અને ખવરાવવું, મનની વાત પૂછવી, અને કહેવી સારવસ્તુ દેવી, અને લેવી એ નીતિ છે.

## ૯૯ कोइनुं पण अपमान करवुं नहि.

માન માનવીને વહાલું હોય છે. માનભંગ—અપમાનથી માણસને મરણ જેવું દુઃખ થાય છે. તે વાત પ્રાય પ્રત્યેકને અનુભવ સિદ્ધ છે, કોઇનું પણ અપમાન નહિં કરતાં તેનું મિષ્ઠ વચનાદિથી સન્માન કરવાથી સ્વપરનેલાભ સંભવ છે. અપરાધી માણસની પણ અપભ્રંછના કરવા કરતાં મિષ્ટ મધૂર વચનથી જો તેને તેના દોષનું સ્વરૂપ પ્રથમ સારી રીતે સમજાવવામાં આવે તો પ્રાયઃપુનઃ અપરાધ કરવાંજ તે બંધ પડી જાય. મૃદુતા એ એવી તો અજબ ચીજ છે કે, તેથી વજ્ર જેવું પણ માન ગળી જાય છે. એ પ્રભાવં

વિનય ગુણુનો છે. માટે બીજા નકામા લાખો ઉપાયો મૂકી દઈ આ અજબ ગુણુનોજ ઘટતો ઉપયોગ કરવો વ્યાજબી છે. આમ કરવાથી સ્વકાર્ય બહુ સહેલાઇથી સાધી શકાય છે.

## ૬૦ पोताना गुणनो पण गर्व करवो नहि.

ઉત્તમ પુરૂષો ગર્વ કરતા નથી. એમ સમજીને કે ગર્વ કર્યાથી ગુણુની હાનિ થાય છે. સંપૂર્ણ ગુણી, જ્ઞાની, ધ્યાની કે મૌની સમુદ્રની પેરે ગંભીર હોઇ ગર્વ કરતાજ નથી. ફકત અધૂરાજ છલકાય છે. આપ બડાઇ કરવા જતાં પર નિન્દાનો પ્રસંગ સહેજ આવે છે. પર નિન્દાના મોટા પાતકથી, ગર્વ—ગુમાન કરનારનો આત્મા લેપાઈ મલીન થાય છે. જેથી મૂળગા ગુણોની પણ હાનિ થાય છે. તો નવા ગુણોની પ્રાપ્તિનું તો કહેવુંજ શું ? એમ સમજી શાણા માણસે સ્વમુખે આત્મ શ્લાઘા કે પર લાઘવ કરવુંજ નહીં.

## ૬૧ मनमां पण मकलावुं नहि.

એમ સમજીને કે, “ બહુ રત્ના વસુંધરા. ” પૃથ્વીપર કઇ કઇ રત્નો પડ્યાં છે. પોતે પણ શિષ્ટ નીતિ સમજીને પોતાને તેવી ઉત્તમ પંક્તિમાં મૂકવા— તેવા ઉત્તમ થવા—પ્રયત્ન કરવો. જયાં સુધી સંપૂર્ણતા આવે ત્યાં સુધી સન્નીતિનું દ્રઢ અવલંબન કર્યા કરવું યુક્ત છે. જો જરા મંદ પડી મનને મોકળું મૂકયું તો, પછી ખરાબી, તદવસ્થ (તેવીજ) જાણવી. અલ્પ ગુણ પામી મનમાં ફૂલાઇ જતાં, ગુણ વૃદ્ધિ થઈ શકતી નથી. અનેક ગુણ પામ્યા છતાં જેઓ ગર્વ રહિત પ્રસન્ન ચિત્તથી સ્વ કર્તવ્ય કર્યા કરે છે, તેઓ અંતે અવશ્ય અનંત ગુણગણાલંકૃત થઈ શિવ સંપદ વરે છે.

## ૬૨ प्रथम सुगम, सरल काम आरंभवुं.

એકદમ મોટી બાથ ન ભરતાં, સ્વ—શક્તિ સંભારી

ધીમે ધીમે કામ હારે પાડવું, એ ડહાપણનું કામ છે સહસા મોટું કામ માથે લઇ મૂકી દેવાનો વખત આવે, અને ઉલટા હલકા પડવું પડે, તે કરતાં સમતાથી કામ લેવું શ્રેષ્ટ છે.

## ६३ पछी मोटुं कार्य करवुं.

કાર્યનું સ્વરૂપ સમજી સમતાથી તે શરૂ કર્યાબાદ ચિત્ત ઉત્સાહાદિ શુભ સામગ્રી યોગે યુક્ત કાર્યની સિદ્ધિ માટે પૂરતો પ્રયત્ન કરવો. આવી શુભ નીતિથી કાર્ય કરતાં અધ્યવસાયની વિશુદ્ધિથી સારો લાભ સાંપડે છે.

## ६४ ( परंतु ) उत्कर्ष करवो नहि.

શુભ કાર્ય સમતાથી આરંભી તેની નિર્વિઘ્ન સમાપ્તિ થયા છતાં તેથી અભિમાન કે બડાઇ જેવું કાંઇ કરવું નહિ. મનમાં એવી શ્રદ્ધા—સમજ લાવીને કે કોઇ પણ કાર્ય કાળ સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ, અને પુરૂષાર્થરૂપ પંચ કારણો પામ્યા વિના નીપજતુંજ નથી. તો તે પાંચે કારણો મળે છતે કાર્ય નીપજ્યું તેમાં ગર્વ શાનો કરવો? ઉલટું કાર્ય સિદ્ધ થવાથી શ્રદ્ધા—દ્રઢતાદિ વિવેકથી નમ્રતાજ ધારવી ઘટે છે. એવા સુનમ્ર વિવેકી જનો જગત વિષે અનેક ઉપયોગી શુભ કામો કરી શકે છે.

## ६५ परमात्मानुं ध्यान करवुं.

બાહ્યાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા એવા આત્માના ત્રણ પ્રકાર છે. શરીર કુટુંબાદિ બાહ્ય વસ્તુઓમાં મુંઝાઇ રહેલો બાહ્ય આત્મા કહેવાય છે. અંતર વિવેક જાગવાથી જેને ગુણ—દોષ, કૃત્યાકૃત્ય, લાભાલાભનું ભાન થયું હોય, સ્વ—પરની સમજ પડી હોય, જ્ઞાનાદિ ગુણમય આત્મા

તેજ હું અને જ્ઞાનાદિ ઉત્તમ ગુણ સંપત્તિજ મારી, શિવાય શરીર, કુંટુંબ, ધન, ધાન્યાદિ સર્વ પુદ્ગલિક વસ્તુ તે પર એમ જેને સમજાયું હોય, તે અંતર આત્મા કહેવાય. અને જેણે સંપૂર્ણ વિવેકથી સર્વ મોહાદિ અંતરંગ શત્રુઓનો સર્વથા ઉચ્છેદ કરી નિર્મળ કેવળ જ્ઞાનાદિ અનંતી આત્મ સંપત્તિ હાથ કરી હોય, તે પરમાત્મા કહેવાય છે. બાહિરાત્મા પરમાત્માનું ધ્યાન કરવા અયોગ્ય છે, અને અંતર આત્મા યોગ્ય છે. અંતર આત્મા, પરમાત્માના પુષ્ટ આલંબનથી દ્રઢ શ્રદ્ધા—વિવેક પામી, પોતેજ પરમાત્મ પદ પામે છે. માટે મોહ માયા નિવારી સુવિવેકથી અંતર આત્મપણું આદરી આત્માર્થી જનોએ પરમાત્મ ધ્યાનનો અધિકાર—યોગ્યતા પામી નિશ્ચય ચિત્તથી પરમાત્મા પદ પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવવો યોગ્ય છે. જન્મ, જરા અને મૃત્યુરૂપ અનંત દુઃખ—ઉપાધિ મુક્ત સર્વજ્ઞ પરમાત્મા હોય છે. તેમના તન્મય ધ્યાન યોગે કીટ ભ્રમર ન્યાયે અંતર આત્મા પરમાત્મ પદ પામે છે. અનંત જ્ઞાનાદિ અખંડ સહજ સમૃદ્ધિ પામી પરમાનંદ સુખ મગ્ન થઈ રહે છે. તેવા પરમાત્માનું અક્ષય સુખાર્થે આત્માર્થી જનોને સદા શરણ હો? તેવા પરમાત્માની ભક્તિરૂપ કલ્પવેલી ભવ્ય પ્રાણીઓનાં ભવ દુઃખ દૂર કરી મનવાંછિત પૂરો! યાવત્ ભવ્ય ચકોરો શુકલ ધ્યાન પામી ભવભવની ભાવઠ ભાગી સંપૂર્ણ નિરૂપાધિ મોક્ષ સુખ સ્વાધીન કરી, અક્ષય સમાધિમાં લીન થાઓ!!

## ૬૬ परने आत्म समान लेखवा.

સર્વ જીવોમાં જીવત્વ સમાન છે, એમ સમજીને સર્વેને આપ સમાન લેખવા, દ્વૈતભાવ ત્યજીને સમતા સેવી કોઇ જીવને દુઃખ ન થાય તેમ યતનાથી વર્તવું. કીડીથી

કુંજર સર્વે જીવિત—સુખ વાંછેછે. રાજા રંક, સુખી દુઃખી, રોગી, નિરોગી, પંડિત, મૂર્ખ, સર્વે નિર્વિશેષ—સરખી રીતે સુખના અર્થી છે. પ્રમાદ પ્રવર્તન યા સ્વચ્છંદ વર્તનથી કોઇ જીવને સુખમાં અંતરાય કરવાથી તે પ્રમાદી યા સ્વચ્છંદી પ્રાણી બાધક કર્મ બાંધે છે, જેનું કટુક ફળ તેને અશુભ કર્મનાં ઉદય સમયે અવશ્ય સહવું પડે છે, માટે શાસ્ત્રકારો કહે છે કેઃ—

"બંધ સમય ચિત ચેતીયે, શો ઉદયે સંતાપ."

ઇત્યાદિ બોધ વચનોને લક્ષમાં રાખી, સુખના અર્થી જનોએ સર્વત્ર સમતા રાખીને રહેવું યોગ્ય છે. મૈત્રી; પ્રમોદ કરૂણા, અને મધ્યસ્થ ભાવની પ્રાપ્તિ પણ એમજ થઈ શકે છે. જયાં સુધી આ મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયનો પ્રાદુર્ભાવ ( ઉદય ) થયો નથી, ત્યાં સુધી શિવ સંપદા બહુજ વેગળી સમજવી.

## ૬૭ राग द्वेष करवा नहि.

કામ, સ્નેહ, અભિષ્વંગ, વગેરે રાગના પર્યાય શબ્દો છે, અને દ્વેષ, મત્સર, ઇર્ષા, અસૂયા, નિન્દાદિ રોષના પર્યાયો છે. સ્ફટિક રત્ન સમાન નિર્મળ આત્મસત્તાને રાગ દ્વેષાદિ દોષો, મહાન ઉપાધિરૂપ હોવાથી, વિવેકવંતોએ યત્નથી પરિહરવા યોગ્ય છે. જયાં સુધી મહા ઉપાધિરૂપ આ રાગ દ્વેષાદિ દોષો દૂર થાય નહિ, ત્યાં સુધી કદાપી પણ આત્માનું શુદ્ધ રૂપ પ્રકટ થઇ શકે નહિ. એ રાગાદિ કલંક સર્વથા ટળ્યું કે તરતજ આત્મા પરમાત્મ પદ પામે છે. માટે પરમાત્મપદના કામીજનોએ શત્રુભૂત રાગ દ્વેષાદિ કલંક સર્વથા દૂર કરવા દ્રઢ પ્રયત્ન કરવો જરૂરનો છે. યતઃ—

" રાગ દ્વેષ પરિણામયુત, મનહિ અનંત સંસાર,
તેહિજ રાગાદિક રહિત, જાની પરમપદ સાર.
[ સમાધિ શતક, ]

તથા આ કર્મ કલંક દૂર કરવા સંક્ષેપથી બાળ જીવોના હિત માટે અન્યત્ર પણ કહ્યું છે કેઃ—

" શુદ્ધ ઉપયોગને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી,
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવ નારી,
આપ સ્વભાવમાંરે અવધૂ સદા મગનમાં રહેનાં. "

ઇત્યાદિ રહસ્યભૂત જ્ઞાનનાં વચનોનો મોક્ષાર્થી જીવોએ પરમ આદર કરવો ઘટે છે. જેનાથી સર્વ સંસાર ઉપાધિથી સર્વથા મુક્ત થઇ, પરમપદ વેગે પ્રાપ્ત થઇ શકે. સર્વજ્ઞ ભાષિત સદુપદેશનો એજ સાર છે કે, જેમ બને તેમ કાળજીથી રાગ, દ્વેષ, મળ સર્વથા ટાળી નિર્મળ થાવું. રાગ, દ્વેષ મળ સર્વથા દૂર થયે આત્માને શુદ્ધ વીતરાગ દશા પ્રાપ્ત થાય છે. તેવી શુદ્ધ વીતરાગ દશા એજ પરમાત્મ અવસ્થા છે, જે દરેક મોક્ષાર્થી સજ્જને રાગ દ્વેષાદિ મલનો સર્વથા પરિહાર કરી—સદ્વિવેકબળે પ્રાપ્ત કરવી યોગ્ય છે. ઉકત સર્વજ્ઞ—ઉપદેશ રહસ્યને સમજી, જે મહા ભાગ્ય, રૂચિ—પ્રીતિથી સ્વ હૃદયમાં ધારશે, તે સુવિવેકી સજ્જનની સમીપે શિવ સુખ લક્ષ્મી સ્વેચ્છાથી આવી રમશે. ઇતિ શમ્.

શ્રી સર્વજ્ઞ પ્રણીત સ્યાદ્વાદ શૈલીને અનુસરીને પૂર્વ આચાર્ય પ્રસાદી કૃત પ્રકરણાદિ ગ્રંથોના આધારે આત્માર્થી ભવ્યોનાં હિત અર્થે, જે કાંઇ સ્વલ્પ—સ્વમતિ અનુસારે અત્ર કહેવામાં આવ્યું છે, તેમાં મતિ મંદતાદિ દોષોથી ઉત્સૂત્ર—વિરૂદ્ધ—ભાષણ થયું હોય તે સહૃદય—હૃદયો સુ-

શ્વારી, જેમ જગંતૂ જયવંતા જૈન શાસનની શોભા વધે, જેમ અનાદિ અવિવક દૂર થાય, અને સદ્‌વિવેક જાગે, જેમ દુરંત દુઃખદાયી સ્વચ્છંદ વર્તન ત્યજી સંપૂર્ણ સુખદાયી શ્રી સર્વજ્ઞ કથિત સન્નતિનું સદ્દ્‌ભાવથી સેવન થાય, જેમ સમ્યગ્‌ જ્ઞાન પ્રકાશથી વ્યવહાર શુદ્ધ થાય, જેમ લોક વિરૂદ્ધ ત્યાગથી શુદ્ધ દેવ, ગુરૂ, અને ધર્મનું રૂડી રીતે આરાધન કરી, અંતે અક્ષય સુખ સંપ્રાપ્ત થાય, તેમ વર્તવા સજ્જનો પ્રતિ મારી અભ્યર્થના છે. પ્રાણુંતે પણ પ્રાર્થના ભંગ નહિ કરવાની ઊત્તમ નીતિનું અવલંબન કરી સજ્જનો સત્યનું પ્રથન કરવા ચૂકશે નહિ. ઉત્તમ હંસની પેરે સજ્જનો ગુણ માત્રનું ગ્રહણ કરી, અને દોષ માત્રનો ત્યાગ કરી, જેમ સ્વ—પરની તત્વથી ઉન્નતિ સધાય, તેમ કાળજીથી વર્તવા અવશ્ય વિવેક ધરશે. આશા છે કે, પરોપકાર પરાયણ સજ્જનો સત્ય નીતિનો ઉંડો પાયો, રચી તે પર અતિ ઉમદા ધર્મ ઇમારત બાંધી, તેમાં સહ કુટુંબ નિત્ય વિલાસ કરશે. માર્ગાનુસારિતાદિ સદ્દ્‌ગુણોવડે જગતમાં નિર્મળ યશનો વિસ્તાર કરશે. તેમજ સમ્યગ્‌ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું યથાશક્તિ આરાધન કરી અંતે અવિનાશી પદ વરી જન્મ મરણાદિ દુઃખોનો સર્વથા અંત કરશે, અને સર્વજ્ઞ—સર્વદર્શી થઇ લોકાલોકને હસ્તામલકની પેરે દેખશે. યાવત્‌ પરમ સિદ્ધિદાયક પરમાત્મપદ પામી પૂર્ણાનંદ, ચિદ્રુપ થઇ રહેશે. ઇત્યલમ્‌.

# પ્રકરણ ૫ મુ.

## " સામાયકાદિક ષટ્ આવશ્યક—તેના પવિત્ર હેતુ યુક્ત.

૧ સામાયક, ૨ ચઉવીસથ્થઓ, ૩ વંદનક, ૪ પ્રતિક્રમણ, ૫ કાઉસ્સગ્ગ, અને ૬ ઠું પચ્ચખ્ખાણ એ છ આવશ્યક ( અવશ્ય કરવા યોગ્ય ) સાધુ, સાધ્વી; શ્રાવક, અને શ્રાવિકાની નિત્ય કરણી છે. તે દરેકનાં પવિત્ર હેતુ હૃદયમાં ધારી ઉપયોગ પૂર્વક કરવામાં આવે તો તે અભ્યાસના બળે અમૃતની જેવો સ્વાદ આપી, આત્માને શાંત અમૃત રસલીન કરી, અંતે અમૃત–મોક્ષપદને અવશ્ય પમાડે છે.

૧ સામાયક સાવદ્ય ( પાપ ) વ્યાપારનો ત્યાગ કરી મન, વચન, અને કાયાને સંવરી ( નિયમમાં રાખી ) જઘન્ય ( ઓછામાં ઓછું ) બે ઘડી અને ઉત્કૃષ્ટ ( સર્વથા) જીવિત પર્યંત સમભાવ–સમતાને આદરી જ્ઞાન, ધ્યાનમાં તલ્લીન રહેવું. તે પહેલું સામાયક આવશ્યક કહેવાય છે. તેનાથી ચારિત્રાચારની–વિશુદ્ધિ થાય છે. અવિરતિપણું ટળે છે. અને લેશ્યા નિર્મળ થાય છે. ગૃહસ્થ છતાં પણ અવકાશ અનુસારે સામાયક પૌષધાદિકનો વારંવાર અભ્યાસ કરતાં સમભાવને સેવનાર સાધુના જેવો લેખાય છે. માટે પ્રમાદ રહિત અવકાશ યોગે સામાયકનું સેવન કરવું.

૨ ચઉવીસથ્થઓ—એ બીજું આવશ્યક ૨૪ જીનોના અતિ અદ્ભૂત ગુણ કીર્તન રૂપ હોવાથી ભવિક જીવોને દર્શનાચાર ( સમકિત ) ની શુદ્ધિ માટે થાય છે. તેથી સમકિત નિર્મળ થાય છે.

૩ વંદન–ગુરૂગુણે યુક્ત, એવા સાક્ષાત્ ગુરૂ–આચાર્ય

મહારાજ વિગેરે તેમજ તેવા ગુરૂના વિરહે તેવા ગુણવંત ગુરૂની સ્થાપના સમક્ષ દ્વાદશાવર્ત વંદન કરતાં ગુરૂ મહારાજના નિર્મળ જ્ઞાન, દર્શન, અને ચારિત્ર ગુણની અનુમોદનાનો અપૂર્વ લાભ મળવાથી જ્ઞાનાચારાદિકની શુદ્ધિ થાય છે.

૪ પ્રતિક્રમણ—પોતાની મૂળ ધર્મ મર્યાદામાં પાછું આવવા રૂપ મૂળ ગુણ કે ઉત્તર ગુણમાં લાગેલાં દૂષણને આલોચી—નિંદી શુદ્ધ થવા, અનુષ્ઠાન વિશેષ પ્રતિક્રમણ ચોથું આવશ્યક છે. જેમ શરીરમાં પડેલાં વ્રણને રૂઝવવા મલમ પટ્ટી કરાય છે. તેમ ગ્રહણ કરેલાં વ્રત નિયમોમાં લાગેલાં અતિચારાદિક દૂષણ ટાળવા પ્રતિક્રમણ ક્રિયા કરવી જરૂરની છે. જેમ નિર્મળ વસ્ત્રપર પડેલો ડાઘ યત્નથી ( ઉપાયથી ) કાઢવામાં આવે છે, તેમ વ્રતાદિકના ડાઘ દૂર કરવા, આ ક્રિયા છે. વિધિવત્ પ્રતિક્રમણ કરવા ખપી જીવને તે તે તે આચારની શુદ્ધિ થાય છે. અન્યથા થતી નથી.

૫ કાઉસ્સગ્ગ—અતિચાર આદિક દૂષણની બહુલતાથી—કે જોઇએ તેવી પરિણામની શુદ્ધિ—ઉપયોગની ખામીથી પ્રતિક્રમણવડે પણ જે શુદ્ધિ થઇ શકતી નથી તે મન, વચન, અને કાયાના યોગને સંવરીને ( ગોપવીને ) પરમાત્માનું એકાગ્રતાથી સ્મરણ કરતાં સેહેજે શુદ્ધિ થઇ શકે છે.

૬ પચ્ચખ્ખાણ—સમજીને પાપનો પરિહાર કરી ઉત્તમ અભિગ્રહ યથાશકિત આદરવાથી તપાચાર, વિર્યાચાર વિગેરે સર્વ આચારની વિશુદ્ધિ થાય છે, માટે તે અવશ્ય અંગીકાર કરવા યોગ્ય છે. સમતા પૂર્વક યથાશકિત વ્રત પચ્ચખ્ખાણ અંગીકાર કરી જેઓ તેમને અખંડ આરાધે છે. તેઓ સર્વ સંપત્તિ—સ્વર્ગ અપવર્ગ ( મોક્ષને ) પણ વશ કરી શકે છે. આમ સંક્ષેપ રૂચિને સમજવા માટે ટૂંકાણમાં છ આવશ્યકનું સ્વરૂપ કહ્યું. તેના વિશેષ હેતુ પ્રયોજન ગુરૂ

મમ્ય જાણી–અવધારી આજકાલ બહુધા પ્રવર્તતા અવિધિ દોષને ટાળી ગતાનું ગતિકતા માત્ર વર્જી અવશ્ય સ્વશ્રેય સધાય. તેવી રૂચિ ( પ્રીતિ ભક્તિથી ) ઉક્ત આવશ્યક ક્રિયા કરવા આત્માર્થી જીવોએ પ્રતિદીન ઉજમાળ રહેવું. વિધિ બહુ માનથી શ્રી જિન આજ્ઞા પૂર્વક કરવામાં આવતી નિત્ય કરણીથી પૂર્વે પેદા થએલો ભાવ પડી જતો નથી, એટલુંજ નહિ, પણ અપૂર્વ ભાવ (પરિણામ) પ્રાપ્ત થવાથી આત્માને મહા લાભ સંપજે છે. ઇત્યલમ્.

## પ્રકરણ ૬ ઠું.

### શ્રી જૈન પર્વ તિથિઓ.

કાર્તિક શુદ ૧ શ્રી ગૌતમ કેવળ જ્ઞાન કલ્યાણક.
,, ૫ સૌભાગ્ય પંચમી.
,, ૮ ચોમાસી અઠ્ઠાઇની શરૂઆત.
,, ૧૪ વર્ષા ચતુર્માસી, અને અઠ્ઠાઇની પૂર્ણાહૂતિ
,, ચઉમાસી પ્રતિક્રમણ.
,, ૧૫ દ્રાવિડ અને વારીખિલ્લ ૧૦ ક્રોડ મુનીઓ સાથે શ્રી સિદ્ધાચળે સિદ્ધિવર્યા ( શ્રી શેત્રુંજય તીર્થ રાજની યાત્રા તિથિ. )

માગશર સુદ ૧૧ મૌન એકાદશી (૧૫૦ કલ્યાણકની તિથિ.)
,, વદી ૧૦ પોસ દશમ ( શ્રી પાર્શ્વ જન્મ કલ્યાણક. )
,, ,, ૧૧ શ્રી પાર્શ્વજિન દીક્ષા કલ્યાણક.
પોસ વદી ૧૩ મેરૂ તેરશ ( શ્રી અષ્ટાપદ ગિરિ ઉપર શ્રી આદીશ્વર જિન નિર્વાણ. )

ફાગણ શુદી ૭ ફાગણ ચોમાસી અઠ્ઠાઈની શરૂઆત.
,, ૮ શ્રી સિદ્ધાચળ યાત્રાદિન ( શ્રી આદીશ્વર પ્રભુ તે દિને પૂર્વ નવાણું વાર આવી સમોવસર્યા. )
,, ,, ૧૪ ચોમાસી અઠ્ઠાઇ પૂર્ણ ( પ્રતિક્રમણ તિથિ)

ફાગણ વદી ૮ શ્રી રૂષભજિન—દીક્ષા કલ્યાણક વર્ષીતપની શરૂઆતનો દિવસ, તથા શ્રી કેસરીઆજી ( ધૂલવામાં મહોત્સવ. )

ચૈત્ર શુદી ૭ આયંબિલની ઓળીની શરૂઆત.
,, ૧૫ ,, ,, પૂર્ણાહુતિ.
,, શ્રી પુંડરીક ગિરિની યાત્રા તિથિ ( તે દીને શ્રી પુંડરીક ગણધર પાંચ કોડ મુનિઓ સાથે સિદ્ધિ વર્યા. )

વૈશાખ શુદ ૩ અક્ષય તૃતીયા ( અખયત્રીજ ) શ્રી વર્ષી તપના પારણાનો દિવસ ( તે દિને શ્રી આદિજિને વર્ષીતપનું પારણું કીધું. )

અસાડ શુદી ૭ ચોમાસી અઠ્ઠાઇની શરૂઆત.
,, ૧૪ ચોમાસી પ્રતિક્રમણ તિથિ.

શ્રાવણ વદી ૧૨ અઠ્ઠાઇધર—પર્યુષણા પર્વની ( પર્યુષણ અઠ્ઠાઇની શરૂઆત. )
,, ,, ,, કલ્પધર (કલ્પ સૂત્રની વાચના)ની શરૂઆત.

ભાદરવા શુદ ૧ શ્રી મહાવીર જન્મોત્સવ ( શ્રી કલ્પ સૂત્રાંતર્ગત. )
,, ,, ૨ તેલાધર ( તેલો—અઠ્ઠમ ) અઠમ ( સંવત્સરી સંબંધી ) તપ કરવાની શરૂઆતનો દિવસ.
,, ,, ૪ સંવચ્છરી—વાર્ષિક પર્વ ( સંવત્સરી પ્રતિ-

ક્રમણુ તિથિ ) ( શ્રી કાલિકાચાર્યે સૂરી, આચરણાથી. )

ભાદરવા શુદ ૮ દુબળી આઠમ.
આસો શુદ ૭ આયંબિલની, ઓળીની શરૂઆત.
,, ૧૫ ,, ઓળી સંપૂર્ણ.
આસો વદી ,, ) શ્રીમહાવીર નિર્વાણ-કલ્યાણક-દીવાળી દિવસ.

---

આવા પર્વ દિવસોમાં યથા શકિત ( છઠ, અઠમ, ઉપવાસ; આયંબિલ, નીવી, એકાસણાદિકે તપ, જપ, સામાયક, પૂજા, પૌષધ, પ્રતિક્રમણ, પ્રમુખ અવશ્ય કૃત્ય આદરવા યોગ્ય છે.

## પ્રકરણ ૭ મું.

### રાત્રિ ભોજન. ત્યાગ.

ભાવિક ગૃહસ્થોએ પણ રાત્રિ ભોજનનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય છે. ( બનતા સુધી તો રાત્રી ચઉવિંહ આહારનો સર્વથા ત્યાગ. તેમ બની ન શકે તો, બે ત્રણ પ્રકારના આહારનો તો અવશ્ય ત્યાગ કરવોજ જોઇએ. અશનં, પાનં, ખાદિમં, અને સ્વાદિમં એ ચાર પ્રકારના આહાર છે, જેનાથી ક્ષુધાની શાંતિ-તૃપ્તિ થાય તે અશનં કહેવાય, જેનાથી તૃષાની શાંતિ થાય તે પાનં કહેવાય; જેનાથી કેટલાક અંશે ક્ષુધાદિની શાંતિ થાય, એવાં સેકયાં ધાન્ય ફળ કેળાંદિક આરોગવાં તે, ખાદિમં કહેવાય. સૂંઠ, જીરૂ, અજમો, વિગેરે. સ્વાદિષ્ટ વસ્તુનું સેવન સ્વાદિમ ગણાય છે. આ ચારે પ્રકારના આહાર ( ચઉવિહાર ) નું નિયમ જે ભાગ્યશાળીઓ નિરંતર પાળે છે. તેમને દરેક માસે પક્ષ. ઉપવાસ. ( ૧૫ ઉપવાસ ) નું ફળ પ્રાપ્ત થાય છે. મુખ્ય,

તાએ સૂર્ય અસ્ત પહેલાં બે ઘડીથી સૂર્ય ઉદય પછીની બે ઘડી સુધી એ નિયમ દ્રઢપણે પાળવો યોગ્ય છે. એમ વર્તતાં એક વર્ષમાં ૬ માસનો ઉપવાસનો લાભ આવા દ્રઢ વ્રત ધારીને સહજે હાંસલ થાય છે. આથી પ્રતિદિન સંતોષ ગુણની પ્રાપ્તિ ઉપરાંત અસંખ્ય જીવોને અભયદાન સાથે પોતાના પણ કિંમતી જાનનો બહુશઃ બચાવ થાય છે. આથી વિપરીત વર્તનારા સ્વચ્છંદી લોકો અસંતોષ ધારી અનેક જીવોનો સંહાર કરતાં કેટલીકવાર પોતાના પ્રિય પ્રાણને પણ જોખમમાં નાંખે છે. માટે સ્વપર હિત ઇચ્છતા દરેક સદ્ગૃહસ્થને રાત્રિ ભોજન અવશ્ય વર્જવું યોગ્ય છે.

મોક્ષ માર્ગનુંજ કેવળ સાધન કરનારા સાધુ, યતિ, નિર્ગ્રંથ, અણગારોને તો તે સર્વદા સર્વથા વર્જ્યજ છે. તેમને તો પ્રાણાંતે પણ રાત્રિ ભોજન કરવું ઘટેજ નહિ. દિવસ છતાં પણ અંધારામાં કે સાંકડા વાસણમાં જમવું, તે પણ તેવુંજ દોષિત છે. માટે દિવસે સારૂં અજવાળું જ્યાં હોય ત્યાંજ જીવની જતના પળે, તેવા પહોળા વાસણમાં ભક્ષ્યાભક્ષ્યના વિવેક પૂર્વક મૌનપણે ( એંઠે મોઢે વાતચિત નહિ કરતાં ) ભક્ષ્ય (ભોજન) માં કોઇ પણ સજીવ કે નિર્જીવ ( જીવનું ) કલેવર આવી ન જાય, તેમ ચિત્ત સ્થિર રાખી, ચક્ષુવડે બરાબર તપાસ કરી, ઉપયોગથીજ હિતમિત (પથ્ય અને પ્રમાણોપેત ) ભોજન ગ્રહણ કરવું. પરંતુ વિષય લાલસાથી ગમે તેવી સ્વાદિષ્ટ પણ વસ્તુ પ્રમાણની બહાર પડતી લેવી નહિ. તેમજ કુપથ્ય ( શરીરને પ્રતિકુળ ) ભોજન પણ કદાપિ કરવું નહિ. આમ વિવેકથી વર્તનાર સુએથી સ્વધર્મ કર્મ સાધી શકે છે. તેથી વિપરીત વર્તનારાના ઘણી વખત બૂરા હાલ થતાં નજરે પડે છે, માટે ઉકતહિત શિક્ષા હૃદયમાં ધારી પ્રમાદ વર્જી. ઉકત નીતિથી ચાલવા ખપ કરવો.

# પ્રકરણ ૮ મું.

## " ભણ્યો પણ ગણ્યો નહિ.

જે કંઇ પણ જાણપણું મળ્યા છતાં અવિવેક છંડી સદ્‌વિવેક આદરે નહિ; ઉન્માર્ગ તજી સન્માર્ગ ગ્રહેનહિ; તેનું જાણપણું ગધેડાપરના ચંદનના ભારની જેમ મિથ્યા કલેશ રૂપજ સમજવું. જેમ ગધેડાને ચંદન ભાર રૂપજ છે, કંઇ પણ શીતળતા માટે નથી. તેમ તેવા અવિવેકી ગધેડા જેવા જનોને પણ તે જ્ઞાન કેવળ ભાર ભૂતજ છે. કંઇપણ હિતકારી નથી. પવિત્ર જૈન શાસનમાં એવો આગ્રહ નથી, કે ઘણું ભણ્યો હોય તેનુંજ કલ્યાણ થાય, પણ બીજાનું થાય નહિ. પરંતુ આટલું તો ચોખ્ખું ફરમાન છે કે થોડું કે ઘણું ભણીને ગણે તેનું કલ્યાણ છે. ભણીને ગણ્યું તે કહેવાય કે શાસ્ત્ર ગુરૂમુખ સાંભળીને કે વાંચીને તેનો બરાબર નિર્ધાર કરી સુવિવેક આદરી અહિત માર્ગનો સર્વથા ત્યાગ કરી, હિતકારી માર્ગનુંજ સેવન કરવામાં આવે તેમાં (હિત સેવનમાં) જેની ઉપેક્ષા તે ભણ્યો પણ ગણ્યો નહિ. એમ ચોક્કસ સમજવું. દૃષ્ટાંત તરિકે વિષ મારે છે, અને અમૃત જીવાડે છે. એમ જાણ્યા છતાં અમૃતની અવગણના કરી વિષ ભક્ષણ કરે તે અવશ્ય મરે છે.

# પ્રકરણ ૯ મું.

## નવકાર મહામંત્ર.

જે મહામંત્રના ફક્ત નવજ પદો અને ૬૮ અક્ષરો છે. તે નવકાર માત્રનું પણ જોસ રહસ્ય સદ્વિવેકથી સ્મરણ કરવામાં આવે તો તેવા ભાવિક સજ્જનો તેવડે અતુલ લાભ ઉપાર્જી શકે.

ઉક્ત નવકાર મંત્ર અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ રૂપ પંચ પરમેષ્ઠિના નમસ્કાર રૂપ હોવાથી સર્વોત્કૃષ્ટ ગણાય છે. ત્રણ ભુવનમાં પ્રધાન પંચ પરમેષ્ઠીના પરમ આદર પૂર્વક પ્રણામ રૂપ નવકાર મંત્ર, ચૌદ પૂર્વોનો સાર મનાય છે. ચોખ્ખે ચિત્તે નવકારમંત્રનું, એકવાર સ્મરણ કરતાં ૫૦૦ સાગર પ્રમાણ પાપ પ્રલય જાય છે. તો ત્રિકરણ (મન, વચન, અને કાયાની) શુદ્ધિથી વારંવાર ઉક્ત મહામંત્રનું સ્મરણ કરવાના શ્રેષ્ઠ ફળનું તો કહેવુંજ શું? ઉત્કૃષ્ટભાવે નવ લાખ નવકાર ગણતાં–જપતાં, જગજયવંતી જીનવર પદવી પમાય એવા અનેક અધિકાર શાસ્ત્રમાં જોવામાં આવે છે. માટે ઉક્ત મહામંત્ર દુનિયામાં શ્રેષ્ઠ ગણાતા (ચિંતારત્ન પ્રમુખ) સર્વ પદાર્થો કરતાં પણ અધિક આદરથી સેવવા યોગ્ય છે. ઉક્ત મહામંત્રનું સ્મરણ સુવિવેકી જનોએ ક્ષણે ક્ષણે અને પળે પળે કરવા યોગ્ય છે. એક ક્ષણમાત્ર પણ તે વિસરવા યોગ્ય નથી. પહેલે પદે] કામ ક્રોધ, અને મોહાદિક, મહા શત્રુઓનું નિકંદન કરનાર અરીહંત ભગવાનને; બીજે પદે આઠે કર્મ બંધનોથી સર્વથા મુક્ત થએલા 'સિદ્ધ' ભગવાનને, ત્રીજે પદે પંચાચાર પાલન પ્રવીર્ણતાદિક ૩૬ ગુણાલંકૃત 'આચાર્ય' મહારાજને ચોથે પદે અંગ ઉપાંગના અધ્યયન અધ્યાપનાદિક ૨૫ ગુર્ણશોભિત ઉપાધ્યાય ને અને પાંચમે પદે છ વ્રત (પંચમહાવ્રત રાત્રિભોજન વિરમણ સહિત) પાલન, છ કાય રક્ષાદિક ૨૭ ગુણાલંકૃત 'સાધુ–"મુનિરાજને સમ્યગ્ (ત્રિકરણ શુદ્ધિથી) નમસ્કાર થાઓ. એમ આગળના (પૂર્વના) પાંચ પદોનો સામાન્યતાથી પરમાર્થ સમજવો. પાછળના ચાર પદોનો પરમાર્થ સમજવાથી આ મહામંત્રનો અચિંત્ય પ્રભાવ સહજ સમજી શકાય, માટે તે ૪ પદોનો ભાવાર્થ કહેવાની અગત્ય છે. ભાવાર્થ એ છે કે–આ આગળ

કહેલાં પાંચ પદોવડે કરેલાં ( પરમેષ્ઠી પ્રત્યે ) નમસ્કાર સર્વ પાપનો સર્વથા નાશ કરવા સમર્થ છે. અને સર્વ પ્રકારના મંગળમાં પ્રથમ મંગળ રૂપ છે. માટે સર્વ સુખના અર્થી જનોએ અવશ્યાવશ્ય આદરવા યોગ્ય છે.

# પ્રકરણ ૧૦ મું.

## ઉત્તમ ગુણ ગ્રહણતા.

હંસ જેવા સારગ્રાહી સ્વભાવથી ગુણ પ્રાપ્તી, અને ભુંડ જેવા ભુંડા સ્વભાવથી દોષ પ્રાપ્તિ થાય છે. ગુણ-ગુણીના શુદ્ધ રાગથી ગુણ-લાભ અને દોષ-દૂષ્ટના અશુદ્ધ રાગથી ગુણ હાનિ થાય છે. તાત્પર્ય કે ઉત્તમ ગુણ-ગુણી પ્રતિ શુદ્ધ પ્રેમભાવ વિના કદાપિ કોઇ પણ આત્માને ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થઈ શકતી નથી. ઉત્તમ ગુણ પ્રાપ્ત કરવા અધિકારી-પાત્ર તેજ છે કે, જે પોતે ઉત્તમ ગુણ રાગી થઈ, ઉત્તમ ગુણ ગ્રહણ કર્યા કરે છે. અનંત ગુણી અરિહંતાદિક પરમાત્માનું તેમજ સમ્યગ્ રત્નત્રયીના આરાધક આચાર્ય પ્રમુખ પવિત્ર આત્માઓનું અહોનિશ સ્મરણ, દર્શન, પૂજન, ભક્તિ બહુ માનાદિક કરવાનું પ્રયોજન એજ છે કે આપણી આત્મ પરિણતિ પણ શુદ્ધ અભ્યાસના બળે અંતે તદાકાર તેવીજ થાય. આ હેતુ માટે આપણી વૃતિ ખરેખરી ઉત્તમ ગુણગ્રહણ સન્મુખજ જોઇયે, વિમુખ તો જોઇયેજ નહિ. આપણે ઉકત અનંત ગુણી અરિહંતાદિકની સન્મુખતા શી રીતે ભજવી કે જેથી તેમના અનંત ગુણી આત્માનો આપણો આત્મા આબેહુબ ફોટો લહી શકે. (૧) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત (સ્વભાવ) રમણ અને અનંત વીર્ય રૂપ અનંત આત્મ ( પરમાત્મ ) ગુણ પ્રાપ્ત-પ્રગટ કરી સર્વ દોષોનું દલન કરી સુર (દેવ) વિનિર્મિત સમવસરણમાં બિ-

રાજમાન થઇ, જે જે રીતે દોષ માત્રાનું દલન, અને ગુણ માત્રનું અમોઘ મિલન થાય, તે તે નિર્દોષ મોક્ષમાર્ગનું પોતેજ સાક્ષાત્ સેવન કરી ભવ્ય, જીવોનાં એકાંત હિતની ખાતર અમૃત સમાન મીઠી વાણીથી સ્યાદ્વાદ માર્ગનું નિ-રૂપણ કથન કરી અનેક ભવ્ય સત્વોને ધર્મ માર્ગમાં સાક્ષાત સ્થાપી સ્વ તીર્થંકરપદ સાર્થક કરે છે, આવી અનુપમ અ-રિહંત દેવની પરોપકાર વૃત્તિ દિલમાં ધારી, આપણે પણ આપણું છતું વિર્ય ફોરવીને અરિહંત દેવની અમોઘ આ-જ્ઞાનું યથાશકિત આરાધાન કરીને સ્વ મનુષ્ય ભાવાદિક દુર્લભ સામગ્રી સફળ કરવી ઘટે છે.

આમ સ્વચ્છંદતા તજીને યથાશકિત અરિહંત પ્રભુની અમુલ્ય આજ્ઞાનું આરાધન કરતાં કરતાં અનુક્રમે અભ્યાસના બળથી આત્મ પરિણુતિ શુદ્ધ-શુદ્ધ તરથતી જાય છે. અંતે અભેદ બુદ્ધિથી અરિહંતની ઉપાસના કરતાં ઉપાસક (સેવક) પોતેજ ઉપાસ્ય ( ઉપાસના કરવા યોગ્ય ) બની જાય છે. અર્થાત ' કીટ ભ્રમરી ' ના ન્યાયે પોતેજ અરિહંત રૂપજ થાય છે.

(૨) સમસ્ત કર્મનો શર્વથા ક્ષય કરી ઉકત ન્યાયે સિદ્ધ થએલ સિદ્ધ ભગવાનની તેમના પવિત્ર પગલે ચાલવા વડે-તેમનાં ઉદાર ચરિત્રને સમ્યગ્ સેવવાથીજ સમસ્ત સ્વ કર્મનો ક્ષય કરી અનંત, અક્ષય, અવ્યાબાધ, અગુરૂલઘુ અપુનર્ભવ રૂપ સહજ આત્મ સમાધિ સુખ સંપ્રાપ્ત કરી શ્રી સિદ્ધપદની ઉપાસના કરતાં કરતાં સંપૂર્ણ આરાધના કરી સ્વ કાર્ય સિદ્ધ કરે છે, વાત પણ એજ વ્યાજબી છે, કે સમર્થ સ્વામીને પામીને સેવક પણ સ્વ સ્વામી સમાન સ્વ-ભાવને આદરી સ્વ સ્વામીની તુલ્યતાનેજ પામે; અને સત્ય પ્રમાણિક સમર્થ સ્વામી પણ તેજ ગણાય. કે જે ઉદાર આશયથી સેવા રસીક સ્વ સેવકને સ્વ બરોબરજ કરે. કોઇ

પણ પ્રકારનો ભેદભાવ નહિ રાખતાં અભેદ ભાવે સિદ્ધ ભગવંતની ભકિત કરનાર ભકતજનો, એજ રીતે સાક્ષાત્ સિદ્ધ સ્વ રૂપને નિઃસંશય, પામી શકેજ.

(૩) નિમળ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, અને વીર્યરૂપ પંચ–આચારમાં પ્રવીણ અને અન્ય આત્માર્થીજનોને ઉકત ઉત્તમ આચારમાં પ્રવર્તાવનાર છતાં નિસ્પૃહતાદિક અનેક ગુણ યુકત આચાર્ય મહારાજની નિર્મળ સેવાનું ફળ એજ છે કે આપણી અનાદિની કુચાલ તજી સર્વથા સુધારી, સુચાલ,—સદાચાર સેવવા સદા સજ્જ થવું.

(૪) અર્થથી અનંતજ્ઞાની–અરિહંત નિરૂપિત અને સૂત્રથી ગણધર ગુંથિત–રચિત દ્વાદશાંગી અંતર્ગત આચારાંગ પ્રમુખ ૧૧ અંગ તથા ઉવાઇય પ્રમુખ બાર ઉપાંગના ધારક હોઇ ઉકત સૂત્ર અધ્યયન કરવા સમીપ આવતા પથ્થર જેવા જડ–અવિનીત શિષ્યને સૂત્રધારાથી નવ પલ્લવ સુવિનીત અને સુબધીત કરવા સમર્થ ઉપાધ્યાય મહારાજની ઉત્તમ સેવા પામી વિનયાદિક અનેક ગુણગણ ધારવા, સદા ઉધુકત રહેવું.

(૫) સદ્ વિવેકથી સર્વ સંસારિક ઉપાધિ છંડીને સમ્યગ્ જ્ઞાન, દર્શન, અને ચારિત્ર રૂપ રત્નત્રયી આરાધવા ઉજમાળ અને મોક્ષ સુખના અર્થી ભવ્યજનોને યથાયોગ્ય ધર્મોપદેશાદિક વડે સુસહાય આપવા તત્પર સુસાધુસંતની સેવા પૂર્વ પુણ્યયોગે પામી પાપકારી પાંચે પ્રમાદનો પરિહાર કરી સુવિવેકી સજ્જનોએ તત્ત્વ–રહસ્ય પામી અવંચક મન, વચન, અને કાયાના ) યોગથી અવંચક ક્રિયા આરાધી અવંચક (મોક્ષ) ફળ અવશ્ય મેળવવું. ખરેખર મોક્ષ માર્ગના સાધનાર સુસાધુ નિર્ગ્રંથોની નિર્દંભ સેવા—ભકિત કરવા તત્પર ભક્ત જનોને સાક્ષાત્ કલ્પવૃક્ષની પેરે ફળી-

ભૂત થાય છે. એક દરિદ્રી ( નિર્ધન ) માણસ પણ ઉકત સાધુની સાચી સેવાથી સાધુતાને પામી ચક્રવર્તીને પણ પૂજવા યોગ્ય બને છે. આમ પંચપરમેષ્ટીની પવિત્ર ભક્તિ વડે સુવિવેકી જને પોતાના આત્માને પવિત્ર કરીને ઉજ્જવલ ધર્મ, અને શુકલ ધ્યાનના બલે પંચમીગતિ–મુક્તિ યોગ્ય અવશ્ય કરવો. જેથી અંતે, પોતાનો પવિત્ર આત્માપૂર્ણાનંદ પરમાત્મ દશાને સાક્ષાત્ પામી અનુભવી શાશ્વત, લોકાગ્રે સ્થિત મુકિત ધામને અલંકૃત કરે, ઇતિશમ્



# આ બાવન બોલ પ્રત્યેક તિર્થંકરોમાં કહે છે તેનું કોષ્ટક.

| | શ્રી તિર્થંકરોના નામ. | ચવણ તિથિ. | વિમાન નામ. | જન્મ નગરી. | જન્મ તિથિ. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રીષભદેવ | અસા. વ. ૪ | સર્વાર્થસિદ્ધ | વિનીતા | ચૈત્ર વદી ૮ |
| ૨ | ,, અજીતનાથ | વૈશા. સુ ૧૩ | વિજયવિમાન | અયોધ્યા | માહાશુદી ૮ |
| ૩ | ,, સંભવનાથ | ફાગ. સુદી ૮ | [illegible]લાગ્રૈવેયક | સાવથ્થી | ,, ૧૪ |
| ૪ | ,, અભિનદન | વૈશા. સુદી ૪ | જયંત | અયોધ્યા | ,, ૨ |
| ૫ | ,, સુમતિનાથ | શ્રાવ. સુદી ૨ | ,, | ,, | વૈશા. શુ. ૮ |
| ૬ | ,, [redacted]પ્રભુ | માહા વદિ ૬ | ઉવરિમગ્રૈવેયક | કૌસંબી | કાર. વદ ૧૨ |
| ૭ | ,, સુપાર્શ્વનાથ | ભાદ વદિ ૮ | મધ્યમ ,, | વણારસી | જેઠ સુદી ૧૨ |
| ૮ | ,, ચંદ્રપ્રભુ | ચૈત્ર વદિ ૫ | વિજ્યંત | ચંદ્રપુરી | પોશ વદી ૧૨ |
| ૯ | ,, સુવિધીનાથ | ફાગ. વદિ ૯ | આનત દેવલોક | કાકંદી | માગ. વદી ૫ |
| ૧૦ | ,, શીતલનામ | વૈશા. વદી ૬ | અચ્યુત દેવલોક | ભદ્દિલપુર | માહા વદી ૧૨ |
| ૧૧ | ,, શ્રેયાંસનાથ | [redacted] ૬ | ,, ,, | સિંહપુરી | ફાગ. વદી ૧૨ |
| ૧૨ | ,, વાસુપૂજ્ય | જેઠ શુદી ૯ | પ્રાણત ,, | ચંપાપુરી | ,, ૧૪ |
| ૧૩ | ,, વિમળનાથ | વૈશા. શુ. ૧૨ | સહસ્રાર દેવલોક | કંપિલપુરી | માહ. શુદી ૩ |
| ૧૪ | ,, અનંતનાથ | શ્રાવ. વદિ ૭ | પ્રાણત ,, | અયોધ્યા | વૈશાક વ. ૧૩ |
| ૧૫ | ,, ધર્મનાથ | વૈશા. શુદિ ૭ | વિજયવિમાન | રત્નપુરી | મહા શુદી ૩ |
| ૧૬ | ,, શાંતિનાથ | ભાદ. વદિ ૭ | સર્વાર્થસિદ્ધ | ગજપુર | જેઠ વદી ૧૩ |
| ૧૭ | ,, કુંથુનાથ | શ્રાવણ વ. ૯ | ,, | ગજપુર | વૈશાક વદ ૧૪ |
| ૧૮ | ,, અરનાથ | ફાગણ શુદિ ૨ | ,, | ગજપુર | માગ. શુ. ૧૦ |
| ૧૯ | ,, મલ્લીનાથ | ફાગણ શુદ ૪ | જયંત | મથુરાનગરી | ,, ૧૧ |
| ૨૦ | ,, મુનીસુવ્રત | શ્રાવ. શુદ ૧૫ | અપરાજીત | રાજગ્રહી | જેઠ વદી ૮ |
| ૨૧ | ,, નમીનાથ | આસો સુ ૧૫ | પ્રાણત દેવલોક | [illegible]થુરાનગરી | શ્રાવણ વદી ૮ |
| ૨૨ | ,, નેમિનાથ | કાર. વદિ ૧૨ | અપરાજીત | સૌરીપુરી | ,, શુદી ૫ |
| ૨૩ | ,, પાર્શ્વનાથ | ચૈત્ર વદિ ૪ | પ્રાણત દેવલોક | વણારસી | પોશ વદી ૧૦ |
| ૨૪ | ,, મહાવીર સ્વામી | અશા. શુ. ૬ | ,, ,, | ક્ષત્રીકુંડ | ચૈત્ર વદી ૧૩ |

# તિથિની ગણત્રી પુનમિઆ મહિના પ્રમાણે.

| નામ. | | જન્મ. | | લંછન નામ. | શરીરમાન ધનુષ્ય | આયુમાન. |
|---|---|---|---|---|---|---|
| પિતા. | માતા. | નક્ષત્ર. | રાશી | | | |
| નાભિકુલકર | મરૂદેવી | ઉત્તરાષાઢા | ધ | વૃષભ | ૫૦૦ | ૮૪ લક્ષપૂર્વ |
| જીતશત્રુ | વિજયા | રોહિણી | વૃષ | હસ્તી | ૪૫૦ | ૭૨ ,, |
| જીતારિ | સેના | મૃગશિર | મિ. | અશ્વ | ૪૦૦ | ૬૦ ,, |
| સંવરરાજા | સિદ્ધાર્થા | પુનર્વસુ | મિ. | વાંદરો | ૩૫૦ | ૫૦ ,, |
| મેઘરાજા | મંગલા | મઘા | સિં | ક્રૌંચ | ૩૦૦ | ૪૦ ,, |
| શ્રીધરરાજા | સુસીમા | ચિત્રા | ક | પદમકમળ | ૨૫૦ | ૩૦ [redacted] |
| પ્રતિષ્ઠરાજા | પૃથિવી | વિશાખા | તુ. | સાથીયો | ૨૦૦ | ૨૦ ,, |
| મહાસેનરાજા | લક્ષ્મણા | અનુરાધા | વૃ. | ચંદ્ર | ૧૫૦ | ૧૦ ,, |
| સુગ્રીવરાજા | રામા | મુલ | ધ | મગરમચ્છ | ૧૦૦ | ૨ ,, |
| દ્રઢરથ | નંદા | પૂર્વાષાઢા | ધ. | વત્સ | ૯૦ | ૧ ,, |
| વિષ્ણુ | વિષ્ણુ માતા | શ્રવણ | મ. | ગેંડ [redacted] | ૮૦ | ૮૪ લાખ વર્ષ |
| વસુપુજ્ય | જયા | શતભિષાન | કું. | પાડો | ૭૦ | ૭૨ ,, |
| કૃતવર્મ | શ્યામા | ઉત્તરાભાદ્રપદ | મી. | વરાહસુવર | ૬૦ | ૬૦ ,, |
| સિંહસેન | સુયશા | રેવતી | મી. | સીંચાણો | ૫૦ | ૩૦ ,, |
| ભાનુ | સુવ્રતા | પુષ્ય | કર્ક | વજ્ર | ૪૫ | ૧૦ ,, |
| વિશ્વસેન | અચીરા | ભરણી | મે | હરણ | ૪૦ | ૧ ,, |
| સૂરરાજા | શ્રીરાણી | કૃતિકા | વૃષ | બકરો | ૩૫ | ૯૫૦૦૦ વર્ષ |
| સુદર્શન | દેવીરાણી | રેવતી | મી. | નંદાવર્ત | ૩૦ | ૮૪૦૦૦ |
| કુંભરાજા | પ્રભાવતિ | અશ્વિની | મે. | કલસ | ૨૫ | ૫૫૦૦૦ |
| સુમિત્રરાજા | પદ્માવતિ | શ્રવણ | મ | કાચબો | ૨૦ | ૩૦૦૦૦ |
| વિજય | વિપ્રા. રા. | અશ્વિની | મ | કમળ | ૧૫ | ૧૦૦૦૦ |
| સમુદ્રવિજય | શીવાદેવી | ચિત્રા | ક. | શંખ | ૧૦ | ૧૦૦૦ |
| અશ્વસેન | વામાદેવી | વિશાખા | તુ. | સર્પ | ૯ હાથ | ૧૦૦ |
| સિદ્ધાર્થ | ત્રીસલાદેવી | ઉત્તરા ફા૦ | ક | કશરિસિંહ | ૭ હાથ | ૭૨ |

## આ બાવન બોલ પ્રત્યેક તિર્થંકરમાં કહે છે તેનું કોષ્ટક.

| [illegible] | શરીરનો રંગ વર્ણ. | પદવી રાજની. | પાણી ગ્રહણ. | દીક્ષા લીધી. | | | પ્રથ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કેટલાસાધુ સાથે. | કઇ નગરીમાં. | કેટલો તપ. | શેનું. |
| ૧ | સુવર્ણવર્ણ | રાજપદવી | વિવાહ થયા | ૮૦૦૦ | વિનીતા | બે ઉપવાસ | ઇક્ષુ રસ. |
| ૨ | „ | „ | „ | ૧૦૦૦ | અયોધ્યા | „ | ક્ષીર |
| ૩ | „ | „ | „ | ૧૦૦૦ | સાવથ્થી | „ | „ |
| ૪ | „ | રાજા | પરણ્યા | ૧૮૦૦ | અયોધ્યા | „ | „ |
| ૫ | „ | „ | „ | ૧૦૦૦ | „ | નિત્યભક્ત | „ |
| ૬ | રક્ત | „ | „ | ૧૦૦૦ | કૌસંબી | ૧ ઉપવાસ | „ |
| ૭ | સુવર્ણ | „ | „ | ૧૦૦૦ | બનારસી | ૨ „ | „ |
| ૮ | શ્વેત | „ | „ | ૧૦૦૦ | ચંદ્રપુરી | „ | „ |
| ૯ | „ | „ | „ | ૧૦૦૦ | [illegible] | „ | „ |
| ૧૦ | સુવર્ણ | „ | „ | ૧૦૦૦ | ભદ્દિલપુર | „ | „ |
| ૧૧ | „ | „ | „ | ૧૦૦૦ | સિંહપુરી | „ | „ |
| ૧૨ | લાલવર્ણ | કુમાર | „ | ૬૦૦ | ચંપાપુરી | „ | „ |
| ૧૩ | સુવર્ણ | રાજા | „ | ૧૦૦૦ | કંપીલપુર | „ | „ |
| ૧૪ | „ | „ | „ | ૧૦૦૦ | અયોધ્યા | „ | „ |
| ૧૫ | „ | „ | „ | ૧૦૦૦ | રત્નપુરી | „ | „ |
| ૧૬ | „ | ચક્રવર્તિ | ૬૪૦૦૦ સ્ત્રી | ૧૦૦૦ | ગજપુર | „ | „ |
| ૧૭ | „ | „ | ૬૪૦૦૦ સ્ત્રી | ૧૦૦૦ | „ | „ | „ |
| ૧૮ | „ | „ | ૬૪૦૦૦ સ્ત્રી | ૧૦૦૦ | „ | „ | „ |
| ૧૯ | નીલો | કુમાર | નહી પરણ્યા | ૩૦૦ | મિથિલા | ૩ ઉપવાસ | „ |
| ૨૦ | શ્યામ | રાજા | પરણ્યા | ૧૦૦૦ | રાજગૃહી | ૨ „ | „ |
| ૨૧ | પીળોવર્ણ | રાજા | „ | ૧૦૦૦ | મથુરા | „ | „ |
| ૨૨ | શ્યામ | કુમાર | નહી પરણ્યા | ૧૦૮૦ | સૌરીપુરી | „ | „ |
| ૨૩ | નીલોવર્ણ | કુમાર | પરણ્યા | ૩૦૦ | વણારસી | „ | „ |
| ૨૪ | પીળોવર્ણ | કુમાર | પરણ્યા | એકાકી | ક્ષત્રીકુંડ | „ | „ |

# તિથિની ગણત્રી, "પુનમીઆ" મહીના પ્રમાણે.

| ...મ પારણું. | | દીક્ષા તિથિ. | છદ્મસ્થ કાળ વર્ષ. | જ્ઞાન નગરી. | જ્ઞાન તપ. |
|---|---|---|---|---|---|
| કોને ત્યાં. | કેટલી મુદત પછી. | | | | |
| શ્રેયાંસને ઘેર | ૧ વ. ૫. | ચૈત્ર વદી ૮ | ૧૦૦૦ | પુરીમતાલ | ૩ ઉપવાસ |
| બ્રહ્મ દત્ત | ૨ દી. ૫ | માહા વદી ૯ | ૧૨ | અયોધ્યા | ૨ ,, |
| સુરેંદ્ર દત્ત | ,, | માગસ શુ. ૧૫ | ૧૪ | સાવથ્થી | ,, |
| ઈંદ્ર દત્ત | ,, | માહા શુ. ૧૨ | ૧૮ | અયોધ્યા | ,, |
| પદ્મ | ,, | વૈશાખ શુ. ૯ | ૨૦ | ,, | ,, |
| સોમદેવ | ,, | કાર્તક વ. ૧૩ | ૬ માસ | કૌસંબી | ચોથભક્ત |
| માહેંદ્ર | ,, | જેઠ શુદી ૧૩ | ૯ ,, | વણારસી | ૨ ઉપવાસ |
| સોમદત્ત | ,, | પોશ વ. ૧૩ | ૩ ,, | ચંદ્રપુરી | ,, |
| પુષ્પ | ,, | માગ. વ. ૬ | ૪ ,, | કાકંદી | ,, |
| પુનર્વસુ | ,, | માહા વ. ૧૨ | ૩ ,, | ભદ્દિલપુર | ,, |
| નંદ | ,, | ફાગ. વદી ૧[illegible] | [illegible] ,, | સિંહપુરી | ,, |
| સુનંદ | ,, | ,, શુ. ૧૫ | ૧ ,, | ચંપાપુરી | ,, |
| જય રાજા | ,, | માહા શુ ૪ | ૨ માસ | કંપીલપુર | ,, |
| વિજય રાજા | ,, | વૈશા. વ. ૧૪ | ૩ વર્ષ | અયોધ્યા | ,, |
| ધન સિંહ | ,, | માહા શુ. ૧૩ | ૨ ,, | રત્નપુરી | ,, |
| સુમિત્ર | ,, | જેઠ વ. ૧૪ | ૧ ,, | ગજપુર | ,, |
| વ્યાઘ્ર સિંહ | ,, | ચૈત્ર વદી ૫ | ૧૬ ,, | ,, | ,, |
| અપરાજીત | ,, | માગ. શુ. ૧૧ | ૩ ,, | ,, | ,, |
| વિશ્વસેન | ,, | ,, શુ. ૧૧ | ૧ અહોરાત | મથુરા | ,, |
| બ્રહ્મ દત્ત | ,, | ફાગ. શુ. ૧[illegible] | ૧ માસ | રાજગૃહી | ,, |
| [illegible]દન કુમારે | ,, | અષાડ વ. ૯ | ૯ ,, | મથુરા | ,, |
| વરદિન્ન | ,, | શ્રાવણ શુ. ૬ | ૫૪ દીવસ | ગિરનાર | ૩ ,, |
| ધન્ય નામ | ,, | પોશ વ. ૧[illegible] | ૮૪ દીવસ | વણારસી | ૩ ,, |
| બહુલ બ્રાહ્મણ | ,, | માગ. વ. ૧૧ | ૧૨ વર્ષ | રૂજુબાળ નદી | ૨ ,, |

## આ બાવન બોલ પ્રત્યેક તિર્થંકરોમાં કહેછે તેનું કોષ્ટક.

| તીર્થંકરોનાં નામ | દીક્ષા વૃક્ષ | જ્ઞાન તિથિ. | પરીવાર. | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ગણુધર. | સાધુ. | સાધવી. | વૈક્રીય લબ્ધિવંત. | વાદીઓ. | અવધિ જ્ઞાની. |
| ૧ | વટ | ફાગ. વ. ૧૧ | ૮૪ | ૮૪૦૦૦ | ૩૦૦૦૦૦ | ૨૦૬૦૦ | ૧૨૬૫૦ | ૯૦૦૦ |
| ૨ | સાલ | પોસ વ. ૧૧ | ૯૫ | ૧૦૦૦૦૦ | ૩૩૦૦૦૦ | ૨૦૪૦૦ | ૧૨૪૦૦ | ૯૪૦૦ |
| ૩ | પ્રિયાલ | કારતક વ. ૫ | ૧૦૨ | ૨૦૦૦૦૦ | ૩૩૬૦૦૦ | ૧૯૮૦૦ | ૧૨૦૦૦ | ૯૬૦૦ |
| ૪ | પ્રિયંગુ | પોસ વ. ૧૪ | ૧૧૬ | ૩૦૦૦૦૦ | ૬૩૦૦૦૦ | ૧૯૦૦૦ | ૧૧૦૦૦ | ૯૮૦૦ |
| ૫ | સાલ | ચૈત્ર શુ. ૧૧ | ૧૦૦ | ૩૨૦૦૦૦ | ૫૩૦૦૦૦ | ૧૮૪૦૦ | ૧૦૪૦૦ | ૧૧૦૦૦ |
| ૬ | છત્ર | ચૈત્ર શુ. ૧૫ | ૧૦૭ | ૩૩૦૦૦૦ | ૪૨૦૦૦૦ | ૧૬૧૦૮ | ૯૬૦૦ | ૧૦૦૦૦ |
| ૭ | સરીસ | ફાગ વદી ૬ | ૯૫ | ૩૦૦૦૦૦ | ૪૩૦૦૦૦ | ૧૫૩૦૦ | ૮૪૦૦ | ૯૦૦૦ |
| ૮ | નાગ | ,, ૭ | ૯૩ | ૨૫૦૦૦૦ | ૩૮૦૦૦૦ | ૧૪૦૦૦ | ૭૬૦૦ | ૮૦૦૦ |
| ૯ | સાલ | કારતક શુ ૩ | ૮૮ | ૨૦૦૦૦૦ | ૧૨૦૦૦૦ | ૧૩૦૦૦ | ૬૦૦૦ | ૮૪૦૦ |
| ૧૦ | પ્રિયંગુ | પોસ વ. ૧૪ | ૮૧ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૬ | ૧૨૦૦૦ | ૫૮૦૦ | ૭૨૦૦ |
| ૧૧ | તંદુક | મહા વદી ૩ | ૭૬ | ૮૪૦૦૦ | ૧૦૩૦૦૦ | ૧૧૦૦૦ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| ૧૨ | પાડલ | મહા શુદ ૨ | ૬૬ | ૭૨૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦ | ૪૭૦૦ | ૫૪૦૦ |
| ૧૩ | જંબુ | પોસ શુ. ૬ | ૫૭ | ૬૮૦૦૦ | ૧૦૦૮૦૦ | ૯૦૦૦ | ૩૬૦૦ | ૪૮૦૦ |
| ૧૪ | અશોક | વૈશાક વ. ૧૪ | ૫૦ | ૬૬૦૦૦ | ૬૨૦૦૦ | ૮૦૦૦ | ૩૨૦૦ | ૪૩૦૦ |
| ૧૫ | દધિપર્ણ | પોસ શુ. ૧૫ | ૪૩ | ૬૪૦૦૦ | ૬૨૪૦૦ | ૭૦૦૦ | ૨૮૦૦ | ૩૬૦૦ |
| | | ,, ૯ | ૩૬ | ૬૨૦૦૦ | ૬૧૬૦૦ | ૬૦૦૦ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ૧૬ | નંદી | | | | | | | |
| ૧૭ | તીલક | ચૈત્ર શુ. ૩ | ૩૫ | ૬૦૦૦૦ | ૬૦૬૦૦ | ૫૧૦૦ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૧૮ | આંબો | કાર શુ. ૧૨ | ૩૩ | ૫૦૦૦૦ | ૬૦૦૦૦ | ૭૩૦૦ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| ૧૯ | અશોક | માગ શુ. ૧૧ | ૨૮ | ૪૦૦૦૦ | ૫૫૦૦૦ | ૨૯૦૦ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| ૨૦ | ચંપક | ફાગ વ. ૧૨ | ૧૮ | ૩૦૦૦૦ | ૫૦૦૦૦ | ૨૦૦૦ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૨૧ | બકુલ | માગ શુ. ૧૧ | ૧૭ | ૨૦૦૦૦ | ૪૧૦૦૦ | ૫૦૦૦ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨૨ | વેડસ | આસો વ. ))) | ૧૧ | ૧૮૦૦૦ | ૪૦૦૦૦ | ૧૫૦૦ | ૮૦૦ | ૧૫૦૦ |
| ૨૩ | ધાતકી | ચૈત્ર વદી ૪ | ૧૦ | ૧૬૦૦૦ | ૩૮૦૦૦ | ૧૧૦૦ | ૬૦૦ | ૧૦૦૦ |
| ૨૪ | સાલ | વૈશા શુ. ૧૦ | ૧૧ | ૧૪૦૦૦ | ૩૬૦૦૦ | ૭૦૦ | ૪૦૦ | ૧૩૦૦ |

# તિથિની ગણત્રી, "પુનમીઆ" મહીના પ્રમાણે.

| | | | | | શાસન. | |
|---|---|---|---|---|---|---|
| કેવળી. | મનઃ પર્યવ. | ચૌદ પૂર્વી. | શ્રાવક | શ્રાવિકા. | યક્ષ. | યક્ષણી. |
| ૨૦૦૦૦ | ૧૨૭૫૦ | ૪૭૫૦ | ૩૫૦૦૦૦ | ૫૫૪૦૦૦ | ગોમુખ | ચક્રેશ્વરી |
| ૨૨૦૦૦ | ૧૨૫૫૦ | ૩૭૨૦ | ૨૯૮૦૦૦ | ૫૪૫૦૦૦ | મહાયક્ષ | અજીતબલા |
| ૧૫૦૦૦ | ૧૨૧૫૦ | ૨૧૫૦ | ૨૯૩૦૦૦ | ૬૩૬૦૦૦ | ત્રીમુખ | દુરીતારી |
| ૧૪૦૦૦ | ૧૧૬૫૦ | ૧૫૦૦ | ૨[illegible]૮૦૦૦ | ૫૨૭[illegible]૦૦ | નાયક | કાલીકા |
| ૧૩૦૦૦ | ૧૦૪૫૦ | ૨૪૦૦ | ૨૮૧૦૦૦ | ૫૧૬૦૦૦ | તુંબરૂ | માહાકાલી |
| ૧૨૦૦૦ | ૧૦૩૦૦ | ૨૩૦૦ | ૨૭૬૦૦૦ | ૫૦૫૦૦૦ | કુસમય | શ્યામા |
| ૧૧૦૦૦ | ૯૧૫૦ | ૨૦૩૦ | ૨૫૭૦૦૦ | ૪૯૩૦૦[illegible] | માતંગ | શાંતા |
| ૧૦૦૦૦ | ૮૦૦૦ | ૨૦૦૦ | ૨૫૦૦૦૦ | ૪૭૯૦૦૦ | વિજય | ભૃકુટી |
| ૭૫૦૦ | ૭૫૦૦ | ૧૨૦૦ | ૨૨૯૦૦૦ | ૪૭૧૦૦૦ | અજીતા | સુતારીકા |
| ૭૦૦૦ | ૭૫૦૦ | ૧૪૦૦ | ૨૮૯૦૦૦ | ૪૫૮૦૦૦ | બ્રહ્મા | અશોકા |
| ૬૫૦૦ | ૬૦૦૦ | ૧૩૦૦ | ૨૭૯૦૦૦ | ૪૪૮૦૦૦ | [illegible]ક્ષેત | માનવી |
| ૬૦૦૦ | ૬૫૦૦ | ૧૨૦૦ | ૨૧૫૦૦૦ | ૪૩૬૦૦૦ | કુમાર | ચંડા |
| ૫૫૦૦ | ૫૫૦૦ | ૧૧૦૦ | ૨૦૮૦૦૦ | ૪૨૪૦૦૦ | ષણમુખ | વિદીતા |
| ૫૦૦૦ | ૫૦૦૦ | ૧૦૦૦ | ૨૦૬૦૦૦ | ૪૧૪૦૦૦ | પાતાલ | અંકુશા |
| ૪૫૦૦ | ૪૫૦૦ | ૯૦૦ | ૨૦૪૦૦૦ | ૪૧૩૦૦૦ | કિન્નર | કંદર્પા |
| ૪૩૦૦ | ૪૦૦૦ | ૮૦૦ | ૧૯૦૦૦૦ | ૩૯૩૦૦૦ | ગરૂડ | નિર્વાણી |
| ૩૨૦૦ | ૩૩૪૦ | ૬૭૦ | ૧૭૯૦૦૦ | ૩૮૧૦૦૦ | ગંધર્વ | બલા |
| ૨૮૦૦ | ૨૫૫૧ | ૬૧૦ | ૧૮૪૦૦૦ | ૩૭૨૦૦૦ | યક્ષેદ | ધર્ણી |
| ૨૨૦૦ | ૧૭૫૦ | ૬૬૮ | ૧[illegible]૩૦૦૦ | ૩૭૦૦૦૦ | કુબેર | ધર્ણપ્રિયા |
| ૧૮૦૦ | ૧૫૦૦ | ૫૦૦ | ૧૭૨૦૦૦ | ૩૫૦૦૦૦ | વરૂણ | નરદત્તા |
| ૧૬૦૦ | ૧૨૫૦ | ૪૫૦ | ૧૭૦૦૦૦ | ૩૪૮૦૦૦ | ભૃકુટી | ગંધારી |
| ૧૫૦૦ | ૧૦૦૦ | ૪૦૦ | ૧૬૯૦૦૦ | ૩૩૬૦૦૦ | ગોમેધ | અંબિકા |
| ૧૦૦૦ | ૭૫૦ | ૩૫૦ | ૧૬૪૦૦૦ | ૩૩૯૦૦૦ | પાર્શ્વ | પદ્માવતી |
| ૭૦૦ | ૫૦૦ | ૩૦૦ | ૧૫૯૦૦૦ | ૩૧૮૦૦૦ | માતંગ | સિદ્ધાયિકા |

## આ બાવન બોલ પ્રત્યેક તિર્થંકરોમાં કહે છે તેનું કોષ્ટક.

| તિર્થંકરોના નામ | પ્રથમ. | | મોક્ષ. | | | |
|---|---|---|---|---|---|---|
| | ગણધર. | આર્યા. | સ્થાન. | તિથિ. | સંલેષણા. | આસન. |
| ૧ | પુંડરીક | બ્રાહ્મિ | અષ્ટાપદ | માહા વ. ૧૩ | છ ઉપવાસ | પદ્માસન |
| ૨ | સિંહસેન | ફાલ્ગુ | સમેતશિખર | ચૈત્ર શુદ ૫ | એક માસ | કાયોત્સર્ગ |
| ૩ | ચારૂ | શ્યામા | ,, | ચૈત્ર શુદ ૫ | ,, | ,, |
| ૪ | વજ્રનાભ | અજીતા | ,, | વૈશાખ શુ. ૮ | ,, | ,, |
| ૫ | ચરમ | કાષ્યપી | ,, | ચૈત્ર શુદિ ૯ | ,, | ,, |
| ૬ | પ્રદ્યોતન | રતી | ,, | માગ. શુ ૧૧ | ,, | ,, |
| ૭ | વિદર્ભ | સોમા | ,, | ફાગણ વદી ૭ | ,, | કાઉસ્સગ્ગ |
| ૮ | દત્ત | સુમના | ,, | ભાદરવા વદ ૭ | ,, | ,, |
| ૯ | વરાહક | વારૂણી | ,, | ભાદરવા શુ. ૯ | ,, | ,, |
| ૧૦ | નંદ | સુયશા | ,, | વૈશાખ વદી ૨ | ,, | ,, |
| ૧૧ | કચ્છપ | ધારણી | ,, | શ્રાવણ વદી ૩ | ,, | ,, |
| ૧૨ | સુભૂમ | ધરણી | ચંપાપુરી | અશાડ શુ: ૧૪ | ,, | ,, |
| ૧૩ | મંદર | ધરા | સમેતશીખર | અશાડ વદ ૭ | ,, | ,, |
| ૧૪ | જશ | પદમા | ,, | ચૈત્ર શુદી ૫ | ,, | ,, |
| ૧૫ | અરિષ્ટ | આર્યશીવા | ,, | જેઠ શુદી ૫ | ,, | ,, |
| ૧૬ | ચકરયુદ્ધ | સુચિ | ,, | જેઠ વદી ૨ | ,, | ,, |
| ૧૭ | સાંબ | દામિની | ,, | વૈશાખ વદી ૧ | ,, | ,, |
| ૧૮ | કુંભ | રક્ષિતા | ,, | માગસર શુ ૧૦ | ,, | ,, |
| ૧૯ | અભિક્ષક | વધુમતિ | ,, | ફાગણ શુ ૧૨ | ,, | ,, |
| ૨૦ | મલ્લી | પુષ્પમતિ | ,, | જેઠ વદી ૯ | ,, | ,, |
| ૨૧ | શુભ | અનિલા | ,, | વૈશાખ વ. ૧૦ | ,, | ,, |
| ૨૨ | વરદત્ત | યક્ષદિન્ના | ગિરનાર | અશાડ શુ ૮ | ,, | પદ્માસન |
| ૨૩ | આર્યદિન | પુષ્પચુડા | સમેતશિખર | શ્રાવણ શુ. ૮ | ,, | કાઉસ્સગ |
| ૨૪ | ઇંદ્રભૂત્તી | ચંદનબાલા | પાવાપુરી | કારતક વ. )) | ૨ ઉપવાસ | પદ્માસન |

# તિથિની ગણત્રી, "પુનમીઆ" મહીના પ્રમાણે

| અંતરમાન. | ગણનામ. | યોની નામ. | મોક્ષ પરિવાર. | છદ્મસ્થ | કુળ ગૌત્ર | ગર્ભકાળ માન. મા. | દિ. |
|---|---|---|---|---|---|---|---|
| ૫૦ લાખ કોડીસાગર | માનવ | નકુલયોની | 10000 | ૧૩ | ઇક્ષ્વાકૂકુળ | ૯ | ૪ |
| ૩૦ લાખ કોડીસાગર | માનવ | સર્પયોની | ૧000 | ૩ | ,, | ૮ | ૨૫ |
| ૧૦ લાખ કોડીસાગર | દેવગણ | ,, | ૧000 | ૩ | ,, | ૯ | ૬ |
| ૯ લાખ કોડીસાગર | ,, | છાગયોની | ૧000 | ૩ | ,, | ૮ | ૨૮ |
| ૯૦ હજાર ,, | રાક્ષસગણ | મુષક ,, | ૧000 | ૩ | ,, | ૯ | ૬ |
| ૯ હજાર ,, | ,, | મહિષ ,, | 300 | ૩ | ,, | ૯ | ૬ |
| ૯ સો કોડી ,, | ,, | મૃગ ,, | ૫00 | ૩ | ,, | ૯ | ૧૯ |
| ૯૦ કોડીસાગર | દેવગણ | ,, ,, | ૧000 | ૩ | ,, | ૯ | ૭ |
| ૯ ,, | રાક્ષસગણ | વાંદર ,, | ૧000 | ૩ | ,, | ૮ | ૨૬ |
| ૧ ,, | માનવ | નકુલ ,, | ૧000 | ૩ | ,, | ૯ | ૬ |
| ૫૪ સાગર | દેવગણ | વાંદર ,, | ૧000 | ૩ | ,, | ૯ | ૬ |
| 30 સાગર | રાક્ષસગણ | અશ્વ ,, | ૬00 | ૩ | ,, | ૮ | ૨૦ |
| ૯ સાગરોપમ | માનવ | છાગ | ૬00 | ૩ | ,, | ૮ | ૨૧ |
| ૪ ,, | દેવગણ | હરિત | ૭00 | ૩ | ,, | ૯ | ૬ |
| ૩ ,, | ,, | મંજારયો૦ | ૧0૮ | ૩ | ,, | ૮ | ૨૬ |
| ૦।। પલ્યોપમ | માનવ | હરિત ,, | ૯00 | ૧૨ | ,, | ૯ | ૬ |
| ૦। પલ્યોપમ | રાક્ષસ | છાગ ,, | ૧000 | ૩ | ,, | ૯ | ૫ |
| 1000 કોડવર્ષ | દેવગણ | હસ્તિ ,, | ૧0 0 | ૩ | ,, | ૯ | ૮ |
| ૫૪00000 વર્ષ | ,, | અશ્વયોનિ | ૫00 | ૩ | ,, | ૯ | ૭ |
| ૬00000 ,, | ,, | વાંદર ,, | ૧000 | ૩ | હરિવંશકુળ | ૯ | ૮ |
| ૫00000 ,, | ,, | અશ્વ ,, | ૧000 | ૩ | ઇક્ષ્વાકુકુળ | ૯ | ૮ |
| ૮૩૭૫૦ ,, | રાક્ષસગણ | મહિષયો૦ | ૫૩૨ | ૯ | હરીવંશ | ૯ | ૮ |
| ૨૫૦ ,, | ,, | મૃગયોનિ | ૩૩ | ૧૦ | ઇક્ષ્વાકુકુળ | ૯ | ૬ |
| ચર્મજીનેશ્વર | માનવગણ | મહિષયો૦ | એકાકીઆ | ૨૭ | ,, | ૯ | ૭।। |

# પ્રકરણ ૧૧ મું.

## વિવિધ વિષય સંગ્રહ.

૧. જાણવા યોગ્ય બાબતો-ષટ્દ્રવ્ય, ચાર નિક્ષેપા, સપ્તભંગી, આઠ કર્મ, નવતત્ત્વ અને ચાર પ્રમાણ.

૨. દશ દ્રષ્ટાંતે મનુષ્ય ભવ પામવો દુર્લભ. તેનાં નામ ચુલગ, પાસા, ધાન્ય, જૂવટું, રત્ન, સ્વપ્ન, ચક્ર, કાચબો, ધુંસરૂં, સમોલ અને પરમાણું.

૩. ચાર શરણના નામ-અરિહંત ભગવાનનું, સિદ્ધ ભગવાનનું, સર્વ સાધુનું, કેવલી પ્રણીત ધર્મનું.

૪. ઘર વિષે ઉત્કૃષ્ટા દશ ચંદરવા બાંધવા તે-૧ પૌષધશાલામાં કે જયાં સામાયિક પ્રતિક્રમણાદિ ધર્મ ક્રિયા થતી હોય ત્યાં ૨ જમવાની જગ્યાએ ૩ ચુલા ઉપર, ૪ પાણીઆરે, ૫ સૂવાને ઠેકાણે ૬ ઘંટી ઉપર, ૭ છાશ કરવાને ઠેકાણે ૮ ખાણીયાપર, ૯ દેરાસરમાં એ રીતે નવ થયા તથા એક હમેશાં ફાલતુ રાખવો કેમકે કારણ અવસરે બાંધવાં થાય.

૫. આઠ વાતો દુર્લભ છે તેનાં નામ ૧ મોહનીય કર્મનો ક્ષય કરવો. ૨ રસેંદ્રિયને વશ રાખવી, ૩ મનોયોગ જીતવો, ૪ યૌવનાવસ્થામાં શીયલ પાળવું, ૫ કાયરને સાધુપણું પાળવું, ૬ કૃપણને દાન દેવું, ૭ અભિમાનીને ક્ષમા કરવી અને ૮ તરૂણાવસ્થામાં ઇંદ્રિયોને વશ કરવી.

૬ દયાના આઠ બોલ-જેમ બીકણને શરણનો આધાર, પંખીને આકાશનો આધાર, તૃષાવંતને પાણીનો આધાર, ભુખ્યાને ભોજનનો આધાર, સમુદ્રમાં બુડતાને પાટીયાનો આધાર, ચતુષ્પદને સ્થાનકનો આધાર, રોગીને

ઔષધને આધાર, ભુલ્યાને વાહનનો આધાર, તેમ ભવ્ય જીવને દયાધર્મનો આધાર જાણુવો.

૭. શીખામણુના આઠ બોલ–દયા પાલે તે દાનેશ્વરી, ધર્માચાર પાળે તે જ્ઞાની, પાપથી ડરે તે પંડીત, પાંચ ઇંદ્રિયોને વશ કરે તે શૂરવીર, સત્ય વચન બોલે તે સિંહ જેવા, પર ઉપર ઉપકાર કરે તે ધનવંત, કુલક્ષણુનો ત્યાગ કરે તે ચતુર અને નિર્ધન સાથે સ્નેહ પાળે તે મિત્ર.

૮. સાત ધોતીયાં શ્રાવકને રાખવા કહ્યાં છે. ૧ લું સામાયિક પ્રતિક્રમણુ કરવાનું, ૨ જું દેવ પૂજાનું, ૩ જું જમવાનું ૪ થું બજારમાં પહેરીને ફરવા હરવાનું ૫ મું રાત્રે સૂતી વખતે શય્યામાં પહેરવાનું ૬ ઠું દેવપૂજા વખતે પહેરીને નહાવાનું ૭ મું દિશા (ઠલ્લે) જતાં પહેરવાનું એવી રીતે રાખવાં

૯ ચાર વિકથાના નામ. સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા, અને રાજકથા.

૧૦ પાંચ સમવાયના નામ. કાલવાદી, સ્વભાવવાદી નિયતવાદી પૂર્વકૃતકર્મવાદી અને પુરૂષાકાર તે ઉદ્યમવાદી.

૧૧ શ્રાવકને નિત્ય પ્રત્યે ચૌદ નિયમ ધારવાને તેનું પરીમાણુ કરવું. સચિત્ત પરીમાણુ દ્રવ્ય, વિગય, ઉપાનહ, તંબોલ, વસ્ત્ર, પુષ્પભોગ, વાહન, શય્યા, વિલેપન બ્રહ્મચર્ય, દિશિ, સ્નાન, અને ભાત પાણી વિગેરેનું રોજ સવારે ઉઠીને પરિમાણુ ધારવું.

૧૨. તેર કાઠીઆ જે ધર્મમાં અંતરાય કરનારા છે તેના નામ, આળસ, મોહ, અવર્ણુવાદ, અહંકાર આણુવો, ક્રોધ કરવો, નિદ્રા, કૃપણુતા, ગુરૂભય, શોક રાખવો, અજ્ઞાન, અસ્થિરતા, કુતુહલ જોવા, તિવ્ર વિષયાભિલાષ, વિગેરે.

૧૩. મિથ્યાત્વ પાંચ પ્રકારે છે તેના નામ ૧ અ-

ભિગ્રહીક, ખરાખોટાની પરિક્ષા કર્યા વિના પોતાની મતીમાં આવ્યું તે સાચું માને તે ૨ અનભિગ્રહીક–સર્વ ધર્મ સારા છે, સર્વ દર્શન સારાં છે, સાનેવંદીએ કોઇને નિંદીએ નહિ, એમ વિષ અમૃત સરખાં ગણવાં તે ૩ અભિનિવેશિક–જાણીને જૂઠું બોલે, પોતાના અજ્ઞાનથી ભૂલ પડે છતે ખોટી પ્રરૂપણા કરે, અને કોઇ સમકિત દૃષ્ટિ સમજાવે તો હઠ ન મુકે તે. ૪ સાંશયિક–જીન વાણીમાં સંશય રાખે એટલે પોતાના અજ્ઞાનથી સિદ્ધાંતના અર્થ સમજે નહિ તેથી ડગમગતો રહેતે ૫ અનાભોગિક–અજાણપણે કાંઇ સમજે નહિ તે અથવા એકેંદ્રિયાદિક જીવને અનાદિ કાલનું લાગે છે તે.

૧૪. સમવસરણની બાર પર્ષદાના નામ–૧ ગણધરની, ૨ વિમાનવાસી દેવાંગનાની, ૩ સાધ્વીઓની એ ત્રણ અગ્નિ ખુણે બેસે; જ્યોતિષિની દેવીની, વ્યંતરની દેવીની, ભુવનપતિની દેવીની એ ત્રણ નૈરૂત્ય ખુણે બેસે; જ્યોતિષી દેવોની, વ્યંતર દેવોની, ભુવનપતિ દેવોની એ ત્રણ વાવ્યખુણે બેસે; વૈમાનિક દેવોની, મનુષ્યની, તથા મનુષ્યની સ્રીયોની એ ત્રણ ઇશાન ખુણે બેસે.

૧૫ ચક્રવર્તિનાં ચૌદ રત્નોના નામ. ચક્ર, છત્ર, ચર્મ, દંડ, ખડ્ગ, મણિ કાંગિણી એ સાત એકેન્દ્રિય તથા સેનાપતિ, ગાથાપતિ, સૂત્રધાર, પુરોહિત, સ્રી, અશ્વ અને ગજ એ સાત પચેંદ્રિય મલી ચૌદ.

૧૬ ચૌદ પ્રકારના ભય–હસ્તિ, સિંહ, સર્પ. અગ્નિ, જલ, રાજા, ચોર, ઇહલોક, અકસ્માત્ અપયશ, અપકીર્તિ પરલોક. વેદના અને અકાલ મરણ.

૧૭ પાંચ સમ્યક્ત્વના નામ ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક સાસ્વાદન અને મિશ્ર.

૧૮ સિદ્ધના ૩૧ ગુણ–૬ સંસ્થાન રહિત, ૧ શરીર રહિત, ૫ રસ રહિત, ૩ વેદ રહિત, ૨ ગંધ રહિત, ૧ જન્મ રહિત, ૫ વર્ણ રહિત અને ૮ સ્પર્શ રહિત. પ્રકારાંતરે વળી ૩૧ ગુણ–૫ પ્રકારના જ્ઞાનાવર્ણીય કર્મ રહિત, ૯ પ્રકારના દર્શનાવર્ણીય કર્મ રહિત, ૨ પ્રકારના વેદનીય કર્મ રહિત, ૨ પ્રકારના મોહનીય કર્મ રહિત, ૪ પ્રકારના આયુ કર્મ રહિત, ૨ પ્રકારના નામ કર્મ રહિત, ૨ પ્રકારના ગોત્ર કર્મ રહિત અને ૫ પ્રકારના અંતરાય કર્મ રહિત.

૧૯ છ ભાષાના નામ–સંસ્કૃત, પ્રાકૃત, સૌરસેની માગધી, પૈશાચિકી અને અપભ્રંશી.

૨૦ ષટ્ દર્શનના નામ–જૈન, મિમાંસક, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક અને સાંખ્ય.

૨૧ ચૌદ ગુણઠાણાના નામ–મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતિ સમ્યક્ દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત. નિવૃત્તિ, અનિવૃત્તિ બાદર, સૂક્ષ્મ સંપરાય, ઉપશાંત મોહ. ક્ષીણ મોહ, સયોગી કેવલી, અને અયોગી કેવલી.

૨૨ ચાર કારણ–નિમિત્ત, ઉપાદાન, અસાધારણ, અને અપેક્ષા.

૨૩ સાત ક્ષેત્રના નામ–સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન ભંડાર, જીન ચૈત્ય, અને જીન પ્રતિમા.

૨૪ પર્યુષણમાં શ્રાવક ભાઇઓએ નિચે મુજબ ધર્મ કાર્યો કરવાં–૧ લું આઠ દિવસ સુધી અમારિ પાળવી ૨ જું યથાશક્તિ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમાદિ તપ જપ કરવો. ૩ આઠ દિવસ સુધી સુપાત્રને અવિચ્છિન્ન દાન દેવું ૪ સ્વામી ભાઇઓમાં સોપારી, નાલીયેર, દ્રાક્ષ, સાકર, ઇત્યાદિની પ્રભાવના કરવી ૫ શ્રી વીતરાગ દેવની પ્રતિમાની પૂજા કરવી ચૈત્ય પરિવાડી કરવી ૬ સર્વ સાધુ સાધ્વી-

ઓને વંદન કરવું ૭ શ્રી સંઘની ભક્તિ કરવી ૮ સચિત્ત વસ્તુનો પરિહાર કરવો ૯ શીયલ પાળવું ૧૦ સર્વ પ્રકારના આરંભ સંબંધિ કર્મોનો ત્યાગ કરવો ૧૧ પોતાની શક્તિ મુજબ સન્માર્ગે દ્રવ્ય ખરચવું ૧૨ જ્ઞાનની ભક્તિ કરવી ૧૩ અભયદાન દેવું ૧૪ કર્મક્ષય નિમિત્ત કાઉસગ્ગ કરવા ૧૫ હમેશાં ઉભયટંક પ્રતિક્રમણ કરવું ૧૬ મોટો મહોત્સવ કરવો ૧૭ જે કલ્પ સૂત્ર વાંચે તેની ભાત પાનાદિક સહાય કરી સુખ સમાધિની ખબર લેવી ૧૮ શ્રી સંઘે માંહોમાંહે ખમવું ખમાવવું ૧૯ ભાવના ભાવવી ૨૦ કલ્પ સૂત્ર સંપૂર્ણ એક ચિત્તે સાંભળવું, કલ્પ સમાન જે ભવ્ય જીવ હોય તે કલ્પસૂત્ર સાંભળે, અને તે વિધિ પૂર્વક સાંભળનારો પુરૂષ બારમે દેવ લોકે જઇ દેવતાના સુખ ભોગવે પરંપરાએ આઠમે ભવે મોક્ષના સુખ પામે, એટલા ધર્મ કાર્ય કરવા શાસ્ત્રમાં બતાવ્યા છે.

૨૫ પાંચ સંવત્સરના નામ ૧ આદિત્ય–તેના ૩૬૬ દિવસ જાણવા. આયુષ્ય આદિનું પરિમાણ આ સંવત્સરે જાણવું ૨ ઋતુ,–તેના ૩૬૦ દિવસ જાણવા ૩ ચંદ્ર–તેના ૩૫૪ દિવસ અધિક કાંઇક ઉણી ૧૨ ઘડી જાણવી ને તેના એક માસના ૨૯ દિવસ અધિક કાંઇક ઉણી ૩૧ ઘડી જાણવી ૪ નક્ષત્ર–તેના ૩૨૭ દિવસ અધિક ૫૭ ઘડી જાણવી ને તેના એક માસના દિવસ ૨૭ અધિક કાંઇક ઉણી ૧૯ ઘડી જાણવી ૫ અભિવર્દ્ધિત—તેના ૩૮૦ દિવસ અધિક ૪૨॥ ઘડી જાણવી.

૨૬ માસના નામ–૧ શ્રાવણ–અભિનંદન ૨ પ્રતિષ્ઠ ૩ વિજય ૪ અતિવર્ધન ૫ શ્રેયાન્ ૬ શીવ ૭ શિશિર ૮ હેમવાન્ ૯ વસંત ૧૦ કુસુમસંભવ ૧૧ નિદાઘ અને ૧૨ વનનિરોહ.

૨૭ તિથિના દિવસના નામ ૧ પૂર્વાંગ ૨ સિદ્ધસેન ૩ મનોહર ૪ યશોભદ્ર ૫ યશોધર ૬ સર્વ કામ સમૃદ્ધ ૭ ઇંદ્રમુર્દ્ધાભિશિક્ત ૮ સૌમનસ ૯ ધનંજય ૧૦ અર્થસિદ્ધ ૧૧ અભિજાત ૧૨ અત્યશન ૧૩ શતંજય ૧૪ અગ્નિવેશ્મ અને ૧૫ ઉપશમ.

૨૮ રાત્રીનાં નામ ૧ ઊત્તરામા ૨ સુનક્ષત્રા ૩ એલાપત્યા ૪ યશોધરા ૫ સૌમનસા ૬ શ્રી સંભૂતા ૭ વિજયા ૮ વૈજયંતા ૯ જયંતા ૧૦ અપરાજિતા ૧૧ ઇચ્છા ૧૨ સમાહારા ૧૩ તેજા ૧૪ અતિતેજા અને ૧૫ દેવાનંદા.

૨૯ આઠ મંગલીકનાં નામ ૧ આરીસો, ૨ ભદ્રાસન, ૩ વર્દ્ધમાન, ૪ શ્રીવત્સ, ૫ મત્સ્યયુગલ, ૬ પ્રધાન કુંભ, ૭ સાથીયો અને ૮ નંદાવર્ત્ત.

૩૦ આઠમદના નામ જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, શ્રુતમદ, તપમદ, લાભમદ, અને ઐશ્વર્યમદ.

૩૧ સાત નયના નામ નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, અને એવંભૂતનય.

૩૨ ચાર નક્ષેપાના નામ—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.

૩૩ પ્રાણીઓનુ' આયુષ્ય શાસ્ત્રોમાં વર્ત્તમાનકાલે આ પ્રમાણે કહ્યું છે. મનુષ્યનું ૧૨૦ વર્ષ, હાથી ૧૨૦ ઘોડા ૪૦, વાઘ ૧૪, કાગ. ૧૦૦. ગધેડાઓ ૨૪ ગેંડાઓ ૨૦ સારસ ૬૦, ક્રૌંચપક્ષી ૬૦, કુકડા ૬૦, બગલો ૬૦, સર્પ ૧૨૦, સમલી ૫૦, સૂવર ૫૦, કાનકડીઆ ( વાગોલ ) ૫૦, હંસ. ૧૦૦, સિંહ ૧૦૦, કાચબો ૧૦૦ થી ૧૦૦૦, ગીધ પક્ષી ૧૦૦, બકરી ૧૬, કુતરા ૧૨ થી ૧૬, શીયાલ ૧૩, હરણ. ૨૪, બિલાડી ૧૨, સૂડો ૧૨, બપૈયા. ૩૦, માછલાં

૧૦૦ થી ૧૦૦૦, ઊંટ ૨૫, ભેંસ ૨૫ ગાય ૨૫, બેલ ૨૫, ઘેટા. ૧૬, રૂપારેલ ચલ્લી ૩૦, ઘુઅડ તથા ચીબરી ૫૦, જૂકંસારી ત્રણ માસ, વીંછી ૭ માસ, ચૌરંદ્રિજીવ ૧ માસથી ૭ માસ, ગરોળી ૧ વરસ, કાકીડા ૧વરસ, કીડી ૪૯દિવસ, ઊંદર ૨ અને સસલાનુ ૧૦ થી ૧૪ વર્ષ સુધી.

૩૪ પચ્ચખ્ખાણ કર્યાથી નીચે મુજબ નરકાયુ તૂટે—નવકારસીથી એક સો વર્ષ, પોરિસીથી એક હજાર વર્ષ, સાઢ પોરસીથી દશ હજાર વર્ષ, પુરી મુઢથી એક લાખ વર્ષ, એકાસણાથી દશ લાખ વર્ષ, નીવીથી એક ક્રોડ વર્ષ, એક લઠાણાથી દશક્રોડ, વર્ષ એકલદત્તિથી સો ક્રોડ વર્ષ, આયંબિલથી હજાર ક્રોડ વર્ષ, અને ઉપવાસથી દશ હજાર ક્રોડ વર્ષ નરકાયુ તૂટે.

૩૫ જીન ભુવનમાં ચોરાશી આશાતના ન કરવી તેના નામ કહે છે. ૧ ખેલ (બળખો) ૨ ધૂતાદિક ક્રિડા ૩ કલહ ૪ ધનુર્વેદાદિક કલા ૫ કોગલા નાંખવા ૬ તાંબૂલ પૂગીફલ. પત્રાદિક ભક્ષણ ૭ તાંબૂલ ખાવાના કૂચા તથા ઉદ્ગાર નાંખવા ૮ ગાલો દેવી વિરૂદ્ધ બોલવું. ૯ લઘુનીતિ વડીનીતી કરવી ૧૦ શરીરધોવન ૧૧ કેસ સમારવા ૧૨ નખ સમારવા ૧૩ રૂધિરાદિ નાંખવા ૧૪ શેકેલાં ધાન્ય પ્રમુખ ખાવ ૧૫ ચાઠાં ત્વચાદિક સમારવા ૧૬ ઔાષધાદિકે કરી પિત્તા વમન કરે ૧૭ વમન કરે ૧૮ દંત ધાવનાદિ કરે ૧૯ વીસામણ કરાવે ૨૦ બકરી, ગજ, અને અશ્વાદિકનું દમન બંધન કરે ૨૧ દાંતનો મેલ ૨૨ આંખનો મેલ ૨૩ નખનો મેલ ૨૪ ગંડસ્થલનો મેલ ૨૫ નાસિકાનો મેલ ૨૬ કાનનો મેલ ૨૭ મસ્તકાદિકનો મેલ છાંડે ૨૮ સૂવે ૨૯ મંત્ર ભૂતાદિકગ્રહ, તથા રાજાદિ કાર્યના આલોચ વિચાર કરે ૩૦ વાદવિવાદ કરે ૩૧ નામા લેખાં કરે ૩૨ ધનનાં ભાગ પ્રમુખ માંહોમાંહે વેંચે ૩૩ પોતાનું દ્રવ્ય ભંડાર કરી

તીહાં થાપે ૩૪ પગ ઉપર પગ ચડાવી બેસે ૩૫ છાણું થાપે ૩૬ વસ્ત્ર સુકવે ૩૭ દાલ ઢંઢણીયાદિક ઉગાવે ૩૮ પાપડ શાલેવાં કરે ૩૯ વડી આદિ દેઈ કચર ચીભડી પ્રમુખ સર્વ શાક જાતિ ઉગવે ૪૦ રાજાદિકના ભયથી દેરાસર મંદ્યે નાસીને છુપી રહે ૪૧ શોકાદિકે રૂદન આક્રંદ કરે ૪૨ સ્ત્રી, ભક્ત, રાજ્યને દેશાદિકની વિકથા કરે ૪૩ શર, બાણ, તથા બીજા પણ અધિકરણ શસ્ત્રઘડે ૪૪ ગાય બળદ પ્રમુખ થાપે ૪૫ ટાઢે પીડયો અગ્નિ સેવે ૪૬ અન્નાદિકનું રાંધણું કરે. ૪૭ નાણાદિક પારખે ૪૮ અવિધિયે નિસિહિ કહ્યા વિના પ્રવેશ કરે ૪૯ છત્ર, ૫૦ ઉપાનહ ૫૧ શસ્ત્ર ૫૨ ચામર ન મુકે એટલે એ ચાર વાના સાથે લઇ પ્રવેશ કરે ૫૩ મનની એકાગ્રતા ન કરે ૫૪ અભ્યંગ એટલે શરીરે તૈલાદિક ચોપડે ૫૫ સચિત્ત પુષ્પ ફલાદિક ન મુકે ૫૬ અજીવ વસ્તુ જે હાર મુદ્રાદિક વસ્ત્રાદિક તે બાહાર મુકી કુશોભાવંત થઇ દેરાસરમાં પ્રવેશ કરે ૫૭ ભગવંત દીઠે અંજલી ન જોડે ૫૮ એક સાડી ઉત્તરાસંગ ન કરે ૫૯ મુકુટ મસ્તકે ધરે ૬૦ મૌલી-પાઘડી ઉપર વસ્ત્ર બોકાની તે પેચ પ્રમુખ ન છોડે ૬૧ કુસુમના સેહરા-છોગાં પ્રમુખ માથાથી ન મુકે ૬૨ હોડ પાડે ૬૩ ગેડી દડે રમત કરે, ૬૪ પ્રાહુણાદિકને જુહાર કરે ૬૫ ભાંડ ચેષ્ટા-ગાલ કાંખ પુંઠ વજાવે. ૬૬ રેકાર તુકારાદિક તિરસ્કારના વચન બોલે ૬૭ લેવા દેવા આશ્રયી ધરણું માંડે ૬૮ રણ સંગ્રામ કરે ૬૯ વાળ છુટા હોય તે સમા કરે, જુદા કરે, માથું ખણે ૭૦ પલાંઠી-પગ બાંધે ૭૧ ચાંખડીએ ચડે ૭૨ પગ પંસારી બેસે ૭૩ પુડ પુડી દેવરાવે ૭૪ પગનો મેલ ખંખેરે ૭૫ વસ્ત્રાદિક જાટકે ૭૬ માંકણ ચુકાદિક વીણે તથા તેને ત્યાંજ નાંખે ૭૭ મૈથુન ક્રીડા કરે ૭૮ જમણ કરે ૭૯ વ્યાપાર ક્રય વિક્રય કરે ૮૦ વૈદું કરે ૮૧ શય્યા સમારે

૮૨ ગુહ્ય લિંગાદિક ઉઘાડે તથા સમારે ૮૩ બાહુ યુદ્ધ કરે તથા કુકડાદિકના યુદ્ધ કરાવે ૮૪ વર્ષાકાલાદિકને વિષે પ્રણાલાથી પાણી સંગ્રહે અંઘોલ સ્નાન કરે તથા પાણી પીવાના ભાજન મૂકે એ ઉત્કૃષ્ટથી ૮૪ આશાતના જીન ભુવનમાં વર્જવી.

૩૬ બાવીશ અભક્ષ્યના નામ—૧ કરા ૨ બરફ ૩ કઠોલના વડા ટાઢા દહિં અથવા છાશમાં નાંખેલા તે ૪ રાત્રિભોજન ૫ બહુ બીજવાળાં ફલો ૬ રીંગણા ૭ બોળ અથાણું ૮ પીંપરના ફલ ૯ વડના ટેટા ૧૦ ઉંબરફલ ૧૧ અજાણ્યાં ફલ ૧૨ સર્વ જાતિના કંદ સૂરણ વિગેરે બત્રીશ અનંતકાય ૧૩ મૂળ (ગરમર મૂળાના કાંદા વગેરે) ૧૪ માટી ૧૫ ઝેર વિષ ૧૬ માંસ ૧૭ દારૂ ૧૮ મધ ૧૯ માખણ ૨૦ કુમલું ને કુણું ફલ ૨૧ચલિત રસ ૨૨ કઠુંબર ફલ વિગેરે

૩૭ સુતક વિચાર—શ્રી ઠાણુંગજીની ટીકા મધ્યે કહ્યું છે કે સુતક એટલે અશુચિના પુદ્દગલો જે મકાનને ફરસેલા હોય, તથા જે માણસને સ્પર્શ થયો હોય, તેની યોગ્ય શુચિ યથા વિધી કાલે થાય, ત્યાં સુધી સુતક છે. હજામત કરાવ્યાથી સુતક લાગતું નથી. પણ હજામતનો વાળ દેરાસરજીમાં પડે તો ચોરાશી આશાતના માંહેલી આશાતના લાગે માટે બરાબર શરીરની શુદ્ધિ કરીને પૂજા કરવી લોહી નીકળતું હોય તો ન કરવી. પ્રસવ તથા મૃત્યુ સમયે અશુચિના પુદ્દગલો ઘણા ઉછળે છે, તે અમુક ક્ષેત્ર સુધી તથા અમુક કાળ સુધી રહે છે. દેશાવરમાં સગો ગુજરી ગયો હોય, તો સ્નાનથી વધારે અશુચિ નથી. સ્નાન કરવાનું કારણ તેના શોકની અશુચિ ટાળવા નિમિતે જાણવું. હવે સૂતક સંબંધી વિશેષ વિચાર કહે છે.

સુતક વિચાર. જન્મ વિષે—પુત્ર જન્મે તો દિવસ ૧૦ નું ને પુત્રી જનમે તો દિવસ ૧૨ નું સુતક જાણવું

તેવે પ્રસંગે દિવસ ૧૨ સુધી ઘરના માણસથી દેવપૂજા થાય નહિ પણ જુદે ઠેકાણે રહી જમતા હોય તો બીજાના ઘરના પાણીથી જીન પૂજા થાય, પ્રસવનાર સ્રીથી માસ ૧ સુધી પ્રતિમાદિકનું દર્શન તથા દિવસ ૪૦ સુધી જીનપૂજા પણ થાય નહિ, અને સાધુ સાધ્વીને વોહોરાવવું પણ નહી, તેવે પ્રસંગે ઘરના ગોત્રીઓને દિવસ પાંચ સુધી સુતક જાણવું, બીજે પ્રસંગે દિવસ ૧૦ નું સુતક કહ્યું છે. ઘોડી, ગાય, ભેંસ, સાંઢણી, બકરી, વિગેરે પશુ વિંઆય તો એક દિવસ સુધી સુતક. હવે ભેંસ વિઆણા પછી તેનું દૂધ દિવસ ૧૫ પછી ને ગાયનું દિવસ ૧૦ ને બકરીનું દિવસ ૮ પછી ખાવું પીવું કલ્પે.

રૂતુવંતી સ્રી વિષે—ત્રણ દિવસ સુધી વાસણ કુસંણને અડવું નહિ, અને ચાર દિવસ સુધી સામાયિક પ્રતિક્રમણ કરવું નહિ, પણ તપશ્ચર્યા કરવી કલ્પે અને પાંચ દહાડા પછી જીનપૂજા થાય, રોગાદિક કારણને લીધે ત્રણ દહાડા વિત્યા પછી રૂધિર દીઠામાં આવે, તો તેનો દોષ નથી. તો તેવે પ્રસંગે વિવેકથી પવિત્ર થઇ જીન પ્રતિમાદિકનું દર્શન, અગ્રપૂજા કરવી, અને સાધુ સાધ્વીઓને પડીલાભવા પણ પ્રતિમાની અંગપૂજા કરવી નહિ, એમ ચર્ચરી ગ્રંથમાં કહ્યું છે.

મૃત્યુ સંબંધી સુતક વિચાર—જે ઘરમાં મૃત્યુ થાય તે ઘરમાં તથા મરનારના કુળવાળાના ઘરમાં દિવસ ૧૨ સુધી સુતક રહે છે. તો તવે ઠેકાણે સાધુને આહાર પાણી વોહોરાવવું નહિ, તથા તે ઘરના અગ્નિ તથા પાણી જીન દેરાસરોમાં પૂજા પ્રસંગે લાવવા નહિ, આવે પ્રસંગે તે ઘર સુતક બતાવ્યા પ્રમાણે તેટલા દિવસ દુગંચ્છનિક કહ્યું છે. મુડદા પાસે સુનાર ધણીને ત્રણ દિવસ પછી પૂજા થાય, અને જે કાંધીયા થયા હોય તેનાથી દેવદર્શન, સામાયિક પ્રતિક્ર-

મણુ પણ ત્રણુ દિવસ સુધી થાય નહીં, ચોથે દહાડે થઇ શકે. મુડદાને અડયા હોઇએ તો બાર પહોર સુધી સુતક રહે અને ન અડયા હોઇએ તો સ્નાનથી શુદ્ધ થાય, જે ઘરમાં જન્મનું તથા મરણનું સુતક હોય, તે ઘરમાં રહેનાર માણુસો સાથે જમનારથી ૧૨ દિવસ સુધી જીન પૂજા થાય નહિ, મુડદાને અડકનારને ચોવીસ પહોર સુધી પ્રતિક્રમણ કરવું નહિ, વેશ પાલટનારે આઠ પહોર સુધી સુતક પાળવું ખાંધ દેનારે સોળ પહોર સુધી પ્રતિક્રમણ કરવું નહિ, જન્મે તે દિવસે મૃત્યુ થાય, દેશાંતરે મરણ પામે, અથવા સંન્યાસી મરે તો એક દિવસનું સુતક જાણવું. દાસ દાસી ઘરમાં મરે તો દિવસ ૧ થી ૩ સુધી સુતક રહે છે. આઠ વરસથી અંદરનું બાળક મરે તો ૮ દિવસ સુતક રહે છે. ગાય ભેંસ વિગેરે પશુ ઘરમાં મરે તો તેનું કલેવર બહાર લઇ જાય ત્યારે સુતક મટે છે. જેટલા મહિનાનો સ્ત્રીનો ગર્ભ પડે તેટલા દિવસ સુતક પાળવું. સુતક વખતે પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા મુખથી ઉચ્ચારણુ કર્યા વિના પોતાના મનમાં કરી શકાય છે.

૩૮ પ્રભુના કલ્યાણિકને દહાડે ગણુણું ગણાય છે તેના મંત્ર-ચ્યવન, માતાની કુખમાં આવે ત્યારે ૐ શ્રી પરમેષ્ઠિને નમઃ જન્મને દહાડે ૐ શ્રી અર્હતે નમઃ દિક્ષાને દહાડે ૐ શ્રી નાથાય નમઃ કેવલજ્ઞાન ઉપજે તે દિવસે ૐ શ્રી સર્વજ્ઞાય નમઃ તિર્થંકર દેવ મોક્ષે જાય ત્યારે ૐ શ્રી પારંગતાય નમઃ એવી રીતે પ્રત્યેક કલ્યાણિકને દહાડે ગણુણાનો મંત્ર જપાય છે.

## સ્વસ્તિક અથવા સાથીયો.

૩૯ જીનાલયમાં ચોખાથી અથવા મોતીનો સાથીયો પૂરવામાં આવે છે, તે ઘણાજ ગંભીર તેમજ ઘણા ગહન

અર્થનો સૂચક છે તે આ પ્રમાણે સ્વસ્તિકના ચાર પાંખડા તે–મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારકી એ ચાર ગતિને સૂચવે છે. ઉપરના ત્રણ બીંદુ તે જ્ઞાન, દર્શન અને ચારીત્ર રૂપી રત્નત્રયની સૂચના કરે છે, અર્ધચંદ્રાકાર ચિન્હ તે ઉર્ધ્વ સ્થાન સિદ્ધ સિલ્લા મુક્તિ સ્થાનનું સૂચક છે. અને સાથીયાની અંદરના પાંચ બિંદુ તે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુએ પંચ પરમેષ્ટિને સૂચવે છે. આ સ્વસ્તિક પૂરીને એ માગવાનું છે કે હે ત્રૈલોકયનાથ, આ ચાર ગતિમાંથી મને મુક્ત કરી જ્ઞાન દર્શનને ચારિત્ર રૂપ રત્નત્રયીનું દાન દઇ મોક્ષ સ્થાન પામવા શકિતમાન કરો.

૪૦ સ્વાધ્યાયના પાંચ પ્રકાર—ગુરૂ સમીપે શિષ્ય વાંચે તે વાંચના, શુભ ભાવે સૂત્રના વિચાર પૂછીએ તે પૃચ્છના, ભણેલા સૂત્રનું ગણવું તે પરાવર્તના, હૃદય માંહે સૂત્રના અર્થનું વિચારવું તે અનુપ્રેક્ષા, અને જે પરને ધર્મ કથા સંભલાવીએ તે ધર્મ કથા.

૪૧ પાંચ પ્રકારના દેવ—પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય જેણે દેવાયુ બાંધ્યું હોય તે દેવતાપણે ઉપજશે તેને દ્રવ્ય દેવ કહીએ, શ્રી અણગાર સાધુને ધર્મ દેવ કહીએ, ચક્રવર્ત્તિને નરદેવ કહીએ, શ્રી અરિહંત દેવને દેવાધિ દેવ કહીએ ભવનપત્યાદિક ચાર નિકાયના દેવ કહીએ.

૪૨ નવકારવાલીમાં મેરૂ સહિત ૧૦૮ પારા તે પ્રત્યેક ૧૦૮ ગુણ સ્થાપ્યા છે. ૧૨ શ્રી અરિહંત પદના, ૮ શ્રી સિદ્ધપદના, ૩૬ આચાર્ય પદના, ૨૫ ઉપાધ્યાય પદના, ૨૭ સાધુ પદના, એ રીતે એકસો આઠ ગુણ જાણવા.

૪૩ સમૂર્ચ્છિમ મનુષ્યને ઉપજવાના ચૌદ સ્થાનક—વડિનીતી, લઘુનીતિ, નાસીકાનો મલ, વમન, પરૂ, લોહિ, વીર્ય,

સ્ત્રી પુરૂષને સંયોગે, શુક્ર પુદ્ગલ ભીંજે, બળખો, પીત્ત, નગરની ખાલ, મૃત કલેવર, અને સર્વ અશુચીના સ્થાનમાં.

## પ્રકરણ ૧૨ મું.

### માર્ગાનુસારીના ૩૫ ગુણ.

૧ ન્યાય સંપન્ન વૈભવ—સર્વ પ્રકારના વ્યાપારમાં ન્યાય પૂર્વક વર્તવું, અન્યાયથી ચાલવું નહિ. નોકરી કરતાં ધણીના સોંપેલા કાર્યમાંથી પૈસા ખાઇ જવા નહિ. લાંચ ખાવી નહિ. ઓછી સમજવાલા મનુષ્યને છેતરવા પ્રયત્ન કરવો નહિ, વ્યાજ વટંતર કરનારે સામા ધણીને છેતરી વ્યાજના પૈસા વધારે લેવા નહિ, માલ ભેલ સેલ કરીને વેચવો નહિ. સરકારી નોકરી કરનાર મનુષ્યે ધણીને વ્હાલા થવા સારૂ લોકો ઉપર કાયદા વિરૂદ્ધ જૂલમ ગુજારવો નહિ, મજૂરીયા, કારીગરીનો ધંધો કરતા લોકોએ રોજ લઇ કામ બરાબર કરવું. ખોટું દિલ કરવું નહિ. નાત અથવા મહાજનમાં શેઠાઇ કરતો હોય તો પોતાથી વિરૂદ્ધમત વાલાને દ્વેષ બુદ્ધિથી ગેરવ્યાજબી ગુનેગાર ઠરાવવો નહિ, કોઈ માણસે આપણું બગાડયું હોય, તે દ્વેષથી તેના ઉપર ખોટો આરોપ મૂકવો નહિ. અથવા તેને નુકશાન કરવું નહિ. કોઇને ખોટું કલંક દેવું નહિ, ધર્મ ગુરૂને બ્હાને પૈસા લેવા સારૂ ધર્મમાં ન હોય તે વાત સમજાવવી નહિ, અથવા સેવકની સ્ત્રી સાથે અયોગ્ય કર્મમાં પ્રવર્તવું નહિ.

ધર્મ નિમિત્તે પૈસા કઢાવી પોતાના કાર્યમાં વાપરવા નહિ. ધર્મ સંબંધી કાર્યમાં વાપરવા માટે ખોટી સાક્ષી પૂરી પૈસા લેવા નહિ, ધર્મ કાર્યમાં ફાયદો થતો હોય તે બદલ મનમાં વિચારવું જે આપણે ધર્મને વાસ્તે જૂઠું બોલીએ છીએ આપણું કામ સારૂ બોલતા નથી માટે તેમાં દોષ નથી, એમ સમજી ઉંધું ચતું કરવું, તે પણ અન્યાય છે. દેરાસર અથવા ઉપાશ્રયના કાર્યભાર કરનારાઓએ તે ખાતાનાં મકાનો પોતાના ખાનગી કાર્યમાં વાપરવા નહિ. અથવા તે ખાતાનાં માણસો પાસે ખાનગી કાર્ય કરાવવું નહિ. કોઇ માણુસ નાત જમાડતો હોય, અને તેની સાથે કાંઇ બિગાડ હોય, તેથી તેનો વરો બગાડવા કંઇ લડાઇ ઉભી કરવી પકવાન વગેરે જોઇએ તેથી વિશેષ લઇ બગાડવા. સંપ કરી વધારે ખાઇ જવું, અને તેને તૂટ પડે એવી યુક્તિઓ કરવી, તે પણ અન્યાયજ છે; પર સ્ત્રી ગમન કરવું નહિ. સ્ત્રી અથવા પુરૂષ કાંઇ સલાહ પૂછે તો તેને જાણ્યા છતાં ખોટી સલાહ આપવી નહિ. પોતાના ધણીના હુકમ સિવાય તેના પૈસા લેવા નહિ, એક બીજાને લડાઇ થાય, તેવી સમજ આપવી નહિ. પોતાનું માન પ્રતિષ્ઠા વધારવા સારૂ અસત્ય ધર્મોપદેશ દેવો નહિ. અન્ય મતાવલંબી ધર્મ સંબંધી ખરી વાર્તા કહેતો હોય, એમ છતાં એ ધર્મ વધી જશે, એમ જાણી તે વાત જુઠી પાડવાની કુયુક્તિ કરવી, તે પણ અન્યાય છે. પોતે અવિધિએ પ્રવર્તતો હોય, અને અન્ય પુરૂષને વિધિથી વર્તતો જોઇ, તેના ઉપર દ્વેષ ધારણ કરવો, તે અન્યાય છે. જે પુરૂષ વિધિથી વર્તે છે, તેને ધન્યવાદ આપવો. અને પોતાથી તે પ્રમાણે વર્તાતું નથી, તેને માટે પસ્તાવો કરવો, તે અન્યાય નથી. સરકારની અથવા મ્યુનિસિપાલિટીની દાણ ચોરી કરવી, સ્ટાંપની ચોરી કરવી, તે પણ અન્યાય છે, તેમજ ખરી પેદાશ છુપાવી થોડી પેદાશ ઉપર સરકારને

કર આપવો, તે પણ અન્યાય છે. ખાતર પાડવું, કુંચી લાગુ કરવી, અથવા લૂંટ પાડવી તે પણ અન્યાય કહેવાય છે. ગુણવંત સાધુ મુનિરાજ ભગવંત અને ગુરૂ મહારાજના અવર્ણવાદ બોલવા નહિ, કન્યાના પૈસા લઇ પોતે વિવાહ કરવો નહિ. આ સિવાય બહુ પ્રકારે અન્યાય થઇ શકે છે. તે સર્વનો ત્યાગ કરીને વ્યાપાર કરવો, તે માર્ગાનુસારીનું પ્રથમ લક્ષણ છે.

૨ શિષ્ટાચાર—જ્ઞાન અને ક્રિયાએ કરી, ઉત્તમ આચરણવાલા મનુષ્યોના આચાર શિષ્ટાચાર કહેવાય છે, તેમાં લોક નિંદા કરે તેવું કાર્ય કરવું નહિ; રાજા દંડ કરે, તેવું કાર્ય કરવું નહિ. વેશ્યા તથા પરસ્ત્રી ગમન ત્યજવું. જૂગટે રમવું નહિ. શિકાર કરવા જવું નહિ. ચોરી કરવી નહિ. ઘણી જીવ હિંસા થાય, તેવો વ્યાપાર કરવો નહિ. જેથી કોઇ માણસને નુકસાન થાય કોઇનો જીવ જાય, એવું જૂઠું બોલવું નહિ. બની શકે તો સર્વ પ્રકારે જૂઠું બોલવું નહિ. માંસ, મદિરા, તાડી મધ, માંખણ, કંદમૂલ, વિગેરે અભક્ષ્ય પદાર્થો ખાવા નહિ.

૩ સરખા ધર્મ આચારણવાલા સાથે વિવાહ કરવો—પણ એક ગોત્રીય સાથે કરવો નહિ, હેમચંદ્રાચાર્યે યોગ શાસ્ત્રમાં એક ગોત્રવાલા સાથે વિવાહ કરવાનો નિષેધ કર્યો છે. સ્ત્રી ભર્તારનો ધર્મ એકજ હોય તો ધર્મ સંબંધી તકરાર ઉઠવાનો સંભવ રહે નહિ અને ધર્મ કાર્ય કરવામાં પરસ્પર સાધનભૂત થઇ પડે.

૪ સર્વ પ્રકારના પાપથી ડરવું—કારણ કે પાપ કરવાથી આ લોકમાં નિંદા થાય છે અને બાજા ભવમાં નરનાકાદિક દુઃખ ભોગવવા પડે છે.

૫ દેશાચાર પ્રમાણે વર્તવું—જે દેશમાં વસતા હોઇએ તે દેશમાં જે કામ કરવાથી નિંદાપાત્ર ના થવાય

તેમ વર્તવું. વસ્ત્ર આભૂષણ, અશન પાનાદિ દેશની રીતિ પ્રમાણે કરવું. જે દેશમાં જે વસ્ત્ર પહેરતા હોય, તે છોડી અન્ય દેશની રીતનાં પહેરવાં નહિ.

૬ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. તેમજ રાજા પ્રધાન ભંડારી કોટવાલ વિગેરે કોઈ પણ મનુષ્યના અવર્ણવાદ બોલવા નહિ.

૭ જે ઘરમાં બારી બારણા વિગેરે પેસવા નિકલવાના અનેક રસ્તા હોય, તેવા ઘરમાં રહેવું નહિ, રહેવાથી ચોર પ્રમુખને આવવાનું તથા સ્ત્રીને ગેરવર્તણુક ચલાવવાનું કામ સૂગમ પડે.

૮ અશુદ્ધ સ્થાનક વાલા ઘરમાં વસવું નહિ. જે ઘરની જમીનમાં ઉધેઇ લાગેલી હોય. જે ઘર નીચે હાડકાં તથા મુડદાં દાટેલાં હોય; અથવા મુડદાં બાળેલા હોય, અથવા આસપાસ વેશ્યા જુગારી ચોર કસાઇ વિગેરે રહેતા હોય તેવા ઘરને વર્જીને સારા પાડોશમાં રહેવું; પાડોશી ધર્મબંધુ હોય તો સર્વોત્તમ જાણવું. અન્ય મતાવલંબીના પાડોશથી તેમના આચારવિચાર આપણામાં પ્રવેશ કરી જાય છે, કે જે ઘણો શ્રમ વેઠતાં પાછલથી દૂર થઇ શકતા નથી, અને પ્રાયે અનેક પાપ બંધનમાં પડવું પડે છે.

૯ અતિ ગુપ્ત સ્થાનમાં રહેવું નહિ, રહેવાથી ગુણી પુરૂષોને દાન દેવાનો અવકાશ મલતો નથી, વલી આગ પ્રમુખના ભય વખતે જાન માલ બચાવવાં મુશ્કેલ થઇ પડે છે.

૧૦ અતિ પ્રગટ સ્થાનકમાં રહેવું નહિ. રહેવાથી સ્ત્રીવર્ગ સંપૂર્ણ લજ્જા સાચવી શકતો નથી, વલી દ્વાર આગલ ઘોંઘાટ ચાલતો હોય, તેથી સ્થિર ચિત્તે કાંઇ કાર્ય થતું નથી.

૧૧ સત્સંગ–ગુણી પુરૂષનો સંગ કરવો. મુનિ મહારાજ, દેવ ગુરૂ ભક્તિકારક શ્રાવક, અને પ્રમાણિક ગૃહસ્થોની સાથેજ વિશેષ પરિચય રાખવો, મિથ્યાત્વીનો સંગ

કરવો નહિ. કરવાથી આપણી ધર્મ બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. સુસંગથી સારી બુદ્ધિ થાય છે તેના સદાચરણ જોઇ આપણને પણ સદાચરણ ગ્રહણ કરવા અવકાશ મલે છે. જુગારી લુચ્ચા ચોર વિશ્વાસઘાતી, ઠગ, વિગેરેની સોબત કરવાથી તેવાં નીચ કૃત્યો કરવાનું વલણ સહજ થઇ જાય છે, માટે તેવા અધર્મીઓને ત્યાગ કરવો.

૧૨ માતાપતાની આજ્ઞામાં રહેવું, તેમને પૂજનારા થવું, નિત્ય પ્રાતઃકાલે તેમને વંદન કરવું. પરદેશ જતી વખતે અને આવીને પણ વિનય પૂર્વક પાદપૂજન કરવું. જો વૃદ્ધ થયા હોય, તો તેમને ખાવા પીવાની તેમજ પહેરવા ઓઢવાની શક્તિ મુજબ તજવીજ રાખવી. કોઇ વખતે ક્રોધ કરવો નહિ. કટુવચન વાપરવા નહિ, તેમના આદેશનું ઉલ્લંઘન કરવું નહિ. કદાપિ ગેરવ્યાજબી નહિ કરવા યોગ્ય કામ બતાવે તો મૌનવૃત્તિ ધરવી. અયોગ્ય કર્મ કરવાથી થતા ગેરફાયદા વિનયપૂર્વક સમજાવવા પ્રયત્ન કરવો. તેમનો આપણા ઉપર અવર્ણનીય ઉપકાર છે. માતાએ નવમાસ સુધી ઉદરમાં રાખી ભાર વહન કરી, અનેક વેદનાઓ આપણે માટે સહન કરી છે; વિષ્ટા મૂત્રાદિ મલિન તત્વોથી આપણું વારંવાર પ્રક્ષાલન કર્યું છે, વલી આપણે વ્યાધિ ભોગવતા હોઇએ તે વખતે ક્ષુધા, તૃષા, વેઠી, અનેક ઉપચારો કરી, આપણુ શુદ્ધ બુદ્ધિથી પાલન કરે છે. આ શિવાય પરોક્ષ રીતે તેમના ઉપકારનો ઝરો નિરંતર વહ્યા કરે છે. માતપિતા તો જગત્માં કલ્પવૃક્ષ સમાન છે. અંતીમ તીર્થંકર મહાવીર સ્વામી ત્રીશલાદેવીના ઉદરમાં આવ્યા પછી માતા દુઃખી થશે, એમ ધારી કિંચિત્ વખત અચલાયમાન રહ્યા; તેટલામાં તો માતાએ અનેક કલ્પાંત કર્યા મૂર્છા ખાઇ ધરતી ઉપર ઢલી પડયાં તેજ વખતે ભગવંતે અભિગ્રહ કર્યો કે માતાપિતા સ્વર્ગે ગયા પછીજ દિક્ષા ગ્રહણ કરીશ, અહો પુત્રની

પૂજનીક બુદ્ધિ તરફ દૃષ્ટિ કરો ! રામ અને લક્ષ્મણ તેમજ પાંડવોએ માતપિતાની જે સેવા કરી છે, તેનું વર્ણન સહસ્ત્ર જિહ્વાથી કરવું મુશ્કેલ છે. તેમના કરેલા ઉપકારનો બદલો આપણે વાળી શકવાના નથી. તોપણ નિરંતર તેમને ધર્મ રસ્તે જોડવા પ્રયત્ન કરી ભક્તિ કરવી.

૧૩ જ્યાં સ્વરાજાનો અથવા પરરાજાનો ભય હોય તેવા સ્થાનમાં રહેવું નહિ. રહેવાથી ધર્મની ધનની તેમજ શરીરની હાની થાય છે.

૧૪ પેદાશના પ્રમાણમાં ખરચ કરવું–પેદાશના ચાર વિભાગ કરવા. એક ભાગ ઘરમાં રાખવો, બીજો ભાગ વેપારમાં રોકવો, ત્રીજો ભાગ પોતાના તથા કુટુંબના ખાવા પીવામાં અને વસ્ત્રાદિકમાં વાપરવો, ચોથો ભાગ ધર્મ કાર્યમાં વાપરવો, એ પ્રમાણે પેદાશનો વ્યય કરવો. જો પેદાશ ઓછી હોય તો, દશમો ભાગ અથવા શક્તિ મુજબ દ્રવ્ય ધર્મ નિમિત્તે અવશ્ય વાપરવું. મહા મહેનતે ઉદર પોષણ થતું હોય તો મન કોમલ રાખી ધર્મ કાર્યમાં દ્રવ્ય વાપરનારની અનુમોદના કરવી.

૧૫ ધનને અનુસારે વસ્ત્રાભૂષણ પહેરવાં. થોડું દ્રવ્ય હોય, અને ધનવાન જેવાં વસ્ત્ર પહેરવાથી તેમજ વધારે દ્રવ્ય હોય, અને ગરીબના જેવાં પહેરવાથી લઘુતા થાય છે.

૧૬ શાસ્ત્ર શ્રવણ કરવામાં ચિત્ત પરોવવું–બુદ્ધિના આઠ પ્રકારના ગુણ ઉપાર્જન કરવા ૧ શાસ્ત્ર સાંભલવાની ઇચ્છા કરવી ૨ શાસ્ત્ર સાંભલવું. ૩ તેનો અર્થ સમજવો ૪ તે યાદ રાખવો ૫ ઉહ–તેમાં તર્ક કરવો તે સામાન્ય જ્ઞાન ૬ અપોહ વિશેષ જ્ઞાન મેલવવું ૭ ઉહાપોહથી સંદેહ ન રાખવો ૮ તત્ત્વજ્ઞાન–એટલે અમુક વસ્તુનું આમજ છે, એવો નિશ્ચય કરવો. પૂર્વોક્ત રીતે શાસ્ત્ર શ્રવણ કરી, પોતાના અવગુણ ત્યજવા ઉદ્યમવંત થવું.

૧૭ અજીર્ણ છતાં આહાર કરવો નહિ—ખાધેલી વસ્તુ પચી ન હોય, ત્યાં સુધી બીજો આહાર કરવો નહિ. રોગ ઉત્પન્ન થાય, તેવી વસ્તુ ખાવી નહિ. સ્વાદિષ્ટ વસ્તુ દેખી માજા ઉપરાંત ખાવું નહિ.

૧૮ અકાલે ભોજન કરવું નહિ. ભોજન કરવાનો જે વખત નિર્માણ કરેલો હોય, તે વખત ચૂકવો નહિ.

૧૯ ધર્મ, અર્થ, અને કામ, એ ત્રણ વર્ગ સાધવા. ગૃહસ્થાવસ્થામાં જે સમય ધર્મ સાધનનો હોય, તે વખતે ધર્મ સાધવો. પૈસા ઉપાર્જન કરવાને સમયે તે કામ કરવું. ભોગ—ઉપભોગ ભોગવવાને સમયે તેમાં તત્પર રહેવું. ધર્મ-સાધન કરવાને સમયે દ્રવ્ય ઉપાર્જન કરવાનું સૂઝે તો ધર્મ-થી ચુકાય છે સર્વ વસ્તુની પ્રાપ્તિ ધર્મથીજ થાય છે. ધર્મ ચુકયા તો ત્રણે વર્ગ હાથમાંથી ગયા સમજવા. માટે દિવસમાં ત્રણે વર્ગ સાધવાનો વખત બાંધી રાખવો; જેથી દ્રવ્ય પેદા કરવામાં, તેમજ સંસારોચિત કાર્ય કરવામાં વિઘ્ન ન આવે, જગત્માં નિંદા ન થાય, અને ધર્મ સાધન રૂડી રીતે થાય એમ વર્તવું.

૨૦ મુનિરાજ મહારાજનું દાન દેવા રૂપ આતિથ્ય વિનયપૂર્વક કરવું; દુઃખી જનને અનુકંપાદાન દેવું મુનિની સેવાભક્તિ કરવામાં કુશલ રહેવું, અને અહંકાર રહિતપણે દાન દેવું.

૨૧ જિનમતને વિષે સન્માન પૂર્વક રાગ ધરવો:—ખોટો હઠ—કદાગ્રહ કરવો નહિ.

૨૨ ગુણીજનનો પક્ષ કરવો:—તેમની સાથે સૌજન્યતા અને દાક્ષિણ્યતા વાપરવી. જે જે સુકાર્ય કરવાનાં હોય, તે તે વાનરની પેઠે ચપલતા નહિ, પણ સ્થિરતાથી કરવાં. નિ-રંતર પ્રિયભાષીત થવું. કોઇને દુઃખ લાગે તેવું બોલવું

નહીં. પોતાના તેમજ પારકાના આત્માને ઉપકાર કરવાની બુદ્ધિ રાખવી; ગુણી પુરૂષની અનુયાઇએ વર્તવું.

૨૩ જે દેશમાં જવાની શાસ્ત્રકાર આજ્ઞા, ન આપતા હોય, અથવા રાજાની મના હોય, તે દેશમાં ઉદ્ધતાઇ કરી જવું નહીં; તેમજ જે કાલે જે કાર્ય કરવાની આજ્ઞા ન હોય, તે કાલે તે કાર્ય કરવું નહીં. જેમ ઉષ્ણકાલમાં ખેતી કરે તો થાય નહીં. ચોમાસામાં શીત પદાર્થ ખાવાથી પચે નહીં, અને સમુદ્ર પર્યટન કરવાથી નુકશાન થાય. યવનના મૂલકમાં જવાથી અભક્ષ્ય વસ્તુ જબરાઇથી ખવરાવે, અને જબરાઇથી ધર્મ ભ્રષ્ટ કરે, તેવા દેશમાં જવું નહીં. વલી પોતાનું બલ તપાસી કામ કરવું; કારણ કે શક્તિ ઉપરાંત કાર્ય કરવાથી ધનની તેમજ મનની હાની થવાનો સંભવ છે.

૨૪ વ્રતને વિષે સ્થિર ચિત્તવાલા, અને જ્ઞાને કરી સાવધાન એવા પુરૂષની પૂજા કરવી. આત્મહિતાર્થે તેમની પાસેથી જ્ઞાન સંપાદન કરવું અને તેમની પ્રવૃત્તિ પ્રમાણે વર્તવું.

૨૫ પોષણ કરવા યોગ્ય સ્વકુટુંબનું આહાર વસ્ત્રાદિકથી પોષણ કરવું.

૨૬ દરેક કાર્યારંભ કર્યા પહેલાં શુભ અશુભ પરિણામ દીર્ઘ દ્રષ્ટિથી વિચારવું, અને પછી કાર્યારંભ કરવો.

૨૭ વિશેષજ્ઞ-એટલે સામાન્ય અને વિશેષને ઓળખતાં શીખવું, અથવા તેના જાણકાર થવું.

૨૮ લોક વલ્લભ-એટલે સર્વ લોકને વલ્લભ લાગે તેવું કામ કરવું કોઇને દૂભવવું નહીં. અનીતિથી તેમજ ધર્મવિરૂદ્ધ આચરણથી લોકમાં વ્હાલો થવાની ઇચ્છા રાખવી નહીં.

૨૯ લજજાવાન્ થવું-નિર્લજ કાર્ય કરવું નહીં.

૩૦ વિનયવંત થવું-દેવ, ગુરૂ, સુશ્રાવક, કુટુંબી, મહેતાજી, કલા શીખવનાર તથા રાજા પ્રધાનાદિક શેઠ, શા-

હુકાર, જે કોઇ ગુણે કરી, ધને કરી, પદ્વિએ કરી અને વયે કરી અધિક હોય તે સર્વેનો યથોચિત વિનય કરવો.

૩૧ દુઃખી મનુષ્ય ઉપર દયા કરવામાં કુશલ રહેવું જેમ બને તેમ હિંસાનું કામ કરવું નહીં.

૩૨ સૌમ્ય દૃષ્ટિ રાખવી,—કોઇ વખત કષાયવાલી પ્રકૃતિ ધારણ કરવી નહીં કે, જેથી અન્યને આપણા ઉપર દ્વેષ જાગે.

૩૩ છ વૈરીને જીતવા,

( ૧ ) કામ એટલે સ્ત્રી સેવા. પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો. પોતાની સ્ત્રીનું પણ જેમ રોગાત્ત પુરૂષ ઔષધ ખાવાની જરૂર પડે, ને ખાય તેમ રૂતુ સ્નાન અવસરે કેવળ ચિત્તની ઉપાધિ ટાલવા નિમિત્ત સેવન કરે; ભાવના તો છોડવાનીજ રાખવી. શ્વાનની પેઠે નિરંતર અથવા એક રાત્રિમાં ઘણી વખત સ્ત્રી સંગ કરવો એ ઉત્તમ પુરૂષોનું લક્ષણ નથી. નિત્ય સેવવાથી પોતાનું તથા સ્ત્રીનું શરીર નિર્બલ થતું જાય છે. વલી એવી કુટેવને લીધે સ્ત્રીનાવિરહ સમયે પરસ્ત્રી સેવવાની બુદ્ધિ થઇ આવે છે; પ્રાયઃદુનિયામાં લઘુતા પ્રાપ્ત થાય છે, કોઇ વિશ્વાસ કરતું નથી, રાજા જાણે તો દંડ કરે છે. અને આવતા ભવમાં નરકનાં દુઃખ ભોગવવાં પડે છે; માટે જેમ બને તેમ કામને વશ કરવો.

( ૨ ) ક્રોધ–કોઈના ઉપર ક્રોધ કરવો નહીં. સર્વ પ્રાણી ઉપર સમભાવ ધારણ કરવો; એક ક્રોડપૂર્વ સુધી સંયમ પાલી ઉપાર્જન કરેલું ફલ ક્રોધ કરવાથી ક્ષણવારમાં નષ્ટ થઇ જાય છે, અને કુગતિના ભાજન થવું પડે છે; હલાહલ વિષ ખાધું હોય તેથી એક વખતજ મરણ થાય છે; પણ ક્રોધ રૂપી હલાહલને વશ થયેલા પ્રાણીનું અનંતી વાર મૃત્યુ થાય છે; માટે નિરંતર ક્ષમા ગુણ ધારણ કરતાં શીખવું.

( ૩ ) લોભ-લોભી મનુષ્યનું ચિત્ત સદાકાલ ફિકરમાં ભમ્યા કરે છે. તેને કોઇ પણ પ્રકારે સંતોષ ઉત્પન્ન થતો નથી. વલી લોભને વશ થવાથી પ્રાણી નહિ કરવા યોગ્ય કર્મ કરવા તત્પર થાય છે, તેથી આ દુનિયામાં હીલના થાય છે, અને પરભવમાં પણ દુઃખ ભોગવવાં પડે છે. માટે જે અવસરે જે મલે, તેથી સંતોષ વૃત્તિ રાખવી, અને નીતિથી ઉદ્યમ કરવો. પૂર્વે જેવું પૂન્ય ઉપાર્જન કર્યું હોય, તેવું આ ભવમાં મલે છે, લોભ કરવાથી વિશેષ મલતું નથી; એવો વિચાર કરી સંતોષ પકડવો. સંતોષથીજ લોભ જીતાય છે.

( ૪ ) માન-માન દશા ધરવાથી જગત્માં લઘુતા પ્રાપ્ત થાય છે, લોકો અહંકારીનું ઉપનામ આપે છે; ગુરૂનો અને વડીલનો વિનય થતો નથી; વિદ્યાકલા આવડતી નથી, અને મનુષ્ય ભવ પામ્યા છતાં પણ ધર્મ સાધી શકાતો નથી; માટે માન તજી દઈ ગંભીરતા ધારણ કરવી.

( ૫ ) હર્ષ—કોઇપણ કાર્યમાં અત્યંત હર્ષ ધારણ કરવો નહીં. હર્ષ કરવાથી ગર્વને પગથીએ ચઢતાં વાર લાગતી નથી. આ સંસારમાં સર્વ વસ્તુઓ ક્ષણિક છે. શરીર આજે સુખી દેખાય છે, અને કાલે અનેક વ્યાધિથી વીંટાઈ જાય છે. લક્ષ્મી ચપલ છે; આજે જે ઘરમાં લક્ષ્મી શોભી રહી છે, તે ઘરમાં બીજે દિવસે ભૂતવાસો કરી રહે છે ! માટે આવા અસ્થિર પદાર્થો પૂર્વકૃત પૂન્યને લીધે પ્રાપ્ત થયા હોય તો, તેનો સદુપયોગ કરવો; પણ અત્યંત હર્ષીત થઇ ગર્વ કરવો નહીં.

( ૬ ) મદ—મદ આઠ પ્રકારના છે. જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, ઋદ્ધિમદ, લોભમદ, તપશ્ચર્યાનો મદ, અને વિદ્યાનો મદ. જાતિનો મદ કરવાથી નીચ જાતમાં ઉત્પન્ન થાય છે, કુલ મદ કરવાથી નીચ ગોત્ર બં-

થાય છે. બલનો મદ કરવાથી આવતે ભવે નિર્બલપણું પ્રાપ્ત થાય છે. રૂપનો મદ કરવાથી કુરૂપપણું પ્રાપ્ત થાય છે. ધનનો તથા ઠકુરાઇનો મદ કરવાથી પરભવે દરિદ્રિ થાય છે. જેમ જેમ મલતું જાય, તેમ તેમ વધારે લોભ કરે, અને મનમાં ધારે કે હું તો ખોવાનોજ નહી, જે જે વ્યાપાર કરીશ, તેમાં પેદાજ કરીશ. એવા આજીવિકા મદ ધરનાર મનુષ્યને કોઇ વખત એવો ધક્કો લાગે છે કે, સર્વ દિવસનું પેદા કરેલું એક દિવસમાં ચાલ્યું જાય છે ! અને નિર્ધનાવસ્થા પ્રાપ્ત થાય છે. માટે લોભનો મદ કરવો નહીં. તપશ્ચર્યાનો મદ કરવાથી તપ નિષ્ફલ થાય છે. વિદ્યાનો મદ કરવો નહીં. વિદ્યાનો મદ કરનાર મનુષ્ય પોતાથી અધિક વિદ્વાનને માન આપી શકતો નથી. ગર્વિષ્ટ હોવાથી શંકાપડે તે પણ બીજાને પૂછી શકતો નથી. એમ ધીરે ધીરે પોતાની વિદ્યા ખૂએ છે, અને આવતા ભવમાં અજ્ઞાની થાય છે. માટે વિવેકી માણસે આ આઠ પ્રકારના મદ ત્યજવા.

૩૪ કૃતજ્ઞતા—પોતાને કોઇએ કરેલા ઉપકારને ભૂલવો નહિ, સમય આવે કરેલા ઉપકારનો બદલો વાળવો.

૩૫ પાંચ ઇંદ્રિઓને વશ કરવામાં તત્પર રહેવું. ઇંદ્રિઓ મોકળી મૂકવાથી, આલોકમાં પણ બહુ નુકશાન થાય છે. જેમ કે સ્પર્શેદ્રિનું સુખ ભોગવવા સારૂ હસ્તિ બંધનમાં પડે છે. રસેંદ્રિના વિષયથી માછલાંઓ પ્રાણ વિમુક્ત થાય છે. ઘ્રાણેંદ્રિના વિષયથી ભ્રમર કમલ ઉપર બેસે છે, અને સૂર્ય અસ્ત થએ કમલ મીંચાઇ જવાથી અંદર ગોંધાઈ રહે છે. ચક્ષુ ઇંદ્રિને વશ થવાથી પતંગીઆ દીવામાં પડી જીવ ખૂએ છે. શ્રોત ઇંદ્રિના વિષયથી હરણ પારધીને વશ થઇ જાય છે. એવી રીતે એક એક ઇંદ્રિને છૂટી મૂકવાથી પ્રાણ જાય છે, ત્યારે પાંચે ઇંદ્રિઓના વિષયમાં લુબ્ધ થવાથી પરભવમાં કેવાં દુઃખ ભોગવવાં પડે ? તેનું વર્ણન

તો જ્ઞાની મહારાજ જ કરી શકે. માટે યથાશક્તિ વિષયનો સંકોચ કરવો. આ પ્રમાણે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ જે પુરૂષમાં હોય, તે પુરૂષ ધર્મને યોગ્ય જાણવો. આવા ગુણથી મનુષ્ય સમકિતવંત થાય છે, શ્રાદ્ધધર્મ અને મુનિધર્મને પામે છે, અને અંતે મુક્તિસુખને મેળવે છે.

વળી ધર્મ સંગ્રહમાં નીચે પ્રમાણે માર્ગાનુસારીના ૩૫ ગુણો કહેલા છે.

तत्र सामान्यतो गेहिधर्मो न्यायार्जितं [१]धनम् ।
[२]वैवाह्यमन्यगोत्रीयैः कुलशीलसमैः समम् ॥ १ ॥
शिष्टाचार [३]प्रशंसारि [४]षड्वर्गत्यजनं तथा ।
इन्द्रियाणां [५]जय उपप्लुतस्थान [६]विवर्जनम् ॥ २ ॥
सुप्रातिवेश्मिके स्थाने नातिप्रकटगुप्तके ।
अनेकनिर्गमद्वारं गृहस्य [७]विनिवेशनम् ॥ ३ ॥
[८]पापभीरुकता ख्यात देशाचार [९]प्रपालनम् ।
[१०]सर्वेष्वनपवादित्वं नृपादिषु विशेषतः ॥ ४ ॥
[११]आयोचितव्ययो [१२]वेशो विभवाद्यनुसारतः ।
[१३]मातापित्रर्चनं [१४]संगः सदाचारैः [१५]कृतज्ञता ॥ ५ ॥
[१६]अजीर्णेऽभोजनं [१७]काले भुक्तिः सात्म्यादलौल्यतः ।
वृत्तस्थ[१८]ज्ञानवृद्धार्हा [१९]गर्हितेष्वप्रवर्तनम् ॥ ६ ॥

૨૦ ૨૧ ૨૨ ૨૭
भर्तव्यभरणं दीर्घदृष्टिर्धर्मश्रुतिर्दया ।

૨૪ ૨૫
अष्टबुद्धिगुणैर्योगः पक्षपातो गुणेषु च ॥ ७ ॥

૨૬ ૨૭
सदानभिनिवेशश्च विशेषज्ञानमन्वहम् ।

૨૮
यथार्हमतिथौ साधौ दीने च प्रतिपन्नता ॥ ८ ॥

૨૯
अन्योऽन्यानुपघातेन त्रिवर्गस्यापि साधनम् ।

૩૦ ૩૧
अदेशकालाचरणं बलाबलविचारणम् ॥ ९ ॥

૩૨ ૩૩
यथार्हलोकयात्रा च परोपकृतिपाटवम् ।

૩૪ ૩૫
ह्रीः सौम्यता चेति जिनैः प्रज्ञप्तो हितकारिभिः ॥ १० ॥

## इति धर्म संग्रहः

અર્થ—પ્રથમ સામાન્યપણે ગૃહસ્થનો ધર્મ કહે છે. ૧ ન્યાયોપાર્જિત ધન, ૨ સમાન કુળ શીલવાળા અન્ય ગોત્રી સાથે વિવાહ કરવા, ૩ ઉત્તમ આચારની પ્રશંસા, ૪ કામ, ક્રોધાદિ છ પ્રકારના અંતરંગ શત્રુઓનો ત્યાગ કરવો, ૫ ઇન્દ્રિયોનો જય કરવો, ૬ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો, ૭ સારા પાડોશવાળા સ્થાનમાં અતિ પ્રગટ નહીં તેવા અને અતિ ગુપ્ત નહીં તેવા સ્થાનમાં જવા આવવાના અનેક દ્વાર વાળું ઘર બાંધવું, ૮ પાપથી ડરવું, ૯ દેશાચાર પાળવો, ૧૦ સર્વ કોઇની નિંદા કરવી નહીં તેમાં પણ વિશેષે કરીને રાજાની નિંદા તો કરવીજ નહીં ૧૧ આવક પ્રમાણે ખર્ચ કરવો, ૧૨ વૈભવને અનુસારે વેશ રાખવો ૧૩ માતપિતાની સેવા કરવી ૧૪ સદાચારવાળાનો સંગ કરવો, ૧૫ કરેલા

કામનું જાણપણું રાખવું. એટલે કદર રાખવી. ૧૬ અજીર્ણમાં ભોજન ન કરવું ૧૭ નિયમિત વખતે લોલુપતા રહિતપણે પચે તેટલું ભોજન કરવું ૧૮ વ્રત ધારણ કરનારા જ્ઞાન વૃદ્ધની સેવા કરવી, ૧૯ નિંદીત કાર્યમાં પ્રવૃત્તિ કરવી નહીં ૨૦ ભરણ પોષણ કરવા લાયક ( માતપિતાદિ કુટુંબ તથા ચાકર વિગેરે )નું ભરણપોષણ કરવું, ૨૧ દીર્ઘદૃષ્ટિ રાખવી, ૨૨ ધર્મનું શ્રવણ કરવું, ૨૩ દયા પાળવી, ૨૪ બુદ્ધિના આઠ ગુણનો યોગ કરવો ૨૫ ગુણોને વિષે પક્ષપાત કરવો, ૨૬ હમેશાં કદાગ્રહ રહિત થવું, ૨૭ પ્રતિદીન વિશેષ જ્ઞાન મેળવવું, ૨૮ અતિથિ, સાધુ તથા ગરીબનો યથાયોગ્ય સત્કાર કરવો, ૨૯ પરસ્પર ઉપઘાત ન થાય તેમ ધર્મ, અર્થ અને કામ સાધવા, ૩૦ નિષિધ દેશકાળનું આચરણ કરવું ૩૧ સ્વપરના બળ-અબળનો વિચાર કરવો, ૩૨ યથાયોગ્ય લોકયાત્રા એટલે લોક રીવાજ પ્રમાણે વર્તવું, ૩૩ પરોપકાર કરવામાં કુશળ રહેવું, ૩૪ લજ્જા રાખવી અર્થાત્ ધૃષ્ટ થવું નહીં તથા ૩૫ સૌમ્યતા એટલે અક્રૂરતા ધારણ કરવી. એ પ્રકારે હિતકારી જિનેશ્વરે કહ્યું છે.

इति धर्मसंग्रहः

---

## श्री सूक्तमुक्तावली मूल प्रारंभः

( માલિની વૃત્તમ. )

સકલ સુકૃતવલ્લી વૃંદજીમૂતમાલાં,
નિજ મનસિ નિધાય શ્રી જિનેંદ્રસ્ય મૂર્તિં ॥
લલિત વચન લીલા લોકભાષા નિબદ્ધૈ-
રિહ કતિપય પદ્યૈઃ સૂક્તમાલાં તનોમિ ॥ ૧ ॥

## अथ क्रमसंग्रह काव्य.

( શાર્દૂલવિક્રીડિત વૃત્તમ્. )

તત્વજ્ઞાન મનુષ્ય સજ્જન ગુણાન્યાય પ્રતિજ્ઞાક્ષમા,
ચિત્તાદ્યંચકુલં વિવેકવિનયૌ વિદ્યોપકારોદ્યમાઃ ॥
દાન ક્રોધદયાદિતોષ વિષયા સાક્ષ પ્રમાદસ્તથા,
સાધુ શ્રાવક ધર્મ વર્ગવિષયે જ્ઞેયાઃપ્રસંગાઅમી ॥ ૨ ॥

## अथ देवतत्त्व विषे.

( માલિની વૃત્તમ. )

સકલ કરમ વારી મોક્ષમાર્ગાધિકારી,
ત્રિભુવન ઉપગારી કેવલજ્ઞાન ધારી ॥
ભવિ જન નિત સેવો દેવ તે ભક્તિભાવે,
ઇહજ જિન ભજંતાં સર્વ સંપત્તિ આવે ॥ ૩ ॥
જિનવર પદ સેવા સર્વ સંપત્તિ દાયી,
નિશિ દિન સુખદાયી કલ્પવલ્લી સહાયી ॥
નમિ વિનમિ લહી જે સર્વ વિદ્યા વડાઇ,
ઋષભ જિનહ સેવા સાધતાં તેહ પાઇ. ॥ ૪ ॥

## अथ गुरुतत्त्व विषे.

સ્વ પર સમય જાણે ધર્મ વાણી વખાણે,
પરમ ગુરુ કહ્યાથી તત્વ નિશ્શંક માણે ॥
ભવિક કજ વિકાસે ભાનુ જ્યૂં તેજ ભાસે,
ઇહજ ગુરુ ભજો જે શુદ્ધ માર્ગ પ્રકાસે ॥ ૫ ॥
સુગુરુ વચન સંગે નિસ્તરે જીવ રંગે,
નિરમળ નર થાએ જેમ ગંગા પ્રસંગે ॥
સુણિય સુગુરૂ કેશી વાણિ રાય પ્રદેશી,
લહિ સુર ભવ વાસી જે હવે મોક્ષ જાસી ॥ ૬ ॥

## अथ धर्मतत्त्व विषे.

જળનિધિ જળ વેલા ચંદ્રથી જેમ વાધે,
સકળ વિભવ લીલા ધર્મથી તેમ સાધે ॥

મનુઅ જનમ કેરો સાર તે ધર્મ જાણી,
ભજ ભજ ભવિ ભાવે ધર્મ તે સૌખ્ય ખાણી ॥ ૭ ॥
ઇહ ધરમ પસાયે વિક્રમે સત્ય સાધ્યો,
ઇહ ધરમ પસાયે શાલિનો શક્ક વાધ્યો ॥
જસ નર ગજ વાજી મૃતિકાનાં જિ કેઇ,
રણ સમય થયા તે જીવ સાચા તિ કેઇ ॥ ૮ ॥

## अथ ज्ञान विषे.

તન ધન ઠકુરાઇ સર્વ એ જીવને છે,
પણ ઇકજ દુહીલૂં જ્ઞાન સંસારમાં છે ॥
ભવ જળનિધિ તારે સર્વ જે દુઃખ વારે,
નિજ પર હિત હેતે જ્ઞાન તે કાં ન ધારે ॥ ૯ ॥
જવ ઋષિ ઇક ગાથા બોધથી ભય નિવારયો,
ઇકિ પદથિ ચિલાતી પુત્ર સંસાર વારયો ॥
શ્રુત ભણુત સુજ્ઞાની માષ તૂષાદિ થાવે,
શ્રુતથિ અભય હાથે રોહિણ્યો ચોર નાવે ॥ ૧૦ ॥

## अथ मनुष्य जन्म विषे.

ભવ જળધિ ભમંતાં કોઇ વેળા વિશેષે,
મનુઅ જનમ લાધ્યો, દુલ્લહો રત્ન લેખે ॥
સફળ કર સુધર્મે જન્મ તે ધર્મ યોગે,
પરભવ સુખ જેથી મોક્ષલક્ષ્મી પ્રભોગે ॥ ૧૧ ॥
મનુઅ જનમ પામી આળસે જે ગમે છે,
શશિ નૃપતિ પરે તે સોચનાથી ભમે છે ॥
દુલહ દશ કથા જ્યૂં માનુષો જન્મ એ છે,
જિનધરમ વિશેષે જોડતાં સાર્થ તે છે ॥ ૧૨ ॥

## अथ सज्जन विषे.

સદય મન સદાઇ દુઃખિયાં જે સહાઇ,
પર હિત મતિ દાઇ જાસ વાણી મિઠાઈ ॥

ગુણકરિ ગહરાઇ મેરુ જ્યૂ ધીરતાઈ,
સુજન જન સદાઇ તેહ આનંદ દાઇ ॥ ૧૩ ॥
જઈ દુરજન લોકે દૂહવ્યા દોષ દેઇ,
મન મલિન ન થાએ સજ્જના તેહ તેઇ ॥
દ્રુપદ જનક પુત્રી અંજના કષ્ટ યોગે,
કનક જિમ કસોટી તે તિસી શીળ સંગે ॥ ૧૪ ॥

## अथ गुण विषे.

ગુણ ગ્રહિ ગુણ જેમાં તે બહૂમાન પાવે,
નર સુરભિગુણે જ્યૂ ફૂલ શીશે ચઢાવે ॥
ગુણ કરિ બહુ માને લોક જ્યૂં ચંદ્રમાને,
અતિ કૃશ જિમ માને પૂણને ત્યૂ ન માને ॥ ૧૫ ॥
મલયગિરિ કડે જે જંબુ લિંબાદિ સોહે.
મલયજ તરુ સંગે ચંદના તેઇ હોવે ॥
ઇમ લહિય વડાશ્યૂં કીજિયે સંગ રંગે,
ગજ શિર ચડિ બેઠી જ્યૂં અજા સિંહ સંગે ॥ ૧૬॥

## अथ न्याय विषे.

જગ સુજસ સુવાસે ન્યાય લચ્છી ઉપાસે,
વ્યસન દુરિત નાસે ન્યાયથી લોક વાસે ॥
ઇમ હૃદય વિમાસી ન્યાય અંગીકરીજે,
અનય પરિહરીજે વિશ્વને વશ્ય કીજે ॥ ૧૭ ॥
પશુ પણ તસ સેવે ન્યાયથી જે ન ચૂકે,
અનય પથ ચલે જે ભાઇ તે તાસ મૂકે ॥
કપિ કુળ મિળિ સેવ્યા રામને શીશ નામી,
અનયકરિ તજ્યો જ્યૂં ભાઇયે લંકસ્વામી : ॥ ૧૮ ॥
હય ગય ન સહાઇ યુદ્ધ કીર્તિ સદાઈ ॥
રિપુ વિજય વધાઇ ન્યાય તે ધર્મદાઈ ॥
ધરમ નય ધરા જે તે સુખે વૈરિ જીપે,
ધરમ નય વિહૂણા તેહને વૈરિ છીપે ॥ ૧૯ ॥

ધરમ નય પસાયે પાંડવા પંચ તેઇ,
કરિ યુધ જય પામ્યા રાજ્યલીલા લહેઇ ॥
ધરમ નય વિહૂણા કૈરવા ગર્વ માતા,
રણ સમય વિગૂતા પાંડવા તેહ જીતા ॥ ૨૦ ॥

## अथ प्रतिज्ञा विषे.

શુભ અશુભજિ કાંઇ આદરયું જે નિવાહે,
રવિ પણ તસ જોવા વ્યોમ જાણે વગાહે ॥
કર ગહિત નિવાહે તાસને સત્ત આપે,
મલિન તનુ પખાળે સિંધુમાં શૂર આપે ॥ ૨૧ ॥
પુરુષ રયણ મ્હોટા તે ગણીજે ધરાયે,
જિણ જિમ પડિવજ્યૂં તે ન છંડે પરાયે ॥
ગિરિષ વિષ ધર્યો જે તે ન અદ્યાપિ નાંખ્યો,
દુરગતિ નર લેઇ વિક્રમાદિત્ય રાખ્યો ॥ ૨૨ ॥

## अथ उपशम विषे.

ઉપશમ હિતકારી સર્વદા લોકમાંહી,
ઉપશમ ધર પ્રાણી એ સમો સૌખ્ય નાંહી ॥
તપ જપ સુર સેવા સર્વ જે આદરે છે,
ઉપશમ વિણુ જે તે વારિ મંથ્યા કરે છે ॥ ૨૩ ॥
ઉપશમ રસ લીલા જાસ ચિત્તે વિરાજી,
કિમ નરભવ કેરી ઋદ્ધિમાં તેહ રાજી ॥
ગજ મુનિવર જેહા ધન્ય તે જ્ઞાનગેહા,
તપ કરિ કૃશ દેહા શાંતિ પીયૂષ મેહા ॥ ૨૪ ॥

## अथ त्रिकरण शुद्ध विषे.

જગ જન સુખદાઇ ચિત્ત એવું સદાઇ,
મુખ અતિ મધુરાઇ સાચ વાચા સુહાઈ ॥
વપુ પર હિત હેતે ત્રણ્ય એ શુદ્ધ જેને,
તપ જપ વ્રત સેવા તીર્થ તે સર્વ તેને ॥ ૨૫ ॥

મન વચ તનુ ત્રણ્યે ગંગ જ્યૂં શુદ્ધ જેને,
નિજ ઘર નિવસંતાં નિર્જરા ધર્મ તેને ॥
જિમ ત્રિકરણુ શુદ્ધે દ્રૌપદી અંબ વાવ્યો,
ઘર સફળ ફળંતો શીળ ધર્મે સુહાવ્યો ॥ ૨૬ ॥

## अथ कुल विषे.

સહજ ગુણુ વસે જ્યૂં શંખમાં શ્વેતતાઇ,
અમૃત મધુરતાઇ ચંદ્રમાં શીતળાઇ ॥
કુવલય સુરભાઈ ઇક્ષુમાં જ્યૂં મિઠાઇ,
કુળજ મનુઅ કેરી ત્યું સુભાવે ભલાઇ ॥ ૨૭ ॥
જિણુ ઘર વર વિદ્યા જો હુવે તો ન ઋદ્ધિ,
જિણુ ઘર દુય લાભે તો ન સૌજન્ય વૃદ્ધિ ॥
સુકુળ જનમ યોગે તે ત્રણે જો લહીજે,
અભયકુમર જ્યૂં તો જન્મ સાફલ્ય કીજે ॥ ૨૮ ॥

## अथ विवेक विषे.

હૃદય ઘર વિવેકે પ્રાણિ જો દીપ વાસે,
સકળ ભવતણો તો મોહ અંધાર નાસે ॥
પરમ ધરમ વસ્તુ તત્વ પ્રત્યક્ષ ભાસે,
કરમ ભર પતંગા સ્વાંગ તેને વિધંસે ॥ ૨૯ ॥
વિકળ નર કહીજે જે વિવેકે વિહીના,
સકળ ગુણુ ભરયા જે તે વિવેકે વિલીના ॥
જિમ સુમતિ પુરોધા ભૂમિગેહે વસંતે,
યુગતિ જુગતિ કીધી જે વિવેકે ઉગંતે ॥ ૩૦ ॥

## अथ विनय विषे.

નિશિ વિણુ શશિ સોહે જ્યૂં ન સોળે કળાઈ,
વિનય વિણુ ન સોહે ત્યૂં ન વિદ્યા વડાઇ ॥
વિનય વહિ સદાઈ જેહ વિદ્યા સહાઇ,
વિનય વિણુ ન કાંઇ લોકમાં ઉચ્ચતાઈ ॥ ૩૧ ॥

વિનય ગુણ વહીજે જેહથી શ્રી વરીજે,
સુર નરપતિ લીલા જેહ હેલાં લહીજે ॥
પર તણુય શરીરે પેસવા જે સુવિદ્યા,
વિનય ગુણથી લાધી વિક્રમે તેહ વિદ્યા ॥ ૩૨ ॥

## अथ विद्या विषे.

અગમ મતિ પ્રયૂંજે વિદ્યયે કોણ ગંજે,
રિપુ દળ બળ ભંજે વિદ્યયે વિશ્વ રંજે ॥
ધનથિ અખય વિદ્યા શીખ એણે તમાસે,
ગુરૂ મુખ ભણિ વિદ્યા દીપિકા જેમ ભાસે ॥ ૩૩ ॥
સુર નર સુપ્રસંસે વિદ્યયે વૈરિ નાસે,
જગ સુજસ સુવાસે જેહ વિદ્યા ઉપાસે ॥
જિણ કરિ નૃપ રંજ્યો ભોજ બાણ મયૂરે,
જિણ કરિ કુમરિંદો રીઝવ્યો હેમસૂરે ॥ ૩૪ ॥

## अथ उपकार विषे.

તન ધન તરૂણાઇ આયુ એ ચંચળા છે,
પર હિત કરિ લેજે તાહરો એ સમે છે ॥
જબ જનમ જરા જ્યાં લાગશે કંઠ સાઈ
કહેને તિણ સમે તો કોણ થાશે સહાઇ ॥ ૩૫ ॥
નહિ તરૂ ફળ ખાવે ના નદી નીર પીવે,
જસ ધન પરમાર્થે સો ભલે જીવ જીવે ॥
નળ કરણ નરિંદા વિક્રમા રામ જેવા,
પર હિત કરવા જે ઉદ્યમી દક્ષ તેવા ॥ ૩૬ ॥

## अथ उद्यम विषे.

રયણનિહિ તરીને ઉદ્યમે લચ્છી આણે,
ગુરૂ ભગતિ ભણીને ઉદ્યમે શાસ્ત્ર જાણે ॥
દુઃખ સમય સહાઇ ઉદ્યમે છે ભલાઇ,
અતિ આળસ તજીને ઉદ્યમે લાગ ભાઇ ॥ ૩૭ ॥

નૃપ શિર નિપતંતી વીજ આત્કારકારી,
ઉદ્યમ કરિ સુબુદ્ધી મંત્રિયે તે નિવારી ॥
તિમ નિજ સુતકેરી આવતી દુર્દશાને,
ઉદ્યમ કરી નિવારી જ્ઞાન ગર્ભ પ્રધાને ॥ ૩૮ ॥

## અથ દાન વિષે.

થિર નહિ ધન રાખ્યો તેમ નાંખ્યો ન જાએ,
ઇણિ પરે ધન જોતાં એકગત્યા જણાએ ॥
ઇહ સુગુણ સુપાત્રે જેહ દે ભક્તિભાવે,
નિધિ જિમ ધન આગે સાથ તેહીજ આવે ॥ ૩૯ ॥
નળ બળિ હરિચંદા ભોજ જે જે ગવાયે,
પ્રહ સમય સદા તે દાનકેરે પસાયે ॥
ઈમ હૃદય વિમાસી સર્વથા દાન દીજે,
ધન સફળ કરીજે જન્મનો લાહ લીજે ॥ ૪૦ ॥

## અથ શીલ વિષે.

અશુભ કરમ ગાળે શીળ શોભા દીખાળે,
ગુણ ગણ અજુવાળે આપદા સર્વ ટાળે ॥
તસ નર બહુ જીવી રૂપ લાવણ્ય દેઈ,
પરભવ શિવ હોઇ શીળ પાળે જિ કેઈ ॥ ૪૧ ॥
ઇણ જગ જિનદાસ શ્રેષ્ઠિ શીળે સુહાયો,
તિમ નિરમળ શીળે શીલ ગંગેવ ગાયો ॥
કળિ કરણ નરિંદા એ સમા છે જિ કેઈ,
પરભવ શિવ પામે શીળ પાળે તિ કેઈ ॥ ૪૨ ॥

## અથ તપ વિષે.

તરણિ કિરણથી જ્યૂં સર્વ અંધાર જાએ,
તપ કરિ તપથી ત્યૂં દુઃખ તે દૂર થાએ ॥
વળિ મલિન થયૂં જે કર્મ ચંડાળ તીરે,
કિમ તનુ ન પખાળે તે તપસ્વર્ણ નીરે ॥ ૪૩ ॥
તપ વિણ નવિ થાએ નાશ દુઃકર્મ કેરો,

તપ વિણુ ન ટળે જે જન્મ સંસાર ફેરો ॥
તપ બળે લહિ લબ્ધી ગૌતમે નંદિષેણુ,
તપ બળે વપુ કીધૂં વિષ્ણુ વૈક્રિય જેણુ ॥ ૪૪ ॥

### અથ ભાવ વિષે.

મન વિણુ મિળવો જ્યૂં ચાવવો દંત હીણો,
ગુરૂ વિણુ ભણવો જ્યું જીમવો જ્યૂં અલૂણો ॥
જશ વિણુ બહુ જીવી જીવ તે જ્યૂં ન સોહે,
તિમ ધરમ ન સોહે ભાવના જો નહોહે ॥ ૪૫ ॥
ભરતનૃપ ઇલાચી જીરણુ શ્રેષ્ઠિ ભાવે ॥
વળિ વલકલચીરી કેવળજ્ઞાન પાવે ॥
હળધર હરિણો જે પંચમે સ્વર્ગ જાએ,
ઇહજ ગુણુ પસાયે તાસ નિસ્તાર થાએ ॥ ૪૬ ॥

### અથ ક્રોધ વિષે.

તૃણુ દહન દહંતો વસ્તુ જ્યૂં સર્વ બાળે,
ગુણુ રયણુ ભરી ત્યૂં ક્રોધ કાયા પ્રજાળે, ॥
પ્રશમ જળદ ધારા વન્હિ તે ક્રોધ વારો,
તપ જપ વ્રત સેવા પ્રીતિવલ્લી વધારો ॥ ૪૭ ॥
ધરણિ ફરશુરામે ક્રોધે નિઃક્ષત્રિ કીધી,
ધરણિ સુભુમરાયે ક્રોધે નિઃબ્રહ્મી કીધી ॥
નરક ગતિ સહાઇ ક્રોધ એ દુઃખદાઇ,
વરજ વરજ ભાઇ ! પ્રીતિ દેજે વહાઇ ॥ ૪૮ ॥

### અથ માન વિષે.

વિનય વન તણી જે મૂળ શાખા વિમોડે,
સુગુણુ કનકકેરી શૃંખલા બંધ તોડે ॥
ઉનમદ કરિ દોડે માન તે મત્ત હાથી,
નિજ વશ કરિ લેજે અન્યથા દૂર એથી ॥ ૪૯ ॥
વિષદ વિષ સમો એ માન તે સર્પ જાણો,

મનુઅ વિકળ હોવે એણુ ડંકે જડાણો ॥
ઇહ ન પરિહર્યો જો માન દુર્યોધને તો,
નિજ કુળ વિણુસાડયો માનને જે વહંતો ॥ ૫૦ ॥

### अथ माया विषे.

નિઠુરપણું નિવારી હીયડે હેજ ધારી,
પરિહર છળ માયા જે અસંતોષકારી ॥
મધુર મયૂર બોલે તો હિ વિશ્વાસ નાણે,
અહિ ગિલણુ પ્રમાણે માયિને લોક જાણે ॥ ૫૧ ॥
મ કર મ કર માયા દંભ દોષદુછાયા,
નરય તિરિય કેરા જન્મ જે દેહ માયા ॥
બળિનૃપ છળવાને વિષ્ણુ માયા વહંતાં,
લહુયપણું લહ્યું જે વામના રૂપ લેતાં ॥ ૫૨ ॥

### अथ लोभ विषे.

સુણુ વયણુ સયાણે ચિત્તમાં લોભ નાણે,
સકળ વ્યસન કેરો માર્ગ એ લોભ જાણે ॥
ઇક ખણુ પણુ એને સંગ રંગે મ લાગે,
ભવભવ દુઃખ દે એ લોભને દૂર ત્યાગે ॥ ૫૩ ॥
કનકગિરિ કરાયા લોભથી નંદરાયે,
નિજ અરથ ન આયા તે હર્યા દેવતાયે ॥
સયલ નિધિ લહીજે સ્વાયતે વિશ્વ કીજે,
મન તનહુ વરીજે લોભ તૃષ્ણા ન છીજે ॥ ૫૪ ॥

### अथ दया विषे.

સુકૃત કલપવેલી લચ્છિ વિદ્યા સહેલી,
વિરતિ રમણુ કેલી શાંતિ રાજા મહેલી ॥
સકળ ગુણુ ભલેરી જે દયા જીવ કેરી,
નિજ હૃદય ધરી તે સાધિયે મુક્તિશેરી ॥ ૫૫ ॥
નિજ શરણુ પારેવો સેનથી જેણુ રાખ્યો,
ષટદશમ જિને તે એ દયાધર્મ દાખ્યો,

તિણુ હૃદય ધરીને જો દયાધર્મ કીજે,
ભવ જળધિ તરીજે દુઃખ દૂરે કરીજે ॥ ૫૬ ॥

## અથ સત્ય વિષે.

ગરલ અમૃત વાણી સાચથી અગ્નિ પાણી,
સ્રજ સમ અહિરાણી સાચ વિશ્વાસ ખાણી ॥
સુપ્રસન સુર કીજે સાચથી તે તરીજે,
તિણુ અલિક તજીજે સાચ વાણી વદીજે ॥ ૫૭ ॥
જગ અપજશ વાધે કૂડ વાણી વદંતાં,
વસુ નૃપતિ કુગત્યે સાખ કૂડી ભરંતાં ॥
અસત્ય વચન વારી સાચને ચિત્ત ધારી,
વદ વચન વિચારી જે સદા સૌખ્યકારી ॥ ૫૮ ॥

## અથ ચોરી વિષે.

પર ધન અપહારે સ્વાર્થને ચોર હારે,
કુળ અજશ વધારે બંધ ઘાતાદિ ધારે ॥
પર ધન તણિ હેતે સર્પ જ્યૂં દૂર વારી,
જગ જન હિતકારી હોય સંતોષ ધારી ॥ ૫૯ ॥
નિશિ દિન નર પામે જેહથી દુઃખ કોડી,
તજ તજ ધન ચોરી કષ્ટની જેહ ઓરી ॥
પર વિભવ હરંતો રોહિણી ચોર રંગે,
ઇહ અભયકુમારે તે ગ્રહ્યો બુદ્ધિ સંગે ॥ ૬૦ ॥

## અથ કુશીલ વિષે.

અશય પડહ વાગે લોકમાં લીહ ભાગે,
દુરજન બહુ જાગે જે કુળે લાજ લાગે ॥
સજન પણુ વિરાગે માં રમે એણુ રાગે,
પર તિય રસ રાગે દોષની કોડિ જાગે ॥ ૬૧ ॥
પર તિય રસ રાગે નાશ લંકેશ પાયો,
પર તિય રસ ત્યાગે શીળ ગંગેવ ગાયો ॥

દ્રુપદ જનક પુત્રી વિશ્વ વિશ્વે વિદીતી,
સુર નર મિલી સેવી શીળને જે ધરંતી ॥ ૬૨ ॥

### अथ परिग्रह विषे.

શશિ ઉદય વધે જ્યૂં સિંધુ વેળા ભલેરી,
ધન કરિ મનસાયે તેમ વાધે ઘણેરી ॥
દુરિત નગર શેરી તૂં કરે એ પરેરી,
મ મ કર અધિકેરી પ્રીતિ એ અર્થ કેરી ॥ ૬૩ ॥
મનુઅ જનમ હારે દુઃખની કોડિ ધારે,
પરિગ્રહુ મમતાયે સ્વર્ગનાં સૌખ્ય વારે ॥
અધિક ધરણિ લેવા ધાતકી ખંડ કેરી,
સુભુમ કુગતિ પામી ચક્રિરાયે ઘણેરી ॥ ૬૪ ॥

### अथ संतोष त्रिषे.

સકળ ગુણ ભરાયે વિશ્વતા વશ્ય થાએ,
ભવજળધિ તરાયે દુઃખ દૂરે પલાએ ॥
નિજ જનમ સુધારે આપદા દૂર વારે,
નિત ધરમ વધારે જેહ સંતોષ ધારે ॥ ૬૫ ॥
સકળ સુખ તણો તે સાર સંતોષ જાણે,
કનક રમણિકેરી જેહ ઇચ્છા ન આણે ॥
રજનિ કપિલ બાંધ્યો સ્વર્ણની લોલતાયે,
ભમર કમળ બાંધ્યો તે અસંતોષતાયે ॥ ૬૬ ॥

### अथ विषय त्रिषे.

શિવપદ યદિ વંછે જેહ આનંદદાઇ,
વિષ સમ વિષયા તો છાંડિ દે દુઃખદાઇ ॥
મધુર અમૃત ધારા દૂધની જો લહીજે,
અતિ વિરસ સદા તો કાંજિકા શૂં ગ્રહીજે ॥ ૬૭ ॥
વિષય વિકળ તાણી કીચકે ભીમ ભાર્યા,
દશમુખ અપહારી જાનકી રામ ભાર્યા ॥
રતિ ધરિ રહનેમી ક્રીડવા નેમિ નાર્યા,
જિણુ વિષય ન વર્જ્યા તેહ જાણો અનાર્યા ॥ ૬૮ ॥

## अथ इंद्रिय विषे.

ગજ મગર પતંગા જેહ ભૃંગા કુરંગા,
ઇકિ ઇક વિષયાર્થે તે લહે દુ:ખ સંગા ॥
જસ પરવશ પાંચે તેહનું શું કહીજે,
ઈમ હૃદય વિમાસી ઈંદ્રિ પાંચે દમીજે ॥ ૬૯ ॥
વિષય વન ચરંતાં ઈંદ્રિ જે ઊંટડા એ,
નિજ વશ નવિ રાખે તેહ દે દુ:ખડા એ ॥
અવશ કરણ મૃત્યુ જ્યૂં અગુપ્તેંદ્રિ પામે,
સ્વવશ સુખ લહ્યાં જ્યું કૂર્મ ગુપ્તેંદ્રિ નામે ॥ ૭૦ ॥

## अथ प्रमाद विषे.

સહુ મન સુખ વંછે દુ:ખને કો ન વંછે,
નહિ ધરમ વિના તે સૌખ્ય એ સંપજે છે ॥
ઇહ સુધરમ પામી કાં પ્રમાદે ગમીજે,
અતિ અળસ તજીને ઉદ્યમે ધર્મ કીજે ॥ ૭૧ ॥
ઈહિ દિવસ ગયા જે તેહ પાછા ન આવે,
ધરમ સમય આળે કાં પ્રમાદે ગમાવે ॥
ધરમ નવિ કરે જે આયુ આળે વહાવે,
શશિ નૃપતિપરે ત્યૂં સોચના અંત પાવે ॥ ૭૨ ॥

## अथ साधुधर्म विषे.

( શાર્દૂલવિક્રીડિતવૃત્તમ. )

જે પંચવ્રત મેરુભાર નિવહે નિ:સંગ રંગે રહે,
પંચાચાર ધરે પ્રમાદ ન કરે જે દુ:પરીસા સહે ॥
પાંચે ઈંદ્રિ તુરંગમા વશ કરે મોક્ષાર્થને સંગ્રહે,
એવો દુષ્કરસાધુધર્મ ધન તે જે જ્યૂં ગ્રહે ત્યૂં વહે ॥૭૩॥

( માલિનીવૃત્તમ. )

મયણ રસ વિમોડી કામિની સંગ છોડી,
તજિય કનક કોડી મુક્તિશું પ્રીતિ જોડી ॥

ભવ ભવ ભય વામી શુદ્ધ ચારિત્ર પામી,
ઈહજગશિવ ગામી તે નમો જંબુસ્વામી ॥ ૭૪ ॥


## अथ श्रावकधर्म विषे.

( સાર્દૂલવિક્રીડિત્તં. )

જે સમ્યક્ત લહી સદાવ્રત ધરે સર્વજ્ઞ સેવા કરે,
સંધ્યાવશ્યક આદરે ગુરૂ ભજે દાનાદિ ધર્માચરે ॥
નિત્યે સદ્ગુરૂ સેવના વિધિ ધરે એવો જિનાધીશ્વરે,
ભાંખ્યો શ્રાવકધર્મ હોય દશધાજે આદરે તે તરે ॥૭૫ ॥

( માલિનીવૃત્તં. )

નિશિ દિન જિનકેરી જે કરે શુદ્ધ સેવા,
અણુવ્રત ધરિ જે તે કામ આનંદ દેવા ॥
ચરમ જિનવરિંદે જે સુધર્મે સુવાશ્યા,
સમકિત સતવંતા શ્રાવકા તે પ્રસંસ્યા ॥ ૭૬ ॥
ઇમ અરથ રસાળા જે રચી સૂક્તમાળા,
ધરમ નૃપતિ બાળા માલિની છંદ શાળા ॥
ધરમ મતિ ધરંતાં એ ઇહાં પુણ્ય વાધ્યો,
પ્રથમ ધરમકેરો સાર એ વર્ગ સાધ્યો ॥ ૭૭ ॥



# अथ श्री द्वितीय अर्थवर्ग प्रारंभः

( ઉપેંદ્રવજ્રાવૃત્તમ્. )

અથાર્થવર્ગે હિત ચિંતન શ્રી—
મિતં પચાર્થ્યે સ્વમહીશ સેવા ।
ખળાદિ મૈત્રી વ્યસનાદિ ચૈવ—
મિહાવધાર્યાઃ કતિચિત્પ્રસંગાઃ ॥ ૧ ॥

## अथ अर्थ विषे.

( માલિનિવૃત્તમ્. )

અરથ અરજ જેણે સ્વાયતે વિશ્વ હોવે,
જિણ વિણ ગુણ વિદ્યા રૂપને કોણ જોવે ॥
અભિનવ સુખ કેરો સાર એ અર્થ જાણી,
સકળ ધરમ જેથી સાધિયે ચિત્ત આણી ॥ ૨ ॥

અરથ વિણ કૈવન્નો જેહ વેશ્યાયે નાંખ્યો,
અરથ વિણ વશિષ્ઠે રામ જાતો ઉવેખ્યો ॥
સુકૃત સુજસકારી અર્થ તે એ ઉપાર્જો,
કુવણજ ઉપજંતો અર્થ તે દૂર વર્જો ॥ ૩ ॥

## अथ हितचिंतन विषे.

પર હિત કરવા જે ચિત્ત ઉચ્છાહ ધારે,
પર કૃત હિત હીયે જે ન કાંઇ વિસારે ॥
પ્રતિ હિતપરથી જે તે ન વંછે કદાઇ,
પુરૂષ રયણ સોઈ વંદિયે સો સદાઇ ॥ ૪

નિજ દુઃખ ન ગણે જે પારકૂં દુઃખ વારે ॥
તિહતણી બલિહારી જાઇયે કોડિ વારે ॥
જિમ વિષભર જેણે ડંક પીડા સહીને,
વિષધર જિન વીરે બૂઝવ્યો તે વહીને ॥ ૫ ॥

## अथ लक्ष्मी विषे.

હરિ સુત રતિ રંગે જે રમે રાત સારી,
શિવ તનય કુમારો બ્રહ્મપુત્રી કુમારી ॥
હિત કરિ દૃગલીલા જેહને લચ્છી જોવે,
સકળ સુખ લહે સો સોઈ વિખ્યાત હોવે ॥ ૬ ॥
લખમિ બળિ યશોદાનંદને વિશ્વ મોહે,
લખમિ વિણુ વિરૂપી શંભુ ભિક્ષુ ન સોહે ॥
લખમિ લહિય રાંકે જે શિલાદિત્ય ભંજયો,
લખમિ લહિય શાકે વિક્રમે વિશ્વ રંજયો ॥ ૭ ॥

## अथ कृपण विषे.

કણ કણ જિમ સંચે કીટિકા ધાન્ય કેરો,
મધુકરિ મધુ સંચે ભોગવે કો અનેરો ॥
તિમ ધન કૃપિ કેરો નોપકારે દિવાયે,
ક્રમહિ વિલય જાએ અન્યથા અન્ય ખાયે ॥ ૮ ॥
કૃપણપણું ધરંતા જે નવે નંદરાયા,
કનકગિરિ કરાયા તે તિહાં અર્થ નાયા ॥
ઇમ મમત કરંતાં દુઃખ વાસે વસીજે,
કૃપણપણું તજીને મેઘ જ્યૂં દાન દીજે ॥ ૯ ॥

## अथ याचना विषे.

નિરમળ ગુણ રાજી ત્યાં લગે લોક રાજી,
તબ લગ કહે જી જી ત્યાં લગે પ્રીતિ જાજી ॥
સુજન જન સનેહી ત્યાં લગે મિત્ર તેહી,
મુખથકિ ન કહીજે જ્યાં લગે દેહિ દેહી ॥ ૧૦ ॥
જઇ વડપણ વંછે માગજે તો ન કાંઇ,
લહુ પણ જિણ હોવે કેમ કીજે તિ કાંઇ ॥
જિમ લઘુ થઈ શોભે વીરથી દાન લીધું,
હરિ બળિનૃપ આગે વામના રૂપ કીધું ॥ ૧૧ ॥

## अथ निर्धन विषे.

ધન વિણુ નિજ બંધુ તેહને દૂર છંડે,
ધન વિણુ ગૃહભાર્યા ભર્તૃ સેવા ન મંડે
નિરજળ સર જેવો દેહ નિર્જીવ જેવો,
નિરધન તૃણુ જેવો લોકમાં તે ગણેવો ॥ ૧૨ ॥
સરવર જિમ સોહે નીર પૂરે ભરાયો,
ધન કરિ નર સોહે તેમ નીતે ઉપાયો ॥
ધન કરિય સુહંતો માધ જે જાણુ હૂતો,
ધન વિણુ પગ સૂઝી તેહ દીઠો મરંતો ॥ ૧૩ ॥

## अथ राजसेवा विषे.

સુજનશું હિત કીજે દુર્જના શીખ દીજે,
જગ જન વશં કીજે ચિત્ત વાંછા વરીજે ॥
નિજ ગુણુ પ્રગટીજે વિશ્વનાં કાર્ય કીજે,
પ્રભુ સમ વિચરીજે જો પ્રભુ સેવ કીજે ॥ ૧૪ ॥
ભગતિ કરિ વડાની સેવ કીજે જિ કાંઇ,
અધિક ફળ ન આપે કર્મથી તે તિ કાંઇ ॥
જળધિ તરિય લંકા સીત સંદેશ લાવે,
હનુમત કરમે તે રામ કચ્છોટ પાવે ॥ ૧૫ ॥

## अथ खलता विषे.

રસ વિરસ ભજે જ્યૂં અંબ નિંબ પ્રસંગે,
ખળ મિલણુ હુવે ત્યૂં અંતરંગ પ્રભંગે ॥
સુણુ સુણુ સસનેહી જાણિ લે રીતિ જેહી,
ખળ જન નિસનેહી તેહશું પ્રીતિ કેહી ॥ ૧૭ ॥
મગર જળ વસંતો તે કપીરાય દીઠો,
મધુર ફળ ચખાવી તે કરચો મિત્ર મીઠો ॥
કપિ કલિજ ભખેવા મત્સ્ય ખેલિ ખળાઇ,
જળમહિં કપિ બુદ્ધિ છાંડિદે તે ભલાઈ ॥ ૧૭ ॥

## अथ आविश्वास विषे.

( ઉપજાતવૃત્તમ. )

વિશ્વાસી સાથે ન છળે રમીજે,
ન વૈરિ વિશ્વાસ કદાપી કીજે ॥
જો ચિત્ત એ ધીર ગુણ ધરીજે,
તો લચ્છિ લીલા જગમાં વરીજે ॥ ૧૮ ॥

( ઇંદ્રવજ્રાવૃત્તમ. )

ચાણાયકે જ્યૂં નિજ કાજ સાર્યો,
જે રાજભાગી નૃપ તેહ માર્યો ॥
જો ઘૂઅડે કાક વિશ્વાસ કીધો,
તો વાયસે ઘૂકને દાહ દીધો ॥ ૧૯ ॥

## अथ मैत्री विषे.

( માલિનીવૃત્તમ. )

કરિ કનક સરીસી સાધુ મૈત્રી સદાઈ.
ઘસિ કસિ તપ વેધે જાસ વાણી સવાઈ ॥
અહવ કરહિ મૈત્રી ચંદ્રમા સિંધુ જેહી,
ઘટ ઘટ વધ વાધે સારિખા બે સનેહી ॥ ૨૦ ॥
ઇહ સહજ સનેહે જે વધે મિત્રતાઇ,
રવિપરિ ન ચળે તે કંજ જ્યૂં બંધુતાઈ ॥
હરિ હળધર મૈત્રી કૃષ્ણને જે છમાસે,
હળધર નિજ ખંધે લે ફિર્યો જીવ આશે ॥ ૨૧ ॥

## अथ व्यसन विषे.

નલિન મલિન શોભા સાંજથી જેમ થાએ,
ઇહ કુવિસનથી ત્યૂં સંપદા કીર્ત્તિ જાએ ॥
કુવિસન તણિ હેતે સર્વથા દૂર કીજે,
જનમ સફળ કીજે મુક્તિ કાંતા વરીજે ॥ ૨૨ ॥

### अथ द्यूत विषे.

( द्रुतविलंबितवृत्तम् )

સુગુરૂ દેવ જિહાં નવિ લેખવે,
ધન વિણા સહુએ જિણ ખેલવે ॥
ભવ ભવે ભમવૂં જિણ ઊવટે,
કહોને કોણ રમે તિણ જૂવટે ॥ २३ ॥

### अथ मांसभक्षण विषे.

( ઉપજાતિવૃત્તં. )

જે માંસલુબ્ધા નર તે ન હોહે,
તે રાક્ષસા માનુષ રૂપ સોહે ॥

### अथ चोरी विषे.

જે લોકમાં નર્ક નિવાસ ઓરી,
નિવારિવે તે પર દ્રવ્ય ચોરી ॥ २४ ॥

### अथ मद्य विषे.

( ભુજંગપ્રયાત્તવૃત્તં. )

સુરાપાનથી ચિત સંભ્રાંત થાયે,
ઘટે લાજ ગંભીરતા શીળ જાયે ॥
જિહાં જ્ઞાન વિજ્ઞાન મૂઝે ન સૂઝે,
ઇશું મદ્ય જાણી ન પીજે ન દીજે ॥ २५ ॥

### अथ वेश्या विषे.

કહો કોણ વેશ્યાતણો અંગ સેવે,
જિણે અર્થની લાજની હાણિ હોવે ॥
જિણે કોશ સિંહગુફાયે નિવાસી,
છળ્યો સાધુ નેપાળ ગ્યો કંબળાસી ॥ २६ ॥

### अथ खेटक विषे.

( રથોદ્ધતાવૃત્તં. )

મૃગયાને તજ જીવઘાત જે,
સઘળા જીવદયા સદા ભજે ॥

'મૃગયાથી દુઃખ જે લહ્યાં નવાં,
હરિ રામાદિ નરેંદ્રે જેહવાં ॥ ૨૭ ॥

### अथ परस्त्री षिषे.

( ચોપાઈ છંદ )

સ્વર્ગ સૌખ્ય ભણિ જો મન આશા,
છંડે તો અપર નારિ વિલાસા ॥
જેણે એણુ નિજ જન્મ દુઃખ એ,
સર્વથા ન પરલોક સૂખ એ ॥ ૨૮ ॥

### पूर्वोक्त विषयोनां उदाहरणो.

( શાર્દૂલવિક્રીડિતવૃત્તં. )

જૂવા ખેલણ પાંડવા વન ભમ્યા મદ્યે બળી દ્વારિકા,
માંસેશ્રેણિક નારકી દુઃખ લહ્યાં બાંધ્યાનકે ચોરિકા
આખેટે દશરત્થ પુત્ર વિરહી કૈવન્નો વેશ્યા ઘરે,
લંકાસ્વામિપરસ્ત્રિયારસ રમે જેએ તજે તે તરે. ૨૯

### अथ कीर्ति विषे.

( માલિનીવૃત્તં. )

દિશિ દિશિ પસરંતી ચંદ્રમા જ્યોતિ જેસી,
શ્રવણ સુણત લાગે જાણ મીઠી સુધાસી ॥
નિશિ દિન જન ગાયે રામ રાજિંદ જેવી,
ઇણ કળિ બહુ પુણ્યે પામિયે કીર્ત્તિ એવી ॥ ૩૦ ॥

### अथ प्रधान विषे.

સકળ વ્યસન વારે સ્વામિશું ભક્તિ ધારે,
સ્વ પર હિત વધારે રાજ્યનાં કાજ સારે ॥
અનય નય વિચારે ક્ષુદ્રતા દૂર વારે,
ચણિ સુત જિમ ધારે રાજ્ય લક્ષ્મી વધારે ॥ ૩૧ ॥

### अथ कला विषे.

ચતુર કર કળાનો સંગ્રહો સૌખ્યકારી,
ઇણ ગુણ જિણ લાધી દ્રોણ સંપત્તિ સારી ॥

ત્રિપુર વિજય કર્त्ता જે કળાને પ્રસંગે,
હિમકર મન રંગે લૈ ધર્યો ઉત્તમાંગે ॥ ૩૨ ॥

अथ मूर्खता विषे.

વચન રસ ન ભેદે મૂર્ખ વાર્त्ता ન વેદે,
તિમ કુવચન ખેદે તેહને શીખ જે દે ॥
નૃપ શિર રજ નાંખી જેણુ મૂર્ખે વહીને,
હિત કહત હણી જ્યૂં વાનરે સુગ્રહીને ॥ ૩૪ ॥

अथ लज्जा विषे.

નિજ વચન નિવાહે લાજગ્યૂં રાજ વાળે,
વ્રત નય કુળ રીતે માત જ્યૂં લાજ પાળે ॥
સકળ ગુણુ સુહાવે લાજથી ભાવદેવે,
વ્રત નિયમ લહ્યો જે ભાઇ લજ્જા પ્રભાવે ॥ ૩૪ ॥

( શાલિનીવૃત્તં. )

એવા જે જે રૂયડા ભાવ રાજે,
એણે વિશ્વે અર્થથી તેહ છાજે ॥
એવું જાણે સાર એ સૌખ્ય કેરો,
તે ધીરો જે અર્થ અર્જે ભલેરો ॥ ૩૫ ॥

॥ इति श्री सूक्तमुक्तावल्यां द्वितीय अर्थवर्गः समाप्तः ॥ २ ॥

## अथ श्री तृतीय कामवर्ग प्रारंभः

( ઉપજાતિવૃત્તં. )

આદ્યાઃ કિયંત કિલ કામવર્ગે;
કામો નૃનાર્યો ગુણ દોષ ભાજઃ ॥
સલ્લક્ષણૈર્યોગ વિયોગ યુકતૈઃ,
સ માતૃ પિતૃ પ્રમુખાઃ પ્રસંગાઃ ॥ ૧ ॥

अथ काम विषे.

કંદર્પ પંચાનન તેજ આગે,
કુરંગ જેવા જગ જીવ લાગે ॥
સ્રી શસ્ત્ર લેઇ જગ જે વદીતા,
તે એણુ દેવા જનવૃંદ જીતા ॥ ૨ ॥

( માલિનીવૃત્તં. )

મનમથ જગમાંહે દુર્જયી જે અદ્યાપી,
ત્રિભુવન સુરરાજી જાસ શસ્ત્રે સતાપી ॥
વિધિજલજ ઉપાસે વાર્ધિજા વિષ્ણુ સેવે,
હર હિમ ગિરિજા તે જેહ અર્ધાંગ દેવે ॥ ૩ ॥

( શાર્દૂલવિક્રીડિતવૃત્તં. )

ભિલ્લીભાવ છળ્યો મહેશ ઉમયા જે કામરાગે કરી,
પુત્રી દેખી ચળ્યો ચતુર્મુખ હરી આહેરિકા આદરી ॥
ઇંદ્રે ગૌતમની ત્રિયા વિલસિને સંભોગ તે ઓળવ્યા,
કામે એમ મહંત દેવ જગ જે તે ભોળવ્યા રોળવ્યા ॥ ૪ ॥

( માલિનીવૃત્તમ. )

નળ નૃપ દમયંતી દેખિ ચારિત્ર ચાળે,
અરહન રહનેમી તે તપસ્યા વિટાળે;
ચરમ જિન મુની તે ચિલ્લણા રૂપ મોહે,
મયણ સર વ્યથાના એહ ઉન્માદ સોહે. ॥ ૫ ॥

## अथ गुणदोषोद्भावन विषे.

( રથોદ્ધતાવૃત્તમ. )

~~ઉત્તમા પણ નરા ન સંભવે,~~
મધ્યમા તિમ ન યોષિતા હુવે ॥
એહ ઉત્તમિક મધ્યમો પણો,
એહુ માંહિ ગુણ દોષનો ગિણો

## अथ पुरुषगुणा यथा.

( શાર્દૂલવિક્રડિતવૃત્તમ. )

જે નિત્યે ગુણવૃંદ લે પરતણા દોષો ન જે દાખવે,
જે વિશ્વે ઉપકારિને ઉપકરે વાણી સુધા જે લવે ॥
પૂરા પૂનમ ચંદ જેમ સુગુણા જે ધીર મેરૂસમા,
ઊંડા જે ગંભીર સાયર જિશા તે માનવા ઉત્તમા ॥ ૭ ॥

( અનુષ્ટુબ્વૃત્તમ. )

રૂપ સૌભાગ્ય સંપન્નાઃ સત્વાદિ ગુણ શોભનાઃ ॥
તે લોકે વિરલા ધીરાઃ, શ્રીરામ સદૃશા નરાઃ ॥ ૮ ॥

## अथ पुरुषदोषा यथा.

( શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્. )

લંકાસ્વામિ હરંતિ રામ તજિ તે સિતાતણી એ થકી,
સ્ત્રી વેચી હરિચંદ પાંડવનૃપે કૃષ્ણે ન રાખી શકી,
રાત્રે છંડી નિજ ત્રિયા નળનૃપે એ દોષ મ્હોટાભણી,
જોવો ઉત્તમમાંહિ દોષગણના કાં વાત બીજા તણી ॥ ૯ ॥

## अथ स्त्रीगुणा यथा.

( ઉપજાતિવૃત્તમ. )

સુશીખ આલે પ્રિય ચિત્ત ચાલે,
જે શીળ પાળે ગૃહ ચિંત ટાળે ॥
દાનાદિ જેણે ગૃહિધર્મ હોઈ,
તે ગેહિ નિત્યે ઘર લચ્છિ સોઈ ॥ ૧૦ ॥

### અથ સ્ત્રીદોષા યથા.

ભર્તા હણ્યો જે પતિમારિકાયે,
નાંખ્યો નદીમાં સુકુમાળિકાએ ॥
સુદર્શન શ્રેષ્ટિ સુશીળ રાખ્યો,
તે આળ દેઇ અભયાયે દાખ્યો ॥ ૧૧ ॥

( વસંતતિલકાવૃત્તં. )

માર્યો પ્રદેશિ સુરકંત વિષાવળીએ,
રાજા યશોધર હણ્યો નયનાવળીએ ॥
દુ:ખી કર્યો સ્વસુર પંડિતાએ,
દોષી ત્રિયા ઇમ ભણી ઇણુ દોષતાયે ॥ ૧૨ ॥

### અથ સુલક્ષણી સ્ત્રી વિષે.

( શાર્દૂલવિક્રીડિતવૃત્ત. )

રૂડી રૂપવતી સુશીળ સુગુણી લાવણ્ય લીલા જુષી,
લજ્જાળુ પ્રિયવાદિની પ્રિયતણે ચિત્તે સદા જેવસે;
લીલા યૌવન ઉલ્લસે ઉરવસી જાણે નૃલોકે વસી,
એવી પુણ્યતણે પસાયલહીયે રામારમાસારસી ૧૩

( ઉપજાતિવૃત્તમ્. )

સીતા સુભદ્રા નળરાય રાણી,
જે દ્રૌપદી શીળવતી વખાણી ॥
જે એહવી શીળ ગુણે સમાણી,
સુલક્ષણા તે જગમાંહી જાણી ॥ ૧૪ ॥

### અથ સંયોગ વિષે.

( માલિનીવૃત્તમ્. )

પ્રિય સખી પ્રિય યોગે ઉલ્લસે નેત્ર રંગે,
હસિત મુખ શશી જ્યૂં સર્વ રોમાંચ અંગે ॥
કુચ ઈક મુજ વૈરી નમ્રતા જે ન દાખે,
પ્રિય મિલણ સમે જે અંતરો તેહ રાખે.

## अथ वियोग विषे.

દિન વરસ સમાણે રૈણી કલ્પાંત જાણે,
હિમ રજ કદલી જે તેહ ઝાળા પ્રમાણે ॥
શિશિર સિકર સો જે સૂરશો સોઇ લાગે,
પ્રિય વિરહ પ્રિયાને દુઃખ શૂં શં ન જાગે ॥ ૧૬ ॥

## अथ माता विषे.

( ઇંદ્રવજ્રાવૃત્તં. )

જે માતનો બોલ કદા ન લોપે,
તે વિશ્વમાં સૂરજ જેમ ઓપે ॥
જ્યાં ધર્મચર્યા બહુધા પરીખી,
ત્યાં માત પૂજા સહુમાં સરીખી ॥ ૧૭ ॥
જે માત મોહે જિન એમ કીધો,
ગર્ભે વસંતાં વ્રત નેમ લીધો ॥
જે માત ભદ્રા વચણે પ્રબુદ્ધો,
શીલા તપંતે અરહન્ન સિદ્ધો ॥ ૧૮ ॥

## अथ पिता विषे.

જે બાળભાવે સુતને રમાડે,
વિદ્યા ભણાવે સરસૂં જમાડે ॥
તે તાતનો પ્રત્યુપકાર એહી,
જે તેહની ભક્તિ હિયે વહેહી ॥ ૧૯ ॥

( માલિનીવૃત્તં. )

નિષધ સગર રાયા જે હરીભદ્ર ચંદ્રા,
તિમ દશરથ રાયા જે પ્રસન્ના મુનિંદ્રા ॥
મનક જનક જે તે પુત્રને મોહ ભાર્યા,
સ્વસુત હિત કરીને તેહનાં કાજ સાર્યા ॥ ૨૦ ॥

### अथ पुत्र विषे.

( સ્વાગતાવૃત્તં. )

માત તાત પદપંકજ સેવા,
જે કરે તસ સુપુત્ર કહેવા ॥
જેહ કીર્ત્તી કુળ લાજ વધારે,
સૂર્ય જેમ જગતે જસ ધારે ॥ ૨૧ ॥

( શાલિનવૃત્તં. )

ગંગા પુત્ર વિશ્વમાં કીર્ત્તી રોપી,
આજ્ઞા જિણે તાતકેરી ન લોપી ॥
તે ધન્ય જે અંજના પુત્ર જેવા,
જેણે કીધી જાનકી નાથ સેવા ॥ ૨૨ ॥

( તોટકવૃત્તં. )

ઈમ કામ વિલાસ ઉલાસત એ,
રસ રીતિ રૂચે અનુભાવત એ ॥
જિમ ચંદન અંગ વિલેપત એ,
હિયે હોય સદા સુખ સંપતિ એ ॥ ૨૩ ॥

**इति श्री सूक्तमुक्तावल्यां तृतिय कामवर्गः समाप्तः ॥ ३ ॥**

## अथ श्री चतुर्थ मोक्षवर्ग प्रारंभः

( ઉપજાતિવૃત્તં. )

આદ્યા ક્રિયંતોપ્યથ મોક્ષવર્ગે,
કર્મ ક્ષમા સંયમ ભાવનાદ્યાઃ ॥
વિવેક નિર્વેદ નિજ પ્રબોધા,
ઇત્યેવમેતે પ્રવર પ્રસંગાઃ ॥ ૧ ॥

### अथ मोक्षार्थ विषे.

( માલિનીવૃત્તં. )

ઇહિ ભવ સુખ હેતે કે પ્રવર્તે ભલેરા,
પરભવ સુખ હેતે જે પ્રવર્તે અનેરા ॥
અવર અરથ છંડી મુક્તિ પંથા આરાધે,
પરમ પુરૂષ સોઇ જેહ મોક્ષાર્થ સાધે ॥ ૨ ॥
તજિય ભરતકેરી જેણ ષટ્ખંડ ભૂમી,
શિવપંથ જિણ સાધ્યો સોળમે શાંતિ સ્વામી ॥
ગજમુનિ સુપ્રસિદ્ધા જેમ પ્રત્યેકબુદ્ધા,
અવર અરથ છંડી ધન્ય તે મોક્ષલુદ્ધા ॥ ૩ ॥

### अथ कर्म विषे.

કરમ નૃપતિ કોપે દુઃખ આપે ઘણેરાં,
નરય તિરિય કેરા જન્મ જન્મે અનેરા ॥
શુભ પરિણતિ હોવે જીવને કર્મ તેવે,
સુર નરપતિ કેરી સંપદા સોઈ દેવે ॥ ૪ ॥
કરમ શશિ કલંકી કમ ભિક્ષુ પિનાકી,
કરમ બળિનરેંદ્રે પ્રાર્થના વિષ્ણુરાકી ॥
કરમ વશ વિધાતા ઇંદ્ર સૂર્યાદિ હોઇ,
સબળ કરમ સોઇ કર્મ જેવો ન કોઇ ॥ ૫ ॥

### अथ क्षमा विषे.

દુરિત ભર નિવારે જે ક્ષમા કર્મ વારે,

સકળ તપ સધારે પુણ્ય લક્ષ્મી વધારે ॥
શ્રુત સકળ આરાધે જે ક્ષમા મોક્ષ સાધે,
જિણુ નિજ ગુણુ વાધે તે ક્ષમા કાં ન સાધે ॥ ૬ ॥
સુગતિ લહિ ક્ષમાયે ખંધસૂરીશ શીશા,
સુગતિ દૃઢપ્રહારી કૂરગડૂ મુનીશા ॥
ગજમુનિય ક્ષમાએ મુક્તિપંથા આરાધે,
તિમ સુગતિ ક્ષમાયે સાધુ મેતાર્ય સાધે ॥ ૭ ॥

## अथ संयम विषे.

( સ્વાગતાવૃત્તમ્. )

પૂર્વ કર્મ સંયમ વારે,
જન્મ વારિનિધિ પાર ઉતારે ॥
તેહ સંયમ ન કેમ ધરીજે,
જેણુ મુક્તિ રમણી વશ કીજે ॥ ૮ ॥
તુંગ શૈલ બળદેવ સુહાયો,
જેણુ સિંહ મૃગ બોધ બતાયો ॥
તેમ સંયમ લહીય આરાધ્યો,
જેણુ પંચમ સુરાલય પાયો ॥ ૯ ॥

## अथ द्वादशभावना विषे.

### तत्र प्रथम अनित्यभावना.

( માલીની વૃત્તં. )

ધણ કણ તનુ જીવી વીજ ઝાત્કાર જેવી,
સુજન તરૂણ મૈત્રી સ્વપ્ન જેવી ગણેવી ॥
અહં મમ મમતાયે મૂઢતા કાંઇ માચે,
અથિર અરથ જાણી એણશું કોણ રાચે ॥૧૦॥
ધરણિ તરૂ ગિરીંદ્રા દેખિય ભાવ જેઇ,
સુર ધનુષ પરે તે ભંગુરા ભાવ તેઇ ॥
ઇમ હૃદય વિમાસી કારમી દેહ છાયા,
તજિય ભરતરાયા ચિત્ત યોગે લગાયા ॥૧૧॥

## બીજી અશરણભાવના.

પરમ પુરૂષ જેવા સંહર્યા જે કૃતાંતે,
અવર શરણ કેનું લીજિયે તેહ અંતે ॥
પ્રિય સુહૃદ કુટુંબા પાસ બેઠા જિ કોઇ,
મરણ સમય રાખે જીવને તે ન કોઇ ॥ ૧૨ ॥
સુર ગણ નર કોડી જે કરે જાસ સેવા,
મરણ ભય ન છૂટચા તે સુરેંદ્રાદિ દેવા ॥
જગત જન હરંતો એમ જાણી અનાથી,
વ્રત ગ્રહિય વિછુટયો જેહ સંસારમાંથી ॥ ૧૩ ॥

## ત્રીજી સંસારભાવના.

( શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્. )

તિર્યંચાદ નિગોદ નારકિ તણી જે યોનિયોની રહ્યાં,
જીવે દુઃખ અનેક દુર્ગતિ તણાં કર્મ પ્રભાવે લહ્યાં ॥
યાસંયોગ વિયોગ રોગ બહુધા યા જન્મ જન્મે દુઃખી,
તે સંસાર અસાર જાણિ ઇહવો જે એ તજે સો સુખી ॥

( ઇંદ્રવજ્રાવૃત્તમ્. )

જે હીન તે ઉત્તમ જાતિ જાએ,
જે ઉચ્ચ તે મધ્યમ જાતિ થાએ ॥
જ્યૂં મોક્ષ મેતાર્ય મુનિંદ્ર જાએ,
ત્યું મંગુસૂરી પુર યક્ષ થાએ ॥ ૧૫ ॥

## ચોથી એકત્વભાવના.

પુણ્યે એકેલો જીવ સ્વર્ગ જાએ,
પાપે એકેલો જીવ નર્ક જાએ ॥
એ જીવ જા આવ કરે એકેલો;
એ જાણિને તે મમતા મહેલો ॥ ૧૬ ॥

( ઉપજાતિવૃત્ત. )

એ એકલો જીવ કુટુંબ યોગે,
સુખી દુઃખી તે તસ વિપ્રયોગે ॥

સાંહી હાથ દેખી વલચ્યો એકેલો,
નમી પ્રબોધ્યો તિણુથી વહેલો ॥ ૧૭ ॥

### પાંચમી અન્યત્વભાવના.

જો આપણો દેહજ એ ન હોઈ ॥
તો અન્ય કો આપણુ મિત્ર કોઇ ॥
જે સર્વ તે અન્ય ઇહાં ભણી જે,
કેહો તિહાં હર્ષ વિષાદ કીજે ॥ ૧૮ ॥
દેહાદિ જે જીવથકી અનેરાં,
શ્યાં દુઃખ કીજે તસ નાશ કેરાં ॥
તે જાણિને વાઘણિને પ્રબોધી,
સુકોશળે સ્વાંગન સાર કીધી ॥ ૧૯ ॥

### છટ્ઠી અશુચિભાવના.

કાયા મહા એહ અશૂચિતાઇ,
જિહાં નવ દ્વાર વહે સદાઈ ॥
કસ્તૂરિ કર્પૂર સુદ્રવ્ય સોઈ,
તે કાય સંયોગ મલીન હોઇ ॥ ૨૦ ॥
અશૂચિ દેહી નર નારિ કેરી,
મ રાચજે એ મળમૂત્ર શેરી ॥
એ કારમી દેહ અસાર દેખી,
ચતુર્થ ચક્રિય પણ તે ઉવેખી ॥ ૨૧ ॥

### સાતમી આશ્રવભાવના.

( માલિની વૃત્તમ. )

ઇહ અવિરતિ મિથ્યા યોગ પાપાદિ સાધે,
ઇહ ઉણ ભવ જીવા આશ્રવે કર્મ બાંધે ॥
કરમ જનક જે તે આશ્રવા જે ન રૂંધે,
સમર સમય આત્મા સંવરીસો પ્રબુદ્ધે ॥ ૨૨ ॥

( ઇંદ્રવજ્રાવૃત્તમ. )

જે કુંડરીકે વ્રત છાંડિ દીધું,

ભાઈતણું તે વળિ રાજ્ય લીધું ॥
તે દુઃખ પામે નરકે ઘણેરાં,
તે હેતુ એ આશ્રવ દોષ કેરાં ॥ ૨૩ ॥

## आठमी संवरभावना.

જે સર્વથા આશ્રવને નિરોધે,
તે સંવરી સંવર ભાવ સાધે ॥
તે ભાવ વંદો ગુરુ વજ્રસ્વામી,
જેણે ત્રિયા કંચન કોડિ વામી ॥ ૨૪ ॥

## नवमी निर्ज्जराभावना.

( માલિનીવૃત્તં. )

દુય દશ તપ ભેદે કર્મ એ નિર્જરાએ,
ઉતપતિ થિતિ નાસે લોક ભાવા ભરાએ ॥
દુરલભ જગ બોધી દુર્લભા ધર્મબુદ્ધિ,
ભવ હરણિ વિભાવો ભાવના એહ શુદ્ધિ ॥ ૨૫ ॥

( ઉપજાતિવૃત્તં. )

એ નિર્જરા કામ સકામ તેહી,
અકામ જે તે મરુદેવિ જેહી ॥
તે જ્ઞાનેથી કર્મહ નિર્જરીજે.
દૃઢપ્રહારી પરિ તો તરીજે ॥ ૨૬ ॥

## दशमी लोकस्वरूप भावना.

( માલિનીવૃત્તમ. )

જિમ પુરુષ વિલોયે એ અધોલોક તેવે
તિરિય પણ વિરાજે થાળશો વૃત્ત જેવો,
ઉરધ મુરજ જેવો લોકનાળે પ્રકાશ્યો,
તિમજ ભવનભાનૂ કેવળી જ્ઞાન ભાષ્યો ॥ ૨૭ ॥

### अगीयारमी बोधिदुर्लभभावना.

( સ્વાગતાવૃત્તં. )

બોધિબીજ લહી જેહ આરાધે,
તે ઇલાસુત પરે શિવ સાધે ॥

### बारमी धर्मभावना.

ધર્મ ભાવન લહી ભવિ ભાવો,
રાય સંપ્રતિ પરિ સુખ પાવો ॥ ૨૮ ॥

### अथ राग विषे.

( ઇંદ્રવજ્રાવૃત્તં. )

રાગે મ રાચો ભવબંધ જાણી,
જે જાણુ તે રાગવશે અનાણી ॥
ગૌરીતણે રાગ મહેશ રાગી,
અર્ધાંગ દેવા નિજ બુદ્ધિ જાગી ॥ ૨૯ ॥

### अथ द्वेष विषे.

રે જીવ ! તું દ્વેષ મને મ આણે,
વિદ્વેષ સંસાર નિદાન જાણે ॥
સાસૂ નણંદે મળિ કુડ કીધું,
જુઠું સુભદ્રા શિર આળ દીધું ॥ ૩૦ ॥

### अथ संतोष विषे.

( વસંતતિલકાવૃત્તમ. )

સંતોષ તૃપ્ત જનને સુખ હોય જેવું,
તે દ્રવ્યલુબ્ધ જનને સુખ નાંહિ તેવું ॥
સંતોષવંત જનને સહુ લોક સેવે,
રાજેંદ્ર રંક સરિખા કરિ જેહ જોવે ॥ ૩૧ ॥
શ્રી સિદ્ધસેન ગુરૂરાય ગંભીર વાણી,
સંતોષતા જિહતણી જગમાંહિ જાણી ॥
ભાવે કરી જિહ ભણી સુણિ વાણિ રંગે
જેસાય વિક્રમ ધરી જિનઆણ અંગે ॥ ૩૨ ॥

## अथ विवेक विषे.

( ઉપજાતિવૃત્તમ્. )

જો જેહ ચિત્ત સુવિવેક ભાસે,
તો મોહ અંધાર વિકાર નાસે ॥
વિવેક વિજ્ઞાન તણે પ્રમાણે,
જીવાદિ જે વસ્તુ સ્વભાવ જાણે ॥ ૩૩ ॥

( ઇંદ્રવજ્રાવૃત્તં. )

બાળાપણે સંયમયોગ ધારી,
વર્ષાઋતે કાચલિ જેણુ તારી ॥
શ્રી વીરકેરો અઇમુત્ત તેઇ,
સુજ્ઞાન પામ્યો સુવિવેક લેઇ ॥ ૩૪ ॥

## अथ निर्वेद विषे.

(શાર્દૂલવિક્રીડીતવૃત્તં. )

જે બંધુજન કર્મ બંધન જિશાભોગા ભુજંગાગિણે,
જાણંતો વિષસારિખી વિષયતા સંસારતા તેહણે ॥
જે સંસાર અસાર હેતુ જનને સંસાર ભાવે હુવે,
ભાવોતેઇ વિરાગવંત જનને વૈરાગ્યતા દાખવે. ॥ ૩૫ ॥

## अथ आत्मबोध विषे.

( વસંતતિલકાવૃત્તમ્. )

નિર્વેદ તે પ્રબળ દુર્ભર બંદિખાણો,
જે છોડવા મન ધરે બુધ તેહ જાણો ॥
નિર્વેદથી તજિય રાજ વિવેક લીધો,
યોગિંદ્ર ભર્તૃહરિ સંયમયોગ લીધો ॥ ૩૬ ॥
એ મોહનિંદ તજિ કેવળ બોધ હેતે,
તે ધ્યાન શુદ્ધ રૂદિ ભાવનિ એક ચિત્તે ॥
જ્યૂં નિઃપ્રપંચનિજ જ્યોતિ સ્વરૂપ પાવે,
નિર્બોધ જે અખય મોક્ષ સુખાર્થ આવે ॥ ૩૭ ॥

( માલિનીવૃત્તં. )

ભવિ વિષતણા જે ચંચળા સૌખ્ય જાણી.
પ્રિયતમ પ્રિય યોગા ભંગુરા ચિત્ત આણી ॥
કરમ દળ ખપેઈ કેવળજ્ઞાન લેઈ,
ધન ધન નર તેઇ મોક્ષ સાધે જિ કેઇ ॥ ૩૮ ॥

## इति श्री सुक्तमुक्तावल्यां चतुर्थो मोक्षवर्गः समाप्तः

---

( उपजातिवृत्तम्. )

इत्येवमुक्ता किल सूक्तमाला,
विभूषिता वर्ग चतुष्टयेन ॥
तनोतु शोभामधिकां जनानां,
कंठस्थिता मौक्तिकमालिकेव ॥ १ ॥

( शार्दूलविक्रीडितवृत्तम्. )

आसीत्सद्गुणसिंधुपार्वणशशीश्रीमत्तपागच्छपः ।
सूरिःश्रीविजयप्रभाभिधगुरुर्बुध्या जित स्वर्गुरुः ॥
तत्पट्टोदयभूधरो विजयते भास्वानि वोद्यत्प्रभः,
सूरिश्रीविजयादिरत्नसुगुरुर्विद्वज्जनानंदभूः ॥२॥

( आर्यावृत्तम्. )

विख्यातास्तद्राज्ये,
प्राज्ञाःश्रीशांतिविमलनामानः ॥
तत्सोदरा बभूवुः,
प्राज्ञाः श्रीकनकविमलाह्वाः ॥ ३ ॥

तेषामुभौ विनेयौ,
विद्वान् कल्याणविमल इत्याह्वः ॥
तत्सोदरो द्वितीयः,
केसरविमलाभिधोऽवरजः ॥ ४ ॥
तेन चतुर्भिर्वर्गै,
रचिता भाषानिबद्धरुचिरेयं ॥
सूक्तानामिह माला,
मनोविनोदाय बालानां ॥ ५ ॥
वेदेंद्रियर्षि चंद्र, संवत् १७५४
प्रमिते श्री विक्रमाहृतेवर्षे ॥
अग्रंथि सूक्तमाला,
केसरविमलेन विबुधेन ॥ ६ ॥

इति श्री सुक्तमुक्तावली मूलपाठः
समाप्तः

# अथ श्री अढार पाप स्थानकनी सज्झाय.

## हिंसा पाप स्थानकनी सज्झाय.

કપૂર હોયે અતિ ઉજલોરે એ દેશી. પાપ સ્થાનક પહિલું કહ્યું રે હિંસા નામ દૂરંત, મારે જે જગ જીવને રે, તે લહે મરણ અનંતરે ॥ ૧ ॥ પ્રાણી જિન વાણી ધરો ચિત્ત ॥ એ આંકણી ॥ માત પિતાદિ અનંતના રે, પામે વિયોગ તે મંદ, દારિદ્ર દોહગ નવિ ટલેરે મિલે ન વલ્લભ વૃંદ રે ॥ પ્રાણી ॥ ૨ ॥ હોય વિપાકે દશ ગુણું રે એક વાર કિયું કર્મ, શત સહસ્ર કોડિ ગમે રે તીવ્ર ભાવના મર્મ રે ॥ પ્રાણી ॥ ૩ ॥ મર કહેતાં પણ દુઃખ હુવે રે, મારે કિમ નવિ હોય, હિંસા ભગિની અતિ બુરી રે, વૈશ્વાનરની જોય રે ॥ પ્રાણી ॥ ૪ ॥ તેહને જોરે જે હુઆ રે, રૌદ્ર ધ્યાન પ્રમત્ત, નરક અતિથિ તે નૃપ હુઆ રે, જિમ સુભૂમ બ્રહ્મદત્તરે ॥ પ્રાણી ॥ ૫ ॥ રાય વિવેક કન્યા ક્ષમા રે, પરણાવે જસ સાય, તેહ થકી દૂરે ટલે રે, હિંસા નામ બલાય રે, ॥ પ્રાણી ॥ ૬ ઇતિ.

---

## बीजा मृषावाद पापस्थानकनी सज्झाय.

લાછલ દે માત મલ્હાર એ દેશી. બીજું પાપનું સ્થાન, મૃષાવાદ દુર્ધ્યાન, આજ હો છંડો હો ભવિ મંડો ધર્મ શું પ્રીતડી જી ॥ ૧ ॥ વૈર ખેદ અવિશ્વાસ, એહથી દોષ અભ્યાસ, આજ હો થાયે રે નવિ જાયે વ્યાધિ અપથ્યથી જી ॥ ૨ ॥ રહિવું કાલિક સૂરિ, પરિજન વચન તે ભૂરિ, આજ હો સહિવું રે નવિ કહિવું જુઠ ભયાદિકે જી

॥ ૩ ॥ આસન ધરત આકાશ, વસુ નૃપ હુઓ સુપ્રકાશ, આજ હો જુઠે રે સુર રૂઠે ઘાલ્યો રસાતલે જી ॥ ૪ ॥ જે સત્ય વ્રત ધરે ચિત્ત, હોય જગમાંહે પવિત્ત, આજ હો તિહને રે નવિ ભયસુર વ્યંતર યક્ષથી જી ॥ ૫ ॥ જે નવિ ભાખે અલીક, બોલે ઠાવું ઠીક, આજ હો ટેકેરે સુવિવેકે સુયશતે સુખ વરે જી ॥ ૬ ॥ ઇતિ.

---

## ત્રીજા અદત્તાદાન પાપ સ્થાનકની સજ્ઝાય.

નીંદરડી વેરણ હુઈ રહી, એ દેશી. ચોરી વ્યસન નિવારીયે, પાપ સ્થાનક હો ત્રીજું કહ્યું ઘોરકે, ઇહ ભવ પર ભવ દુઃખ ઘણાં, એહ વ્યસને હો પામે જગ ચોર કે ॥ ચોરી ॥ ૧ ॥ ચોર તે પ્રાય દરિદ્રિ હુયે, ચોરીથી હો ધન ન ઠરે નેટ કે, ચોરનો કોઇ ધણી નહીં, પ્રાયે ભૂખ્યું હો રહે ચોરનું પેટ કે ॥ ચોરી ॥ ૨ ॥ જિમ જલમાંહી નાંખીઓ, તલે આવે હો જલને અયઃગોલકે ચોર કઠોર કરમ કરી જાય નરકે હો તિમ નિપટ નિટોલકે ॥ ચોરી ॥ ૩ ॥ નાઠું પડયું વળી વીસર્યું, રહ્યું રાખ્યું હો થાપણ કર્યું જેહ કે, તૃણ તુસ માત્ર ન લીજીયે અણ દીધું હો કિહાં કોઇનું તેહ કે ॥ ચોરી ॥ ૪ ॥ દૂરે અનર્થ સકલ ટલે, મિલે વાલા હો સઘલે જશ થાય કે, સુર સુખના હુયે ભેટણાં, વ્રત ત્રીજું હો આવે જસ દાયકે ॥ ચોરી ॥ ॥ ૫ ॥ ત્યજી ચોરપણું દેવતા, હોય નિશ્ચય હો રોહિણીયા જેમકે, વ્રતથી જસ સુખ લહે, વળી પ્રાણી હો વહે પુણ્ય શું પ્રેમ કે ॥ ચોરી ॥ ૬ ॥ ઇતિ.

---

## चतुर्थ अब्रह्मचर्य पापस्थानकनी सज्झाय.

તમે બહુ મિત્રીરે સાહિબા એ દેશી. પાપ સ્થાનક ચોથું વર્જિયે દુર્ગતિ મૂલ અબંભ, જગ સવી મુંજયો છે એહમાં, છાંડે તેહ અચંભ ॥ ૧ ॥ પાપ૦ ॥ રૂડું લાગે રે એ ધુરે, પરિણામે અતિક્રુર ॥ ફલ કિંપાકની સારિખું, વરજે સજ્જન દૂર ॥ પાપ૦ ॥ ૨ ॥ અધર વિદ્રુમ સ્મિત ફૂલડાં, કુચ ફળ કઠીન વિશાલ ॥ રામા દેખી ન રાચીયેં, એ વિષ વેલી રસાલ ॥ પાપ૦ ॥ ૩ પ્રબલ જ્વલિત અયઃપૂતળી, આલિંગન ભલું તંત ॥ નરક દુવાર નિતંબિની, જઘન સેવન એ દુરંત ॥ પાપ૦ ॥ ૪ ॥ દાવાનળ ગુણવન તણો કુલમશી કૂર્ચક એહ ॥ રાજધાની મોહરાયની, પાતક કાનન મેહ ॥ પાપ૦ ॥ ૫ ॥ પ્રભુતાયેં હરિ સારિખો, રૂપે મયણ અવતાર ॥ સીતાયે રે રાવણ યથા, છંડો તુમે નરનાર ॥ પાપ૦ ॥ ૬ ॥ દશ શિર રજમાંહે રોલિયાં, રાવણ વિવશ અબંભ ॥ રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગજય થંભ ॥ પાપ૦ ॥ ૭ ॥ પાપ બંધાયે રે અતિ ઘણાં, સુકૃત સકલ ક્ષય જાય ॥ અ બ્રહ્મચારીનું ચિંતવ્યું, કદિય સફલ નવિ થાય ॥ પાપ૦ ॥ ૮ ॥ મંત્રફલે જગજસ વધે, દેવ કરે સાન્નિદ્ધ ॥ બ્રહ્મચર્ય ધરે જેનરા, તે પામે નવનિદ્ધ ॥ પાપ૦ ॥ ૯ ॥ શેઠ સુદર્શન નેટલી, શુળી સિંહાસન હોય ॥ ગુણ ગાયે ગગને રેં દેવતા, મહિમા શિલનું જોય ॥ પાપ૦ ॥ ૧૦ ॥ મુલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન ॥ શીલ સલીલ ધરે જિકે, તસ હુયે સુજસ વખાણ ॥ પાપ૦ ॥ ૧૧ ॥ ઇતિ.

## पांचमा परिग्रह पापस्थानकनी सज्झाय.

સુમતિ સદા દિલમાં ધરો ॥ એ દેશી ॥ પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ ॥ સલુણે ॥ પરિગ્રહ જેહ ધરે ઘણો, તસ તપ જપ પ્રતિકૂલ ॥ સ૦ ॥૧॥પ૦॥ એ આંકણી ॥ નવિ પલટે મૂલ રાશિથી, માર્ગી કદીય ન હોય ॥સ૦॥ પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સહુને દીયે દુઃખ સોય ॥સ૦॥પ૦॥૨॥ પરિગ્રહ મદ ગરૂઅતણે, ભવ માંહિ પડે જંત ॥સ૦॥ યાન પાત્ર જીમ સાયરે, ભારાક્રાંત અત્યંત ॥સ૦॥પ૦॥૩॥ જ્ઞાન ધ્યાન હય ગય વરે, તપ જપ શ્રુત પરતંત ॥સ૦॥ છોડે સમ પ્રભુતા લહે, મુનિ પણ પરિગ્રહ વંત ॥સ૦॥પ૦॥૪॥ પરિગ્રહ ગ્રહવશે લિંગીયા, લેઈ કુમતિ રજ શીશ ॥સ૦॥ જીમ તિમ જગ લવતા ફિરે, ઉનમત હુઈ નિશદીશ ॥સ૦॥પ૦॥૫॥ તૃપતો ન જીવ પરિગ્રહે, ઈંધણથી જીમ આગ ॥ સ૦ ॥ તૃષ્ણા દાહતે ઉપશમે, જલ સમ જ્ઞાન વૈરાગ ॥ સ૦ ॥ પ૦ ॥ ૬ ॥ તૃપતો સગર સુતે નહી, ગોધનથી કુચિકર્ણ ॥ સ૦ ॥ તિલક શેઠ વલી ધાન્યથી, કનકે નંદ સકર્ણ ॥ સ૦ ॥ પ૦ ॥ ૭ ॥ અસંતુષ્ટ પરિગ્રહ ભર્યા. સુખીયા ન ઈંદ નરિંદ ॥ સ૦ ॥ સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમકંદ ॥ સ૦ ॥ પ૦ ॥ ॥ ૮ ॥ ઇતિ.

---

## छट्ठा क्रोध पापस्थानकनी सज्झाय.

રૂષભનો વંશ રયણાયરૂ એ દેશી. ક્રોધ તે બોધ નિરોધ છે, ક્રોધ તે સંયમ ઘાતિરે ॥ ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતિરે ॥ ૧ ॥ પાપસ્થાનક છઠું પરિહરો ॥ મન ધરિ ઉત્તમ ખંતિરે ॥ ક્રોધ ભુયંગની જાંગુલી, એહ કહી જયવંતીરે ॥ પા૦ ॥ એ આંકણી ॥ ૨૦ ॥ પૂરવ કોડિ ચરણ ગુણે, ભાવ્યો છે આતમ જેણરે ॥ ક્રોધ વિવશ

હુતા હોય ઘડી, હારે સવિ ફળ તેણરે ॥ પા૦ ॥ ૩ ॥ બાળે આશ્રમ આપણો, ભજના અન્યને દાહેરે ॥ ક્રોધ કૃશાનું સમાન છે, ટાલે પ્રશમ પ્રવાહેરે ॥ પા૦ ॥ ૪ ॥ આક્રોશ તર્જના ઘાતનાં, ધમ ભ્રંશને ભાવેરે ॥ અગ્રિમ અગ્રિમ વિરહથી, લાભ તે શુદ્ધ સ્વભાવેરે ॥ પા૦ ॥ ૫ ॥ ન હોય ને હોય તો ચિર નહી, ચિર રહે તો ફળ છેહોરે ॥ સજ્જન ક્રોધ તે એહવો, જેહવો દુર્જન નેહોરે ॥ પા૦ ॥ ૬ ॥ ક્રોધી મુખે કટુ બોલણા, કંટાકયા કુટ શાખિરે ॥ અદિઠુ કલ્યાણ કરી કહ્યા, દોષ તરૂ શત શાખિરે ॥ પા૦ ॥ ૭ ॥ કૂરગડુ ચઉ તપ કર્યા, ચરેત મુણિસમ આણોરે ॥ ઉપશમ સાર છે પ્રવચને સુજસ વચન એ પ્રમાણોરે ॥ પા૦ ॥ ૮ ॥ ઇતિ.

---

## सातमा मान पापस्थाननी सज्झाय.

નદી યમુનાકે તીર ઉડે દોય પંખિયાં એ દેશી પાપસ્થાનક કહે સાતમું શ્રી જિનરાજએ, માન માનવને હોય દુરિત શિરતાજએ ॥ આઠ શિખર ગિરિરાજતણાં આડાંવલે, નાવે વિમલા લોક તિહાં કિમતમ ટલે ॥ ૧ ॥ પ્રજ્ઞામદ તપમદ વલી ગોત્રમદે ભર્યા, આજીવિકા મદવંત ન મુક્તિ અંગીકર્યા ॥ ક્ષયોપશમ અનુસારે જો એહ ગુણ વહે, શ્યોમદ કરવો એહમાં નિર્મદ સુખ લહે ॥ ૨ ॥ ઉચ્ચભાવ દ્રઢ દોષે મદજ્વર આકરો, હોય તેહનો પ્રતિકાર કહે મુનિવર ખરો ॥ પૂર્વ પુરૂષ સિંધુરથી લઘુતા ભાવવું, શુદ્ધ ભાવન તે પાવન શિવસાધન નવું ॥ ૩ ॥ માને ખોયું રાજ્ય લંકાનું રાવણે, નરનું માન હરે હરી આગી એ રાવણે ॥ થૂલિભદ્ર શ્રુતમદથી પામ્યા વિકારએ, માને જીવને આવે નરક અધિકારએ ॥ ૪ ॥ વિનય શ્રુત તપ શીલ ત્રિવર્ગહણે સવે, માન તે જ્ઞાનનો ભંજક હોય ભવો ભવે ॥ લુંપક છેક વિવેક નયણનો માન છે, એહને છાંડે તાસ ન દુઃખ રહે

પછે ॥ ૫ ॥ માને બાહુબલિ વરસ લગેં કાઉસ્સગ્ગ રહ્યાં, નિર્મદ ચક્રી સેવક હોય મુનિ સમ કહ્યા સાવધાન ત્યજીમાન જે ધ્યાનધવલ ધરે, પરમા સુજસ રમા તસ આલિંગન કરે ॥ ૬ ॥ ઇતિ.

## આઠમા માયા પાપસ્થાનકની સજ્ઝાય.

સ્વામી સ્વયંપ્રભ સાંભલો અરિહંતાજી ॥ એ દેશી ॥ પાપસ્થાનક અઠ્ઠમ કહ્યું, સુણો સંતાજી ॥ છાંડો માયા મૂલ ગુણવંતાજી ॥ કષ્ટ કરે વ્રત આદરે ॥ સુ૦ ॥ માયાયે તે પ્રતિકૂલ ॥ ગુ૦ ॥ ૧ ॥ નગન માસ ઉપવાસિયા ॥ સુ૦ ॥ સીથ લીયે કૃશ અન્ન ॥ ગુ૦ ॥ ગર્ભ અનંતા પામશે ॥ ॥ સુ૦ ॥ જો છે માયા મન્ન ॥ ગુ૦ ॥૨॥ કેશ લોચ મલ ધારણા ॥ સુ૦ ॥ ભૂમિ શય્યા વ્રત યાગ ॥ ગુ૦ ॥ સુકર સકલ છે સાધુને ॥ સુ૦ ॥ દુષ્કર માયા ત્યાગ ॥ ગુ૦ ॥૩॥ નયન વચન આકારનું ॥ સુ૦ ॥ ગોપન માયાવંત ॥ ગુ૦ ॥ જેહ કરે અસતીપરેં ॥ સુ૦ ॥ તે નહિ હિતકર તંત ॥ ગુ૦ ॥ ૪ ॥ કુસુમ પુરે ઘર શેઠને ॥ સુ૦ ॥ હેઠે રહ્યો સંવિજ્ઞ ॥ ગુ૦ ॥ ઉપરે તસ બીજો રહ્યો ॥ સુ૦ ॥ મુત્કલ પણ સુગુણજ્ઞ ॥ ગુ૦ ॥ ૫ ॥ દંભિ એક નિંદા કરે ॥સુ૦॥ બીજો ધરે ગુણ રાગ ॥ ગુ૦ ॥ પહેલાને ભવદુત્તર કહે ॥ સુ૦ ॥ બીજાને કહે વલીત્યાગ ॥ ગુ૦ ॥ ૬ ॥ વિધિ નિષેધ નવિ ઉપદિશે ॥ સુ૦ ॥ એકાંતે ભગવંત ॥ ગુ૦ ॥ કારણે નિઃકપટી હતું ॥ સુ૦ ॥ એ આણા છે તંત ॥ ગુ૦ ॥ ॥ ૭ ॥ માયાથી અલગા ટલો ॥ સુ૦ ॥ જીમ મલો મુગતિ સુરંગ ॥ ગુ૦ ॥ સુજસ વિલાસ સુખી રહો ॥ સુ૦ ॥ લક્ષણ આવે અંગ ॥ ગુ૦ ॥ ૮ ॥ ઇતિ.

## નવમા લોભ પાપસ્થાનકની સજ્ઝાય.

જીરે મારે જાગ્યો કુમર જામ ॥ એ દેશી ॥ જીરે મારે

લોભ તે દોષ અથોભ, પાપસ્થાનક નવમું કહ્યું ॥ જીરેજી ॥ જી ॥ સર્વ વિનાશનું મૂલ, એહથી કોણે ન સુખ લહ્યું ॥ જીરેજી ॥ ૧ ॥ જી૦ ॥ સુણીયેં બહુ લોભાંધ, ચક્રવર્તિ હરિની કથા ॥ જીરેજી ॥ જી૦ ॥ પામ્યા કટુકવિપાક, પીવત રકતજલો યથા ॥ જી૦ ॥ ૨ ॥ જી૦ ॥ નિર્ધનને શત ચાહ, શત લહે સહસ લોડિએ ॥ જી ॥ જી૦ ॥ સહસ લહેલખ લોભ, લખ લોભે મન કોડિયે. ॥ જી ॥ ૩ ॥ જી૦ ॥ કોટીશ્વર નૃપ રૂદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું ॥ જી૦ ॥ જી૦ ॥ ચાહે ચક્રી સુરભોગ, સુર ચાહે સુરપતિ સુખ ઘણું ॥જી૦॥ ॥ ૪ ॥ જી૦ ॥ મૂલ લઘુપણે લોભ વાધે સર્વપરે સહી, ॥ જી૦ ॥ જી૦ ॥ ઉત્તરાધ્યયને અનંત, ઇચ્છા આકાશ સમિ કહી ॥ જી ॥ ૫ ॥ જી૦ ॥ સ્વયંભુ રમણ સમુદ્ર, કોઇક અવગાહી શકે ॥ જી૦ ॥ જી૦ ॥ તે પણ લોભ સમુદ્ર, પાર ન પામે બલ થકે ॥ જી૦ ॥ ૬ ॥ જી૦ ॥ કોઇક લોભને હેત, તપ શ્રુત હારે જે જડા ॥ જી૦ ॥ જી૦ ॥ કાગ ઉડાવણ હેત, સુરમણિ નાંખે તે ખડા ॥ જી૦ ॥ ૭ ॥ ॥ જી૦ ॥ લોભ તજે જે ધીર તસ સવિ સંપત્તિ કિંકરી ॥ જી૦ ॥ જી૦ ॥ સુજસ સુપુણ્ય વિલાસ, ગાવે તસસુર સુંદરી ॥ જી૦ ॥ ૮ ॥ ઈતિ.

---

## दसमा राग पापस्थानकनी सज्झाय.

સુણુ મોરી સજની રજની ન જાએરે એ દેશી ॥ પાપસ્થાનક દશમું કહ્યું રાગરે, કુણહિ ન પામ્યો તેહનો તાગરે ॥ રાગેં વાહ્યા હરિહર બ્રહ્મારે રાચે નાચે કરેય અચંભારે ॥ ૧ ॥ રાગ કેશરિ છે વડરાજારે, વિષયાભિલાષ તે મંત્રી તાજારે ॥ જેહના છોરૂ ઇંદ્રિય પચોરે, તેહનો કીધો એ સકલ પ્રપંચોરે ॥ ૨ ॥ જેહ સદાગમ વશહુઈ જાશેરે અપ્રમત્તતા શિખરે વાશેરે, ચરણ ધરમ નૃપ શૈલ વિવેકેરે તિહશું નચલે રાગી

ટેકેરે ॥ ૩ ॥ બીજાતો સવિ રાગે વાહ્યારે, એકાદશ ગુણ ઠાણે ઉમાહ્યારે ॥ રાગે પાડયા તે નર ખૂત્તારે, નરય નિગોદ મહાદુઃખ જૂત્તારે ( ૪ ) રાગ હરણ તપજપ શ્રુત ભાંખ્યારે, તેહથી પણ જિણે ભવ ફળ ચાખ્યાંરે ॥ તેહનો કોઈન છે પ્રતિકારોરે, અમિય હોય વિષ ત્યાં શ્યો ચારોરે, ॥ ૫ ॥ તપ બલેં છૂટા તરણું તાણીરે, કંચન કોડી આષાઢ ભૂતિ નાણીરે ॥ નંદિષેણ પણ રાગે નડિયારે, શ્રુતનિધિ પણ વેશ્યા વશ પડિયારે ॥ ૬ ॥ બાવીશ જીન પણ રહી ઘરવાસેરે ॥ વર્ત્યા પૂર્વરાગ અભ્યાસેરે ॥ વજ્રબંધ પણ જસબલ ત્રુટેરે, નેહ તંતુથી તેહ ન છૂટેરે ॥ ૭ ॥ દેહઉચ્ચાટન અગ્નિનું દહવુંરે, ઘણું કૂટ્ટન એ સવિ દુઃખ સહવું રે અતિ ઘણું રતિ જે હોય મજીઠરે, રાગ તણો ગુણ એહજ દિઠરે ॥ ૮ ॥ રાગન કરજો કોઈ નર કોઈ શું રે, નવિ રહેવાય તો કરજો મુનિ શુંરે મણિ જીમ ફણી વિષનો તિમ તેહોરે, રાગનું ભેષજ સુજશ સનેહોરે ॥ ૯ ॥ ઇતિ.

---

## अगीआरमा द्वेष पापस्थानकनी सज्झाय.

લાલનની દેશી ॥ દ્વેષ ન ધરિયે લાલન, દ્વેષ ન ધરિયે દ્વેષ તજ્યાથી લાલન શિવ સુખ વરીયે ॥ લા૦ ॥ શિ ॥ પાપસ્થાનક એ અગ્યારમું કૂડું, દ્વેષ રહિત ચિત્ત હોય સવિ રૂડું ॥ લા૦ ॥ હો૦ ॥ ૧ ॥ ચરણ કરણ ગુણ બનિ ચિત્રશાલી, દોષ ધુમેં હોયતે સવિ કાલી ॥ લા૦ ॥ હો૦ ॥ ૧ ॥ ૨ ॥ દ્વેષ બેંતાલીશ શુદ્ધ આહારી, ધુમદોષે હોય પ્રબલ વિકારી ॥ લા૦ ॥ પ્ર૦ ॥ ૩ ॥ ઉગ્રવિહાર ને તપ જપ કિરીયા, કરતાં દ્વેષ તે ભવ માંહે ફરિયા ॥ લા૦ ॥ ભ૦ ॥૪॥ યોગનું અંગ અદ્વેષ છે પહેલું, સાધન સવિ લહે તેહથી વહેલું ॥ લા૦ ॥ તે૦ ॥ ૫ ॥ નિર્ગુણ તે ગુણવંત ન જાણે, ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે ॥ લા૦ દ્વે૦ ॥ ૬ ॥ આપ

ગુણીને વલી ગુણ રાગી, જગમાંહે તેહની કીરતિ જાગી ॥ લા૦ ॥ ॥ કી૦ ॥ ૭ ॥ રાગ ધરીજે જીહાં ગુણ લહિયે, નિર્ગુણ ઉપરે સમચિત્ત રહિયે ॥ લા૦ ॥ સ૦ ॥ ૮ ॥ ભવ થિતિ ચિંતન સુજસ વિલાસે, ઉત્તમના ગુણ એમ પ્રકાશે લા૦ ॥ એ૦ ॥ ૯ ॥ ઇતિ.

---

## बारमा कलह पापस्थानकनी सज्झाय.

કિસકે ચેલે કિસકે પૂત૦ ॥ એ દેશી ॥ કલહ તે બારમું પાપનું સ્થાન, દુરગતિ વનનું મૂલ નિદાન ॥ સાજન સાંભલો ॥ મહોટો રોગ કલહ કાચ કામલો ॥ એ આંકણી ॥ દંત કલહ જે ઘરમાંહે હોય, લચ્છી નિવાસ તિહાં નવી જોય ॥ સા૦ ॥ ૧ ॥ શું સુંદરી તું ન કરે સાર, ન કરે નાવે કાંઇ ગમાર ॥ સા૦ ॥ ક્રોધ મુખી તું તુજને ધિક્કાર, તુજથી અધિકો કુણકલિકાળ ॥ સા૦ ॥ ૨ ॥ સાહામું બોલે પાપણી નિત્ય, પાપી તુજ પિતા જુઓ ચિત્ત ॥ સા૦ ॥ દંતકલહ ઇમિ જેહને થાય, તે દંપતિને સુખ કુણઠાય ॥ સા૦ ॥ ૩ ॥ કાંટે કાંટે થાયે વાડી, બોલે બોલે વાધે રાડી ॥ સા૦ ॥ જાણી મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત ॥ સા૦ ॥ ૪ ॥ નિત્તે કલહણ કોહણ શીલ, ભંડણ શીલ વિવાદ સલોલ ॥ સા૦ ॥ ચિત્ત ઉતાપ ધરે જે એમ, સંયમ કરે નિરર્થક તેમ ॥ સા૦ ॥ ૫ ॥ કલહ કરિને ખમાવે જેહ લઘુ ગુરૂ આરાધક હોય તેહ ॥ સા૦ ॥ કલહ સમાવે તે ધન્ય ધન્ય, ઉપસમ સાર કહિયો સામન્ન ॥ સા૦ ॥ ૬ ॥ નારદનારી નિર્દય ચિત્ત, કલહ ઉદિરે ત્રણ્યે નિત્ય ॥ સા૦ ॥ સજ્જન સુજસ સુશીલ મહંત, વારે કલહ સ્વભાવે સંત ॥ સા૦ ॥ ૭ ॥ ઇતિ.

## तेरमा अभ्याख्यान पापस्थानकनी सज्झाय.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ॥ એ દેશી ॥ પાપ-સ્થાનક તે તેરમું છાંડીયે, અભ્યાખ્યાન દુરંતોજી ॥ અછતાં આલ જે પરનાંઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી ॥ ૧ ॥ ધનધન તે નર જે જીનમત ધરે ॥ એ આંકણી ॥ અછતે દોષરે અભ્યાખ્યાન જે, કરે ન પૂરેઠાણોજી ॥ તે તે દોષેરે તેહને દૂષીયે, ઈમ ભાંખે જિન ભાણોજી ॥ ધન૦ ॥ ૨ ॥ જે બહુ મુખરીરે વળી મત્સર ભર્યાં, અભ્યાખ્યાની તે હોય જી ॥ પાતક લાગેરે અણુ કીધાં સહી, તે કીધું સવી ખોયજી ॥ ધન૦ ॥ ૩ ॥ મિથ્યા મતિનીરે દશ સંજ્ઞાજિકે, અભ્યાખ્યાનના ભેદોજી ॥ ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી ॥ ધન૦ ॥ ૪ ॥ પરને દોષ ન અછતા દીજીયે, પીજીએ જેજિન વાણીજી ॥ ઉપશમ રસ સુરે ચિતમાં ભીંજીયેં, કીજીયે સુજસ કમાણીજી ॥ ધન૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## चौदमा पैशुन्य पापस्थानकनी सज्झाय.

શિરોહીનો શાલુહોકે ઉપર ચોધપુરી ॥ એ દેશી ॥ પાપસ્થાનક હોકે ચૌદમું આકરૂં, પૈશુન્યપણાનું હોકે વ્યસન છે અતિ બુરૂં ॥ અશન માત્રનો હોકે શુનક કૃતજ્ઞ છે, તેહથી ભૂંડો હોકે પિશુન લવે પછે ॥ ૧ ॥ બહુ ઉપકરિયે હોકે પિશુનને પરંપરે, કલહનો દાતા હોકે હોય તે ઉપરે ॥ દૂધે ધોયો હોકે વાયસ ઉજલો. કિમ હોય પ્રકૃતે હોકે જે છે શામલો ॥ ૨ ॥ તિલહ તિલત્તણુ હોકે નેહ છે ત્યાં લગેં, નેહ પિણુઠે હોકે ખલ કહિયેં જગે ॥ ઇમનિઃસ્નેહી હોકે નિરદય હૃદયથી, પિશુનની વાર્તા હોકે નવિ જાયે કથી ॥ ૩ ॥ ચાડી કરતાં હોકે વાડી ગુણ તણી સૂકે ચુકે હોકે ખ્યાતિ પુણ્ય તણી, કોઈ નવી દેખે હોકે

વદનતે પિશુન તણું, નિર્મલ કુલને હોકે દીયે તે કલંક ઘણું ॥ ૪ ॥ જિમ સજ્જન ગુણ હોકે પિશુનને દૂષિયે, તિમ તિણે સહેજે હોકે ત્રિભુવન ભૂષિયે ॥ ભસ્મે ભાંજ્યો હોકે દર્પણ હોય ભલો, સુજસ સવાઇ હોકે સજ્જન સુકુલતિલો ॥ ૫ ॥ ઇતિ.

---

## पंदरमा रति अरति पापस्थानककनी सज्झाय.

પ્રથમ ગોવાલા તણે ભવેજી ॥ એ દેશી ॥ જીહાં રતિ કોઇક કારણેજી, અરતિ તિહાં પણ હોય ॥ પાપસ્થાનક તે પનરમુંજી, તેણે એ એકજ જોય ॥ ૧ ॥ સુગુણનર સમજો ચિત મજાર ॥ એ આંકણી ॥ ચિત્તતો અરતિ રતિ પાખશુંજી, ઉડે પંખીરે ચિત્ત ॥ પિંજર શુદ્ધ સમાધિમેજી, રૂંધ્યો રહેતે મિત્ત ॥ સુ૦ ॥ ૨ ॥ મન પારદ ઉડે નહીંજી, પામી અરતિ રતિ આગ, તો હુયે સિદ્ધિ કલ્યાણનીજી, ભાવઠ જાયે ભાગ ॥ સુ૦ ॥ ૩ ॥ રતી વશે અરતિ કરીજી, ભુતારથ હોય જેહ ॥ તસ વિવેક આવે નહીંજી, હોયે ન દુઃખનો છેહ ॥સુ૦॥ ૪ ॥ ન રતિ અરતિ છે વસ્તુથીજી, તે ઉપજે મનમાંહિ ॥ અંગજ વલ્લભ સુત હુઓજી, ચૂકાદિક નાહ કાંહી ॥ સુ૦ ॥ ૫ ॥ મન કલ્પિત રતિ અરતિ છેજી, નહીં સત્ય પર્યાય ॥ નહીં તો વેચી વસ્તુમાંજી, કિમતે સવિ મટીજાય ॥ સું૦ ॥ ૬ ॥ જેહ અરતિ રતિ નવી ગણેજી, સુખ દુઃખ દોય સમાન ॥ તે પામે જસ સંપદાજી, વાધે જગ તસ વાન ॥ સુ૦ ॥ ૭ ॥ ઇતિ

---

## सोलमा परपरिवाद पापस्थानककनी सज्झाय.

સાહેબ બાહુ જીનેશ્વર વીનવું ॥ એ દેશી ॥ સુંદર પાપસ્થાનક તજો સોલમું, પરનિંદા અશરાલ હો ॥ સુંદર નિંદક જે રી હુમુખવે, તે ચોથો ચંડાલ હો ॥ સું ॥ ૧ ॥

સુંદર જેહને નિંદાનો ઢાલ છે, તપકિરિયા તસ ફોક હો ॥ સુંદર દેવ કિબ્બિસ તે ઉપજે, એ ફલ રોકારોક હો ॥ સું૦ ॥ ૨ ॥ સુંદર ક્રોધ અજીરણ તપ તણું, જ્ઞાન તણો અહંકાર હો ॥ સુંદર પરનિંદા કિરિયા તણો, વમન અજીરણ આહાર હો ॥ સું૦ ॥ ૩ ॥ સુંદર નિંદનો જેહ સ્વભાવ છે, તાસ કથન નવિનિંદ હો ॥ સુંદર નામ ધરી જે નિંદા કરે, તેહ મહામતિમંદ હો ॥ સું૦ ॥ ૪ ॥ સુંદર રૂપ ન કોઈ ધારિયે, દાખીયે નિજનિજ રંગ હો ॥ સુંદર તેહમાં કાંઈ નિંદા નહીં. બોલે બીજું અંગ હો ॥ સું૦ ॥ ૫ ॥ સુંદર એહ કુશિલણી ઇમ કહે, કોપ હુઓ જેહ ભાંખે હો સુંદર તેહ વચન નિંદાતણું, દશ વૈકાલિક શાખે હો ॥ સું૦ ॥ ૬ ॥ સુંદર દોષ નજરથી નિંદા હુવે, ગુણ નજરે હુએ રાગ હો ॥ સુંદર જગસવિ ચાલે માદલ મઢયો, સર્વ ગુણ-વીતરાગ હો ॥ સું૦ ॥ ૭ ॥ સુંદર નિજમુખ કનક કચોલડે, નિંદક પરમલ લેઈ હો ॥ સુંદર જેહ ઘણાં પરગુણ ગ્રહે, સંતતે વિરલા કોઈ હો ॥ સું૦ ॥ ૮ ॥ સુંદર પર પરિવાદ વ્યસન તજો, મકરો નિજ ઉત્કર્ષ હો, સુંદર પાપ કરમ ઇમ સવિટલે પામે શુભ જસ હર્ષ હો ॥ સું૦ ॥ ૯ ॥ ઇતિ

---

## सत्तरमा माया मृषावाद पापस्थानकनी सज्झाय.

સખી ચૈતરજ મહીને ચાલ્યા ॥ એ દેશી ॥ સત્તરમું પાપનું ઠામ, પરિહરજો સદગુણ ધામ, જિમ વાધે જગમાં મામ હો લાલ ॥ ૧ ॥ માયા મોહનવિ કીજીયે ॥ એ આંકણી ॥ એતો વિષનેં વલીય વઘાર્યું, એતો શસ્ત્રનેં અવલું ધાર્યું, એતો વાઘનું બાલ વકાર્યું હો લાલ ॥ મા૦ ॥ ૨ ॥ એતો માંચીને મોસાવાઇ, થઇ મહોટા કરેય ઠગાઈ, તસ હેઠે ગઈ ચતુરાઈ હો લાલ ॥ મા૦ ॥ ૩ ॥ બગલા પરે પગલાં ભરતાં, થોડું બોલે જાણે મરતાં, જગ ધંધે ઘાલે

फिरता हो लाल ॥ मा० ॥ ४ ॥ जे कपटी बोले जूठुं, तस लागे पाप अपुठुं, पंडितमां होये मुख भूंडुं हो लाल ॥ मा० ॥ ५ ॥ दंभीनुं जुठुं मीठुं, ते नारी चरित्रे दीठुं, पण तेहे दुर्गति चीठुं हो लाल ॥ मा० ॥ ६ ॥ जे जुठो दे उपदेश, जनरंजनने धरे वेश, तेहनो जुठो सकल कलेश हो लाल ॥ मा० ॥ ७ ॥ तेणे त्रीजो मारग भांख्यो, वेश निंदे दंभे राख्यो, शुद्ध भाषके शनमुख चाख्यो हो लाल ॥ मा० ॥ ८ ॥ जूठुं बोली उदरजे भरवुं, कपटीने वेशे फरवुं, ते जमवारे शुं करवुं हो लाल ॥ मा० ॥ ९ ॥ पंडे जाणेतो पण दंभे, माया मोहने अधिक अचंभे, समकित दृष्टिमन थंभे हो लाल ॥ मा० ॥ १० ॥ श्रुत मर्यादा निरधारी, रह्या माया मोह निवारी, शुद्ध भाषकनी बलीहारी हो लाल ॥ मा० ॥ ११ ॥ जे मायाये जूठ न बोले, जग नहीं कोई तेहने तोले, ते राजे सुजस अमोले हो लाल ॥ १२ ॥ इति.

## अढारमा मिथ्यात्व पापस्थानकनी सज्झाय.

उत्सर्पिणी अवसर्पिणी आरा ॥ ए देशी अढारमुं जे पापनुं थानक, ते मिथ्यात्व परिहरियेजी ॥ सत्तरथी पण ते एक भारी, होये तुलाये जो धरियेजी ॥ कष्ट करो परे परे दमो अप्पा, धर्म अर्थे धन खरचोजी ॥ पण मिथ्यात्व छते ते जूठुं, तिणे तेहथी तुमे विरचोजी ॥१॥ किरिया करतो त्यजतो परिजन, दुःख सहतो मन रीजेजी ॥ अंधनजीये परनी सेवा, तिम मिथ्या दृष्टिन सीजेजी ॥ वीरसेन शुरसेन दृष्टांते, समकितनी निर्युकतेजी ॥ जोइने भली परे मन भावो, एह अरथ वरयुकतेजी ॥ २ ॥ धम्मे अधम्म अधम्मे धम्मह, सन्नामग्ग उमग्गाजी ॥ उन्मार्गे मारगनी सन्ना, साधु असाधु संलग्गाजी ॥ अ-

સાધુમાં સાધુની મતિ, જીવેં અજીવ અજીવ જીયવેદોજી ॥ મુત્તં અમુત્તિ અમુત્તેં મુત્તિહ, સન્ના એ દશ ભેદોજી ॥ ૩ ॥ અભિગ્રહિક નિજનિજ મતે અભિગ્રહ, અનભિગ્રહિક સહુ સરિખાજી, અભિનિવેશી જાણતો કહે જૂઠું, કરે ન તત્વ પરિખ્યાજી ॥ સંશય તે જિન વચનની શંકા, અવ્યક્તેં અનાભોગાજી ॥ એ પણ પાંચ ભેદ છે વિશ્રુત, જાણો સમજુ લોગાજી ॥ ૪ ॥ લોક લોકોત્તર ભેદ એ ષટ્વિધ દેવ ધર્મ વલી ગુરૂ પર્વજી ॥ શક્તેં તિહાં લોકક ત્રણ આદર, કરતાં પ્રથમ નિગર્વજી ॥ લોકોત્તર દેવમાને નિયાણે ગુરૂ જે લક્ષણ હીનાજી ॥ પર્વનિષ્ટ ઇહલોકને કાજે, માને ગુરૂપદ લીનાજી ॥ ૫ ॥ એમ એકવીશ મિથ્થાત્વ ત્યજે જે, ભજે ચરણ ગુરૂ કેરાંજી ॥ સજે ન પાપેરજે ન રાખે, મત્સર દ્રોહ અનેરાજી ॥ સમક્તિ ધારી શ્રુત આચારી, તેહની જગ બલિહારીજી ॥ શાસન સમકિતને આરાધે તેહની કરો મનોહારીજી ॥ ૬ ॥ મિથ્યાત્વ તે જગ પરમ રોગ છે, વલીય મહા અંધકારોજી ॥ પરમ શત્રુને પરમ શસ્ત્ર તે, પરમ નરક સંચારોજી ॥ પરમ દોહગને પરમદરિદ્ર તે, પરમ સંકટ તે કહિયેજી ॥ પરમ કંતાર પરમ દુભિક્ષ તે, તે છાંડે સુખ લહિયેજી ॥ ૭ ॥ જે મિથ્યાત્વ લવલેશ ન રાખે, શુધ્ધો મારગ ભાંખેજી ॥ તે સમકિત સુરતરૂ ફલ ચાખે, રહે વલી અણીયેં આખેજી ॥ મહોટાઈ શી હોય ગુણ પાખેં, ગુણ પ્રભુ સમક્તિ દાખેજી, શ્રી નયવિજય વિબુધપય સેવક, વાચકજસ ઇમ ભાખેજી ॥ ૮ ॥ ઇતિ.

સમાપ્ત.

# विज्ञप्ति.

સર્વ સદ્‌ગૃહસ્થોને સુવિદિત છે કે, શ્રી મેશાણા યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, આજ નવ વર્ષથી ખોલવામાં આવી છે, જેમાં સર્વ અભ્યાસીઓને માટે, ખાવા પીવાની તથા પુસ્તક વિગેરેની સવડ હોવાથી આત્માર્થી પરાર્થી, અને સ્વાર્થી, વિદ્યાર્થીઓ, નિર્વિઘ્ને પોતાના હેતુ પાર પાડી શકે છે, વળી મુનિ મહારાજાઓને પણ અભ્યાસની અનુકૂળતા ઉંચા પ્રકારની મળી શકે છે, કારણ કે અત્રે ન્યાય, વ્યાકરણ, અને સર્વ ધર્મ પ્રકરણોના અનુભવી અધ્યાપકો રાખવામાં આવ્યા છે. અભ્યાસીઓ તૈયાર થયા પછી તેમને લાયકાત મુજબ પરીક્ષક તથા નાના મોટા ગામોના અધ્યાપકોની જગ્યા આપવામાં આવે છે. પરીક્ષકો પોતાના કામ સાથે ઉપદેશ દ્વારા નવી નવી પાઠશાળાઓ ખોલાવે છે, સર્વ ગામોની પાઠશાળાઓમાં જોઇતાં પુસ્તકો તથા જરૂર જણાય તો શાળાના ખર્ચમાં પણ કેળવણી ખાતામાંથી મદદ અપવામાં આવે છે. તેથી શિક્ષકો તૈયાર કરવાનો ઉદ્યમ શીઘ્રતાથી ચાલે છે, જેને માટે હાલમાં બાવીશ વિદ્યાર્થીઓની સંખ્યા છે. તેઓમાં થોડા સિવાય બીજા સર્વ કર્મગ્રંથનો અભ્યાસ કરે છે. વધારે શિક્ષકોની તથા પરીક્ષકોની જરૂરીયાત હોવાથી નવા યોગ્ય વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. તેથી આ કામિટિના મેમ્બરોને આશા છે કે, આવા અદ્વિતીય ખાતાને મદદ આપવા ધનિકના ધનનો સદ્‌વ્યય થશે.

લી. જૈનશ્રેયસ્કર મંડળના સેક્રેટરી.
શા. વેણીચંદ સુરચંદ.
મેસાણા-યશોવિજયજી. જૈનપાઠશાળા.